પ્રથમ વર્ષ

# ડી એલ. એડ્. અભ્યાસક્રમ મોડ્યૂલ

## કોર્ષ– 2 (અ)
## કેળવણી સમાજ, અભ્યાસક્રમ અને અધ્યેતા

જીસીઈઆરટી ,વિદ્યાભવન, ઉદ્યોગભવન સામે , સેકટર–12, ગાંધીનગર

આવૃત્તિ 2020

**પ્રેરક**
શ્રી બી. સી. સોલંકી
સચિવ, જીસીઇઆરટી, ગાંધીનગર

**કન્વીનર**
શ્રી આઇ.વી. પટેલ, પ્રાચાર્ય,
જિ.શિ.તા.ભ., ગાંધીનગર

**વિષય સલાહકાર**
ડૉ. મહેન્દ્રભાઈ યાજ્ઞિક
એસ.પી. યુનિ. વિદ્યાનગર

**લેખન–સંપાદન**
ડૉ. નિષાદ ઓઝા
ડૉ. સુધાબેન પતાણી
ડૉ. દિલિપભાઈ વ્યાસ
ડૉ. મનીષભાઈ ત્રિવેદી
ડૉ. અમીબેન જોશી
શ્રી પ્રતિકભાઈ વ્યાસ

**સમીક્ષા**
**શ્રી એમ.એલ.જોશી**
નિવૃત્ત પ્રોફેસર ગુજ. યુનિ.
અમદાવાદ

**નિર્માણ સંયોજન**
શ્રી આઈ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઇ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

**પ્રસ્તાવના:**

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશઃ કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃરચનાના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 1995માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) –2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008-09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઇઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ વધુ સમૃદ્ધ અને ક્ષતિરહિત બને તે માટે રાજ્યની તમામ ડી.એલ.એડ્. સંસ્થાઓ પાસેથી સૂચનો મેળવીને મૉડ્યૂલને આખરી સ્વરૂપ આપવામાં આવેલ છે. આમ, પ્રસ્તુત મૉડ્યૂલ ઉપયોગી અને અસરકારક બને તે માટે જીસીઇઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઇઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ
ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ
જીસીઇઆરટી, ગાંધીનગર

નિયામક
જીસીઇઆરટી,
ગાંધીનગર

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| 1 | એકમ 1 : શિક્ષણની તાત્વિક સમજ | 4 |
| 2 | એકમ 2 : શિક્ષણ, રાજકારણ અને સમાજ | 67 |
| 3 | એકમ 3 : અધ્યયન, અધ્યેતા અને શિક્ષણ | 84 |
| 4 | એકમ 4 :જ્ઞાન અને અભ્યાસક્રમ | 104 |

# એકમ–1 શિક્ષણની તાત્વિક સમજ


1.1 પ્રસ્તાવના

1.2 ઉદ્ધેશો

1.3 કેળવણીનો અર્થ અને સ્વરૂપ

- 1.3.1 કેળવણીનો શાબ્દિક અર્થ
- 1.3.2 ભારતીય ચિંતન પ્રમાણે કેળવણી
- 1.3.3 પાશ્ચાત્ય તત્ત્વચિંતકોના મતે કેળવણી
- 1.3.4 શિક્ષણનો મર્યાદિત અર્થ
- 1.3.5 કેળવણીનો વ્યાપક અર્થ
- 1.3.6 કેળવણીનું સ્વરૂપ

1.4 કેળવણીના ધ્યેયો

1.5 પ્રકૃતિની તપાસ અને શિક્ષણની માનવસમાજમાં જરૂરિયાત

- 1.5.1 પ્રકૃતિ દ્વારા શિક્ષણ
- 1.5.2 શિક્ષણની માનવસમાજમાં જરૂરિયાત

1.6 શિક્ષણ અને કેળવણી વચ્ચેનો સંબંધ અને માનવસમાજની વિવિધ શૈક્ષણિક પ્રક્રિયાનો અભ્યાસ

- 1.6.1 શિક્ષણ અને કેળવણી વચ્ચેનો સંબંધ
- 1.6.2 કેળવણી ઔપચારિક શિક્ષણ
- 1.6.3 માનવસમાજની વિવિધ શૈક્ષણિક પ્રક્રિયાનો અભ્યાસ

1.7 પ્રાશ્ચાત્ય અને ભારતીય ચિંતકોની દ્રષ્ટિએ કેળવણી અને શિક્ષણ :

- 1.7.1 રૂસોનું શિક્ષણ દર્શન
    - કેળવણીના ઉદ્ધેશો
    - રૂસોની દ્રષ્ટિએ અભ્યાસક્રમ
    - શિક્ષણ પદ્ધતિઓ
- 1.7.2 ગાંધીજીનું શિક્ષણ દર્શન
    - ગાંધીજીનું જીવન દર્શન
    - શિક્ષણદર્શનના આધારભૂત સિદ્ધાંતો
    - કેળવણીના હેતુઓ
    - અભ્યાસક્રમ
    - અધ્યાપન પદ્ધતિઓ
    - ગાંધીજીના શિક્ષણ દર્શનનું મૂલ્યાંકન

1.7.3 જહૉન ડ્યૂઈનું શિક્ષણદર્શન

- પ્રસ્તાવના
- શિક્ષણની સંકલ્પના
- શિક્ષણ પદ્ધતિઓ (અધ્યાપન પદ્ધતિઓ)
- આધુનિક શિક્ષણપ્રથા પર જહૉન ડ્યૂઈની વિચારધારાની અસરો

1.7.4 શ્રી ગિજુભાઈ બધેકાનું શિક્ષણદર્શન

- જીવન પરિચય
- ગિજુભાઈના શિક્ષણદર્શનના સિદ્ધાંતો અથવા શિક્ષણદર્શનની વિશિષ્ટતાઓ
- કેળવણીની વિભાવના
- શિક્ષણના ઉદ્દેશો
- અભ્યાસક્રમ
- શિક્ષણ પદ્ધતિઓ
- શિક્ષકની ભૂમિકા
- શિસ્ત (સ્વનિયમન)
- શાળાનું પર્યાવરણ
- ગિજુભાઈના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન

1.7.5 સ્વામી વિવેકાનંદજી શિક્ષણદર્શન

- પ્રસ્તાવના
- વિવેકાનંદનું શિક્ષણદર્શન
- શિક્ષણદર્શન
- શિક્ષણના ઉદ્દેશો
- અભ્યાસક્રમ
- અધ્યાપન–અધ્યયન પદ્ધતિ
- શિક્ષકનું સ્થાન
- વિવેકાનંદના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન

પૂરક વાચન ( આ મુદ્દા પરીક્ષાલક્ષી નથી)

શ્રી અરવિંદનું શિક્ષણદર્શન

- પ્રસ્તાવના
- શિક્ષણદર્શન
- શિક્ષણની પરિભાષા
- શિક્ષણ પદ્ધતિઓ
- શિક્ષણના ઉદ્દેશો

- શ્રી અરવિંદના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન

સ્વામી દયાનંદ સરસ્વતીનું શિક્ષણદર્શન

- પ્રસ્તાવના
- શિક્ષણના હેતુઓ
- શિક્ષણમાં માતા–પિતાની ભૂમિકા
- શાળા અને બાળક
- સ્વામીજીના મતે શિક્ષણ–વિદ્યાર્થી
- પાઠ્યક્રમ

ટાગોરનું શિક્ષણદર્શન

- શિક્ષણની સંકલ્પના
- કેળવણીના સંકલ્પના
- કેળવણીના હેતુઓ
- અભ્યાસક્રમ
- શિક્ષણ પદ્ધતિઓ
- શિસ્ત
- શિક્ષકનું સ્થાન
- શાંતિ નિકેતન (વિશ્વભારતી) ટાગોરનું સ્વપ્ન
- ટાગોરના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન

ડૉ. મૉન્ટેસરીનું શિક્ષણદર્શન

- પ્રસ્તાવના
- ડૉ. મૉન્ટેસરીનું જીવનદર્શન
- મૉન્ટેસરી શાળાનું વાતાવરણ
- મૉન્ટેસરી શિક્ષક

**1.8 માનવ પ્રકૃતિ અને શિક્ષણના ધ્યેયો અંગે પાયાની ધારણાની સમજ**

# એકમ 1

# શિક્ષણની તાત્ત્વિક સમજ

## 1.1 પ્રસ્તાવના :

સમગ્ર શિક્ષણજગતના વ્યાપમાં રહેલા શિક્ષક, શિક્ષણ, પદ્ધતિઓ, સાધનો, અભ્યાસક્રમ વગેરે સર્વનું અસ્તિત્વ કેન્દ્રમાં રહેલા વિદ્યાર્થીના ઊર્ધ્વીકરણ માટે જ છે. ભારતીય સંસ્કૃતિની મૂળ આશ્રમ વ્યવસ્થાની ગુરુ–શિષ્યની પરંપરાથી માંડીને વર્તમાન યુગના લૅપટૉપ અને ઇન્ટરનેટના માધ્યમથી વિકસતા વ્યવસ્થાપક (Facilitator) અને વિદ્યાર્થી (Learner) પર નજર માંડીએ તો શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થીનો એક જ હેતુ રહ્યો છે વિદ્યાની પ્રાપ્તિ દ્વારા "વિકાસ – Growth" કે જે તેને જીવનની વ્યવહારુ બાબતોનું જ્ઞાન આપીને જીવન જીવતા શીખવે છે, સાથે સાથે જીવનના અંતે પરમતત્ત્વની પ્રાપ્તિ સુધી પહોંચાડે છે. ઉપનિષદમાં બે પ્રકારની વિદ્યા વિશે જણાવતા કહ્યું છે કે,

વિદ્યા અને અવિદ્યા બંને વેદ (જ્ઞાન) છે. વિદ્યા માનવને અમૃતત્ત્વ સુધી પહોંચાડે છે અને અવિદ્યા સંસારસાગર પાર કરાવે છે

વિદ્યા એટલે પરમ જ્ઞાન, બ્રહ્મજ્ઞાન.

અવિદ્યા અર્થાત્ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇજનેરી વગેરે વિષયોનું જ્ઞાન. જીવનની જવાબદારીઓ, ફરજો પૂર્ણ કરવા માટે, સમાજના વ્યવહારો સાચવવા માટે, પરિવારના યોગ્ય નિભાવ માટે જે અર્થોપાર્જન કરવું જરૂરી હોય તે કરવા માટેનું જ્ઞાન એટલે અવિદ્યા

પ્રસ્તુત એકમમાં વિદ્યા અને અવિદ્યારૂપી શિક્ષણની તાત્ત્વિક, સમજ આપતા કેળવણીના અર્થ, સ્વરૂપ, ધ્યેયો, પ્રકૃતિ શિક્ષણના સંદર્ભમાં કેળવણી, શિક્ષણ અને કેળવણી વચ્ચેનો સંબંધ, સમાજની વિવિધ શૈક્ષણિક પ્રક્રિયાઓ, શિક્ષણના તત્ત્વચિંતકો અને તેમના વિચારો વિશે વિગતે જોઈએ.

## 1.2 ઉદ્દેશો :

- **કેળવણીના શાબ્દિક અર્થને જાણે.**
  ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વચિંતકોએ જણાવેલ કેળવણીની વિભાવના સમજે.
  કેળવણી/શિક્ષણના મર્યાદિત અર્થને જાણે.
  કેળવણી/શિક્ષણના વ્યાપક અર્થને જાણે.
  કેળવણીનું સ્વરૂપ સમજે.
  કેળવણીમાં પ્રકૃતિની ભૂમિકા સમજે.
- **શિક્ષકની માનવસમાજમાં જરૂરિયાત જાણે.**
  માનવસમાજની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનો પરિચય કેળવે.
  કેળવણીના ધ્યેયો જાણે.
  માનવપ્રકૃતિના સંદર્ભમાં મૅકડૂગલની અઢાર સહજ વૃત્તિઓ જાણે.

## 1.3. કેળવણીનો અર્થ અને સ્વરૂપ:

### 1.3.1. કેળવણીનો શાબ્દિક અર્થ :

કેળવણી શબ્દને સંસ્કૃત ભાષાના સંદર્ભમાં જોઈએ તો શિક્ષ ધાતુ શિક્ષણ શબ્દના મૂળમાં જોવા મળે છે. શિક્ષ અર્થાત્ શીખવું અને જે શીખવે છે તે શિક્ષક.કેળવણી માટે અંગ્રેજીમાં Education શબ્દ પ્રયોજાય છે. આ શબ્દમાં મૂળ બે શબ્દો છે. જેમાં E એટલે Out of (ની બહાર) અને ducoનો અર્થ થાય છે । Lead. જેના પરથી કહી શકાય કે મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવી તે જ Education અર્થાત્ કેળવણી.

Education શબ્દ લૅટિન ભાષામાંથી ઊતરી આવ્યો છે. Education શબ્દને લૅટિન ભાષાના ત્રણ શબ્દો સાથે સમજાવી શકાય તેમ છે.

(1) Educate : આનો અર્થ થાય છે to educate, to bring up, to raise.
To Educate : એટલે કેળવણી આપવી, કેળવવું, તાલીમ આપવી, શક્તિઓને કેળવવી.
To Bring up : ઉછેરવું, સંવર્ધન કરવું.
To raise : ઉગાડવું, પેદા કરવું, ઉછેરવું.

(2) Educare : આનો અર્થ થાય છે to bring fourth, to lead out.
To bring fourth એટલે પેદા કરવું, જન્મ આપવો.
To lead out દોરવું, રસ્તો બતાવવો, માર્ગદર્શન આપવું.

(3) Educatum : આનો અર્થ થાય છે Act of teaching or training.
Act of teaching or training એટલે અધ્યાપન કરવું અથવા તાલીમ આપવી, પ્રશિક્ષણ કરવું. ઉપરોક્ત ત્રણેય શબ્દોના અર્થ પ્રમાણે Education શબ્દનો અર્થ The act of training, bringing up and leading out થાય છે. આ પરથી આપણે એમ કહી શકીએ કે Education – (શિક્ષણ) એટલે પ્રશિક્ષણ, સંવર્ધન અને પથદર્શન.

### 1.3.2. ભારતીય ચિંતન પ્રમાણે કેળવણી :

- સા વિદ્યા યા વિમુક્તયે – ઉપનિષદ
- શિક્ષણ એટલે શિષ્ટાચાર માટેની તાલીમ અને દેશ તથા કુદરત પ્રત્યેનો પ્રેમ–કૌટિલ્ય
- કેળવણી એટલે બાળક અને માણસનાં શરીર, મન અને આત્માના ઉત્તમાંશોનું આવિષ્કારીકરણ – **ગાંધીજી**
- શિક્ષણ એ સત્યનું ઓજાર છે, કેળવણી એટલે મુક્તિ, આર્ષદર્શન, સ્વયંપ્રેરણા, નિત્ય નવું સર્જન, સાહસ. – **વિનોબાજી**

- કેળવણી એટલે સત્યની સનાતન ખોજ, સત્યની અભિવ્યક્તિ અને સત્યની સ્વીકૃતિ – **રવીન્દ્રનાથ ટાગોર**
- વિકાસોન્મુખ આત્માની અંતર્ગત શક્તિઓ દ્વારા પૂર્ણતાની પ્રાપ્તિ એટલે કેળવણી– **અરવિંદ ઘોષ**

  "Education is helping the growing soul to draw out that is itself - Aurbindo

### 1.3.3. પાશ્ચાત્ય તત્ત્વચિંતકોના મતે કેળવણી :

- યોગ્ય આદતોના નિર્માણ દ્વારા બાળકોમાં સદ્‌ગુણોના વિકાસની તાલીમ એટલે કેળવણી – **પ્લેટો**
- I mean by education that training which is given by suitable habits to the first instinct of virtue in children - **Plato**
- કેળવણી મનુષ્યની જન્મજાત શક્તિઓનો નૈસર્ગિક, સુસંવાદી અને પ્રગતિશીલ વિકાસ છે. – **પેસ્ટોલોજી**

  Education is the natural harmonious and progressive development of man's innate powers - **Pestology**
- પ્રત્યેક માનવના માનસમાં અદૃશ્ય રહેલા વિદ્યમાન વિશ્વના સર્વમાન્ય વિચારોનું પ્રગટીકરણ એટલે શિક્ષણ – **સૉક્રેટિસ**
- Education means the bringing out of the idea of universal validity which are latest in mind of every man - **socrates**
- કુદરત દ્વારા મળતી કેળવણી જ સાચી કેળવણી છે – **રૂસો**

### 1.3.4 શિક્ષણનો મર્યાદિત અર્થ :

શિક્ષણના ઔપચારિક અર્થને કેળવણી સમજવામાં આવે તો તે આ મર્યાદિત અર્થમાં, કેળવણીની મર્યાદા છે.

1. **કેળવણી એટલે અક્ષરજ્ઞાન :** શાળા–મહાશાળામાં અપાતું અક્ષરજ્ઞાન એ કેળવણી નથી. શાળા–મહાશાળામાં બાળકને નિશ્ચિત સમય સુધી અક્ષરજ્ઞાન આપવામાં આવે છે. પરંતુ શાળા–મહાશાળાએ ન ગયેલા અને અક્ષરજ્ઞાન પ્રાપ્ત ન કરેલા કબીર, નરસિંહ કે અખો અશિક્ષિત ગણાશે ? અક્ષરજ્ઞાન વિના પણ સૂર્યના સ્થાનને આધારે સમય જણાવતા અને આકાશ જોઈ પવનની દિશાને આધારે વરસાદની આગાહી કરતા લોકો અશિક્ષિત ગણાશે ? જવાબ છે ના. અને એટલે જ માત્ર અક્ષરજ્ઞાન એ કેળવણી શિક્ષણ નથી.

2. **કેળવણી એટલે માહિતીનું વિતરણ :** માત્ર માહિતીનું જ્ઞાન એ સાચું શિક્ષણ કે કેળવણી નથી. તરવાના નિયમો વાંચવાથી તરતા આવડતું નથી કે રેસિપિનું પુસ્તક વાંચવાથી સારા રસોઇયા બની શકાતું નથી.

3. **<u>કેળવણી એટલે ભણતર–વાચન, લેખન અને ગણન :</u>**

શાળા કોલેજોમાં શિક્ષણ મેળવેલ હોય તેવી વ્યક્તિને વાચન, લેખન અને ગણન (3R's Reading, Writing, Arithmtic) આવડે એટલે આપણે તેને ભણેલી વ્યક્તિ કહીએ છીએ. માત્ર ભણતર કેળવણીનો સંકુચિત અર્થ છે. કારણ કે કેટલીક વખત આપણે જોઈએ છીએ કે ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યક્તિ અમાનવીય વ્યવહાર કરે છે અને અભણ વ્યક્તિનો વ્યવહાર, ભાવના તથા જ્ઞાન ભણેલા કરતા શ્રેષ્ઠ હોય છે. આમ, ભણતર એ કેળવણી નથી એ તો કેળવણીનો માત્ર એક ભાગ છે.

4. **<u>કેળવણી એટલે તાલીમ :</u>**

તાલીમ નિશ્ચિત સંસ્થા દ્વારા, ચોક્કસ સમય માટે, ચોક્કસ સ્થળે, ચોક્કસ આયોજન સાથે, વિવિધ કૌશલ્યો કે શક્તિના વિકાસ માટે અપાય છે. આ માટે નિયત અભ્યાસક્રમ અને કાર્ય પદ્ધતિ હોય છે. જેમ કે ચિત્ર, સંગીત, ગાયકી. કમ્પ્યૂટરની તાલીમ. આમ, વિવિધ કૌશલ્યોના વિકાસ માટેની તાલીમ એટલે કેળવણી એ સંકુચિત અર્થ છે.

5. **<u>કેળવણી એટલે માત્ર આજીવિકાનું સાધન :</u>**

ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરનાર ઉદ્યોગપતિ, વિદ્યાર્થી કે અન્ય કોઈ વ્યવસાયકારને પ્રશ્ન પૂછીએ તો અંતમાં સારાંશરૂપે એ જ જવાબ મળે કે મારો પ્રયત્ન આર્થિક સમૃદ્ધિ વધારવાનો છે. પણ માનવજીવનનું ધ્યેય માત્ર આર્થિક સદ્ધરતા નથી. તેનું લક્ષ્ય સર્વાંગી વિકાસનું છે. અને માટે કેળવણી એ માત્ર આજીવિકાનું સાધન નથી.

આમ, કેળવણી શિક્ષણના ઔપચારિક સ્વરૂપથી કંઈક વિશેષ છે. (ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણનો સુભગ સંયોગ કેળવણી છે.)

### 1.3.5. કેળવણીનો વ્યાપક અર્થ :


ઉપર જણાવ્યા પ્રમાણે મર્યાદિત અર્થ કેળવણીનો નથી. સાચા અર્થમાં કેળવણી દ્વારા માનવમાં ચૈતન્યનો આવિર્ભાવ થાય છે. મનુષ્યને સાચા અર્થમાં મનુષ્ય બનાવે તે સાચી કેળવણી છે.

- વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરનારી પ્રક્રિયા કેળવણી છે.
- વ્યક્તિના જન્મથી મૃત્યુપર્યંત વાતાવરણ કે સમાજમાંથી જુદા જુદા અનુભવો વ્યક્તિના વર્તન પર અસર કરે અને આ અસર દ્વારા વ્યક્તિના વર્તનમાં પરિવર્તન લાવે તે પરિવર્તન લાવનાર પ્રક્રિયા કેળવણી છે.
- ઘર, શાળા, પાડોશ, ખેતર, રમતનું મેદાન, વ્યવહારો, મુલાકાતો, પ્રવાસો... દ્વારા અનૌપચારિક શિક્ષણ મેળવાય છે.

### 1.3.6. કેળવણીનું સ્વરૂપ :

ભારતીય અને પશ્ચિમના વિદ્વાનોએ આપેલ શિક્ષણની વિવિધ વ્યાખ્યાઓનો અભ્યાસ કરતા કેળવણીનું સ્વરૂપ નીચે મુજબનું છે :

- કેળવણી આજીવન પ્રક્રિયા છે.
- કેળવણી શોધખોળની પ્રક્રિયા છે.
- કેળવણી એ વ્યક્તિમાં સર્વાંગી અપેક્ષિત વર્તન–પરિવર્તન થવાની પ્રક્રિયા છે.
- કેળવણી અનુકૂલનની પ્રક્રિયા છે.
- કેળવણી એટલે નિત્ય નવું સર્જન, કેળવણી એ કશુંક સર્જવાની પ્રક્રિયા છે.
- કેળવણીમાં વિદ્યાર્થી, શિક્ષક અને સમાજ એમ ત્રણ ધ્રુવ સક્રિય હોઈ ત્રિધ્રુવી પ્રક્રિયા છે.
- કેળવણી એ વ્યક્તિના સર્વાંગીણ વિકાસની પ્રક્રિયા છે.
- કેળવણી એ જીવનના વિકાસનો પર્યાય હોવાથી કહી શકાય કે તે માનવજીવનના વિકાસની પ્રક્રિયા છે.
- કેળવણી એ માનવશક્તિના વિકાસની પ્રક્રિયા છે, જે માનવજીવનને બહેતર અને ઉન્નત બનાવે છે.




.

**તમારી પ્રગતિ ચકાસો**

**સાચી કેળવણી કઈ છે ?**

(1) **વ્યક્તિ ડૉક્ટર બનીને મનુષ્યના અંગનો વ્યવસાય કરે છે.**

(2) **ગ્રેજ્યુએટ થઈને કાપડનો વેપાર નીતિથી કરે છે.**

(3) **અક્ષરજ્ઞાન નથી પણ વિચાર અને વર્તનથી સભ્ય છે તથા નીતિપૂર્વકનું જીવન જીવે છે.**

### 1.4 કેળવણીનાં ધ્યેયો :

**प्रयोजनेन विना मन्दोअपि न प्रवर्तते** અર્થાત્ પ્રયોજન વિના મૂર્ખ વ્યક્તિ પણ કાર્ય કરતો નથી. આ રીતે કેળવણી પણ હેતુલક્ષી પ્રક્રિયા છે. કેળવણી અને જીવન એકબીજાના પર્યાયી છે તે

રીતે જીવન અને કેળવણીનાં ધ્યેયો પણ સમાન છે. જીવન બદલાતાં કેળવણી પણ પોતાનું સ્વરૂપ બદલે છે. જીવનના અને કેળવણીના બદલાતા આ ધ્યેયોમાં કેટલાંક અન્ય ધ્યેયો તારવી શકાય.

- **જ્ઞાનપ્રાપ્તિ :** કેળવણીનો મુખ્ય હેતુ જ્ઞાન પ્રાપ્તિ છે. જ્ઞાન કરતાં પવિત્રતમ આ વિશ્વમાં કંઈ જ નથી. આ પવિત્રતમ જ્ઞાનની પ્રાપ્તિ કેળવણીના પાયામાં છે. બાઈબલના મૂળ વાક્ય મુજબ, know thyself ભારતીય ચિંતકો કહે છે "જ્ઞાન વિના મુક્તિ શક્ય નથી." અહીં એ પ્રથમ જ્ઞાન–આત્મજ્ઞાન મુખ્ય ઉદ્ધેશ્ય છે. વ્યક્તિત્વ ઘડતરનો સૌપ્રથમ નિયમ પોતાની જાતની ઓળખ છે. સ્વ– ઓળખ જ વ્યક્તિને જીવનના ઉચ્ચ શિખર સર કરવામાં મદદરૂપ નીવડે છે. વ્યક્તિ પોતાની શક્તિઓ, મર્યાદાઓ, રસ રુચિ, વલણને જાણે અને તે પ્રમાણે જીવન જીવે તો ગુણવત્તાયુક્ત જીવનની પ્રાપ્તિ થાય. સચિન તેંડુલકરને ક્રિકેટ છોડીને સાહિત્ય કે ગણિત વિજ્ઞાનના ક્ષેત્રને પસંદ કરવા માટે આગ્રહ કરવામાં આવ્યો હોત તો ભારતને વિશ્વ ક્રિકેટનો શ્રેષ્ઠ ખેલાડી પ્રાપ્ત ન થયો હોત. સાચી કેળવણી વિદ્યાર્થીને સ્વઓળખની તક આપે છે.

- **વ્યાવસાયિક સજ્જતા :** કેળવણીનો મુખ્ય ઉદ્ધેશ સ્વ–જ્ઞાનપ્રાપ્તિ સિદ્ધ થતાં વ્યાવસાયિક સજ્જતા આપોઆપ ફલશ્રુતિ રૂપે સિદ્ધ થઈ જાય છે. વ્યક્તિ જ્યારે પોતાની જાતને ઓળખીને આગળ વધે છે ત્યારે તેની મર્યાદાઓ શક્તિમાં રૂપાંતરિત થઈ જાય છે. આ શક્તિ તેને વ્યાવસાયિક રીતે સજ્જ બનાવે છે. સમાજમાં જીવનનિર્વાહ માટે તે સ્વશક્તિ પ્રમાણેનો વ્યવસાય સ્વીકારે છે અને આ રીતે કેળવણીનું એક ધ્યેય વ્યવસાય પ્રાપ્તિ પણ છે. શ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું વ્યક્તિત્વ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

- **લોકશાહી, નાગરિકત્વ ઘડતરનો હેતુ :** દરેક રાષ્ટ્રની કેળવણી પાછળ તેના વિશિષ્ટ હેતુઓ હોય છે. જેમાં લોકશાહી અને નાગરિકત્વનું ઘડતર અગ્રસ્થાને રહે છે. અબ્રાહમ લિંકને કહ્યું છે તે પ્રમાણે 'લોકોથી, લોકો માટે અને લોકો દ્વારા ચાલતી શાસન વ્યવસ્થા એટલે લોકશાહી' સ્વતંત્રતા અને જવાબદારી પૂરક છે. સૂર્યને સ્વતંત્રતા નથી માટે જ જવાબદારી પણ નથી. ભારત જેવા લોકશાહી દેશમાં પહેરવા, બોલવા, વિચારો અભિવ્યક્ત કરવાની સ્વતંત્રતા સાથે નાગરિક તરીકેની જવાબદારીઓ પણ રહેલી છે. આ જવાબદારીના ઘડતરનું કામ કેળવણી કરે છે. સભ્યતા, વિનમ્રતા, દેશપ્રેમ જેવા ગુણો ધારણ કરનારી પ્રજા સાચા અર્થમાં કેળવણી પ્રાપ્ત કરી રહી છે તેમ માનવું.

- **ચારિત્ર્ય નિર્માણ :** ચારિત્ર્ય નિર્માણનો હેતુ કેળવણીના મૂળભૂત હેતુ તરીકે ગણવામાં આવે છે. ગ્રીસ કેળવણીકાર હર્બાટ આ હેતુને સર્વોત્કૃષ્ટ હેતુ તરીકે જણાવતા કહે છે, "કેળવણીનું સમગ્ર કાર્ય એક શબ્દમાં કહેવું હોય તો તે છે નિતીમત્તા (Morality) **પ્લેટો** આને માટે સદ્ગુણો એવો શબ્દ પ્રયોજે છે. ઓગણીસમી સદીમાં થયેલા **ઓડોલ્સ હકસલ** આ માટે કહે છે, તે માણસને ખરી કેળવણી મળી છે જેનું શરીર એવું કેળવાયેલું છે કે જે તેના અંકુશમાં રહી શકે, તે માણસને ખરી

કેળવણી મળી છે જેનું મન કુદરતના કાયદાઓથી ભરેલું છે ને ઇન્દ્રિયો તેને વફાદાર છે જેની અંત:વૃત્તિ શુદ્ધ છે અને જે નીચ આચરણને ધિક્કારે છે. નરસિંહ મહેતાના વૈષ્ણવજનનું ઘડતર કરનાર કેળવણી સાચી કેળવણી છે.

- **મૂલ્યોની રક્ષા :** સામાજિક, સાંસ્કૃતિક, વ્યાવસાયિક, ધાર્મિક મૂલ્યોની રક્ષા એ કેળવણીનું મહત્ત્વનું લક્ષ્ય છે. મૂલ્ય સાથેનું જીવન જ ઇચ્છનીય છે. અનીતિ અને અસત્યના માર્ગે પ્રાપ્ત થયેલ ધન, સંપત્તિ, પ્રતિષ્ઠા વ્યર્થ છે. આ મૂલ્યોની રક્ષા કરતી કેળવણી સભ્ય માનવ અને સભ્ય સમાજનું નિર્માણ કરે છે.

- **સ્વાવલંબન :** ગાંધીજી સ્વાવલંબનને કેળવણીના મુખ્ય ઉદ્દેશ તરીકે માને છે. શારીરિક, માનસિક અને આર્થિક સ્વાવલંબન આપી શકે તે જ સાચી કેળવણી. બાળકોનો બૌદ્ધિક વિકાસ સાધવા માટે તેમને હસ્ત ઉદ્યોગ શીખવવા જોઈએ. ઉત્પાદક શ્રમ દ્વારા તેમના શરીર અને મન કેળવાય તે ઇચ્છનીય પરિસ્થિતિ છે. આ ઉત્પાદક શ્રમ બાળકોને શારીરિક રીતે હૃષ્ટપુષ્ટ બનાવે છે, શ્રમના મહત્ત્વનું મૂલ્યશિક્ષણ આપે છે અને તેમાંથી અર્થોપાર્જન થતા આર્થિક સ્વાવલંબન આપે છે. આર્થિક સ્વાવલંબન સ્વાભિમાનની લાગણી ઉત્પન્ન કરે છે. આરીતે કેળવણીનું મુખ્ય ધ્યેય સ્વાવલંબન હોઈ અહીં શારીરિક, માનસિક, બૌદ્ધિક સ્વાસ્થ્યની જાળવણી આપોઆપ થઈ જાય છે.

- **બળ, ધૈર્ય, સંવેદનશીલતા અને બુદ્ધિ :**

શિક્ષણશાસ્ત્રી શ્રી રસેલ બળ શબ્દને શારીરિક લક્ષણ તરીકે મૂકે છે. બળ બાળકને અહીં આસપાસના વાતાવરણમાં રસ લેવાનું સરળ બનાવે છે. માનસિક સ્વાસ્થ્યનું આ મહત્ત્વનું પરિબળ છે. બળ જીવનમાં ઉત્તમ તત્ત્વોને પ્રગટ કરવામાં મહત્ત્વનું હોઈ કેળવણીનું લક્ષ્ય છે.

ધૈર્ય એ અન્ય મહત્વનું લક્ષ્ય છે. માનસિક રીતે સ્વસ્થ રહેવા માટેનો મહત્વનો ગુણ ધૈર્ય છે. ઉક્તિ "અધૂરો ઘડો છલકાય ઘણો" અધીરાપણું અધૂરી કેળવણીની નિશાની છે. કેળવણી પામેલ વ્યક્તિ ધૈર્યવાન હોય.

કેળવણી પામેલ મનુષ્ય સંવેદનશીલ હોવો જોઈએ. શિક્ષક થઈને વિદ્યાર્થીઓની બાળકની સંવેદનાઓને સમજી શકે, ડૉક્ટર થઈને દર્દીની સંવેદનાઓ સમજી કે અને એંજિનીયર થઈને પોતાના બનાવેલા ઘર ખરીદનારા વ્યક્તિઓની સંવેદનાઓ અનુભવી શકે તો આપોઆપ વ્યાવસાયિક નિષ્ઠા આવી જાય છે. અન્યને દુ:ખી જોઈને દુ:ખી થવાની સંવેદના માનવીય ગુણો વિકસાવે છે. સુશિક્ષિત વ્યાવસાયિક પ્રતિષ્ઠા ધરાવનાર મનુષ્ય પણ સંવેદનશીલ ન હોય તો તેની કેળવણી અધૂરી છે.

અહીં બુદ્ધિ શબ્દનો અર્થ 'જ્ઞાન" કરતાં પણ જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ કે ઉત્કંઠા જગાડવાનો છે. એ રીતે કેળવણીનું કાર્ય જ્ઞાન માટે કૂતુહલવૃત્તિ કહી શકાય.

1996માં 21મી સદી માટેનો યુનેસ્કોનો અહેવાલ જેક્સ ડેલોર્સના અધ્યક્ષપદે પ્રકાશિત થયો જે કેળવણીનાં લક્ષ્યો નક્કી કરવા માટેના ઉદ્દીપકો પૂરા પાડે છે અને કેળવણીના મુખ્ય ચાર સ્તંભો જણાવે છે.

**(1) અધ્યયન કરતાં શીખવું**
**(2) કામ કરતાં શીખવું**
**(3) સહજીવન જીવતાં શીખવું**
**(4) માનવ બનતાં શીખવું**

### 1.5 પ્રકૃતિની તપાસ અને શિક્ષણની માનવસમાજમાં જરૂરિયાત :

વેદકાળથી પુરુષ અને પ્રકૃતિના સંબંધને વિશિષ્ટ રીતે દર્શાવવામાં આવ્યો છે. પુરુષ અર્થાત્ વ્યક્તિમાત્રનું અસ્તિત્વ પૃથ્વી પર ટકી શકે તે માટે પ્રકૃતિની રચના કરવામાં આવી છે. પાંચ પ્રાકૃતિક તત્ત્વોમાંથી માનવ શરીરની રચના થઈ છે. રવિન્દ્રનાથ ટાગોર કહે છે તે પ્રમાણે પ્રકૃતિની નસેનસમાં જીવનનું અંતસ્તત્ત્વ ધબકે છે. એ ધબકાર જ બાળકના ચૈતન્યને ગતિશીલ બનાવે છે. ગુરુદેવ પ્રકૃતિ પ્રત્યેના આકર્ષણનું સ્પષ્ટીકરણ આપતા જણાવે છે કે પ્રકૃતિ અને મનુષ્ય વચ્ચે "લોહીની સગાઈ" (kindred ship) છે. મનુષ્ય અને પ્રકૃતિના આ આંતરસંબંધને કારણે મનુષ્ય તેનો સ્વીકાર કરે છે અને તેથી જ મનુષ્યને સક્ષમ અને શક્તિશાળી બનાવવા માટે પ્રકૃતિ શ્રેષ્ઠ માધ્યમ છે તથા શિક્ષણનું પણ અસરકારક માધ્યમ બની શકે છે.

### 1.5.1. પ્રકૃતિ દ્વારા શિક્ષણ :

બાળકને પોતાની ઈન્દ્રિયોના ઉપયોગ દ્વારા પ્રકૃતિના સીધા સંપર્કમાં આવવાની બક્ષિસ મળી હોવાને કારણે બાળકને પ્રકૃતિના સંપર્કમાં આવવાની વધુમાં વધુ તક પૂરી પાડવી જોઈએ. પ્રકૃતિ એ શ્રેષ્ઠ શિક્ષક છે. ટાગોર કહે છે તે પ્રમાણે "પોતાના પૂર્ણત્વ માટે માણસે શારીરિક શક્તિમાં જંગલી અને માનસિક શક્તિઓમાં સભ્ય બનવું જોઈએ. મનુષ્યસમાજ સાથે મનુષ્ય અને પ્રકૃતિ સાથે પ્રાકૃતિક બનવાની ક્ષમતા વિકસાવવી જોઈએ." વિનોબાજી નૈસર્ગિક અનૌપચારિક શિક્ષણનું પ્રતિપાદન કરતા કહે છે કે, "બાળક માટે અધ્યયન અભાન એવી નૈસર્ગિક પ્રક્રિયા હોવી જોઈએ. એ બચપણમાં જેટલી સાહજિક રીતે પોતાની માતૃભાષા શીખી લે છે એટલી જ સાહજિકતાથી સમગ્ર શિક્ષણ થવું જોઈએ." પ્રાકૃતિક–નૈસર્ગિક કે સાહજિક શિક્ષણનું ઉદાહરણ આપતા તેઓ કહે છે: વિશ્વામિત્રને પોતાના યજ્ઞ માટે રક્ષણની જરૂર હતી. રાક્ષસો પજવે નહિ એ માટે તેઓ દશરથ પાસે રામ–લક્ષ્મણને લેવા માટે આવ્યા. દશરથે બન્ને પુત્રો સોંપ્યા. ત્રણેય જણ ચાલવા લાગ્યા અને શિક્ષણ શરૂ થયું, ત્યાં સુધી કે સવારે ઉઠવાથી માંડીને રાવણ જેવા દુર્દાન્ત રાક્ષસને પરાજિત કરવા સુધીનું. બધું જ જરૂરી શિક્ષણ સાહજિક રીતે જ યજ્ઞનું રક્ષણ કરવા નિમિત્તે અપાતું ગયું. એ વખતે પાછા આવ્યા પછી રામ–લક્ષ્મણને કોઈકે પૂછ્યું હોત કે, 'તમે ત્યાં શા માટે

ગયા હતા ?' તો તેઓ એમ કહેત કે, "વિશ્વામિત્રના યજ્ઞનું રક્ષણ કરવા ગયા હતા." આખા સમાજનું રક્ષણ કરવા માટે આવતી કાલે જેની જરૂર પડશે એનું મહાન શિક્ષણ લેવા ગયા હતા એ વાતનો અધ્યેતાને ખ્યાલ જ ન હતો.

### 1.5.2. શિક્ષણની માનવસમાજમાં જરૂરિયાત :

શિક્ષણ એ માનવસમાજમાં સમૂળીક્રાંતિ લાવવાનું કામ કરે છે. આ ક્રાંતિથી સમાજમાં ચિરસ્થાયી મૂલ્યો અને સંસ્કૃતિનું સર્જન થાય છે. સમાજના પ્રેરકબળ તરીકે શિક્ષણ મહત્ત્વના કાર્યો બજાવે છે.

- બાળક સૌપ્રથમ કુટુંબને પ્રાપ્ત થાય છે અને આ સમાજના નાના સમૂહના બાળકને સુશિક્ષિત કરવાનું કાર્ય શિક્ષણ કરે છે. શિક્ષણ તેને તેના સમાજ અને પર્યાવરણ સાથે સંતુલન સાધી વિકાસ કરતા શીખવે છે. શિક્ષણ દ્વારા થયેલ વ્યક્તિનો વિકાસ સમાજનો વિકાસ કરે છે.
- આ શિક્ષણ વૈજ્ઞાનિક આવિષ્કારો દ્વારા  સમાજની આર્થિક પ્રગતિનું નિર્માણ કરે છે અને સામાજિક પરિવર્તનને ગતિ આપે છે.
- શિક્ષણ દ્વારા સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું સર્જન થાય છે. શિક્ષણ એ સંસ્કૃતિના બળ તરીકે સંસ્કૃતિને જાળવી રાખી નવી પેઢીને તેનો વારસો સોંપે છે અને કેટલાક નવા સાંસ્કૃતિક મૂલ્યો ઊભા કરી સંસ્કૃતિમાં ઉમેરો કરે છે.
- શિક્ષણના પ્રચાર–પ્રસાર દ્વારા સમાજમાં રાષ્ટ્રીય જાગૃતિ આવે છે. સામાજિક અને રાષ્ટ્રીય એકતા શિક્ષણ દ્વારા જ શક્ય બને છે. શિક્ષણ પામેલા લોકો રાજકીય વહીવટ સમજીને રાષ્ટ્ર ચલાવે છે.
- શિક્ષણ દ્વારા સમાજને લાંબી સૂઝવાળા નેતાઓ, પ્રતિનિધિઓ અને અમલદારો પ્રાપ્ત થાય છે.
- શિક્ષણ દ્વારા વેપાર, ઉદ્યોગ અને વ્યવસાયોની ક્ષમતા વધે છે.
- શિક્ષણના સામૂહિક માધ્યમો (રેડિયો, ટેલિવિઝન, સિનેમા) દ્વારા પ્રજાના વલણો, અભિપ્રાયો અને મૂલ્યોનું ઘડતર થાય છે.
- શિક્ષણથી વૈજ્ઞાનિક સંશોધનોને વેગ મળે છે, જે સમાજની કાયાપલટ કરવામાં મહત્ત્વના ભાગ ભજવે છે.
- શિક્ષણ દ્વારા સમાજના સામાજિક, રાજકીય અને નૈતિક મૂલ્યોનો વિકાસ થાય છે.
- શિક્ષણ દ્વારા બાળકો શ્રમનું મહત્ત્વ સમજે છે અને ગૌરવથી પરિચિત થાય છે. શ્રમપ્રધાન પ્રજાનું માનસ રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે પ્રયત્નશીલ રહે છે.
- શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિઓનો વિકાસ થાય છે. તેમનામાં વિવેચનાત્મક શક્તિ, સારાસાર વિચારશક્તિ અને નિર્ણયશક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. શિક્ષણ એ વૈચારિક ક્રાંતિનું મહત્ત્વનું સાધન હોવાથી બાળકોમાં વિચારશક્તિનો વિકાસ થતાં સામાજિક નવનિર્માણને ક્ષેત્રે તેઓ પોતાની શક્તિઓનો સદુપયોગ કરે છે.

## 1.6 શિક્ષણ અને કેળવણી વચ્ચેનો સંબંધ અને માનવ– સમાજની વિવિધ શૈક્ષણિક પ્રક્રિયાનો અભ્યાસ

### 1.6.1. શિક્ષણ અને કેળવણી વચ્ચેનો સંબંધ :

કેળવણીની સંકલ્પના વિશે કેટલાક ભ્રામક ખ્યાલો પ્રવર્તે છે. સામાન્ય લોકો શાળા–મહાશાળાની ચાર દીવાલોમાં ચાલતી પ્રક્રિયાને કેળવણી કહે છે. વળી, શિક્ષણ સંકુચિત છે, મર્યાદિત છે અને કેળવણી વ્યાપક છે તેવા ખ્યાલો શિક્ષણને નકારાત્મક સ્વરૂપમાં ચીતરે છે. અહીં કેળવણી અને શિક્ષણ વચ્ચેનો સંબંધ જોઈએ તો શિક્ષણના બે પ્રકાર છે. ઔપચારિક શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ સમગ્ર વિશ્વમાં શિક્ષણ Formal and Non-formal સ્વરૂપે આલેખાયેલું છે. આ ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણનો સુમેળ તે જ કેળવણી જેને આપણે ભણતર અને ગણતર કહીએ છીએ.

### 1.6.2 કેળવણી ઔપચારિક શિક્ષણ :

- ઔપચારિક શિક્ષણની સમયમર્યાદા નિશ્ચિત હોય છે. ધોરણ–1માં 1નું અધ્યયન (શિક્ષણ) વર્ષ અને એમ શાળા કૉલેજ અને તથા અન્ય અભ્યાસક્રમનું નિશ્ચિત સમયમર્યાદામાં લેવામાં આવતું શિક્ષણ ઔપચારિક શિક્ષણ છે. જ્યારે કેળવણી એ જન્મથી મૃત્યુપર્યંત ચાલતી પ્રક્રિયા છે.
- ઔપચારિક શિક્ષણનું બંધારણ નિશ્ચિત છે. કેળવણી અનાયાસ પ્રક્રિયા છે. વ્યક્તિ પોતાના જીવનમાં ઊભી થતી પરિસ્થિતિઓ, વાતાવરણમાંથી અનુભવો મેળવે છે અને ઘડાય છે તે કેળવણી છે.
- આયોજિત સંસ્થાઓ, શાળાઓ અને મહાશાળાઓ દ્વારા ઔપચારિક શિક્ષણ આપવામાં આવે છે. આયોજિત સંસ્થાઓ ઉપરાંત પાડોશ, મિત્રો, પ્રકૃતિ, સમાજ જીવનના અને અનુભવોમાંથી પણ કેળવણી પ્રાપ્ત થાય છે.
- ઔપચારિક શિક્ષણ સભાનતાપૂર્વક થતું શિક્ષણ છે. જેમાં અધ્યેતા અને અધ્યાપક બંને પોતાની પ્રવૃત્તિઓથી સભાન હોય છે. કેળવણીમાં પૂર્વ આયોજન નથી હોતું તેથી આવી કોઈ સભાનતા હોતી નથી.
- ઔપચારિક શિક્ષણ પ્રત્યક્ષ પણ અલ્પજીવી પ્રક્રિયા છે. માહિતી, કાવ્યો, વાક્યો બધું જ લાંબા સમય સુધી યાદ રહેતું નથી. કેળવણીથી પ્રાપ્ત કરેલું જ્ઞાન વર્તનમાં આવી જતા દીર્ઘજીવી બને છે. દીવાની જ્યોતથી દાઝેલું બાળક ફરી ક્યારેય દીવાની જ્યોતને સ્પર્શતું નથી.
- ઔપચારિક શિક્ષણ સભાનતાપૂર્વકની પ્રક્રિયા હોવાથી તેનું પરીક્ષણ ઔપચારિક રીતે થઈ શકે છે. કેળવણી અનાયાસ પ્રક્રિયા હોવાથી તેનું કોઈ ઔપચારિક મૂલ્યાંકન થઈ શકતું નથી.

- ઔપચારિક શિક્ષણ મર્યાદિત સમયમાં પ્રાપ્ત થઈ શકે છે કેમ કે તે આયોજિત હોય છે. કેળવણી એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. જીવનની અંતિમક્ષણના અનુભવો અને ઘડપણના અનુભવો પણ કેળવણી છે.

### 1.6.3. માનવસમાજની વિવિધ શૈક્ષણિક પ્રક્રિયાનો અભ્યાસ :

બાળકનો જન્મ સમાજમાં થાય છે. સૌપ્રથમ તે સમાજના મહત્ત્વના જૂથ 'કુટુંબ'ના પરિચયમાં આવે છે. જન્મથી માંડીને મૃત્યુ પર્યંત સમાજના મહત્ત્વના જુદાં જુદાં જૂથોના પરિચયમાં આવતો જાય છે અને પરોક્ષ રીતે શિક્ષણ મેળવતો જાય છે. આ શિક્ષણ મુખ્યત્વે નીચેની રીતે થાય છે :

(1) **અનુકરણ અને અનુસરણ :** પોતાની ઇન્દ્રિયોના માધ્યમથી બાળક જ્ઞાન મેળવે છે, શીખે છે. તે પોતાની આજુબાજુ જે કાંઈ જુએ છે, અનુભવે છે, સાંભળે છે તેનું અનુકરણ કરવા પ્રયત્ન કરે છે અને આ રીતે ક્યારેક કોઈના વર્તનનું અનુસરણ પણ કરે છે. આ રીતે થતા શિક્ષણનું શ્રેષ્ઠ ઉદાહરણ ભાષા છે. અનુકરણથી બાળક પોતાની માતૃભાષા બોલતા, સમજતા શીખે છે અને સમાજમાં પોતાનો વ્યવહાર ચલાવતું થાય છે. આ જ રીતે બાળક અનુકરણ અને અનુસરણથી વર્તન, નીતિ નિયમો, પરિસ્થિતિ પ્રમાણેનું વર્તન કરતા શીખે છે.

(2) **મતારોપણ :** બાળક મતારોપણ દ્વારા પણ સમાજ પાસેથી શીખે છે. માતા શીખવે કે સાચું બોલાય ખોટું ન બોલાય, મોટેથી ચીસો ન પડાય, આપણાંથી મોટાને તમે કહેવાય, પુસ્તકને પગ ના અડાડાય વગેરે વિધાનો દ્વારા કુટુંબ, આડોશ–પાડોશ, મિત્રોનો સમાજ શિક્ષણનું માધ્યમ બને છે.

(3) **સામાજિકીકરણ :** બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ જુદા જુદા સમાજમાં ભળતું જાય છે. આ રીતે તેનું જુદી જુદી રીતે સામાજિકીકરણ થતું જાય છે. કહેવત છે કે સંગ તેવો રંગ તેમ મિત્રવર્તુળ જોડેથી બાળક શીખે છે. બાળક પોતાની રસ રુચિ પ્રમાણેનું જૂથ ધરાવે છે. આ જૂથ તેને મૈત્રી, સહકાર, અધિકાર વગેરે જેવા ગુણો શીખવે છે.

(4) **અનુભવ અને અવલોકન :** બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તેનામાં અવલોકનશક્તિનો વિકાસ થતો જાય છે. આસપાસના સમાજના સભ્યો, તેમનું વર્તન, તેમના ક્રોધ, લાગણી અને પ્રેમના ભાવોની અભિવ્યક્તિનું અવલોકન બાળક માટે શિક્ષણનું મોટું માધ્યમ બની રહે છે. શાળામાં શિક્ષક જે રીતે તેની સાથે વર્તન કરે તે રીતે પોતાની ઢીંગલી અથવા નાના ભાઈ કે બહેન સાથે વર્તન કરે છે. દાદી જેવી રીતે ગાયને બોલાવીને ભોજન આપે છે તેવી રીતે તે પણ ગાયને બોલાવતા શીખે છે. ગાય અને કૂતરાને

જુદી જુદી રીતે બોલાવવામાં આવે છે તે બાબતોનું શિક્ષણ પણ અવલોકન દ્વારા જ મેળવે છે. પિતાજી જે રીતે ફોન પર વાત કરે છે. તે જ રીતે વાત કરવાનો અભિનય પણ કરી લે છે. આ અવલોકન તેના માટે વ્યવહારુ શિક્ષણ પુરું પાડે છે.

(5) **શારીરિક નિયંત્રણો :** દરેક સમાજને પોતાના સામાજિક નિયમો અને મૂલ્યો હોય છે. આ નિયમો અને મૂલ્યોનું શિક્ષણ બાળકને તેના સહવાસથી મળતું જાય છે. પોતાની લાગણીઓની અભિવ્યક્તિ સમાજ જ શીખવે છે. પોતાના શારીરિક આવેગો પર નિયંત્રણ રાખવાનું શિક્ષણ સમાજ આપે છે. બધાની વચ્ચે અચાનક ચડ્ડી ભીની થઈ જતાં બાળક ક્ષોભ અને શરમ અનુભવે છે અને આ રીતે નિયંત્રણશક્તિ કેળવાય છે.

(6) **અનુભવના પુનર્ગઠન દ્વારા શિક્ષણ :** સમાજમાંથી બાળક અનુભવ દ્વારા જ્ઞાન મેળવે છે. આ અનુભવોની ઘણીવાર અનુભવ શૃંખલા રચાય છે. માતા બાળકને વાર્તા, ગીતો વગેરે માધ્યમથી મહેનત કરવી જોઈએ તેમ જણાવે છે. બાળક પોતાની આસપાસના વાતાવરણમાં લોકોને મહેનત કરતા જુએ છે. બગીચામાં માળી મહેનત કરે છે. રસ્તા પર કોઈ લારી ખેંચતો માણસ મહેનત કરે છે. આ બધા અનુભવો મહેનત કરવી જોઈએ તે મૂલ્યને પુષ્ટિ આપે છે. બાળક જ્યારે અધ્યયન કરીને કોઈ સિદ્ધિ મેળવે છે ત્યારે આ અનુભવનું પુનર્ગઠન થાય છે. સમાજ બાળકને આવી અનેક અનુભવ શૃંખલા પૂરી પાડે છે.

## 1.7 પાશ્ચાત્ય અને ભારતીય ચિંતકોની દૃષ્ટિએ કેળવણી અને શિક્ષણ :

### 1.7.1 રૂસો :

- **રૂસોનું શિક્ષણદર્શન :**

જીન જેકવીસ રૂસોનો જન્મ જિનિવા શહેરમાં સરોવરને કિનારે ઈ.સ. 1712ની જૂનની 24મી તારીખે થયો હતો.

રૂસોને ઔપચારિક શિક્ષણ ખાસ પ્રાપ્ત થયેલું નહિ. ઈ.સ. 1723થી 1725ના ગાળામાં જિનિવાની બહાર બોસી નામના ગામડાંની શાળામાં તે શિક્ષણ લેવા માટે ગયેલા. ત્યાં બે કે ત્રણ વર્ષ માટે ઔપચારિક શિક્ષણ લીધું. આ શાળા પ્રકૃતિની ગોદમાં આવેલી હોવાથી તેમનો પ્રકૃતિ તરફનો અનુરાગ વધતો ચાલ્યો હતો. પ્રકૃતિ સાથે તેમનું તાદાત્મય એટલું બધું હતું કે પ્રકૃતિની ગોદમાં પ્રકૃતિના તત્ત્વો સાથે તે તન્મયતા અનુભવતા. તેમનું શિક્ષણ દર્શન જોઈએ.

- **રૂસોની કેળવણીની સંકલ્પના :**

તેમને મન કેળવણી એટલે કુદરતી યા પ્રાકૃતિક વિકાસ.

1. કેળવણી એ કુદરતી પ્રક્રિયા છે, કૃત્રિમ નહિ.
2. કેળવણી એ આંતરિક–અંતઃસ્ફુરિત પ્રક્રિયા છે, તે બાહ્ય પરિબળો દ્વારા પ્રાપ્ત થતી નથી.
3. મનુષ્યના વ્યક્તિત્વનો પૂર્ણતમ વિકાસ એટલે કેળવણી.

4. કેળવણી એ માર્ગદર્શનની પ્રક્રિયા છે.
5. કેળવણી એટલે બાળકની કુદરતી શક્તિઓ અને ક્ષમતાનો આંતરિક વિકાસ.
6. કેળવણી એ આનંદપ્રદ, વિકાસશીલ, સુસંગત, સંતુલિત, ઉપયોગી તથા કુદરતી (પ્રાકૃતિક) જીવનની પ્રક્રિયા છે.
7. કેળવણી એ નિરંતર ચાલતી આજીવન પ્રક્રિયા છે. તે જન્મથી પ્રૌઢાવસ્થા સુધી ચાલે છે.

ટૂંકમાં રૂસો તે શબ્દાળુ કેળવણીના વિરોધી હતા. અને તેથી તેઓ કહેતા કે,
શિક્ષણ સમજણ સાથેનું હોવું જોઈએ. "જે આપણે સમજતા ન હોઈએ તેને સ્મરણમાં રાખવું જોઈએ નહિ. સમજણ વિનાનું એટલે કે સંકલ્પના વિનાનું શિક્ષણ નરી ગોખણપટ્ટી છે. આવા શિક્ષણનો શો અર્થ ?"

- **કેળવણીના ઉદ્દેશો :**

રૂસો ક્રાંતિકારી કેળવણીકાર હતા. તે પ્રણાલીગત કેળવણીના વિરોધી હતા. તે બાળકોની જન્મજાત શક્તિઓ–વૃત્તિઓના પૂર્ણ વિકાસમાં માનતા હતા. કેળવણી એ બાળકો માટે આનંદપ્રદ પ્રક્રિયા બની રહેવી જોઈએ. કેળવણી દ્વારા બાળકોનો પ્રાકૃતિક વિકાસ થવો જોઈએ. તેમના મંતવ્ય અનુસાર શિક્ષણના ઉદ્દેશોમાં નીચેના ઉદ્દેશોનો સમાવેશ થાય છે :

1. **શારીરિક વિકાસ :** રૂસો બાળકોના શારીરિક વિકાસ પર ખૂબ ભાર મૂકે છે. બાળકોના પૂર્ણ વિકાસ માટે, તેમના વ્યક્તિત્વના સર્વાંગીણ વિકાસ માટે સ્વસ્થ અને તંદુરસ્ત શારીરિક વિકાસ થવો જોઈએ. નિર્બળ શરીર નિર્બળ મન પેદા કરે છે.
2. **ઇન્દ્રિયોનો વિકાસ :** શિક્ષણનું મહત્ત્વનું કાર્ય બાળકની ઇન્દ્રિયોની તાલીમ અથવા ઇન્દ્રિયોનો વિકાસ છે. ઇન્દ્રિયો એ જ્ઞાનના પ્રવેશદ્વાર છે. ઇન્દ્રિયોના વિકાસથી શારીરિક અવયવોનો વિકાસ થાય છે અને તર્કશક્તિ વધે છે. બૌદ્ધિક વિકાસ પણ શક્ય બને છે.
3. **પ્રાકૃતિક માનવનું ઘડતર : (જન્મજાત શક્તિઓ અને વૃત્તિઓનો વિકાસ) :** રૂસોના કથન મુજબ "શિક્ષણનો હેતુ બાળકમાં રહેલી વિભિન્ન અંતર્ગત શક્તિઓનો વિકાસ સાધવાનો છે. તેમના મતે શિક્ષણનો સૌથી મોટો હેતુ બાળકને સૈનિક, પાદરી કે મેજિસ્ટ્રેટ ન બનાવતાં સૌથી પ્રથમ 'મનુષ્ય' બનાવવાનો છે. તેથી, તેઓ બાળકને સામાજિક મનુષ્ય બનાવવા કરતાં સહજ કે પ્રાકૃતિક મનુષ્ય બનાવવા પર ભાર મૂકે છે."
4. **પાયાના વિષયોનું જ્ઞાન :** રૂસો બાળકોમાં અમુક કક્ષાએ બૌદ્ધિક વિકાસ પર ભાર મૂકે છે. તેમના મંતવ્ય અનુસાર કિશોરાવસ્થામાં તેમની તર્કબુદ્ધિ વધે તેવા પાયાના વિષયો જેવા કે ભૌતિક વિજ્ઞાન, ભાષાઓ, ગણિત, ઇતિહાસ, ભૂગોળ વગેરેનું ઔપચારિક શિક્ષણ આપવું જોઈએ.
5. **બાળકેન્દ્રી શિક્ષણ :** રૂસો બાળકેન્દ્રી શિક્ષણની હિમાયત કરે છે. તેઓ કહે છે બાળપણનું અને બાળકનું અધ્યયન કરો. કારણ કે, તમે તેને જાણતા નથી. આથી બાળકને ઓળખીને શિક્ષણ આપવું જોઈએ.

6. **અનુભવ દ્વારા શિક્ષણ :** જન્મજાત શક્તિઓના વિકાસની પ્રક્રિયાને સરળ બનાવવા માટે અનુભવોની જરૂર પડે છે. અનુભવ એ જ જીવન છે. આથી, બાળકોને અનુભવોનું શિક્ષણ મળવું જોઈએ.
7. **વ્યાવસાયિક જીવન માટે કેળવણી :** જીવનને સુસંવાદી અને સુખી બનાવવા માટે વ્યક્તિને ધંધાકીય શિક્ષણ આપવું જોઈએ જેથી તે જીવન માટે તૈયાર થઈ શકે. આ શિક્ષણ દ્વારા તે સારો મનુષ્ય બનીને જીવન જીવી શકે તે માટે તેઓ કોઈ યાંત્રિક કૌશલ્ય, હસ્તકલા કૌશલ્યની તાલીમની હિમાયત કરે છે.
8. **સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ :** તે પ્રકૃતિવાદી હોવાની સાથે બાળકને એક આદર્શ માનવ બનાવવા ઇચ્છે છે. તેથી, તે શિક્ષણ દ્વારા વ્યક્તિ સંતુલિત સમાજમાં જીવી શકે તે માટે તેઓ સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો કેળવવાની હિમાયત કરે છે.

- **રૂસોની દ્રષ્ટિએ અભ્યાસક્રમ :**

રૂસોની દ્રષ્ટિએ અભ્યાસક્રમ રચનાના મુખ્ય સિદ્ધાંતો :

(1) બાળકને સ્વાવલંબન અને મુક્તિનો અનુભવ કરાવે તેવી રીતે ઉછેરવું જોઈએ.
(2) બાળક જાતે જ ચાલતું બોલતું અને પોતાની ક્રિયાઓ સ્વયં કરતું થાય ત્યાર પછી જ કેળવણીની શરૂઆત ઇન્દ્રિયોથી કરવી જોઈએ.
(3) બાળકને રમતગમત–ક્રીડા દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
(4) બાળકોને કુદરતના સાનિધ્યમાં અનુભવો દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
(5) બાળકની પાયાની શારીરિક માનસિક જરૂરિયાતોને અનુલક્ષીને શિક્ષણ આપવું જોઈએ.
(6) બાળક પરિપક્વ થાય – તેનો અમુક માનસિક કે બૌદ્ધિક વિકાસ થાય ત્યાર પછી જ તેને નૈતિક કે આધ્યાત્મિક મૂલ્યોનું શિક્ષણ આપવું જોઈએ.
(7) બાળકના વિકાસના તબક્કાઓને અનુસરીને અભ્યાસક્રમ ઘડાવો જોઈએ.
(8) અભ્યાસક્રમ ઘડતી વખતે બાળકોમાં રહેલા વૈયક્તિક તફાવતો ધ્યાનમાં લેવા જોઈએ.

- **શિક્ષણ પદ્ધતિઓ :**

રૂસો પ્રકૃતિવાદી હતા. પ્રકૃતિવાદીઓનું વિશિષ્ટ પ્રદાન શિક્ષણ પદ્ધતિઓ અંગેનું છે. આધુનિક શિક્ષણપદ્ધતિઓ જેવી કે, પ્રોજેક્ટ, ડાલ્ટન, હ્યુરિસ્ટિક વગેરેના મૂળમાં રૂસો જેવા પ્રકૃતિવાદીઓના વિચારો પડેલા છે.

રૂસોની વિચારધારા મુજબ શિક્ષણની પદ્ધતિઓ :

1. **ક્રિયા દ્વારા શિક્ષણ (Learning by doing) :** જ્યાં સુધી બની શકે ત્યાં સુધી ક્રિયા દ્વારા શિક્ષણ આપો અને તે જ્યારે સંભવિત ન હોય ત્યારે જ શબ્દોનો ઉપયોગ કરો. વાચન એ બાલ્યાવસ્થાનો અભિશાપ છે. વાચનનો અતિરેક મનુષ્યને અહંકારી અને મૂર્ખ બનાવે છે.

**2. પ્રત્યક્ષ અનુભવ દ્વારા શિક્ષણ (Direct experience) :** રૂસોને પુસ્તકિયા જ્ઞાનમાં વિશ્વાસ નથી. તે બાળકોના પ્રત્યક્ષ અનુભવો પર ભાર મૂકે છે.

– ભૂગોળ, વિજ્ઞાન જેવા વિષયોમાં પ્રત્યક્ષ અનુભવ દ્વારા શીખવો.

– બાળકો સ્થળોની મુલાકાત લે.

**3. હ્યુરિસ્ટિક પદ્ધતિ (Heuristic method) :** રૂસો બાળકોને નિયમોના મૂળ શોધકની સ્થિતિમાં મૂકીને તે સંશોધન કે આવિષ્કારનો રોમાંચ અનુભવે એવી પદ્ધતિની હિમાયત કરે છે. આને હ્યુરિસ્ટિક પદ્ધતિ કહેવામાં આવે છે. આ પદ્ધતિથી બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ અને સંશોધનવૃત્તિનો વિકાસ થાય છે.

આ પદ્ધતિમાં બાળકો સાધનોનું નિર્માણ કરે છે. સ્વ–નિર્મિત સાધનો દ્વારા વિજ્ઞાનના પ્રયોગો કરે છે. ગણિતશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ, સામાજિક વિજ્ઞાન વગેરે જેવા વિષયો શીખી શકે છે.

**4. વ્યક્તિગત શિક્ષણ :** રૂસોએ બાળકોના વ્યક્તિગત શિક્ષણ ઉપર ભાર મૂક્યો છે. બાળકોમાં વૈયક્તિક તફાવતો હોય છે. આ તફાવતોને ધ્યાનમાં રાખીને, બાળકોના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરીને શિક્ષણ આપવું જોઈએ.

**5. સ્વયં શિક્ષણ (Learning how to learn) :** રૂસો માનતા હતા કે બાળક સ્વયં સારું શિક્ષણ મેળવી શકે એમ છે. શિક્ષકનું કાર્ય બાળકને જાતે શીખતો કરવાનું છે. શિક્ષકનું કામ શીખવવાનું નહિ, પણ દોરવાનું છે. તેણે સિદ્ધાંતો શીખવવાના નથી, પરંતુ તે શોધતાં વિદ્યાર્થીઓને શીખવવાનું છે.

6. **શિક્ષકે પોતાના આચરણ દ્વારા શીખવવું (Example is better than precept) :** બાળકોને સીધું નૈતિક શિક્ષણ આપવાનો વિરોધ કરે છે. અધ્યાપકનું આચરણ કે વર્તન કરી વિદ્યાર્થીઓને ઉચ્ચ ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. તે શિક્ષકોને દંભ છોડીને, સદ્દગુણી થવા કહે છે.

**1.7.2 ગાંધીજી**

- **ગાંધીજીનું જીવન દર્શન :**

ગાંધીજીનું જીવન ખુલ્લી કિતાબ જેવું હતું. તેમના જીવનદર્શનને ગાંધીવાદી જીવનદર્શન તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય માનવમાંથી મહાત્મા સુધીની વિકાસયાત્રામાં તેમના વિશિષ્ટ જીવનદર્શને ભાગ ભજવ્યો છે.

ઉપરોક્ત ગુણોનું અવલોકન કર્યા બાદ આપણે હવે તેમના જીવનદર્શનના અગત્યના અંશો જોઈશું.

**(1) ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા :**

ગાંધીજી ઈશ્વરને સત્યનું સ્વરૂપ અને પ્રેમનું પ્રતીક માનતા. તે સર્વવ્યાપી અને સાર્વત્રિક છે. દરેક મનુષ્યમાં અને બધાં તત્ત્વોમાં તે વ્યાપ્ત છે.

**(2) જીવનના ત્રણ કેન્દ્રબિંદુઓ :**

સત્ય, અહિંસા પ્રેમ અને કરુણા.

**(અ) સત્ય :** માનવજીવનનું મહત્ત્વનું ધ્યેય સત્યનો સાક્ષાત્કાર છે. તેઓ માનતા કે સત્ય એ જ ઈશ્વર છે. સત્યનો ઇનકાર એ ઈશ્વરના અસ્તિત્વનો ઈન્કાર છે, જીવનનો ઈન્કાર છે, સત્ય દૈવી છે, લોકોત્તર છે, તેનો અવાજ અંતરાત્માને સ્પર્શે છે.

**(બ) અહિંસા :** **"अहिंसा परमो धर्मः"** એ તેમના જીવનનું પરમ સૂત્ર હતું. અહિંસા દ્વારા સત્યના માર્ગે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકાય છે. સત્ય અને અહિંસા અવિભક્ત અંશો છે. સત્ય અને અહિંસા પરસ્પરાવલંબી છે.

**(ક) પ્રેમ અને કરુણા :** તેમના મતે પ્રેમ એ માનવજીવનનું અને સંબંધોનું જીવનધારક તત્ત્વ છે. પ્રેમમાંથી કરુણાનો આવિર્ભાવ થાય છે. પ્રેમ એ ઈશ્વરનો અલૌકિક સંદેશ છે. પ્રેમ પૂર્વગ્રહરહિત હોય, પક્ષાપક્ષીથી પર હોય, તે સાર્વત્રિક હોય જે સમગ્ર માનવજાતને ભીંજવી શકે.

**(3) ભ્રાતૃત્વ :**ગાંધીજીનો જીવનમંત્ર ભ્રાતૃત્વનો હતો. માનવજાત પૂર્વગ્રહમુક્ત બની એકાત્મતા અને ભ્રાતૃત્વ કેળવે તો જ સમાજનું, રાષ્ટ્રનું અને વિશ્વનું કલ્યાણ થાય. માનવજાતના ભ્રાતૃત્વમાં તેમને પૂર્ણ શ્રદ્ધા હતી.

**(4) અભય :**

સત્ય, અહિંસા અને પ્રેમ એ કાયરનો માર્ગ નથી. તેમને આત્મસાત્ કરવા માટે અભય જરૂરી છે. અભય એટલે બાહ્ય ભયથી મુક્તિ. સત્ય અને અહિંસાને માર્ગે જવામાં વ્યક્તિએ પૂર્ણ નિર્ભય થવું પડે. આ નિર્ભયતા જ સત્ય પ્રાપ્તિનો સાચો માર્ગ છે.

**(5) સત્યાગ્રહ :**

જીવનની પ્રત્યેક પળે જાગૃતિ દાખવી અન્યાયનો પ્રતિકાર કરવા માટે સત્યનો આગ્રહ જરૂરી બને છે. જેઓ સત્યને ગ્રહણ ન કરી શકે તેમને સત્યનો આગ્રહ રાખવાનો કોઈ અધિકાર નથી. સત્યાગ્રહ એટલે સત્યનું પાલન, સત્યનું અનુકરણ, સત્યાગ્રહનો

સ્પષ્ટ અર્થ છે કે વિરોધીને કષ્ટ આપીને નહિ, સ્વયં કષ્ટ વેઠીને વિરોધીનું માનસ પરિવર્તન કરવું.

**(6) જનસેવા :**

'જનસેવા એ જ પ્રભુસેવા' એ તેમના જીવનનો મહામંત્ર હતો. તેઓ માનતા કે ઈશ્વર એ માનવતાનું મંદિર છે. માનવતાની ઉપાસના એ ઈશ્વરની ઉપાસના છે. વૈશ્વિક સ્તરે માનવજાતના ઉદ્ધારનું તેમનું સ્વપ્ન હતું. તેઓ જીવનના અંતિમ ચરણ સુધી અંત્યોદય અને સર્વોદય માટે ઝઝૂમ્યા. ભારતમાં વસતા બધા માનવસમૂહો પૂર્ણ સંવાદિતાથી ભ્રાતૃભાવ સાથે જીવે તેવા સમાજના સર્જનના તેઓ સ્વપ્નશીલ્પી હતા.

"ગાંધીજીનું તેમનું શિક્ષણદર્શન તેમના જીવનદર્શનનો અંતર્ગત ભાગ હતું. તેમના શિક્ષણદર્શનને આધ્યાત્મિક ઊંચાઈનો સ્પર્શ મળ્યો છે. તેમનું શિક્ષણદર્શન ભારતીય ભૂમિમાંથી અને સંસ્કૃતિમાંથી પ્રગટ થયું હતું. આથી, તેઓએ પોતાના જીવનદર્શનને શિક્ષણદર્શનમાં રૂપાંતરિત કર્યું. ગાંધીજીના શિક્ષણ દર્શનને નીચેના મુદ્દાઓ દ્વારા સમજીએ."

- **શિક્ષણદર્શનના આધારભૂત સિદ્ધાંતો :**

(1) કેળવણી દ્વારા બાળકોમાં અપેક્ષિત માનવગુણોનો વિકાસ થવો જોઈએ.

(2) કેળવણી દ્વારા બાળકના શરીર, મન, હૃદય અને આત્માનો સુસંવાદી વિકાસ થવો જોઈએ.

(3) કેળવણી બાળકની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કરે તેવી હોવી જોઈએ. આ વિકાસ સમાજના હિતાર્થે થવો જોઈએ.

(4) બાળકનું પ્રારંભિક શિક્ષણ લાભપ્રદ હસ્તોદ્યોગના શિક્ષણથી આરંભ થવું જોઈએ.

(5) શિક્ષણ દ્વારા બેરોજગારીની સમસ્યાનું સમાધાન થવું જોઈએ. વ્યક્તિને જવિકોપાર્જનનું શિક્ષણ પ્રાપ્ત થવું જોઈએ.

(6) જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓ સાથે શિક્ષણનો સંબંધ જોડવો જોઈએ. સામાજિક અને ભૌતિક પર્યાવરણની વાસ્તવિકતાઓના સંદર્ભમાં શિક્ષણનું આયોજન થવું જોઈએ.

(7) બાળકને પ્રવૃત્તિ કે ક્રિયા દ્વારા શિક્ષણ અપાવું જોઈએ. સામાજિક વાતાવરણનું અનુશીલન કરી શકે અને નિયંત્રણ કરી શકે તેવું શિક્ષણ પ્રાપ્ત થવું જોઈએ.

(8) સંપૂર્ણ રાષ્ટ્રમાં 7 થી 14 વર્ષ સુધીનું શિક્ષણ મફત, સાર્વત્રિક અને ફરજિયાત હોવું જોઈએ.

(9) શિક્ષણનું માધ્યમ માત્ર માતૃભાષા હોવું જોઈએ. બધી ભાષાઓના શિક્ષણમાં માતૃભાષાના શિક્ષણને અગ્રિમ સ્થાન હોવું જોઈએ.

- **કેળવણીનો અર્થ :**

ભારતની પ્રત્યેક વ્યક્તિ શિક્ષિત હોવી જોઈએ એમ ગાંધીજી દ્રઢપણે માનતા હતા. કેળવણી એ લોકશાહીનો પ્રાણવાયુ છે. શિક્ષણ એટલે માત્ર અક્ષરજ્ઞાન કે સાક્ષરતા નહિ, સાક્ષરતા એ જ્ઞાનપ્રાપ્તિનું માધ્યમ છે.

ગાંધીજીના મતે "કેળવણી એટલે બાળક અને મનુષ્યના શરીર, મન અને આત્મા ઉત્તમાંશોનું આવિષ્કરણ." સાચી કેળવણી બાળક અને માનવશરીર, મન અને આત્માના માત્ર ઉત્તમ અંશોને જ બહાર નથી લાવતી પરંતુ બાળકની આધ્યાત્મિક, માનસિક અને શારીરિક શક્તિઓને બહાર લાવી તેમને ઉત્તેજિત છે, તેમનો વિકાસ કરે છે.

– માત્ર અક્ષરજ્ઞાન નહિ, અક્ષરજ્ઞાન એ કેળવણીનો અંત કે પ્રારંભબિંદુ નથી, જ્ઞાનપ્રાપ્તિનું સાધન છે.

– બાળક અને મનુષ્યના શરીર, મન અને આત્માના ઉત્તમ અંશોને લાવવા.

– બાળકોની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓને બહાર લાવી તેમને પ્રોત્સાહિત કરવી.

– સમગ્ર માનવગુણોનો વિકાસ કે જેના દ્બારા તે પૂર્ણ માનવ અને ઉપયોગી નાગરિક બને.

- **કેળવણીના હેતુઓ :**

ગાંધીજીના શિક્ષણદર્શનની વિશિષ્ટતા એ છે કે તેમણે ખૂબ જ સભાનતાપૂર્વક કેળવણીના હેતુઓ નક્કી કર્યા છે. આ ઉદ્દેશો નીચે પ્રમાણે છે :

**(1) સ્વાવલંબન કે આત્મનિર્ભરતા માટે કેળવણી :**

ગાંધીજી એમ માનતા કે કેળવણી દ્બારા વ્યક્તિ અને સમાજ સ્વાવલંબી બનવો જોઈએ. કેળવણી દ્બારા વ્યક્તિની મૂળભૂત જરૂરિયાતો અન્ન, આવાસ અને આચ્છાદન સંતોષાવી જોઈએ. કેળવણી દ્બારા વ્યક્તિ પોતાનું અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવી ક્ષમતાનો તેનામાં વિકાસ થવો જોઈએ. ગાંધીજીના મંતવ્ય મુજબ સ્વાવલંબન ત્રણ પ્રકારનું હોઈ શકે :

**(અ) આર્થિક સ્વાવલંબન :**

વ્યક્તિમાં કેળવણી દ્બારા આર્થિક કાર્યક્ષમતા આત્મનિર્ભરતા આવવી જોઈએ. તેનામાં પોતાનો જીવનનિર્વાહ યોગ્ય રીતે કરી શકે તેવી કાર્યક્ષમતા કે વ્યાવસાયિક કાર્યસજ્જતા કેળવાવી જોઈએ.

**(બ) સામાજિક સ્વાવલંબન :**

આપણી પરંપરાગત શિક્ષણપ્રથા વ્યક્તિને સામાજિક રીતે પરાવલંબી બનાવે છે. આજની કેળવણી વ્યક્તિને શ્રમથી વિમુખ કરે છે. જે કેળવણી કામથી કરમાય અને

શ્રમથી શરમાય એ સાચી કેળવણી નથી. સમાજમાં શ્રમનું ગૌરવ થાય, શ્રમ અને શ્રમિકોનું સન્માન થાય તેવી સામાજિક આત્મનિર્ભરતા વ્યક્તિને કેળવણી દ્વારા પ્રાપ્ત થવી જોઈએ.

**(ક) માનસિક સ્વાવલંબન :**

કેળવણીનું કાર્ય વ્યક્તિમાં માનસિક કે વૈચારિક સ્વાતંત્ર્ય અને આત્મનિર્ભરતા કેળવવાનું છે. કેળવણી દ્વારા વ્યક્તિમાં સ્વતંત્ર વિચારશક્તિ, કલ્પનાશક્તિ અને નિર્ણયશક્તિનો સમુચિત વિકાસ થવો જોઈએ. તો જ વ્યક્તિ સમાજમાં પોતાના વિચારોને અંતરાત્માના અવાજ અનુસાર નિર્ભિક રીતે વ્યકત કરી શકે. આને માનસિક સ્વાવલંબન કહેવામાં આવે છે.

**(2) સાંસ્કૃતિક વિકાસ :**

ગાંધીજીના મંતવ્ય અનુસાર કેળવણીનો મહત્ત્વનો ઉદ્દેશ રાષ્ટ્રની સામાજિક સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનો છે. કેળવણીનું કાર્ય સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો અને મૂલ્યોનું જતન તથા માવજત કરવાનું છે. કેળવણીની પ્રક્રિયા દ્વારા વ્યક્તિને સંસ્કારવારસા માટે ગૌરવ પેદા થવું જોઈએ. કેળવણીનો હેતુ આપણા પૂર્વજોના સંસ્કારવારસાનું સંરક્ષણ કરવાનો અને તેનો વિકાસ કરવાનો હોવો જોઈએ.

**(3) ચારિત્ર્ય નિર્માણ :**

સંસ્કારિતાની સીધી ફલશ્રુતિ વ્યક્તિનું ચારિત્ર્ય ઘડતર છે. તેમના મંતવ્ય અનુસાર જ્ઞાનપ્રાપ્તિનું અંતિમ ચરણ ચારિત્ર્ય ઘડતરનું છે.

**(4) મુક્તિ માટે કેળવણી :**

પ્રાચીન ભારતમાં કેળવણીનો મહત્ત્વનો ઉદ્દેશ '**सा विद्या या विमुक्तये**'નો હતો. સાચી કેળવણી એ છે કે માનવને મુક્તિ અપાવે. મુક્તિ એટલે સાચા અર્થમાં દુર્વૃત્તિઓમાંથી, વિકૃતિઓમાંથી મુક્તિ. સર્વ પ્રકારની માયા અને અપેક્ષાઓમાંથી મુક્તિ. આર્થિક દાસત્વ, સામાજિક દાસત્વ અને રાજકીય દાસત્વ કે માનસિક દાસત્વમાંથી જે મુક્તિ અપાવે તે જ સાચી કેળવણી છે.

**(5) સર્વાંગીણ વિકાસ :**

કેળવણી દ્વારા પૂર્ણ માનવનો વિકાસ થવો જોઈએ. કેળવણી દ્વારા હસ્ત, હૈયું અને મસ્તિષ્ક વિકાસ થવો જોઈએ તેમ તેઓ માનતા. વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓને બહાર લાવી તેમનો સમુચિત અને સંતુલિત વિકાસ થાય એ બાબત પર ભાર મૂક્યો છે. આમાં શારીરિક, માનસિક, સાંવેગિક, સામાજિક અને

આધ્યાત્મિક વિકાસનો સમાવેશ થાય છે. આમ, ગાંધીજી બાળકોના સર્વાંગીણ વિકાસના હેતુ પર ભાર મૂકે છે.

### (6) જીવનમાં ઉચ્ચતમ મૂલ્યોનો વિકાસ :

કેળવણી દ્વારા નૈતિક, આધ્યાત્મિક, સામાજિક અને સૌંદર્યબોધક મૂલ્યો, જે જીવનઘડતર કરે છે તે મૂલ્યોના વિકાસ પર ગાંધીજી ભાર મૂકતા હતા. કેળવણી દ્વારા જીવનના કેટલાંક શાશ્વત કે સનાતન મૂલ્યોનો સમુચિત વિકાસ થવો જોઈએ તેમ તે દ્રઢપણે માનતા હતા. મૂલ્યવિહીન કેળવણી વંધ્ય છે.

### (7) આત્મસાક્ષાત્કાર :

ગાંધીજી એક આદર્શવાદી કેળવણીકાર. કેળવણીના સર્વોચ્ચ ઉદ્દેશ તરીકે આત્મસાક્ષાત્કારને ગણાવે છે. આત્મસાક્ષાત્કાર એટલે સ્વ–પ્રતીતિ. આત્મસાક્ષાત્કાર એ જ્ઞાનનું સર્વોચ્ચ શિખર છે. જ્ઞાનનું અંતિમ ધ્યેય છે.

- **અભ્યાસક્રમ :**

અભ્યાસક્રમ કેળવણીનાં ઉદ્દેશો સિદ્ધ કરવાનું મહત્ત્વનું સાધન છે. ગાંધીજી કેળવણીને અને અભ્યાસક્રમને સામાજિક પરિવર્તનનું મહત્ત્વનું માધ્યમ માનતા. સામાજિક પરિવર્તન માટે અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે જે સમાજની સ્થાનિક જરૂરિયાતોને પોષી શકે અને સમાજનો સર્વાંગીણ વિકાસ સાધી શકે. આથી ગાંધીજીએ બુનિયાદી શિક્ષણના અભ્યાસક્રમમાં નીચેના વિષયોનો સમાવેશ કર્યો છે :

(1) આધારભૂત પાયાના ઉદ્યોગો : કૃષિ, કાંતણવણાટ, સુથારીકામ, માટીકામ, ચર્મઉદ્યોગ, ગૃહવિજ્ઞાન અથવા સામાજિક સમાજની જરૂરિયાત અનુસાર કોઈ ઉદ્યોગ.

(2) સમૂહજીવન : દૈનિક, સામયિક, વાર્ષિક અને પ્રાસંગિક પ્રવૃત્તિઓ.

(3) માતૃભાષા

(4) ગણિત

(5) **સામાજિક અધ્યયન :** જેમાં ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવા વિષયો.

(6) સામાન્ય વિજ્ઞાન : જેમાં જીવવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, શરીરવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, આરોગ્યવિજ્ઞાન, પ્રકૃતિ અધ્યયન, પ્રાણીશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર અથવા નક્ષત્ર વિજ્ઞાન અને મહાન વૈજ્ઞાનિકો અને સંશોધકોનાં જીવનકાર્યો.

(7) **કળાઓ :** ચિત્રકલા, સંગીતકળા તેમજ અન્ય લલિતકળાઓ.

(8) **હિંન્દી :** જ્યાં માતૃભાષા ન હોય તેવા પ્રદેશોમાં.

(9) **શારીરિક શિક્ષણ :** વ્યાયામ, ખેલકૂદ વગેરે.

❖ **વિશિષ્ટતાઓ :**

આ અભ્યાસક્રમની વિશિષ્ટતાઓ નીચે મુજબ ગણાવી શકાય :

- પાંચમા ધોરણ સુધી સહશિક્ષણ–છોકરા–છોકરીઓ માટે સમાન અભ્યાસક્રમ.
- પાંચમા ધોરણ બાદ એક જ અભ્યાસક્રમ.
- છઠ્ઠા ધોરણ પછી છોકરીઓ માટે ઉદ્યોગને બદલે ગૃહવિજ્ઞાન.
- શિક્ષણનું માધ્યમ માતૃભાષા.
- વિષયોના અનુબંધ દ્વારા શિક્ષણ.
- હિંન્દીનું રાષ્ટ્રભાષા ફરજિયાત શિક્ષણ અને દેવનાગરી લિપિનો ઉપયોગ
- ધાર્મિક શિક્ષણને બદલે નૈતિક શિક્ષણ
- અભ્યાસક્રમના બધા વિષયોનો ઉદ્યોગ સાથે અનુબંધ. ગાંધીજીની બુનિયાદી શિક્ષણની સંકલ્પનામાં ઉપરોક્ત વિષયોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

- **અધ્યાપન પદ્ધતિઓ :**

ગાંધીજી શિક્ષણના પ્રયોગવીર હતા. તેઓ માનતા હતા કે કેળવણીમાં એવી અધ્યાપન પદ્ધતિઓ હોવી જોઈએ કે બાળકોનો સર્વાંગીણ વિકાસ શક્ય બને. વિદ્યાર્થીઓનું શિક્ષણ પ્રાકૃતિક અને સામાજિક વાતાવરણમાં સહજ બને.

**ડૉ. ઝાકીર હુસેને ગાંધીજીની શિક્ષણપદ્ધતિઓ વિશે નોંધ્યું કે –**

"Stress should be laid on the principles of cooperative activity, planning, accuracy, initiative and individual responsibility in learning."

- Zakir Hussain Committee

આમ, ગાંધીજીએ સહકારી પ્રવૃત્તિ, આયોજન, ચોક્કસાઈ, પહેલવૃત્તિ અને અધ્યયનની વૈયક્તિક જવાબદારી પર ભાર મૂક્યો છે. ગાંધીજીના બાળકોની વય, જ્ઞાન અને કક્ષાનુસાર દ્રષ્ટિકોણથી વિવિધ શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય.

(1) કોઈપણ શિક્ષણપદ્ધતિનો ઉપયોગ માતૃભાષા દ્વારા થવો જોઈએ.
(2) સર્જનાત્મક અને ઉત્પાદક પ્રવૃત્તિઓ અને ઉદ્યોગો દ્વારા શિક્ષણ.
(3) બધા જ શિક્ષણના કેન્દ્રમાં પાયાનો ઉદ્યોગ હોવો જોઈએ.
(4) ક્રિયા દ્વારા શિક્ષણ.
(5) જીવનના અને સેવાના વાસ્તવિક સ્વાનુભવો દ્વારા શિક્ષણ.
(6) લેખન શીખવતાં પહેલાં વાચન શીખવવું અને વર્ણમાળા શીખવતાં પહેલાં ચિત્રકળા શીખવવી.
(7) સમવાય દ્વારા યા અનુબંધ દ્વારા શિક્ષણ.

સમવાય એટલે ઉત્પાદક પ્રવૃત્તિના માધ્યમ દ્વારા શિક્ષણ આપવું. જ્ઞાન અખંડિત અને સમગ્ર છે. તેથી, જ્ઞાન વાસ્તવિક પર્યાવરણ અને પરિસ્થિતિના માધ્યમ દ્વારા પ્રાપ્ત થવું જોઈએ. વિષયોનું વિષયવસ્તુ ઉદ્યોગ, જીવનની સમસ્યાઓ તથા ભૌતિક અને સામાજિક વાતાવરણ સાથે અનુબંધ ધરાવતું હોવું જોઈએ. અભ્યાસક્રમના વિવિધ વિષયો સાથેના આંતરવ્યવહારથી સમવાય સ્થપાય છે. તે મનોવૈજ્ઞાનિક શિક્ષણ પ્રયુક્તિ છે. સમવાય, સાહજિક અને સ્વયંભૂ હોવો જોઈએ. તે સાધ્ય છે, સાધન નહિ. કુશળ શિક્ષક ઉદ્યોગને કેન્દ્રમાં રાખીને તેના માધ્યમ દ્વારા વિવિધ વિષયોનો અનુબંધ સાધીને શિક્ષણ આપે છે.

- **બુનિયાદી શિક્ષણ :**

બુનિયાદી શિક્ષણનો પ્રયોગ એ શિક્ષણ ક્ષેત્રે ગાંધીજીનું ક્રાંતદર્શન હતું. ભારતીય પર્યાવરણમાં બુનિયાદી શિક્ષણપ્રથા એ ભારતીય સમાજના નવનિર્માણનો એક ક્રાંતિકારી પ્રયોગ હતો. આ શિક્ષણપ્રથાની કેટલીક મહત્ત્વની વિશિષ્ટતાઓ અથવા લક્ષણો જોઈશું :

બુનિયાદી શિક્ષણપ્રથાની લાક્ષણિકતાઓ :

(1) 6થી 14 વર્ષની વયજૂથનાં બાળકો માટે મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ.

(2) ઉદ્યોગકેન્દ્રી શિક્ષણ

(3) સ્વાવલંબન

(4) માતૃભાષા દ્વારા શિક્ષણ

(5) અહિંસા

(6) નાગરિકતા

(7) સહકારી સમાજ

(8) ગાંધીજીના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન

બુનિયાદી શિક્ષણની ઉપરની લાક્ષણિકતાઓને ક્રમશ :

### (1) 6 થી 14 વર્ષની વયજુથનાં બાળકો માટે મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ :

રાષ્ટ્રમાં જન્મેલી પ્રત્યેક વ્યક્તિએ કેળવણી પ્રાપ્ત કરવી એ તેનો જન્મસિદ્ધ અધિકાર છે. આથી 6 થી 14 વર્ષની વયજૂથનાં બાળકો માટે કોઈ પણ ભેદભાવ વિનાનું સાર્વત્રિક શિક્ષણ હોવું જોઈએ. આ ઉપરાંત, આ વયજૂથનાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હોવું જોઈએ. ઉદ્યોગ માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હોવું જોઈએ. 6 વર્ષની ઉંમર પ્રવેશ માટે યોગ્ય ગણાય તેમ ગાંધીજી માનતા હતા.

**(2) ઉદ્યોગકેન્દ્રી શિક્ષણ :**

કોઈ પણ સ્થાનિક ઉદ્યોગને કેન્દ્રમાં રાખીને શિક્ષણ આપવું જોઈએ. અન્ય વિષયોનું શિક્ષણ પણ ઉદ્યોગ સાથે યોગ્ય અનુબંધ કે સમન્વય સાધીને આપવું જોઈએ. આ ઉદ્યોગ ઉત્પાદક હોવો જોઈએ કે જેથી વિદ્યાર્થીઓ શિક્ષણ પૂરું કરીને જાય ત્યારે ઉદ્યોગ દ્વારા પ્રાપ્ત કરેલ કૌશલ્યોથી આત્મનિર્ભર સ્વાવલંબી બની શકે. શાળાઓ પણ આવા ઉત્પાદક ઉદ્યોગથી આત્મનિર્ભર બનીને ખર્ચ કાઢે એ આવશ્યક છે. આ પ્રકારનો ઉદ્યોગ સ્થાનિક સમાજની જરૂરિયાતો ધ્યાનમાં રાખીને નક્કી કરવો જોઈએ.

**(3) સ્વાવલંબન :**

બુનિયાદી શિક્ષણનું આ મહત્ત્વનું લક્ષણ છે. શિક્ષણ એવું હોવું જોઈએ કે વિદ્યાર્થીઓ શિક્ષણ દ્વારા ભાવિ જીવનમાં ઉત્પાદક ઉદ્યોગ વડે શિક્ષકોના પગારો તેમજ શાળાઓનું ખર્ચ પણ તેમાંથી કાઢી શકે. આથી, શાળાઓ પણ આર્થિક રીતે સ્વાવલંબી અને આત્મનિર્ભર બને.

**(4) માતૃભાષા દ્વારા શિક્ષણ :**

ગાંધીજી એમ માનતા કે માતૃભાષા એ બાળકની પ્રથમ ભાષા છે. માતૃભાષા દ્વારા બાળકનું સામાજિક પ્રત્યાયન સરળ અને સફળ બને છે. તેથી, માતૃભાષાને અભ્યાસક્રમમાં અગ્રિમ સ્થાન હોવું જોઈએ તેમ તેઓ દ્રઢપણે માનતા અને અન્ય વિષયોનું શિક્ષણ પણ માતૃભાષા દ્વારા અપાવું જોઈએ. બુનિયાદી શિક્ષણની આ એક અગત્યની વિશિષ્ટતા છે.

**(5) અહિંસા :**

ગાંધીજીના મતે બુનિયાદી શિક્ષણ અહિંસાના મૂલ્યનો સાક્ષાત્કાર કરે તે અત્યંત આવશ્યક છે. અહિંસા એ વ્યક્તિગત જીવન અને સામાજિક જીવનની આધારશીલા છે. આથી, સમગ્ર શિક્ષણના કેન્દ્રવર્તી તત્ત્વ તરીકે અહિંસાનું સ્થાન હોવું જોઈએ. જેથી શોષણ, અન્યાય વગેરે સામે યોગ્ય પ્રતિકાર થઈ શકશે.

**(6) નાગરિકતા :**

બુનિયાદી શિક્ષણની સફળતા ત્રણ પરિબળો પર આધારિત છે : કામદારો, નાગરિકો અને મા–બાપ. બુનિયાદી શિક્ષણની વિશેષતા એ છે કે ઉદ્યોગ દ્વારા કૌશલ્યો પ્રાપ્ત કરેલા ઉત્પાદક નાગરિકોનું નિર્માણ કરવું. આવા શિક્ષિત, કૌશલ્યયુક્ત નાગરિકો જ સમાજનું નવનિર્માણ કરી શકશે.

### (7) સહકારી સમાજ :

બુનિયાદી શિક્ષણ, શિક્ષણની સફળતા માટે શાળાઓની ભૂમિકા પર ભાર મૂકે છે. જે શાળાઓ શિક્ષણકાર્ય કરે છે તે શાળાઓમાં બાળકોને એવું શિક્ષણ આપવામાં આવે કે જેથી તેઓ કેટલાક સામાજિક ગુણો જેવા કે, સંપ, સહકાર, પરસ્પરાવલંબન, અનુકૂલન વગેરે કેળવી શકે. ઉદ્યોગકેન્દ્રી શિક્ષણ આપવાથી બાળકોમાં સમૂહજીવનના આવશ્યક ગુણોનો વિકાસ થાય છે. તેથી, શાળાઓમાં સમૂહજીવનની તાલીમ મળવી જોઈએ. શાળાઓએ સમૂહજીવનની પ્રવૃત્તિ દ્વારા સહકારી સમાજની સંકલ્પના સાકાર કરવી જોઈએ. શાળા ઉદ્યોગ દ્વારા ઉત્પાદક નાગરિકો, સારા કારીગરો કે કુશળ કાર્યકરો, નિર્માણ કરી શકશે. આ માટે નિષ્ઠાવાન માતા–પિતા કે વાલીઓનો પણ સક્રિય સહકાર લેવાનો રહેશે. આમ છતાં, વાલીઓમાં શિક્ષણ પ્રત્યે શ્રદ્ધાનું નિર્માણ થશે અને આપોઆપ શાળા સહકારી સમાજ બની શકશે.

આમ શિક્ષણના બુનિયાદી વિશિષ્ટ તત્ત્વો જોયાં. ગાંધીજીના શિક્ષણ અંગેના દર્શનમાંથી જન્મેલો આ ક્રાંતિકારી પ્રયોગ રાષ્ટ્રમાં કેટલેક ઠેકાણે સફળ રીતે ચાલી રહ્યો છે. છતાં, તેમાં સમયાનુરૂપ પરિવર્તનોના અભાવે અને અમલીકરણના નિષ્ઠાવાન પ્રયાસોને અભાવે શિક્ષણમાં બુનિયાદી શિક્ષણપ્રથા નામશેષ થઈ રહી છે તથા પરંપરાગત શાળાઓ દ્વારા જ શિક્ષણ ચાલે છે. હજી સહારાના રણમાં કેટલીક વીરડીઓ છે, કેટલાક ઘરદીવડા છે કે જે આ પ્રયોગને સંનિષ્ઠ રીતે અમલમાં મૂકી રહ્યા છે તે આપણા સૌનું આશ્વાસન છે.

### (8) ગાંધીજીના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન :

ગાંધીજી શિક્ષણના આર્ષદ્રષ્ટા અને પ્રયોગવીર હતા. ભારતીય પરંપરાગત શિક્ષણમાં આજે પણ ક્રાંતિકારી પરિવર્તનોની જરૂર છે ત્યારે ગાંધીજીનું શિક્ષણ દર્શન આજે પણ એટલું જ પ્રસ્તુત છે. પ્રવર્તમાન શિક્ષણ પર ગાંધીજીના શિક્ષણદર્શનની અસરો આપણે જોઈશું.

**અસરો :**

- શિક્ષણનું માધ્યમ પ્રાથમિક શિક્ષણની માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી માતૃભાષા બની શક્યું છે.
- 6 થી 14 વર્ષના ફરજિયાત, મફત અને સાર્વત્રિક શિક્ષણનો શિક્ષણનીતિમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.
- ઉદ્યોગકેન્દ્રી શિક્ષણના ઉપલક્ષ્યમાં કોઠારી કમિશન દ્વારા ‘કાર્યાનુભવ’ અને પછીથી ‘સમાજોપયોગી ઉત્પાદક કાર્ય’ જેવા વિષયને અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવ્યો છે.
- પ્રાથમિક શિક્ષણમાં સમૂહજીવન જેવી પ્રવૃત્તિઓ અને સમવાય દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.
- પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કે ક્રિયા દ્વારા શિક્ષણ જેવી પદ્ધતિને શિક્ષણમાં સ્થાન આપવામાં આવ્યું છે.

આમ, ગાંધીજીના શિક્ષણદર્શને ભારતીય શિક્ષણપ્રથાને નવી દ્રષ્ટિ અને દિશા આપ્યાં છે. હજી પણ આપણા પરંપરાગત અને રૂઢ માનસને લીધે દિશા હોવા છતાં ગતિ સાંપડી નથી, એ આપણી કમનસીબી છે. તેના માટે નૈતિક નિષ્ઠા, અમલીકરણ માટેનો ઉત્સાહ અને દ્રષ્ટિવંત પ્રયાસોની જરૂર છે.

**1.7.3. જહોન ડ્યૂઈ :**

- **જહોન ડ્યૂઈનું શિક્ષણદર્શન :**

  અમેરિકાના મહાન શિક્ષણકાર, વિચારક અને દાર્શનિક એવા જહૉન ડ્યુઈનો પ્રભાવ અમેરિકા અને સમગ્ર વિશ્વના શિક્ષણજગત પર પડ્યો છે. તે વ્યવહારવાદના પ્રણેતા હતા. આજે પણ સમગ્ર વિશ્વના શિક્ષણજગતમાં વ્યવહારવાદના પ્રણેતા તરીકે જહૉન ડ્યુઈનું નામ ગૌરવપૂર્વક લેવામાં આવે છે. તે પ્રયોગવાદી શિક્ષણ વિચારધારાના પુરસ્કર્તા હોવા ઉપરાંત ક્રિયાત્મક શિક્ષણની વિચારધારાને ગતિવંત બનાવનાર હતા. સમગ્ર વિશ્વમાં તેઓ એક પીઢ વિચારક, પ્રખર શિક્ષણશાસ્ત્રી અને શિક્ષણના પ્રયોગવીર તરીકે ખ્યાતી પામેલા છે.

- **શિક્ષણની સંકલ્પના :**

ડ્યુઈના મતે શિક્ષણની સંકલ્પના **"કેળવણી વ્યક્તિમાં રહેલી એવી બધી ક્ષમતાઓ યા શક્તિઓનો વિકાસ છે કે જેના દ્વારા વ્યક્તિ વાતાવરણ પર નિયંત્રણ પ્રાપ્ત કરી શકે અને તેની સંભાવિતતાઓ અને જવાબદારીઓ પૂર્ણ કરવાની શક્તિ પ્રાપ્ત કરી શકે."**

- કેળવણી એ વ્યક્તિના સામાજિકીકરણની પ્રક્રિયા છે.
- સાચું શિક્ષણ બાળક જે સામાજિક પરિસ્થિતિમાં સંવર્ધિત થતું હોય છે તેની માંગ અનુસાર તેનામાં રહેલી શક્તિઓની ઉત્તેજનાની પ્રક્રિયા છે.
- કેળવણી એ સભ્યતાના સંરક્ષણ અને સંવર્ધનની પ્રક્રિયા છે.
- કેળવણી અનુભવોના પુનઃનિર્માણની નિરંતર ચાલતી પ્રક્રિયા છે.

- **અભ્યાસક્રમ :**

અભ્યાસક્રમ અંગે ડ્યુઈની વિચારધારા સ્વયંસ્પષ્ટ છે. તેઓ વિષયવસ્તુ, પુસ્તકો કે શિક્ષકો પર ભાર નથી મૂકતા તેઓ અભ્યાસક્રમ રચનામાં નીચેના સિદ્ધાંતો પર ભાર મૂકે છે :

1. ઉપયોગિતાનો સિદ્ધાંત (Principle of Utility)
2. સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત (Principle of Flexibility)
3. બાળકોના અનુભવો સિદ્ધાંત (Principle of child's experiences)
4. સામાજિક અનુભવોનો સિદ્ધાંત (Principle of Social experiences)
5. સમવાય અને એકીકરણનો સિદ્ધાંત (Principle of Corelation and Integration)
6. પ્રવૃત્તિનો સિદ્ધાંત (Principle of Activity)
7. રસનો સિદ્ધાંત (Principle of Interest)

- **શિક્ષણપદ્ધતિઓ (અધ્યાપન પદ્ધતિઓ) :**

જહૉન ડ્યુઈના પુસ્તકો 'How we think' અને 'Interest and Effort in Education'માં શિક્ષણપદ્ધતિઓ વિશે તેમના વિચારો અનુબંધિત થયા છે. તેમની વિચારધારા મુજબ, શિક્ષણનીપદ્ધતિઓ બાળકોના સ્વાનુભવો પર આધારિત હોવી જોઈએ. ડ્યુઈના મંતવ્ય મુજબ "શિક્ષણ પદ્ધતિનું કાર્ય વિવિધ વિષયો દ્વારા બાળકના સામાજિક અનુભવોને પ્રવૃત્તિઓનું એકીકરણ કરવાનું છે. પદ્ધતિનો ક્રિયા દ્વારા શિક્ષણ, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, સહેતુકતા અને વાસ્તવિક જીવન સાથે સંબંધ રહેલો છે."

તેમનો અભિગમ નીચેના વિધાનમાં સ્પષ્ટ થાય છે :

"પદ્ધતિ એ પાઠ્યક્રમની એવી વ્યવસ્થા છે કે જે તેને વધુ ઉપયોગી થવા વ્યવસ્થિત કરે છે. પદ્ધતિ પાઠ્યપુસ્તકની વિરુદ્ધ નથી હોતી, એ તો અભ્યાસક્રમનાં અપેક્ષિત પરિણામો મેળવવા માટેનું પ્રભાવશાળી નિદર્શન છે."

ડ્યુઈના સિદ્ધાંતો અનુસાર શિક્ષણપદ્ધતિની વિશિષ્ટતાઓ નીચે મુજબની હોવી જોઈએ :

- બાળકના રસ–રુચિ અનુસાર જિજ્ઞાસાવૃત્તિને ઉત્તેજન
- તેની સંશોધનવૃત્તિનો વિકાસ
- બાળકની અવલોકન યા નિરીક્ષણશક્તિનો વિકાસ
- બાળકની તર્કશક્તિનો વિકાસ
- બાળકની રચનાત્મક કલ્પનાશક્તિનો વિકાસ
- બાળકમાં સામાજિક કૌશલ્યોનો વિકાસ

બાળકો માટે કોઈ પણ પ્રકારની શિક્ષણપદ્ધતિ નિશ્ચિત કરતી વખતે ઉપરની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. ડ્યુઈએ પોતાની શિક્ષણપદ્ધતિ કેટલાક સિદ્ધાંતોને આધારે નિશ્ચિત કરી છે.

**(1) ક્રિયા દ્વારા શિક્ષણનો સિદ્ધાંત :**

ડ્યુઈની વિચારસરણી અનુસાર બાળકોને સહેતુક ક્રિયાઓ તેમજ જીવનના વાસ્તવિક અનુભવો દ્વારા શિક્ષણ આપવું જોઈએ. બાળકો ક્રિયા દ્વારા પ્રવૃત્તિ કરે છે અને પ્રવૃત્તિ દ્વારા બાળકોને કેટલાક અનુભવો પ્રાપ્ત થાય છે. આ રીતે ક્રિયા દ્વારા મેળવેલું જ્ઞાન ચિરસ્થાયી બને છે.

**(2) સ્વાનુભવ દ્વારા શિક્ષણ :**

વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે કીમતી સ્વાનુભવો પૂરા પાડવા જોઈએ. ડ્યુઈના મંતવ્ય અનુસાર દરેક વ્યક્તિ સ્વાનુભવ દ્વારા પોતાની રીતે શિક્ષણ મેળવે છે. આથી, શિક્ષણ દ્વારા વ્યક્તિને વધુમાં વધુ સ્વાનુભવો પૂરા પાડવા જોઈએ.

### (3) પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ :

ડ્યુઈ વિદ્યાર્થીઓને પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવામાં માને છે. વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનની એવી પ્રવૃત્તિઓ પૂરી પાડવી જોઈએ કે જેનાથી તેમને શિક્ષણપ્રદ અનુભવો પ્રાપ્ત થઈ શકે. બધા જ અનુભવો શિક્ષણપ્રદ નથી હોતા આથી, વિદ્યાર્થીઓને કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ પૂરું પાડવું જોઈએ.

### (4) પ્રયોગ દ્વારા શિક્ષણ :

પ્રયોગ એ ક્રિયાત્મક પાસું છે. પ્રયોગોથી વિદ્યાર્થીઓની, નિરીક્ષણશક્તિ, તર્કશક્તિને ઉત્તેજન મળે છે. ડ્યુઈના મંતવ્ય પ્રમાણે તથ્યોની કે સત્યોની તારવણી પ્રયોગો દ્વારા કરવી જોઈએ. આથી, તેમણે પ્રયોગો દ્વારા શિક્ષણ પર ભાર મૂક્યો છે.

### (5) સમસ્યા ઉકેલ પદ્ધતિ :

ડ્યુઈ બાળકો સમક્ષ જે સમસ્યા હોય તેનું સમાધાન બાળકો શોધે તેવી પદ્ધતિની હિમાયત કરે છે. આને સમસ્યા ઉકેલ પદ્ધતિ માટે ડ્યુઈ નીચેની બાબતો ધ્યાન પર લાવે છે :

- સમસ્યા બહુ સહેલી ન હોવી જોઈએ કે જેથી તેના પર વિચાર ન કરવો પડે, તેમજ એટલી કઠિન ન હોવી જોઈએ કે જેથી તેનો ઉકેલ મેળવવો મુશ્કેલ બની જાય.
- બાળકને સમસ્યાના ઉકેલમાં રસ પડવો જોઈએ.
- શિક્ષકે બાળકને સમસ્યાના ઉકેલ માટેની પૂર્વમાહિતી પૂરી પાડવી જોઈએ.
- બાળકે જે કંઈ વિચાર્યું હોય તેનો અમલ કરવાની પ્રેરણા શિક્ષકે પૂરી પાડવી જોઈએ.
- સમસ્યાના ઉકેલ માટે જરૂરી એવા બધા જ શૈક્ષણિક અનુભવો શિક્ષકે પૂરા પાડવા જોઈએ. આવા અનુભવોનું નિશ્ચિત આયોજન કરવું જોઈએ.

### (6) પ્રોજેક્ટ (પ્રકલ્પ) પદ્ધતિ અથવા યોજના પદ્ધતિ :

આ પદ્ધતિ ડ્યુઈની વ્યવહારવાદી વિચારસરણીની એક ઉત્તમ ભેટ છે. ઈ. સ. 1900માં પ્રોજેક્ટ શબ્દ અમેરિકામાં શારીરિક શ્રમ દ્વારા થતા ઉત્પાદન માટે વપરાતો હતો. ડ્યુઈ જેવા વિચારકોએ શિક્ષણપદ્ધતિ માટે આ પરિભાષા એટલા માટે પસંદ કરી કે જેમાં પૂર્વવિચારણા, યોજના, અમલીકરણની પ્રવૃત્તિઓ વગેરેનો સમાવેશ થાય છે. આને કિલપેટ્રિકે વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું હતું. પ્રોજેક્ટ એ એક એવી ઉદ્દેશપૂર્ણ પ્રક્રિયા છે કે જે સામાજિક વાતાવરણમાં સંપન્ન થાય છે. બાળકોના વાસ્તવિક જીવનમાંથી સમસ્યા પસંદ કરીને પ્રકલ્પ હાથ ધરવામાં આવે છે. તેનાં સામાન્ય સોપાનો નીચે મુજબ છે :

(1) પરિસ્થિતનું નિર્માણ

(2) પ્રોજેક્ટની પસંદગી

(3) આયોજન

(4) અમલીકરણ

(5) મૂલ્યાંકન

આ ઉપરાંત, ડ્યુઈએ સ્વ–અધ્યયન, ક્રીડા સ્વ–અધ્યયન, ક્રીડા દ્વારા શિક્ષણ (Play-way method) અને રચનાત્મક આત્માભિવ્યક્તિ (Creative self expression) જેવી પદ્ધતિઓને પણ મહત્ત્વ આપ્યું હતું.

## (7) આધુનિક શિક્ષણપ્રથા પર જહૉન ડ્યુઈની વિચારધારાની અસરો :

પાશ્ચાત્ય ચિંતકોમાં જહૉન ડ્યુઈનું મહત્ત્વનું સ્થાન છે. તેમણે શિક્ષણની વિચારધારાને વ્યવહારવાદી સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો. આ રીતે તેમણે શિક્ષણમાં એક પ્રગતીશીલ દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે. તેઓએ સ્થગિત થઈ ગયેલી શિક્ષણની વિચારધારામાં પ્રગતિશીલ દ્રષ્ટિબિંદુ રજૂ કર્યું છે. આધુનિક શિક્ષણપ્રણાલીમાં તેમની ચિંતનધારાનો પ્રભાવ નીચેના ક્ષેત્રોમાં જણાય છે :

### (1) શિક્ષણના ઉદ્દેશો :

ડ્યુઈ પ્રગતિવાદી વિચારક હતા. તેઓ લોકશાહીના પુરસ્કર્તા હતા. તેથી તેમણે લોકશાહી મૂલ્યો માટેની કેળવણીનો ઉદ્દેશ પ્રચલિત કર્યો. પ્રવર્તમાન શિક્ષણપ્રણાલીમાં આને મહત્ત્વનો ઉદ્દેશ માનવામાં આવે છે.

### (2) શિક્ષણની પદ્ધતિઓ :

જહૉન ડ્યુઈએ શિક્ષણમાં રુચિ અને પ્રેરણા (Interest and motivation) પર ભાર મૂક્યો છે. તેમણે અનુભવ દ્વારા શિક્ષણ (Learning by experience), ક્રીડા દ્વારા શિક્ષણ (Play–way method), પ્રત્યક્ષ અનુભવ દ્વારા શિક્ષણ (Direct experience) જેવી પદ્ધતિઓ પર ભાર મૂક્યો છે. આ ઉપરાંત પ્રોજેક્ટ પદ્ધતિ અને સમસ્યા ઉકેલ પદ્ધતિ (Problem solving method) એ ડ્યુઈની શિક્ષણક્ષેત્રે અમૂલ્ય ભેટ છે.

### (3) અભ્યાસક્રમ :

અભ્યાસક્રમ અને ડ્યુઈએ બાલકેન્દ્રી, સમુદાયકેન્દ્રી અભ્યાસક્રમ ઉપર ભાર મૂક્યો છે. આ ઉપરાંત, તેમણે એકીકૃત અથવા સમવાયકેન્દ્રી અભ્યાસક્રમની હિમાયત કરી છે, જે આધુનિક શિક્ષણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમણે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમની પણ હિમાયત કરી છે.

**(4) મુક્ત શિસ્ત :** ડ્યુઈ મુક્ત શિસ્ત અથવા સ્વ–નિયમન ચુસ્ત શિસ્તનો સ્વીકાર કરે છે. આત્મ અનુશાસન (Self discipline) તેમજ સામાજિક શિસ્ત (Social Discipline) નો અનુરોધ કર્યો છે. પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીમાં પણ મુક્ત શિસ્તની હિમાયત કરવામાં આવે છે.

**(5) પ્રયોગાત્મક શાળાઓ :**

શિક્ષણના વિભિન્ન આદર્શોને ધ્યાનમાં રાખીને આજકાલ આપણા દેશમાં પણ પ્રયોગાત્મક શાળાઓ સ્થપાતી જાય છે. ઘણાં વર્ષો પહેલાં ડ્યુઈએ પોતાની વિચારધારા અનુસાર અમેરિકામાં (Laboratory School)ની સ્થાપના કરી હતી.

**(6) શાળા – સમાજની લઘુ આવૃત્તિ :**

ડ્યુઈના આ મૌલિક વિચાર અનુસાર પ્રવર્તમાન પરિસ્થિતિમાં શાળાઓ અને સમાજનો સંપર્ક ઘનિષ્ઠ બનવા લાગ્યો છે. સમાજની જરૂરિયાતો અનુસાર શાળાઓની સ્થાપના કરવામાં આવે છે.

**(7) શાળાઓમાં સ્વ–શાસન :**

ડ્યુઈના મંતવ્ય અનુસાર શાળાઓ એ લોકશાહી સમાજ છે. લોકશાહી એ માત્ર શાસનવ્યવસ્થા નથી, એ પ્રજાની જીવનશૈલી બની રહેવી જોઈએ. શાળાઓમાં પણ લોકશાહી પ્રણાલિકાઓ, પરંપરાઓ અનુસાર સ્વ–શાસનમાં સિદ્ધાંતને અનુમોદન મળ્યું છે. શાળાઓમાં પણ વિદ્યાર્થીમંડળો, વિદ્યાર્થીસંઘો વગેરે અસ્તિત્વમાં આવતાં જાય છે. આ વિચાર પણ ડ્યુઈની મહત્ત્વની ભેટ છે.

### 1.7.4 શ્રી ગિજુભાઈ બધેકા :

- **શ્રી ગિજુભાઈ બધેકાનું શિક્ષણદર્શન :**
- **જીવન પરિચય :**

બાળકેળવણીના પ્રણેતા 'બાળકોના ગાંધી', 'મુછાળીમા' જેવાં બિરુદોથી નવાજવામાં આવેલા ગિજુભાઈ બાળકેળવણીના અગ્રદૂત હતા. માર્ટિન લ્યુબરના મંતવ્ય મુજબ, The child is a body which grows and a soul which develops. "બાળક એ અંતિમ વાસ્તવિકતા છે." એ જ રીતે મૉન્ટેસરીના કથન મુજબ બાળકનું શરીર વૃદ્ધિ પામે છે અને આત્મા વિકાસ પામે છે માનતા હતા કે, બાળકોની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થવો જોઈએ. તે જન્મથી કંઈક બનવા સર્જાયું છે. બાળક એ બાળક નથી. તે આવતી કાલનો સમગ્ર માનવ છે. બાળક એ કેળવણીકાર માટે સમર્થ, અદ્વિતીય અને મહાન ગ્રંથ છે. બાળક એ જ શિક્ષણની મુખ્ય શિક્ષણોપયોગી સામગ્રી છે એમ તેઓ માનતા હતા.

- **ગિજુભાઈના શિક્ષણદર્શનના સિદ્ધાંતો અથવા શિક્ષણદર્શનની વિશિષ્ટતાઓ :**

  **બાળકનું સ્વતંત્ર વ્યક્તિત્વ :**

  બાળકોનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. શિક્ષકે બાળકોના 'સ્વ' ને, સ્વતંત્ર વ્યક્તિત્વને પિછાણીને, તેના વ્યક્તિત્વનો સ્વીકાર કરીને શિક્ષણનું આયોજન કરવું જોઈએ. શિક્ષણ બાળકેન્દ્રી હોવું જોઈએ. પ્રત્યેક બાળકને પોતાના ગમા–અણગમા હોય છે. શિક્ષકે એ ગમા–અણગમા ઓળખીને શિક્ષણનું આયોજન કરવું જોઈએ.

  - શિક્ષણ દ્વારા બાળકને સ્વાવલંબી કે આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. બાળકો સ્વાશ્રયી બને તે અત્યંત જરૂરી છે. તે વિકસતું જાય તેમ તેમ બધી ક્રિયાઓ જાતે જ કરે તેવું શિક્ષણ આપવું જોઈએ.

- બાળકના શિક્ષણ માટે ઘર અને શાળામાં યોગ્ય પર્યાવરણનું નિર્માણ કરવું જોઈએ. ઘર અને શાળાનું પર્યાવરણ મુક્ત, પ્રસન્નતાપ્રેરક હોવું જોઈએ. બાળકને ઘર અને શાળામાં ઉત્તમમાં ઉત્તમ પરિસ્થિતિનું નિર્માણ કરી આપવું જોઈએ.
- શિક્ષણ દ્વારા બાળકનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ થવો જોઈએ.
- બાળકને શિક્ષણ દ્વારા વિવિધ પ્રકારના જીવન અનુભવો પૂરા પાડવા જોઈએ.
- વિદ્યાર્થીઓને પ્રાકૃતિક વાતાવરણનું સાનિધ્ય પ્રાપ્ત થવું જોઈએ. પ્રકૃતિ દ્વારા શિક્ષણપ્રકૃતિ કે કુદરતના સાનિધ્યમાં રહીને અવલોકન અને સ્વાનુભવો દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
- ઇન્દ્રિયો દ્વારા શિક્ષણ આપવું જોઈએ. વિદ્યાર્થીઓને ઇન્દ્રિયોના વિકાસની કેળવણી આપવી જોઈએ.
- બાળકોની કેળવણી એવી હોવી જોઈએ કે જેથી બાળકોની સર્જનશીલતાનો વિકાસ થાય. તેમની સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન મળે. બાળકોના હૃદયની નિર્મળ ભાવનાઓના વિકાસ માટે ચિત્ર, સંગીત જેવી કલાઓ ઉપરાંત બાળવાર્તા, બાળનાટક, લોકગીતો, લોકવાર્તાઓ અને કલાસંગ્રહને ઉત્તેજન આપી તેમની સર્જનાત્મક અભિવ્યક્તિને વિકસાવવી જોઈએ. ગિજુભાઇએ આ માટે "વાર્તાનું શાસ્ત્ર" પુસ્તક લખ્યું છે.

- **કેળવણીની વિભાવના :**

  ગિજુભાઈની વિચારધારા અનુસાર હવે આપણે કેળવણીની વિભાવના જોઈશું.

- **કેળવણીની વિભાવના : બાલશિક્ષણની વિભાવના :**

  ગિજુભાઈ બાલકેન્દ્રી શિક્ષણના હિમાયતી હતા. તેમણે બાળકના 'સ્વતંત્ર વ્યક્તિત્વના સ્વીકાર' ના સિદ્ધાંતને નજર સમક્ષ રાખ્યો હતો. એટલે તેઓ શિક્ષક અને બાળક (વિદ્યાર્થી) વચ્ચેની પારસ્પરિકતાને મહત્ત્વ આપતા હતા. તેઓના મંતવ્ય અનુસાર 'બાળકોને શીખવવામાં ખરું તો હું જ શીખ્યો છું. તેમને નીચેથી ઊંચે લઈ જતાં સાથે હું પણ ચડતો ચાલ્યો. તેમનો ગુરુ થતાં મેં તેમનું ગુરુપણું સમજી લીધું.' આ ઉપરથી આપણને તેમની બાલશિક્ષણની વિભાવના સમજવા મળે છે.

  **બાળકોનું શિક્ષણ એટલે .....**

  - બાળકના 'સ્વ'ની શોધ .
  - બાળક પોતે પોતાની જાતને પિછાણે તે.
  - બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ.
  - પર્યાવરણ અને પરિસ્થિતિ સાથે અનુકૂલન
  - બાલશિક્ષણ એટલે પારસ્પરિક વિકાસ.
  - કેળવણી એટલે બાળકોને વિવિધ શિક્ષણાનુભવો દ્વારા પ્રાપ્ત થયેલું જ્ઞાન.
  - કેળવણી એટલે બાળકોનો શારીરિક, માનસિક, નૈતિક કે આધ્યાત્મિક વિકાસ.

- **શિક્ષણના ઉદ્દેશો :**

  ગિજુભાઈની વિચારધારા અનુસાર શિક્ષણના ઉદેશો નીચે પ્રમાણે ગણાવી શકાય.

  - શિક્ષણ દ્વારા બાળકના સ્વનો વિકાસ – સ્વની શોધ કરવી.
  - બાળકનો શારીરિક, માનસિક અને નૈતિક કે આધ્યાત્મિક વિકાસ કરવો.
  - બાળકોની ઈન્દ્રિયોનો વિકાસ કરવો.
  - બાળકોને વિવિધ પરિસ્થિતિઓ અને પર્યાવરણ કે વ્યક્તિઓ સાથે અનુકૂલન સાધવા પ્રેરવા.
  - બાળકોમાં રહેલી વિવિધ અંતર્ગત સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરવો.
  - બાળકોમાં પ્રકૃતિ તરફ પ્રેમ કે અનુરાગ કેળવવાં.
  - બાળકોમાં સ્વાવલંબન, આત્મનિર્ભરતા, પ્રેમ, આત્માનુશાસન જેવા ગુણોનો વિકાસ કરવો.
  - વિદ્યાર્થીઓની મૌલિક સર્જનાત્મક શક્તિઓને બહાર લાવી તેનો વિકાસ કરવો, વિદ્યાર્થીઓની સર્જનાત્મક અભિવ્યક્તિ વિકસાવવી.
  - વિદ્યાર્થીઓની અવલોકનશક્તિનો વિકાસ કરવો.
  - વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યનો વિકાસ કરવો. સર્જનાત્મકતા, શ્રવણકૌશલ્ય, કથનકૌશલ્ય, વાચનકૌશલ્ય અને લેખનકૌશલ્યનો વિકાસ કરવો.
  - વિદ્યાર્થીઓની સૌંદર્યાનુભૂતિને પ્રોત્સાહન આપવું.

- **અભ્યાક્રમ :**

  ગિજુભાઈની વિચારધારા અનુસાર અભ્યાસક્રમમાં નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય.

  **વિષયો :**

  માતૃભાષા શિક્ષણ, વિજ્ઞાન, પ્રકૃતિ યા કુદરતનું અધ્યયન, વનસ્પતિવિજ્ઞાન, જીવશાસ્ત્ર, ખગોળશાસ્ત્રનું શિક્ષણ વગેરે.

  - **પ્રવૃત્તિઓ :**

    જીવનવ્યવહારનાં કાર્યો – પોતાનાં કાર્યો જાતે કરવાં – નાસ્તો કરવો, પીરસવું, આંગણું અને ઓરડા સાફ કરવા, શાક સમારવું, ખાંડવું, શણગાર – સુશોભન વગેરે.

    હાથ–પગ અને અંગોની સફાઈ વગેરે. બાગાયતનાં કાર્યો : છોડને પાણી પાવું, છોડ ઉછેરવા.

- **અન્ય પ્રવૃત્તિઓ :**
  લાકડાની ઈંટો ગોઠવવી, બંગલા પેટી, માટીકામ, મોતીકામ, કોતરકામ વગેરે પ્રવૃત્તિ. આ ઉપરાંત પ્રવાસો, પર્યટનો વગેરે...
- **ભાષા શિક્ષણની પ્રવૃત્તિઓ :**
  વાર્તાકથન, લોકગીત, લોકસંગીત, નાટકો અને સંવાદોની ભજવણી.
- **કલા અંગેની પ્રવૃત્તિઓ :** ચિત્રકામ, સંગીત, નાટ્ય વગેરે પ્રવૃત્તિઓ...

- **સ્વાસ્થ્ય અંગેની પ્રવૃત્તિઓ :**
  બાળરમતો, ખેલકૂદ, વ્યાયામ વગેરે.

  આમ, આપણે જોઈ શકીએ છીએ કે શ્રી ગિજુભાઈએ બાળકો માટે ક્રિયા દ્વારા શિક્ષણ, "પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ" પર ભાર મૂકીને ભારતીય પરિવેશમાં બાળકો માટે પ્રવૃત્તિલક્ષી અભ્યાસક્રમ વિકસાવ્યો હતો.

- **શિક્ષણ પદ્ધતિઓ :**

  ગિજુભાઈએ પ્રવર્તમાન શિક્ષણપદ્ધતિઓના બંધનમાંથી બહાર નીકળીને બાળશિક્ષણના પ્રયોગો કર્યા. જેમાં મૉન્ટેસરી શિક્ષણપ્રથાનો અભ્યાસ કરી તેમણે પોતાની આગવી શિક્ષણપદ્ધતિઓ વિકસાવી. આ પદ્ધતિઓ નીચે મુજબ છે :

**(1) ઈન્દ્રિયોનું શિક્ષણ અને ઈન્દ્રિયો દ્વારા શિક્ષણ :**

શિક્ષણ દ્વારા બાળકની વિવિધ ઈન્દ્રિયોનો વિકાસ થવો જોઈએ. ઈન્દ્રિયો દ્વારા માત્ર પ્રત્યક્ષીકરણ નહિ, પરંતુ વિવિધ ઈન્દ્રિયો દ્વારા વિદ્યાર્થીઓને ઈન્દ્રિયાનુભવો (Sensory experiences) પ્રાપ્ત કરાવવા જોઈએ એવું તે માનતા હતા.

**(2) અવલોકન દ્વારા શિક્ષણ :**

ગિજુભાઈ શિક્ષણ આપવામાં અવલોકન અને નિરીક્ષણ પદ્ધતિ પર ખાસ ભાર મૂકતા હતા. વિજ્ઞાનની સહાય વડે ચેતન સૃષ્ટિમાં સાદામાં સાદા બનાવોને અવલોકનશક્તિ દ્વારા ગ્રહણ કરવા તેમજ પ્રકૃતિ કુદરતનું સતત અવલોકન કરવું. વનસ્પતિઓના ઉછેરનું અવલોકન કરવું, નાનાં નાનાં જીવજંતુઓના વિકાસક્રમનું અવલોકન કરવું. આકાશમાં તારાઓ અને નક્ષત્રોનું અવલોકન કરવું. આ માટે તેઓ બાળકોને કુદરતના સાનિધ્યમાં લઈ જતા.

**(3) ક્રિયા દ્વારા શિક્ષણ :**

ગિજુભાઈના મંતવ્ય પ્રમાણે બાળકો ક્રિયા દ્વારા જે શિક્ષણ અનુભવો પ્રાપ્ત કરે છે તે ચિરંજીવ બને છે. આથી, તેઓ બાળકોને તેમની જીવનવ્યવહારની ક્રિયાઓ કરવા

પ્રેરતા. શરીરના અંગો સાફ રાખવાં, ઓરડા સાફ કરવા, આંગણું સાફ કરવું વગેરે ક્રિયાઓ કરવા તરફ તેઓ બાળકોને આકર્ષિત કરતા.

**(4) પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ :**

તેઓ બાળકો પાસે વિવિધ પ્રવૃત્તિઓ કરાવીને શિક્ષણ આપવા પર ભાર મૂકતા. તેઓએ બાળકો માટે બાગાયત માટીકામ, કોતરકામ અને તેના જેવી મુક્ત વ્યવસાયની અનેકવિધ વ્યવસ્થિત પ્રવૃત્તિઓનો શિક્ષણમાં સમાવેશ કર્યો છે. આ ઉપરાંત, બાળકોની સર્જનાત્મકતાને ઉત્તેજન મળે, તેમની કલ્પનાશક્તિ અને અભિનયશક્તિનો વિકાસ થાય તે માટે તેઓ વાર્તાકથન બાળવાર્તાઓ, બાળનાટકો, લોકગીતો, લોકવાર્તાઓની પ્રવૃત્તિઓ કરવા બાળકોને પ્રેરતા. બાળનાટકોના સાહિત્યમાં તેમનું અનેરું પ્રદાન છે. તેઓ સ્વયં નાટકો લખતા અને બાળકોની પાસે તે નાટકો કરાવતા. વાર્તાકથન માટે તેમણે 'વાર્તાનું શાસ્ત્ર' પુસ્તક વિકસાવ્યું. આ ઉપરાંત, કલાની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા માટે ચિત્રકલા, સંગીતકલા જેવી પ્રવૃત્તિઓને પણ તેમણે પ્રાધાન્ય આપ્યું. આથી, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ એ તેમની શિક્ષણપદ્ધતિની આગવી દેન છે.

**(5) અનુભવ દ્વારા શિક્ષણ :**

તેઓ પ્રકૃતિ યા કુદરતના ચાહક હતા. પ્રકૃતિ એ શ્રેષ્ઠ શિક્ષક છે, એવું તે માનતા હતા. તેથી, બાળકોને પ્રકૃતિની ગોદમાં વિહરવા તેઓ તેમને જાતે શિક્ષણાનુભવો પ્રાપ્ત કરવા માટે દેતા પ્રેરતા હતા. આ માટે તેઓ પ્રવાસ પદ્ધતિ અને પર્યટનનો ઉપયોગ કરતા. બાળકો પ્રકૃતિની ગોદમાં વિહરી પ્રકૃતિના જીવો, પ્રાણીઓ, વનસ્પતિ અને વાતાવરણનું અધ્યયન કરી અનુભવ દ્વારા શિક્ષણ મેળવે તેવો તેઓ હંમેશા પ્રયત્ન કરતા હતા.

આ રીતે ગિજુભાઈએ પોતાની ખાસ શિક્ષણપદ્ધતિઓ વિકસાવી હતી. ગણિતશિક્ષણના પ્રયોગો તેમણે પ્રસિદ્ધ ગણિત અને ખગોળશાસ્ત્રી શ્રી હરિહર ભટ્ટને બોલાવીને કરાવ્યા હતા. આ ઉપરાંત, બાળવાર્તા પ્રવૃત્તિ, બાળનાટકો, ચિત્રકામ, બાળરમતો, બાળપ્રવાસો અને શણગાર–સુશોભન જેવી અસંખ્ય પ્રવૃત્તિઓના અમલીકરણથી તેમણે બાળકોના શિક્ષણમાં પ્રાણ પૂર્યા હતા.

- **શિક્ષકની ભૂમિકા :**

શ્રી ગિજુભાઈ માનતા હતા કે, "જેઓ ચોપડી વાંચીને જ્ઞાન લેવાની મુરાદ રાખે છે તેઓ મહેતાજી થશે, જેઓ બાળકને વાંચીને જ્ઞાન મેળવશે તે કેળવણીકાર થશે. 'બાળક' માત્ર કેળવણીકાર માટે સમર્થ, અદ્વિતીય અને મહાનગ્રંથ છે." શિક્ષકની મુખ્ય શિક્ષણોપયોગી

સામગ્રી બાળકો જ છે. તેમણે મહાન શિક્ષક તરીકે આ પુરવાર કરી બતાવ્યું હતું. તેમના મંતવ્ય મુજબ બાળકોના સ્વતંત્ર વ્યક્તિત્વનો જે સ્વીકાર કરી શકે તે જ સાચો શિક્ષક બની શકે.

- શિક્ષકે બાળકો સાથે સંપૂર્ણ તાદાતમ્ય સાધવું જોઈએ.
- શિક્ષકે બાળકોને વાંચવાં જોઈએ. તેમની જરૂરિયાતો, અપેક્ષાઓ આકાંક્ષાઓને સમજી લેવી જોઈએ.
- બાળકોના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરવો જોઈએ.
- બંને વચ્ચે પારસ્પરિકતાની ભાવના કેળવાવી જોઈએ.
- શિક્ષકે બાળકો દ્બારા પોતાના 'સ્વ'ની શોધ આરંભવાની છે.
- તે બાળકોની સાથે સદૈવ શીખતો રહેતો હોવો જોઈએ.
- તેનામાં મૌલિક ચિંતનશક્તિ અને મૌલિક સર્જનાત્મક શક્તિ હોવાં જોઈએ.
- તેનામાં વાર્તાકથન, નાટ્યલેખન, મૌખિક અભિવ્યક્તિ જેવાં કૌશલ્યો કેળવાયેલાં હોવા જોઈએ.
- શિક્ષક વૈજ્ઞાનિક હોવો જોઈએ. બાળકોને પોતાની રીતે વિકસતાં તેમનું સતત અવલોકન કરતા રહેવું જોઈએ.
- તેનામાં પ્રયોગશીલતા હોવી જોઈએ. તે પરંપરાનો પૂજારી ન હોય, પરંતુ તેને પ્રયોગશીલતામાં રસ હોય, નવું કરવાની વૃત્તિવાળો હોય.
- તે માત્ર બાળકોના દેહમાપન કે મનોમાપનમાં રસ લેનારો ન હોય, તે તો જીવનના ગંભીર રહસ્યો અને સત્યની ખોજમાં નીકળેલો યાત્રી હોય.
- તે આત્મસંયમી હોય વાણીનો સંયમ રાખનારો હોય.
- બાળકો તરફ પૂર્વગ્રહ ધરાવનાર ન હોય. બાળકોને ક્યાંય પણ અન્યાય ન થાય તેની સતત કાળજી લેનાર હોવો જોઈએ.
- બાળકોમાં વૈજ્ઞાનિક વલણો કેળવવા જે તત્પર હોય. વિજ્ઞાનની સહાય વડે ચેતન સૃષ્ટિના સાદામાં સાદા બનાવોને અવલોકનની શક્તિ પ્રાપ્ત કરવા માટે બાળકોને પ્રેરનાર હોય.
- બાળકોની સ્થૂળ, માનસિક અને આધ્યાત્મિક આવશ્યકતાઓનું અવલોકન કરી તે આવશ્યકતાઓની પૂર્તિ માટે તે સતત પ્રયત્નશીલ હોય.

- **શિસ્ત (સ્વ–નિયમન) :**

ગિજુભાઈના શિસ્ત અને અનુશાસન વિશેના ખ્યાલો આગવા હતા. મંતવ્ય અનુસાર શિસ્ત એટલે –

- બાળકોનું સ્વ–નિયમન કે આત્માનુસન
- પ્રવૃત્તિની સંલગ્નતામાંથી જન્મેલી આત્મનિયમનની ક્ષણો.

- બાળકને પ્રવૃત્તિમાંથી કે ક્રિયામાંથી નિજાનંદ પ્રાપ્ત થતાં તે ઈનામનું પ્રલોભન કે સજાના ડરમાંથી મુક્ત થઈ જાય છે.

- **શાળાનું પર્યાવરણ :**

શાળા એ બાલોદ્યાન છે અહીં બાલપુષ્પો સતત વિકસતાં રહી વ્યક્તિત્વનું પરિમલ પ્રસરાવે છે. બાલમંદિરનું વાતાવરણ ભગવાનના મંદિર જેવું હોવું જોઈએ. બાલમંદિરમાં બાલપ્રભુનો વાસ હોય. તે પવિત્ર અને સંસ્કારની સૌરભથી મહેકતું હોવું જોઈએ. બાળકોના સ્વાવલંબનની એ પ્રેરણાભૂમિ છે. બાળકોના સ્વાવલંબનનો પાયો ઘરમાં નખાય છે. તે જ રીતે તેના વિકાસ માટેની ભૂમિકા નિર્માણ કરવાની જવાબદારી શાળાની છે.

શાળા એવી હોવી જોઈએ કે જ્યાં...

- બાળકોના વિકાસની ઉત્તમમાં ઉત્તમ પરિસ્થિતિનું નિર્માણ થાય.
- પ્રસન્ન અને મુક્ત વાતાવરણ હોય.
- બાળકોનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ થઈ શકે.
- નાના બાળકો માટે ભૌતિક સુવિધાઓ પર્યાપ્ત પ્રમાણમાં અને તેમની જરૂરિયાત મુજબની હોય.
- બગીચો, અગાશી, રમતગમતનું મેદાન હોય.
- બાળકોને અનુકૂળ એવા રમતગમતના સાધનો હોય.
- પૌષ્ટિક ખોરાક – વ્યવસ્થિતતા – વિશાળતા હોય.
- શૈક્ષણિક સાધનો હોય. (ખાસ કરીને આવા સાધનોને વ્યવસ્થિત રાખવાની અને તેમની નાજુકતાની સંભાળ રાખવાનું શાળામાં શીખવવું જોઈએ.

ગિજુભાઈનાં મંતવ્ય મુજબ, "નાજુકતાની સાથે કામ પાડવાના નિરંતર અનુભવો બાળકને અવ્યવસ્થા, અનિયંત્રિતતા અને કઠોરપણામાંથી મુક્ત કરાવે છે." આનાથી બાળકોમાં સૌંદર્ય પ્રત્યે અનુરાગ જાગશે. તેમનામાં વ્યવસ્થિતતા સુઘડતા અને સ્વચ્છતાની ટેવોનો વિકાસ થશે તથા સાથે સાથે સૌંદર્યબોધક મૂલ્યો વિકસાવવામાં તે સહાયભૂત થશે.

- **કુદરત દ્વારા નૈતિક અને આધ્યાત્મિક કેળવણી**

ગિજુભાઈ બાળકોને સીધી કે પ્રત્યક્ષ રીતે નૈતિક યા આધ્યાત્મિક કેળવણી આપવામાં નહોતા માનતા તેમના મંતવ્ય મુજબ કુદરત જ કેળવણીનો મોટો સ્ત્રોત છે. કુદરત દ્વારા કેળવણીમાંથી નીતિશિક્ષણ આપોઆપ જન્મે છે. કુદરત પ્રત્યે સધાતો પ્રેમ સ્વયં માનવપ્રેમમાં પરિણમે છે.

  - બાગકામ અને પ્રાણી સંરક્ષણનું કાર્ય તેમનામાં નૈતિકતાના બીજ રોપે છે.
  - કુદરત મહાન શિક્ષક છે.

➢ કુદરત સાથેના સંપર્કથી આ જગત પ્રત્યેની ફરજોનું ભાન બાળકને થાય છે. જે કામ ધાર્મિક કે સીધું નૈતિક શિક્ષણ આપવાથી નથી થતું તે 'નૈતિક શિક્ષણ કે આધ્યાત્મિક શિક્ષણનું જ્ઞાન' આપોઆપ કુદરતના સાનિધ્યથી પ્રાપ્ત થાય છે.

➢ કુદરતના સાનિધ્યમાં બાળકો સહનશીલતા, ઔદાર્ય અને સદ્ભાવના પાઠો શીખે છે. વૃક્ષો અને નદી પાસેથી પરોપકાર, સૂર્ય અને ચંદ્ર પાસેથી સમયપાલન, વૃક્ષો, નદી, સરોવરો, પશુઓ પાસેથી માનવને પ્રાપ્ત થતી સુવિધાઓ, ધરતી પાસેથી ધીરજ વગેરે ગુણો બાળકો સ્વયં કુદરત પાસેથી શીખે છે.

➢ શાળામાં ચકલાં–કબૂતરોને રહેવાના ચબૂતરા, ફૂલના કૂંડા, પાણીના શીકા, વગેરે બાળકોને આપોઆપ આધ્યાત્મિક કેળવણી આપે છે.

આમ, બાળકોને નૈતિક યા આધ્યાત્મિક કેળવણી આપવા માટે તેમને વધુમાં વધુ સમય પ્રકૃતિના સાનિધ્યમાં રહેવા દેવા જોઈએ.

- **ગિજુભાઈના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન :**

ગિજુભાઈ બાળશિક્ષણના ભેખધારી હતા. ગુજરાતમાં ગૂંગળાતા, ડૂસકાં લેતા બાળશિક્ષણને નિર્જીવ પ્રાણહીન શાળાની ચાર દીવાલોમાંથી બહાર કાઢીને–પરંપરાગત શિક્ષણપ્રથામાંથી મુક્ત કરીને તેને નવપલ્લવિત કરવામાં – તેમાં પ્રાણવાયુ પુરવામાં સ્વ. ગિજુભાઈનો મહત્ત્વનો ફાળો રહેલો છે. ગુજરાતના બાળશિક્ષણના તે એકલ પ્રયોગવીર હતા. બાળશિક્ષણની તેમની નૂતન શિક્ષણ વિભાવના ફાલે તે માટે તેઓ આજીવન સતત પ્રયત્નશીલ રહ્યા. તેમણે તેમની બાળશિક્ષણની નૂતન શિક્ષણ પદ્ધતિના પ્રચાર અને પ્રસાર માટે, શિક્ષકો તૈયાર કરવા માટે અધ્યાપન મંદિરોની શરૂઆત કરી. આ માટે તેમણે સમાજમાં બાળશિક્ષણક્ષેત્રે જાગૃતિ લાવવા માટે સભા–સરઘસોનું આયોજન કર્યું. 1926માં નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાપના ભાવનગરમાં કરી. આ ઉપરાંત, તેમણે 'શિક્ષણ પત્રિકા' નામનું સામયિક પણ શરૂ કર્યું હતું. તેમણે આ માટે શિક્ષણ વિસ્તરણ પ્રવૃત્તિ હાથ ધરી હતી. તેમણે મૉન્ટેસરી સાધનોના નિર્માણ માટે આજીવન પ્રયાસ કર્યો હતો. તેમણે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી–બાળ–વિદ્યાપીઠનું સ્વપ્ન સેવ્યું હતું. જે હવે ગુજરાતમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી શરૂ થતાં સાકાર થશે.

સમગ્ર જીવન દરમ્યાન શિક્ષણ ઉપરાંત તેમણે સખત પરિશ્રમ સાથે બાળસાહિત્યનું સર્જન કર્યું હતું. તેમાં નાટકો, બાળવાર્તાઓ મુખ્ય હતા. શિક્ષકો માટે, વાલીઓ માટેના સાહિત્યનું પણ સર્જન કર્યું હતું.

આ બધાથી પ્રેરાઈને કાકાસાહેબ કાલેલકરે તેમને 'બાલસાહિત્યના બ્રહ્મા'નું બિરુદ આપ્યું હતું. ગુજરાતી સાહિત્ય સભાએ પણ તેમને રણજીતરામ સુવર્ણચંદ્રક આપી તેમનું બહુમાન કર્યું હતું. બાળકો તેમના માટે પ્રભુના પયંગબરો હતા. બાળકોમાં તે પરમ તત્ત્વનું દર્શન કરતા હતા. તેમના મંતવ્યો મુજબ, "પળે પળે બાળકોમાં વસતાં મોટા આત્માના હું

દર્શન કરું છું. એ દર્શન મને પ્રેરણા આપી રહ્યું છે. બાળકોના અધિકારોની સ્થાપના કરવાને માટે જ હું જીવતો રહું અને એ કામમાં જ હું મરી ખૂટું."

આવી ભવ્ય ભાવના ધરાવનાર સ્વ. ગિજુભાઈ બાળશિક્ષણ ક્ષેત્રે અક્ષરદેહે હજી પણ જીવંત છે અને રહેશે. ગુજરાતે બાળશિક્ષણની કાયાપલટ કરી તેમનું ઋણ અદા કરવું જ રહ્યું.

### 1.7.5 સ્વામી વિવેકાનંદ :

- **સ્વામી વિવેકાનંદનું શિક્ષણદર્શન :–**

ભારતીય સંસ્કૃતિના હિંદુત્વના ધ્વજદંડને લઈ વિશ્વધર્મ પરિષદમાં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડનાર સ્વામી વિવેકાનંદ એક અનોખા દેશપ્રેમી અને સંત હતા. તેમણે ગુલામી અને ગરીબીમાં સડતા ભારતની દુર્દશા જોઈ, ભારતના લોકો અને ભારતીય સંસ્કૃતિમાં સત્વ અને સ્વત્વના દર્શન કર્યા. અને ખૂબ જ વિચાર પૂર્વક તેમણે ધર્મ અને સંસ્કૃતિનો વ્યવહારમાં સમન્વય કરી માનવ ઉત્કર્ષ અને રાષ્ટ્રીય ઉત્કર્ષની અહાલેક જગાવી. બાળપણના ખૂબ તોફાની અને અતિ તેજસ્વી નરેન્દ્ર નામના આ યુવાને 'નરાણામ ઈન્દ્ર' નામ સાર્થક કર્યું. સ્વામી રામકૃષ્ણની પરમ ભક્તિ અને તેમના સન્યસ્તથી આકર્ષાઈ તે તેમના પ્રજ્ઞાવાન શિષ્ય બન્યા અને ભારતના અન્ય સાધુ – સંતો કરતાં તેમણે પોતાના તેજસ્વી અને મેધાવાન વ્યક્તિત્વ દ્વારા પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી. તેમણે પ્રબોધેલો માર્ગ આજે પણ ભારતના અનેકાનેક યુવાનોને અને ભારતવાસીઓને પ્રસ્થાન કરવા પ્રેરે છે. તેમના વ્યક્તિત્વમાં વિવેક અને આનંદ બંનેનો સમન્વય થયો હતો. જો કે સ્વામી વિવેકાનંદે રાષ્ટ્ર ઉત્કર્ષ અને સમાજ ઉત્કર્ષના એક સ્ત્રોત તરીકે શિક્ષણને સ્વીકાર્યું છે. રાષ્ટ્રસેવાના યજ્ઞમાં શિક્ષણની મહત્તા સમજીને તેમણે શિક્ષણ ચિંતન કર્યું છે, પરંતુ તેમનું શિક્ષણ ચિંતન એક બાજુ અધ્યાત્મના રંગે વેદાંતથી રંગાયેલું હતું, તો બીજી બાજુ અનન્ય દેશપ્રેમથી રંગાયેલું હતું. તેમના જીવનના વિશિષ્ટ કાર્ય અંગે નિર્દેશ કરતા જવાહરલાલ નેહરુએ નોંધેલું કે, "Vivekanand's life's mission was the service of mankind through social service, mass education, religious revival and social awakening through education." – Jawaharlal Nehru

"જનસેવા એ જ પ્રભુસેવા" એ તેમનો જીવનમંત્ર હતો. 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' તેમનો પ્રેરણામંત્ર હતો. શિક્ષણ એ જાગૃતિનો જનમહોત્સવ છે એ તેમનું પરમ લક્ષ્ય હતું.

- **વિવેકાનંદનું જીવનદર્શન :**

મહાન ભારતીય સંત અને અધ્યાત્મ ચિંતક એવા સ્વામી વિવેકાનંદનું જીવનદર્શન અત્યંત ગૌરવપૂર્ણ અને પ્રેરણાદાયક છે.

આર્નોલ્ડ ટોયન્બી તેમને ભવ્ય અંજલિ આપતા જણાવે છે કે...

"The world today can only be saved through India's spiritual heritage and specially through the path blazed by Ramkrishna and Vivekanand."

ભારતના આધ્યાત્મિક વારસા દ્વારા સ્વામી રામકૃષ્ણ અને વિવેકાનંદે પ્રસસ્થ કરેલા માર્ગ દ્વારા જ આજના વિશ્વને બચાવી શકાશે. તેઓ આધ્યાત્મિક રાષ્ટ્રભક્ત હતા. યુવાચેતનાના પ્રેરક આધારસ્તંભ હતા. તેઓ માનવમાત્રમાં ઈશ્વરનું દર્શન કરવાનું કહે છે. સ્વામી વિવેકાનંદ એટલે વેદાંતનું માનવીય સ્વરૂપ. વિવેકાનંદ એટલે જ તાત્વિક વેદાંત. તેથી સાંપ્રત પરિસ્થિતિમાં ભારત માટે સ્વામી વિવેકાનંદનું જીવનદર્શન અને તેમનું પ્રદાન મહત્વનું બની રહ્યું છે. તેઓ સ્વામીશ્રી રામકૃષ્ણની વિચારધારા અનુસાર માનતા હતા કે આત્મનઃ મોક્ષાર્થ જગાધિત્ય. તેમના મંતવ્ય મુજબ, માનવનો જ્યારે પોતાના આત્માને ઉદ્ધાર કરવા મથે છે ત્યારે જગતના ભલાનો પણ વિચાર કરે છે.

તેઓ જનસામાન્યના ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ રહ્યા. તેમના મંતવ્ય મુજબ, 'મૃત્યુપર્યંત કાર્યરત રહો, હું તમારી સાથે છું, મૃત્યુ પછી પણ હું તમને સહાય કરીશ, જીવન અને મૃત્યુનો છાયાપ્રકાશ જેવો સંબંધ છે, ફરજ માટે છેવટ સુધી લડતા રહો, સંપત્તિ, વૈભવ, આનંદ–પ્રમોદ ક્ષણિક હોય છે.'

તેઓ સ્વયં રાષ્ટ્રભક્ત હતા. તેમના કથન મુજબ, 'હું દેહરહિત આત્મસ્વરૂપ છું, હું રાષ્ટ્રની જાગૃતિ માટે આવ્યો છું, હું રાષ્ટ્રની કુંડલીની ઊર્જા જાગ્રત કરવા માટે આવ્યો છું.'

તેઓ જનસામાન્યના ઉત્થાન માટે શિક્ષણ મહત્ત્વનું ગણતા હતા. તેમના જીવદર્શનમાં ત્રણ પરિબળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે : ધર્મ, શિક્ષણ અને સમાજ. સાચો ધર્મ એ સ્વધર્મ છે. તે દૈવી ઉજાસ છે. તેમના જીવનદર્શનમાં સમાનતા મહત્ત્વની હતી. તેઓ માનતા કે સક્ષમ વર્ગોએ નબળા વર્ગોના ઉત્થાન માટે સંનિષ્ઠ પ્રયત્નો આદરવા જોઈએ. રાષ્ટ્રીય ઉત્થાન માટે યુવાનોનું ચારિત્ર્યઘડતર થવું જોઈએ. તેથી તેઓ યુવાનોને હાકલ કરે છે :

"Arise, awake and stop not till the goal is reached."

તેમના વિચારોમાં વૈદિક તત્ત્વદર્શન અને ઈસ્લામિક તત્ત્વદર્શનનો સમન્વય હતો. આ અંગેનું તેમનું જીવનદર્શન સ્પષ્ટ છે.

- **શિક્ષણદર્શન :**

સ્વામી વિવેકાનંદના મંતવ્ય અનુસાર મનુષ્યમાં જન્મથી જ પૂર્ણત્વ પડેલું હોય છે. શિક્ષણ એ આજન્મ પૂર્ણતાના આવિષ્કારની પ્રક્રિયા છે. તેમના મંતવ્ય મુજબ…

"Education may be described as a development of facility. Education is manifestation of perfection already existing in man."

તેમના મંતવ્ય અનુસાર માનવમાં કેટલીક શક્તિઓ વિદ્યમાન હોય છે. કેળવણી દ્વારા આ શક્તિઓના વિકાસથી પૂર્ણત્વ પામી શકાય છે. તેઓ માનતા કે કેળવણી એ ખોજની પ્રક્રિયા છે. 'Learning is really discovering.'

- કેળવણીની સહાયથી વ્યક્તિ પોતાની અંદર પડેલા જ્ઞાનની ખોજ કરે છે અને તે પામે છે. દરેક બાળક પોતે સહજ રીતે વિકાસ પામે છે. જેમ છોડ પોતાની આગવી રીતે વિકાસ પામે છે અને આપણે માત્ર એની સંભાળ લઈએ છીએ તે રીતે બાળકને તેની પોતાની આગવી રીતે વિકસવા દેવું જોઈએ.
- મનુષ્ય પરમાત્માનું સ્વરૂપ હોવાથી જન્મથી જ તે પૂર્ણ હોય છે અને શિક્ષણે એ પૂર્ણતા બહાર લાવવાનું કાર્ય કરવાનું છે.

- **શિક્ષણના ઉદ્દેશો :**

વિવેકાનંદની શિક્ષણની સંકલ્પનાનાં મૂળ વેદાંતના અદ્વૈતવાદમાં રહેલાં છે. તેમના મંતવ્ય અનુસાર શિક્ષણના ઉદ્દેશો નીચેના જેવા હોઈ શકે :

- મનુષ્યની આંતરિક શક્તિઓને બહિર્જગતમાં પ્રગટ કરવી.
- મનુષ્યમાં રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ કરવું.
- વ્યક્તિમાં આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધા, આત્મત્યાગ, આત્મનિયંત્રણ, આત્મનિર્ભરતા, આત્મજ્ઞાન જેવા અલૌકિક સદ્‌ગુણોનો વિકાસ કરવો.
- મનુષ્યનો શારીરિક, માનસિક, સાંવેગિક, ધાર્મિક, નૈતિક, ચારિત્રિક, સામાજિક અને આર્થિક વિકાસ કરવો.
- વિદ્યાર્થીમાં દેશપ્રેમ અને રાષ્ટ્રભક્તિના ગુણોનો વિકાસ કરવો.

“No education can be called national unless it inspires love for country.”

- Swami Vivekanand

- **અભ્યાસક્રમ :**

વિવેકાનંદ અધ્યાત્મવાદી હોવા છતાં તેમને માનવસંસારના વ્યવહારના અધ્યાત્મના સમન્વયમાં વિશ્વાસ હતો. તેથી, તેઓ માનતા કે માનવજીવનનું પરમ અને ચરમ લક્ષ્ય મુક્તિ છે, જે શરીરના માધ્યમ દ્વારા સંસારમાં રહીને પણ પ્રાપ્ત કરી શકાય છે. તેથી તેમણે એક બાજુ વેદાંત, અધ્યાત્મ, ધર્મ અને નીતિના શિક્ષણ પર ભાર મૂક્યો હતો તો બીજી બાજુ ભારતીય પ્રજાની તત્કાલીન સ્થિતિ જોતાં તેમણે લૌકિક સમૃદ્ધિ માટે ભાષા, વિજ્ઞાન, મનોવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ટેકનોલૉજી, વ્યાવસાયિક શિક્ષણ, કલા, કૃષિ, ઈતિહાસ, ભૂગોળ, ગણિત, રાજનીતિ જેવા વિષયોના શિક્ષણને પણ આવશ્યક લેખ્યું. ભારતીય પ્રજાના શરીરસૌષ્ઠવ અને મનોસૌષ્ઠવ માટે તેમણે શારીરિક શિક્ષણ, વ્યાયામ અને રમતગમતો જેવા વિષયો પર પણ ભાર મૂક્યો છે. તેઓ અંગ્રેજી ભાષાના શિક્ષણના પણ હિમાયતી હતા.

- **અધ્યાપન અધ્યયન પદ્ધતિ :**

અધ્યાપન અધ્યયન પદ્ધતિ અંગે સ્વામીજી પોતાના આગવા વિચારો ધરાવે છે. તેમની અધ્યાપન અધ્યયન પદ્ધતિ આધ્યાત્મિક કહી શકાય તેવી છે. આ પદ્ધતિનો આધાર મનુષ્યધર્મ છે. આ પદ્ધતિમાં ગોખણપટ્ટીને સ્થાન નથી. વિદ્યાર્થીના બ્રહ્મચર્યપાલન અને એકાગ્રતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

**પદ્ધતિનાં વિશિષ્ટ લક્ષણો :**

- યૌગિક વિધિ દ્વારા ચિત્ત વૃત્તિઓનું નિયંત્રણ કરવું.
- એકાગ્રતા કે કેન્દ્રીકરણ પદ્ધતિ (Method of Concentration). આ પદ્ધતિ દ્વારા મનને અભ્યાસ માટે એકાગ્ર કરવું.
- તર્ક, વ્યાખ્યાન, વિચાર–વિમર્શ, ઉપદેશવિધિ વગેરે દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવું.
- વિદ્યાર્થીઓને વ્યક્તિગત સલાહ અને માર્ગદર્શન. તેમના મંતવ્ય મુજબ માહિતી ભરી દેવાથી જ અધ્યયન થઈ જતું હોય તો દુનિયામાં પુસ્તકાલયો સૌથી વધુ વિદ્વાન ગણાય.

તેઓ પુસ્તકો દ્વારા જ્ઞાન મેળવવાના વિરોધી હતા. જ્ઞાન મેળવવા માટે પુસ્તકો પર આધાર રાખવાની પદ્ધતિને તેમણે જોખમકારક ગણાવી છે.

પદાર્થો, ઘટનાઓ અને વ્યક્તિનો પ્રત્યક્ષ અનુભવ જ્ઞાનસંપાદન માટે આવશ્યક છે.

- **શિક્ષકનું સ્થાન :**

શિક્ષક એક મિત્ર, પરામર્શક અને પથપ્રદર્શક છે. આ માટે શિક્ષકમાં નીચેનાં ગુણલક્ષણો હોવા જોઈએ.

સ્વામી વિવેકાનંદના મંતવ્ય અનુસાર...

- તે શાસ્ત્રોના કર્મને જાણતો હોવો જોઈએ.
- તે શાસ્ત્રનો મર્મજ્ઞ હોવો જોઈએ.
- મન, હૃદય અને આત્માથી પવિત્ર હોવો જોઈએ, જે જ્ઞાનપ્રાપ્તિની પૂર્વશરત છે.
- તે માત્ર શબ્દવૈભવમાં જ ન રાચતા હોવો જોઈએ, આમ થવાથી તે તેની ભીતરનો આત્મા ગુમાવી બેસે છે.

- શિક્ષકે બાળકો માટે નિકટના, આત્મીયપૂર્ણ ઘનિષ્ઠ સંબંધો સ્થાપિત કરવા જોઈએ.
- બાળકોની પ્રવૃત્તિઓ સાથે સંલગ્ન થવું જોઈએ.
- બાળકો પ્રત્યે અસીમ પ્રેમ, અનંત ધૈર્ય અને વાસ્તવિક સહાનુભૂતિ રાખવી જોઈએ.
- બાળકોમાં સંસાર અને સમાજ પ્રત્યે ઉચિત દૃષ્ટિકોણ વિકસાવવો જોઈએ.

- બાળકની જ્ઞાનપ્રાપ્તિના આડે આવતા તમામ અવરોધો દૂર કરવા તત્પર રહેવું જોઈએ.
- તે પોતે જ બાળકોને શિક્ષણ આપી રહ્યો છે, તેવા ભ્રમથી હંમેશા દૂર રહેવું જોઇએ.
- વિદ્યાર્થીઓ વિવિધ જ્ઞાનેન્દ્રિયો દ્બારા જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેવી તકોનું નિર્માણ કરવું.

- **વિવેકાનંદના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન :**

સ્વામીજીના જીવનદર્શન અને શિક્ષણદર્શનમાં અધ્યાત્મનો સમન્વય થયેલો છે. તેમના મંતવ્ય મુજબ...

- ચિંતન અને ક્રિયામાં (કર્મમાં) કોઈ અંતર રહેવું જોઈએ નહિ.
- સૌને માટે શિક્ષણની સમાન તકો ઉપલબ્ધ હોવી જોઈએ.
- શિક્ષણ એ જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ છે.
- કોઈ કોઈને શીખવી શકતું નથી. વ્યક્તિ સ્વયં શીખી શકે છે.
- કેળવણી એ સમાજ ઉત્થાન સાથે રાષ્ટ્રીય ઉત્થાનની પ્રક્રિયા છે.
- સત્યનો સાક્ષાત્કાર એ સત્યનું શોધન એ જ સાચો ધર્મ છે. આ જાતની ધાર્મિક કેળવણી આપવી જોઈએ.
- સ્ત્રીઓને શિક્ષણ ન આપવાથી રાષ્ટ્રની અધોગતિ થાય છે.
- માતૃભાષા દ્બારા જનસામાન્યને શિક્ષણ આપવું જોઈએ.
- ધર્મ ઉપરાંત સામાન્ય અને વ્યાવસાયિક શિક્ષણ તેમજ ટેકનોલૉજીના શિક્ષણનો પ્રબંધ શિક્ષણ વ્યવસ્થામાં હોવો જોઈએ.
- કેળવણી એટલે માનવમાં રહેલી પૂર્ણતાનું પ્રાગટ્ય.

સ્વામીજીના વિચારોથી અભિભૂત થઈને આપણા પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુએ તેમને ભવ્ય અંજલિ યથાર્થ રીતે જ આપી છે :

"Rooted in the past and full of pride in India's prestige, Vivekanand was yet modern in his approach to life's problems, and was a kind of bridge between the past of India and her present."

## 1.8 માનવ પ્રકૃતિ અને શિક્ષણના ધ્યેયો અંગે પાયાની ધારણાની સમજ :

મનુષ્ય પ્રકૃત્તિના સંદર્ભમાં મેગડૂગલ 18 સહજવૃત્તિઓ દર્શાવે છે. જે નીચે પ્રમાણે છે.

(1) ક્ષુધા

(2) તિરસ્કાર

(3) ભય

(4) લિંગવૃત્તિ

(5) કુતૂહલ

(6) વાત્સલ્ય

(7) આત્મસ્થાપન

(8) સંઘવૃત્તિ

(9) યાચનાવૃત્તિ

(10) રચનાવૃત્તિ

(11) આધિનવૃત્તિ

(12) ક્રોધવૃત્તિ

(13) સ્થળાંતરવૃત્તિ

(14) નિંદ્રાવૃત્તિ

(15) હાસ્યવૃત્તિ

(16) સંગ્રહવૃત્તિ

(17) પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ

(18) માનવ પ્રકૃતિ

આ સહજવૃત્તિઓ મનુષ્ય પ્રકૃતિ છે જે સમાજ અને શિક્ષણ દ્વારા નિયંત્રિત થાય છે. આ વૃત્તિઓમાં કેટલીક હકારાત્મકવૃત્તિઓ છે. કેટલીક નકારાત્મક અને કેટલીક સાહજિક જેમકે, વાત્સલ્ય, હાસ્ય રજના જેવી વૃત્તિઓ હકારાત્મક છે. ક્રોધ, તિરસ્કાર જેવી વૃત્તિઓ નકારાત્મક છે. જ્યારે ક્ષુધા, નિંદ્રા વગેરે જેવી વૃત્તિઓ સાહજિક વૃત્તિઓ છે.

સભ્ય સમાજ વ્યક્તિને પોતાની ક્રોધ, તિરસ્કાર, જેવી વૃત્તિઓ પર નિયંત્રણ રાખી વાત્સલ્ય, રચના જેવી હકારાત્મક વૃત્તિઓને પ્રોત્સાહન આવી વ્યક્તિનું ઘડતર કરે છે.

શિક્ષણ ભય જેવી વૃત્તિને નિયંત્રિત કરે છે. વિજ્ઞાનનું શિક્ષણ તેને વહેમ અને અંધશ્રદ્ધાથી ઉત્પન્ન થતા ભયમાંથી મુક્ત કરે છે. શિક્ષણ તેને પોતાની લિંગવૃત્તિને નિયંત્રિત કરતા શીખવે છે. જેના પર સમાજનો પણ પ્રભાવ જોવા મળે છે.

શિક્ષણના ધ્યેયોને સિદ્ધ કરવામાં મનુષ્યની પ્રકૃતિ અને સમાજ અને શિક્ષણ દ્વારા થયેલ તેનું નિયંત્રણ સમાજના વ્યક્તિ માટે શિક્ષણના ધ્યેયો સિદ્ધ કરવા સરળ છે. સમાજ દ્વારા પ્રાપ્ત થતું શિક્ષણ તેને શિક્ષણના ધ્યેયો તરફ લઈ જાય છે.

જેમકે તૃષા કે ભૂખ શિક્ષણના ધ્યેયની સિદ્ધિમાં અવરોધરૂપ બને છે. જ્યારે રજના, કુતૂહલ આત્મસ્થાપન જેવી વૃત્તિઓ શિક્ષણની સિદ્ધિમાં પ્રોત્સાહન પૂરૂં પાડે છે.

આમ મનુષ્ય પ્રકૃતિ, સમાજ અને શિક્ષણ પરસ્પર વિશિષ્ટ રીતે સંકળાયેલા છે. મનુષ્ય પ્રકૃતિની સમાજ પર અસર પડે છે. આજ રીતે શિક્ષણનો મનુષ્ય પ્રકૃતિ અને સમાજ પર પ્રભાવ રહે છે અને સમાજ શિક્ષણનું સ્વરૂપ નક્કી કરે છે.

**1.9સમગ્ર એકમનો સારાંશ :**

પ્રસ્તુત એકમમાં આપણે શિક્ષણની તાત્ત્વિક સમજ મેળવી. જેમાં કેળવણીનો અર્થ તેનું સ્વરૂપ અને તેના ધ્યેયો જોયા પ્રકૃત્તિનું સ્વરૂપ અને તેનું માહાત્મ્ય તથા માનવ સમાજમાં તેની જરૂરિયાત વિશે સમજ્યા. શિક્ષણ અને કેળવણી વચ્ચેનો સંબંધ જોયો અને માનવ સમાજની વિવિધ શૈક્ષણીક પ્રક્રિયાનો અભ્યાસ કર્યો. આ ઉપરાંત ગાંધીજી, ગીજુભાઈ બધેકા, , સ્વામી વિવેકાનંદ, રૂસો, ડુઈ

જેવા પાશ્ચાત્ય અને ભારતીય ચિંતકોની દ્દષ્ટિએ કેળવણી અને શિક્ષણ સમજવા. માનવ પ્રકૃત્તિમાં મેકડુગલની 18 વૃત્તિઓ સમાજ અને શિક્ષણનો તેના પર નિયંત્રણ તથા માનવપ્રકૃત્તિ શિક્ષણના ધ્યેયોને સિદ્ધ કરવામાં ક્યાં મદદરૂપ છે અને ક્યાં નડતરરૂપ છે તે જાણ્યું.

## 1.10 સ્વાધ્યાય

**(1) નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો :**

**(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1) કેળવણી એ કુદરતી પ્રક્રિયા છે, કૃત્રિમ નહિ. આ સંકલ્પના કોણે આપી ?

(ક)એરિસ્ટોટલ (ખ) રૂસો (ગ) ફ્રોબેલ

(2) રૂસો બાળકોના ............... વિકાસ પર ખૂબ ભાર મૂકે છે.

(ક)આધ્યાત્મિક (ખ) શારીરિક (ગ) તાત્વિક

(3) રૂસો ............... શિક્ષણની હિમાયતી કરે છે.

(ક)સ્વકેન્દ્રી (ખ) બાળકેન્દ્રી (ગ) સર્વકેન્દ્રી

(4) જીવન એ માત્ર ................. ની પ્રક્રિયા નથી.

(ક)હરવા – ફરવા (ખ) જીવન કૌશલ્ય (ગ) શ્વાસોચ્છ્વાસની

**(બ) નીચેના વિધાનો પૂર્ણ કરો : ખાલી જગ્યા પૂરો :**

(1) રૂસો એ ક્રાંતિકારી ............. હતો.

(2) રૂસો બાળકને ................ મનુષ્ય બનાવવા પર ભાર મૂકે છે.

(3) રૂસોએ અભ્યાસક્રમને ................... તબક્કાઓમાં વહેંચ્યો હતો.

(4) શીખતાં શીખવે તે શિક્ષણ. આ વિધાન ...................એ આપ્યું.

(5) Education શબ્દ ............... ભાષામાંથી ઊતરી આવ્યો છે.

(6) ઉપનિષદ પ્રમાણે ............ અપાવે તે કેળવણી.

**(2) નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો :**

**(અ)યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1) ગાંધીજી જ્ઞાન, કર્મ અને .................નો ત્રિવેણીસંગમ હતા.

(ક)શક્તિ (ખ) અધ્યાત્મ (ગ) ભક્તિ

(2) ................ એ માનવજીવનનું મહત્ત્વનું ધ્યેય છે.

(ક) સત્યના પ્રયોગો (ખ) ધનપ્રાપ્તિ (ગ) મિત્રપ્રાપ્તિ

(3) ગાંધીજીના મતે ................. એ માનવજીવનનું અને સંબંધોનું જીવનધારક તત્ત્વ છે.

(ક) મૌન (ખ) પ્રેમ (ગ) વિચારો

**(બ) નીચેની ખાલી જગ્યા પૂરો :**

(1) કેળવણી દ્વારા બાળકોમાં અપેક્ષિત .................. નો વિકાસ થવો જોઈએ એવું ગાંધીજી માને છે.

(2) કેળવણી એટલે બાળક અને મનુષ્યના શરીર, મન અને ..................ના ઉત્તમાંશોનું આવિષ્કરણ.

(3) ગાંધીજી કેળવણીના સર્વોચ્ચ ઉદ્દેશ તરીકે ..................ને ગણાવે છે.

(4) .................. એ કેળવણીના ઉદ્દેશો સિદ્ધ કરવાનું મહત્ત્વનું સાધન છે.

**(3) નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો :**

**(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1) જહૉન ડ્યૂઈના શિક્ષણદર્શનનાં બે પાસાં : એક સૈદ્ધાંતિક અને બીજું ..................

(ક) વૈચારિક (ખ) તાત્વિક (ગ) પ્રાયોગિક

(2) કેળવણી એ વ્યક્તિના ..................ની પ્રક્રિયા છે.

(ક) સામાજિકરણ (ખ) શારીરિક (ગ) આર્થિક વિકાસ

(3) કેળવણી એ સભ્યતાના સંરક્ષણ અને સંવર્ધનની પ્રક્રિયા છે. આ વિધાન ............ આપ્યું.

(ક) જહોન ડ્યૂઈએ (ખ) આઇનસ્ટાઈને (ગ) ફ્રોબેલે

(4) ડ્યૂઈની શિક્ષણની વિચારધારા .................. અને સામાજિક આધારશિલાઓ પર આધારિત છે.

(ક) જીવન વિજ્ઞાન (ખ) મનોવિજ્ઞાન (ગ) ભૌતિક વિજ્ઞાન

(5) ડ્યૂઈના મતે શિક્ષણના હેતુઓ .................. પર આધારિત હોવા જોઈએ.

(ક) સમય અને સંજોગો (ખ) વિકાસ અને વૃદ્ધિ (ગ) વિચાર અને મન

**(બ) નીચેની ખાલી જગ્યા પૂરો :**

(1) જહૉન ડ્યૂઈના મતે .................. જ્ઞાનનો જનક છે.

(2) ડ્યૂઈના મતે અભ્યાસક્રમ બાળકોના .................. સાથે સુસંગત હોવો જોઈએ.

(3) .................. એ શાળાને સમાજની લઘુ આવૃત્તિ છે.

**(4) નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો :**

**(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1) બાળકોના ગાંધીનું બિરૂદ ..................ને મળ્યું.

(ક) ગાંધીજી (ખ) નાનાભાઈ (ગ) ગિજુભાઈ

(2) ગિજુભાઈ ................... શિક્ષણના હિમાયતી હતા.
(ક)બાલકેન્દ્રી (ખ) શિક્ષણકેન્દ્રી (ગ) શાળા કેન્દ્રી

(3) ગિજુભાઈએ બાળકના ................... સિદ્ધાંતને ધ્યાનમાં રાખ્યો હતો.
(ક)સ્વતંત્ર વ્યક્તિના સ્વીકાર (ખ) શિક્ષક વર્તનના (ગ) આચાર્ય વિચારના

**(બ) નીચેની ખાલી જગ્યા પૂરો :**

(1) મુછાળી મા તરીકે ................... ઓળખાય છે.

(2) શિક્ષક એ બાળકોનો આરાધ્ય દેવ છે. આ વિધાન ................... એ કહ્યું.

(3) ગિજુભાઈના મતે શાળા એ બાળકોના ................... ની પ્રેરણાભૂમિ છે.

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1)................... એ સ્વામી વિવેકાનંદનો જીવનમંત્ર હતો.
(ક)જનસેવા એજ પ્રભુસેવા (ખ) પ્રાણીસેવા એજ પ્રભુસેવા (ગ) સમાજ સેવા એજ પ્રભુ સેવા

(2) ................... આધ્યાત્મિક રાષ્ટ્રભક્ત હતા.
(ક)સ્વામી દયાનંદ (ખ) સ્વામી સચ્ચિદાનંદ (ગ) સ્વામી વિવેકાનંદ

(3) ................... સ્વામી વિવેકાનંદનો પ્રેરણામંત્ર હતો.
(ક)ધર્મો રક્ષતિ રક્ષિતઃ (ખ) જનાઃ રક્ષતિ રક્ષિતઃ (ગ) પશુ નામ રક્ષતિ રક્ષિતઃ

(5) **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો :**

**( અ) નીચેની ખાલી જગ્યા પૂરો :**

(1) હું દેહરહિત આત્માસ્વરૂપ છું. આ વિધાન ................... એ આપ્યું.

(2) સ્વામી વિવેકાનંદના મતે કેળવણી એટલે મનુષ્યમાં રહેલી ...................નું પ્રગટીકરણ કરવું.

(3) સ્વામી વિવેકાનંદના મતે શિક્ષક એ ...................નો મર્મજ્ઞ હોવો જોઈએ.

(ક) નીચેના વિધાનો ખરાં તે કે ખોટાં x નિશાની દ્વારા દર્શાવો :

(1) કેળવણી આજીવન ચાલતી પ્રક્રિયા છે.

(2) કેળવણી અનુકૂલનની પ્રક્રિયા છે.

(3) કેળવણી વ્યક્તિના વ્યક્તિત્વના એક ભાગ પૂરતી મર્યાદિત છે.

**(6) નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :**

(1) રૂસોની કેળવણીની વ્યાખ્યા આપો.

(2) રૂસો કેવી કેળવણીના વિરોધી હતા ?

(3) ગાંધીજીની કેળવણીની વ્યાખ્યા આપો.
(4) બુનિયાદી શિક્ષણની કોઈ પણ બે લાક્ષણિકતાઓ જણાવો.
(5) જહૉન ડ્યૂઈના શિક્ષણદર્શનના બે પાસાંઓ જણાવો.
(6) જહૉન ડ્યૂઈની શિક્ષણની વ્યાખ્યા આપો.
(7) ગુજરાતમાં બાળકેળવણીના પ્રણેતા તરીકે કોનું નામ જાણીતું છે ?
(8) બાળકના સ્વતંત્ર વ્યક્તિના સ્વીકાર અંગે કોણે વાત કરી ?
(9) ગિજુભાઈ બધેકાની કોઈ પણ બે શિક્ષણપદ્ધતિઓના નામ આપો.
(10) સ્વામી વિવેકાનંદની કેળવણીની વ્યાખ્યા આપો.
(11) સ્વામી વિવેકાનંદે કયું સૂત્ર આપ્યું ?
(12) કેળવણી એ સમાજ ઉત્થાન સાથે રાષ્ટ્રીય ઉત્થાનની પ્રક્રિયા છે. આ વિધાન કોણે આપ્યું ?
(13) કેળવણી શબ્દના વ્યાપક અર્થની વ્યાખ્યા આપો.
(14) પાશ્ચાત્ય કેળવણીકારોની કેળવણી વિષયક વ્યાખ્યા આપો.
(15) જહૉન ડ્યૂઈના મતે નીચેના સિદ્ધાંતો જણાવો

**(7) નીચેના વિશે ટૂંક નોંધ લખો :**

(1) રૂસોના મત પ્રમાણે શિક્ષણના કોઈ પણ ચાર ઉદ્દેશો
(2) રૂસોની શિક્ષણપદ્ધતિઓ
(3) ગાંધીજીના શિક્ષણદર્શનના આધારભૂત સિદ્ધાંતો
(4) બુનિયાદી શિક્ષણની કોઈ પણ ત્રણ લાક્ષણિકતાઓ
(5) જહૉન ડ્યૂઈની કોઈ પણ ત્રણ અધ્યાપન પદ્ધતિઓ
(6) ગિજુભાઈ બધેકાએ આપેલી શિક્ષણની વિભાવના
(7) સ્વામી વિવેકાનંદના શિક્ષણના ઉદ્દેશો
(8) વિવેકાનંદના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન

**(8) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) રૂસોની કેળવણીની વ્યાખ્યા આપી સમજાવો.
(2) રૂસોની દ્રષ્ટિએ અભ્યાસક્રમની ચર્ચા કરો.
(3) ગાંધીજીએ આપેલા શિક્ષણના હેતુઓની સ્વિસ્તૃત ચર્ચા કરો.
(4) બુનિયાદી શિક્ષણની લાક્ષણકિતાઓની સવિસ્તાર ચર્ચા કરો.
(5) ગિજુભાઈના શિક્ષણના ઉદ્દેશોની મુદ્દાસર ચર્ચા કરો.
(6) ગિજુભાઈના મતે શિક્ષકની ભૂમિકાની ચર્ચા કરો.
(7) સ્વામી વિવેકાનંદના શિક્ષણદર્શનમાં શિક્ષકનું સ્થાન એ વિશે ચર્ચા કરો.
(8) સ્વામી વિવેકાનંદના શિક્ષણદર્શનમાં અભ્યાસક્રમની ચર્ચા કરો.

**આટલું કરીએ :**

(1) કોઈ પણ ભારતીય ચિંતકના જીવનદર્શન વિશે સચિત્ર પ્રોજેક્ટ તૈયાર કરો.

(2) વર્તમાન શિક્ષણપદ્ધતિઓમાં તમામ દ્રષ્ટિએ કયાં ફેરફારો આવશ્યક છે, તેની નોંધ કરી સકારણ એની વિગતો તૈયાર કરો.

(3) વેદકાલીન શિક્ષણપ્રથાઓ વિશે વિસ્તૃત અહેવાલ તૈયાર કરો.

(4) પ્રકૃતિવાદીઓ અને આદર્શવાદીઓ પૈકી કોઈ પણ ત્રણ ચિંતકોના વિચારો અંગે વિસ્તૃત માહિતી એકત્રિત કરી પ્રોજેક્ટ તૈયાર કરો.

(5) બૌદ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થા અંગે માહિતી એકત્રિત કરી પ્રોજેક્ટ તૈયાર કરો.

1.11 સંદર્ભસૂચિ :


1. દવે જયેન્દ્ર શાસ્ત્રી, શિક્ષણ દર્શન પરિભાષા કોષ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
2. દવે જયેન્દ્ર શાસ્ત્રી, શિક્ષણ ચિંતકોનું શિક્ષણ દર્શન, બી.એસ.શાહ પ્રકાશન
3. ગાંધી મોહનદાસ કરમચંદ, ખરી કેળવણી, નવજીવનપ્રકાશન
4. દેસાઈ ધનવંત અને શાહ ગુણવંત, શિક્ષણની વર્તમાન ફિલૂસૂફીઓ, અનડા પ્રકાશન, અમદાવાદ
5. જોષી ભ. અને ભોગાયતા, વિકાસશીલ ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક, અનડા બુક ડેપો, અમદાવાદ
6. જોષી હરિપ્રસાદ શૈક્ષણિક તત્ત્વજ્ઞાન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ


**( પૂરક સાહિત્ય ) ( આ મુદ્દાને પરીક્ષાલક્ષી બનાવવા નહીં)**

**શ્રી અરવિંદ :**

- **શ્રી અરવિંદનું શિક્ષણદર્શન :**

શ્રી અરવિંદના જીવનકાર્ય તેમજ તત્ત્વચિંતન પર ઘણી વિભિન્ન વિચારધારાઓની અસર પડી હોવાનો સંભવ છે. તેમણે ખૂબ નાની વયે તત્ત્વજ્ઞાન તેમજ સાહિત્યનો ગહન અભ્યાસ કર્યો હતો. તેઓ પાશ્ચાત્ય દાર્શનિકોની વિચારધારાઓથી પણ પરીચિત હતા. હેંગલ, વ્હાઇટ હેડ તેમજ બર્ગસન જેવા ચિંતકોએ તેમના માનસિક અને ચૈતસિક ઘડતરમાં ફાળો આપ્યો હોય તેવો સંભવ છે. તેમણે પ્રાચીન ભારતીય દર્શનશાસ્ત્ર તેમજ અદ્વૈત તથા યોગદર્શનનો ગહન અભ્યાસ કર્યો હતો. આ બધાનું તેમણે તર્કશક્તિથી વિશ્લેષણ કરી તે બધાનાં ઉત્તમ તત્ત્વોને આત્મસાત્ કર્યાં હતાં.

તેમણે આત્મતત્ત્વના જ્ઞાન માટે અંતઃસ્ફુરણા દ્વારા પ્રાપ્ત થતા આત્મસાક્ષાત્કાર પર ભાર મૂક્યો છે.

- **શિક્ષણદર્શન :**

શ્રી અરવિંદનું શિક્ષણદર્શન આધ્યાત્મિક સાધના, બ્રહ્મચર્ય અને યોગ પર આધારિત હતું. તેમના મંતવ્ય પ્રમાણે આ ત્રણે તત્ત્વોની સાધનાથી માનવનો પૂર્ણ વિકાસ શક્ય બને છે. તેઓના શિક્ષણદર્શનની વિશિષ્ટતાઓ નીચે મુજબ છે :

**(1) માનવની અંતર્ગત શક્તિઓનો વિકાસ :**

તેમના મંતવ્ય અનુસાર કેળવણી દ્વારા વ્યક્તિની અંતર્ગત શક્તિઓનો વિકાસ થવો જોઈએ કે જેથી માનવ પૂર્ણ માનવની કક્ષાએ પહોંચી શકે.

માત્ર જ્ઞાનની પ્રાપ્તિ એ શિક્ષણ નથી. શિક્ષણ દ્વારા માનવમાં રહેલી સંભાવ્યતાઓનો ક્રમિક વિકાસ થવો જોઈએ.

**(2) માનવનો પૂર્ણ વિકાસ :**

શ્રી અરવિંદના મંતવ્ય અનુસાર અંત:કરણ કે મનસ એ કેળવણીનું મુખ્ય અંગ છે. કેળવણી દ્વારા અંતઃકરણ કે મનસનો વિકાસ થવો જોઈએ. તેમણે અંતઃકરણનાં ચાર સ્તરોનો નિર્દેશ કર્યો છે. ચિત્ત, મનસ, બુદ્ધિ અને જ્ઞાન. તેમના મંતવ્ય અનુસાર આ ચારે સ્તરોનો ક્રમિક વિકાસ થાય છે. સાચી કેળવણી અંતઃકરણના ચારે સ્તરોનો વિકાસ સાધી માનવનો–માનવમાં રહેલી પૂર્ણ ચેતનાનો અને દિવ્યશક્તિનો વિકાસ કરી શકે. તેમના મતે માનવ શક્યતાનો શિલ્પી છે અને અશક્યતાનો ઈજનેર છે. આ માટે તેઓ માનતા કે વિવિધ વિષયો જેવા કે રાજનીતિ, સમાજ, અર્થશાસ્ત્ર, વાણિજ્ય, સાહિત્ય, કલાઓના માધ્યમ દ્વારા માનવને પૂર્ણરૂપે પ્રગટ થવાની અને આત્માભિવ્યક્તિ કરવાની ઉત્તમ તકો પ્રાપ્ત થવી જોઈએ. આ વિષયોની જીવંતતા માનવને પૂર્ણરૂપે પ્રગટાવી શકે.

**(3) સંપૂર્ણ માનવજાતિનો સર્વાંગીણ વિકાસ :**

તેમના શિક્ષણદર્શનની વિશિષ્ટતા એ હતી કે તેઓ માનતા કે શિક્ષણ દ્વારા વિશ્વમાં વસતી માનવજાતિનો આધ્યાત્મિક ઉન્નતિ દ્વારા સંપૂર્ણ અને સર્વાંગીણ વિકાસ થવો જોઈએ. શિક્ષણ દ્વારા વિશ્વમાં નિવાસ કરતી માનવજાતિનો એવો આધ્યાત્મિક વિકાસ થાય કે જેથી સર્વાંગીણ પ્રગતિ કરી શકે અને એક વિશ્વરાષ્ટ્રની સ્થાપના થઈ શકે. તેઓ અધ્યાત્મનિષ્ઠ માનવજાતિની ઉત્ક્રાંતિમાં માનતા.

આમ શ્રી અરવિંદનું શિક્ષણદર્શન તેમના જીવનદર્શનનું અંગભૂત તત્ત્વ હતું.

- **શિક્ષણની પરિભાષા :**

મહર્ષિ અરવિંદનો શિક્ષણ પ્રત્યેનો પોતાનો આગવો દૃષ્ટિકોણ છે. તેઓ શિક્ષણને પૂર્ણ માનવની વિકાસપ્રક્રિયા તરીકે જુએ છે.

**તેમના મંતવ્ય પ્રમાણે,**

- “માહિતીનો સંગ્રહ શિક્ષણ નથી માહિતી એ શિક્ષણની આધારશિલા નથી. વધુમાં વધુ તે એવી સામગ્રી બની શકે કે જેના દ્વારા વ્યક્તિ પોતાના જ્ઞાનમાં ઉમેરો કરી શકે. તે તો એક એવું બિંદુ છે

જેના દ્વારા જ્ઞાનનો પ્રારંભ કરી શકાય. જે કેળવણી માત્ર જ્ઞાનપ્રાપ્તિ સુધી સીમિત રહેતી હોય તે સાચી કેળવણી નથી."

- "સાચી અને વાસ્તવિક કેળવણી એ છે કે જે વ્યક્તિમાં રહેલી બધી જ શક્તિઓનો એવી રીતે વિકાસ કરે જેનો વ્યક્તિ સંપૂર્ણપણે લાભ લઈ શકે."

**આમ, મહર્ષિ અરવિંદની દ્રષ્ટિએ કેળવણી એટલે...**

- માત્ર માહિતી કે જ્ઞાનનું વિતરણ નહિ, એ તો વિકાસનું પ્રારંભબિંદુ છે.
- માનવીના મન અને આત્માના ઘડતરની પ્રક્રિયા.
- જ્ઞાન, ચારિત્ર્ય અને સંસ્કૃતિનો વિકાસ.
- માનવનો શારીરિક, માનસિક, સાંવેગિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસ કે ઉન્નતિ.
- વ્યક્તિમાં રહેલી બધા જ પ્રકારની અંતર્હિત શક્તિઓનો એવો વિકાસ કે જેનો વ્યક્તિ સંપૂર્ણપણે આધ્યાત્મિક ઉન્નતિ માટે લાભ લઈ શકે.
- પૂર્ણ માનવના પ્રાગટ્યની પ્રક્રિયા.

- **શિક્ષણના ઉદ્દેશો :**

  શ્રી અરવિંદના શિક્ષણ ચિંતનમાં શિક્ષણના હેતુઓ વિશે સ્વતંત્ર વિચાર થયેલો હોય તેવું જોવા મળતું નથી, પરંતુ તેમના સમગ્ર શિક્ષણદર્શનને આધારે નીચેના જેવા કેટલાક હેતુઓ તારવી શકાય

**(1) શારીરિક વિકાસ :**

શ્રી અરવિંદ શારીરિક શક્તિઓના વિકાસ પર ભાર મૂકે છે. શિક્ષણ દ્વારા બાળકોની શારીરિક શુદ્ધિ અને વિકાસ થાય તેમજ ઉત્તમ શારીરિક વિકાસ થાય.

**(2) માનસિક ઘડતરનો હેતુ :**

શ્રી અરવિંદના મતે ઉત્તમ શિક્ષણ માનવમનનું ઘડતર કરે છે. કેળવણીથી મનની શક્તિનો એવો વિકાસ થાય કે જેથી તે 'અતિમનસ'ની કક્ષાએ પહોંચે. બાળકની સ્મૃતિ, કલ્પનાશક્તિ, ચિંતનશક્તિ તેમજ નિર્ણયશક્તિનો સમુચિત રીતે વિકાસ થવો જોઈએ. આ ઉપરાંત તથ્યસંગ્રહ, તેનું વિશ્લેષણ અને તેનાથી નિષ્કર્ષ તારવવાની શક્તિઓનો પણ યોગ્ય વિકાસ થવો જોઈએ.

**(3) ચૈતસિક વિકાસ :**

શિક્ષણ દ્વારા બાળકની ચૈતસિક ક્રિયાશક્તિનો વિકાસ સાધી તેનું ચૈતસિક ઊર્ધ્વીકરણ કરી આંતરિક ચેતનાનો વિકાસ સાધવો જોઈએ.

**(4) જ્ઞાન, ચારિત્ર્ય અને સંસ્કૃતિનો વિકાસ :**

શ્રી અરવિંદના મંતવ્ય અનુસાર કેળવણી દ્વારા માનવીના જ્ઞાન, ચારિત્ર્ય અને સંસ્કૃતિનો યોગ્ય રીતે વિકાસ થવો જોઈએ. એ જ રીતે, રાષ્ટ્રની સાંસ્કૃતિક પરંપરાઓનો યોગ્ય વિકાસ થાય તે પણ એટલું જ જરૂરી છે.

**(5) સાતત્ય સ્થાપવાની ક્ષમતાનો હેતુ :**

શ્રી અરવિંદની દ્રષ્ટિએ માનવે તેના ભૂતકાળનું સંતાન, વર્તમાનનો સ્વામી અને ભાવિનો સર્જક બનવાનું છે. ભૂતકાળ એ પાયો છે, વર્તમાન સામગ્રી છે અને ભવિષ્ય શિખર છે તે ધ્યાનમાં રાખીને શિક્ષણ દ્વારા વિદ્યાર્થી પોતાની સંસ્કૃતિને આત્મસાત્ કરી, ભાવિ સાથે તાદાત્મય સાધી શકે છે. વિષયોના શિક્ષણ દ્વારા તેનામાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય સાથેનું સાતત્ય સ્થાપી શકે તેવી ક્ષમતા કેળવવી જોઈએ.

**(6) જીવન સાથે અનુબંધ :**

સાચું શિક્ષણ એ જીવનલક્ષી હોય છે. તે માનવને વર્તમાન અને ભાવિ જીવન માટે તૈયાર કરે તેવું હોવું જોઈએ. મનુષ્યને જીવનની સમગ્રતામાં જીવન જીવવા પ્રેરે તેવું શિક્ષણ મળવું જોઈએ. આમ, શિક્ષણનો જીવન સાથે યોગ્ય અનુબંધ સ્થાપવો જોઈએ.

- **શિક્ષણ પદ્ધતિઓ :**

શ્રી અરવિંદ શિક્ષણ પદ્ધતિઓમાં 'શિક્ષણની ક્રમિક પદ્ધતિ' (Successive method of teaching)ની હિમાયત કરે છે. ક્રમિક શિક્ષણ પદ્ધતિ એટલે વિદ્યાર્થી એક કે બે વિષયમાં તજજ્ઞતા કે નિપુણતા પ્રાપ્ત કરે ત્યાર પછી બીજા વિષયોને તે જ રીતે ક્રમિક રીતે શીખવવા.

ભારતની પ્રાચીન શિક્ષણપ્રથામાં વિદ્યાર્થી એક કે બે વિષય હાથમાં લઈ તેનું સંપૂર્ણ, ગહનતાપૂર્ણ અધ્યયન પ્રાપ્ત કરી તેમાં નિપુણતા પ્રાપ્ત કરતો. આ પદ્ધતિ મર્યાદાપૂર્ણ હોવા છતાં શિક્ષણની ગહનતા અને ઊંડાણ તેમાં હતાં.

શ્રી અરવિંદ પ્રવર્તમાન પ્રથા તરફ અસંતોષ વ્યક્ત કરે છે. ટુકડે ટુકડે શીખવવાની પ્રથા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં ચાલે છે, ત્યારબાદ ઉચ્ચ શિક્ષણમાં વિશિષ્ટીકરણની પ્રથા ચાલે છે. આથી, વિદ્યાર્થીની જે–તે વિષયની ભૂમિકા પૂરતી બંધાયા વિના તે વિશિષ્ટીકરણમાં આવી પડે છે.

આને પરિણામે તેઓ ક્રમિક શિક્ષણપદ્ધતિની હિમાયત કરે છે. આ શિક્ષણ પદ્ધતિની સફળતા માટે તેઓ આ તત્વો પર ભાર મૂકે છે : (1) બાળકોની અભિરુચિ અનુસાર વિષય પસંદગી (2) બાળકોનું સ્વ–અધ્યયન (3) બાળકોની શક્તિઓ અનુસાર ક્રમિક રીતે વિકાસ કરવાની અનુકૂળતા (4) પ્રેમ અને સહાનુભૂતિ (5) બાળકોની સ્વતંત્રતા (6) સ્વાનુભવ દ્વારા શિક્ષણ (7) માતૃભાષાના માધ્યમ દ્વારા શિક્ષણ (8) બાળકનો સહયોગ

ઉપરના બધાં જ પરિબળો જો યોગ્ય રીતે કાર્યાન્વિત થાય તો ક્રમિક શિક્ષણપદ્ધતિ સફળ બને.

જો કે, હાલની પરિસ્થિતિમાં વિષયોનું વૈવિધ્ય, જ્ઞાનનો વિસ્ફોટ, બાળકોની અપરિપક્વતા, સામૂહિક શિક્ષણ વગેરેને લીધે આ પદ્ધતિ કેટલે અંશે સફળ બને તે પણ વિચારવા જેવું ગણાય.

- **શ્રી અરવિંદના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન :**

શ્રી અરવિંદની આધ્યાત્મિક વિચારધારા આજના શિક્ષણમાં પણ એટલી જ પ્રસ્તુત છે. તેઓ કેળવણી દ્વારા માનવની અંતર્ગત શક્તિઓ અને શક્યતાઓના વિકાસ દ્વારા માનવની આધ્યાત્મિક ઉપક્રાંતિનું સ્થાન સેવતા. તેમણે કેળવણીને આધ્યાત્મિક સ્પર્શ આપ્યો છે. એથી પ્રવર્તમાન શિક્ષણપ્રથામાં

- આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોના શિક્ષણને અભ્યાસક્રમમાં સ્થાપી આપવામાં આવ્યું છે.
- શિક્ષણ 'યોગ'ને સ્વૈચ્છિક વિષય તરીકે પ્રયોગાત્મક ધોરણે દાખલ કરવામાં આવ્યો છે. આ વિષયના શિક્ષણને ઠીક ઠીક સમર્થન પ્રાપ્ત થયું છે.
- શિક્ષણના હેતુઓમાં આધ્યાત્મિક, શારીરિક અને બૌદ્ધિક વિકાસને સ્થાન આપવામાં આવ્યું છે.

આમ, ભારતીય શિક્ષણપ્રથા પર શ્રી અરવિંદની વિરાટ આધ્યાત્મિક પ્રતિભાનું પ્રતિબિંબ ઝીલાયું છે. એમની શૈક્ષણિક વિચારધારાનું પ્રતિપાદન કરવાથી આપણે શિક્ષણ દ્વારા પૂર્ણ માનવ કે અતિમાનવના સર્જન માટે પ્રયાણ કરી શકીશું. તેમણે ભારતીય શિક્ષણપ્રથાને અંગૂલિનિર્દેશ કરી પોતાનું કાર્ય સિદ્ધ કર્યું છે.

**સ્વામી દયાનંદ સરસ્વતી :**

- **સ્વામી દયાનંદ સરસ્વતીનું શિક્ષણ દર્શન :**

સ્વામીજીનું સમગ્ર ચિંતન આસ્તિક, ઈશ્વરની શાશ્વત સત્યતાનો સ્વીકાર, જ્ઞાનના સ્ત્રોત તરીકે વેદ સંસ્કૃતિના પુનરુત્થાન, સામાજિક અનિષ્ટોમાંથી હિન્દુ સમાજને બહાર લાવવાનો આશય, જ્ઞાન દ્વારા અજ્ઞાત નિવારણ, વૈયક્તિક ઉત્કર્ષની સાથે જ સામાજિક ઉત્કર્ષના ધ્યેય, આચાર શુદ્ધિની વિભાવના તથા રાષ્ટ્રચેતના જન્માવવાના મૂળભૂત વિચારો ઉપર ઊભેલું છે. તેથી એમ કહી શકાય કે સ્વામીજીની શિક્ષણ વિભાવના મૂળતઃ જ્ઞાનનિષ્ઠ તથા તેના સૂચિતાર્થોમાં ધાર્મિક, સામાજિક અને વિદ્યાકીય ઉત્કર્ષને તાકનારી છે.

સત્યાર્થપ્રકાશના સ્વમન્તવ્યામન્તવ્ય પ્રવગશઃ નામના પ્રકરણમાં તેઓ કહે છે, 'જે શિક્ષણ વિદ્યા, સભ્યતા સંસ્કૃતિ, ધર્મનિષ્ઠા, આત્મસંયમ પ્રકટાવે તથા અજ્ઞાન અવિદ્યાદિ બીજા દોષ દૂર કરે તે સાચું શિક્ષણ' (સ્વામી દયાનંદ : સત્યાર્થપ્રકાશ, પૃ. ૪19 આદપુ)

સ્વામીજી કહે છે કે દેખીતી રીતે જ શિક્ષણનું કામ બાળકોને અંધકારમાંથી પ્રકાશમાં, અસત્યમાંથી સત્યમાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં લઈ જવાનું એટલે કે ઉપનયન પ્રવેશ કરાવવાનું છે.

શિક્ષણ–પ્રક્રિયા માણસના પોતાપણા, વિશ્વની વિશ્વનીયતા વચ્ચેના સંઘર્ષમાંથી પસાર થવાની પ્રક્રિયા છે. એટલે દેખીતી રીતે જ શિક્ષણની પ્રક્રિયામાં પ્રકાશ તરફ જવાની પ્રક્રિયામાં પડેલો માણસ વિશ્વની વિશ્વમયતાના માધ્યમમાંથી એ વિશ્વમયતાના નિયંત્રક પરમેશ્વરના માધ્યમમાંથી પોતાના પોતાપણાને સમજતો જાય છે. જેથી એ સમજ કેળવાય કે પછી માણસ અને ઈશ્વર વચ્ચે કોઈ ભેદ રહેતો નથી એકતા સ્થપાઈ ગઈ. અહંબ્રહ્માસ્મિ. માણસના અહ્મને બ્રહ્માસ્મિ સુધી લઈ જવાની પ્રક્રિયા એટલે શિક્ષણ, સંક્ષેપમાં આ વેદની શિક્ષણ ભાવના છે. સંક્ષેપમાં આ સ્વામી દયાનંદની શિક્ષણ વિભાવના છે.

- **શિક્ષણના હેતુઓ :**

1. સામાજિક પુનરચના
2. પરમ તત્ત્વમાં શ્રદ્ધા જન્માવવી
3. સંસ્કૃતિનું સંરક્ષણ
4. ચારિત્ર્યઘડતરનો હેતુ
5. સાંસ્કૃતિક વિકાસનો હેતુ
6. તંદુરસ્ત શારીરિક શિક્ષાનો હેતુ (મનોશારીરિક તાલીમ)

- **શિક્ષણમાં માતા પિતાની ભૂમિકા :**

બાળક ગર્ભમાં રહે, ગર્ભાધાન થાય ત્યારથી તેના શિક્ષણની યોગ્ય ભૂમિકા રચાય.

સ્વામીજીની ભલામણ પ્રમાણે બાળકના પ્રથમ શિક્ષણની શરૂઆત તેની માતા દ્વારા થવી જોઈએ. બાળક કોઈ અવાંછનીય ટેવનો ભોગ ન બની જાય એ માતાએ જોવું જોઈએ. બાળક જ્યારે બોલતાં, ભાષા શીખતું હોય ત્યારે પ્રત્યેક વર્ણ યોગ્ય ઉચ્ચારણ સ્થાનથી ઉચ્ચાર કરતા શીખે એ જોવાનું કામ માતાનું છે. મધુર કર્ણપ્રિય અવાજ બાળકને માતા સિવાય કોણ આપી શકે ? બાળક જ્યારે વાતચીત કરતાં શીખતું હોય ત્યારે અન્યને બોલવાની રીતો, વર્તનની રીતભાત તથા પોતે અન્ય દ્વારા કઈ રીતે સમ્માનિત થઈ શકે તે માતાએ શીખવવું જોઈએ. માતા – પિતાએ બાળકોમાં જ્ઞાનનો પ્રેય, સજ્જનોની સંગત તથા ઈન્દ્રિયોના આવેગોને નિયંત્રિત રાખવાની રીતો વિકસાવવી જોઈએ. મિથ્યા જ્ઞાનમાં તથા ખોટા વહેમમાં પડી બાળક અધાર્મિક અને દુષ્ટ વ્યવહારમાં ફસાય નહિ અને ભૂતપ્રેત જેવા ખોટા વહેમોને ન માને તેવું ઉત્તમ શિક્ષણ આપવું આ શબ્દોનો સાચો અર્થ સમજાવવાની ફરજ માતા પિતાની છે. પોતાનાં બાળકની કેળવણી પ્રત્યે બેદરકાર રહેતા મા બાપને માટે સ્વામીજી નીચેન શ્લોક ટાંકે છે :

“માતા શત્રુઃ પિતા વૈરી યેન વાલો ન પાઠિતઃ
ન શોભતે સભામધ્યે હંસમધ્યે બગવે યથાઃ” (ચાણક્ય નીતિ અ.ર.11)

પોતાના બાળકની કેળવણી પ્રત્યે બેદરકાર રહેતી માતા બાળકની શત્રુ છે અને એવો પિતા તેનો વેરી છે. જેમ હંસના ટોળામાં બગલો શોભતો નથી તેમ વિદ્વાનોની સભામાં અભણ માણસ શોભતો નથી, તેથી પોતાના બાળકોને તેમની બળ બુદ્ધિશક્તિ પ્રમાણે ઊંચી જાતની કેળવણી આપી તેમને વિદ્વાન બનાવવા તથા તેમનામાં સભ્યતા અને ધાર્મિકતા ખીલી ઊઠે તે માટે તન, મન અને ધનથી પ્રયત્ન કરવો એ માતા પિતાનું પરમ કર્તવ્ય છે અને એમાં પણ પરમ ધર્મ અને કીર્તિ સમાયેલા છે.

- **શાળા અને બાળક :**

સ્વામી દયાનંદ સરસ્વતીના મતે આઠ વર્ષની ઉંમરે બાળકોને શાળાએ મોકલવાં જોઈએ. શાળામાં ઉચ્ચ ચારિત્ર્યવાળા તથા પૂરતા જ્ઞાનવાળા શિક્ષકો નિયુક્ત થવા જોઈએ. વિદ્યાર્થીઓ સાથે સમાન વ્યવહાર કરવો જોઈએ. સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ સૂત્ર ધ્યાનમાં

રાખવું જોઈએ. વિદ્યાર્થીઓનો ઉદ્દેશ માત્ર ઉચ્ચ જ્ઞાન અને સંસ્કાર પ્રાપ્તિના કર્મને સમર્પિત થઈ જવાનો જ હોવો જોઈએ.

સ્વામીજીની ભલામણ પ્રમાણે બાળકોનું પ્રથમ ઉપનયન ઘરમાં માતા – પિતા દ્વારા તથા બીજું ઉપનયન શાળામાં શિક્ષક દ્વારા થાય. માતા – પિતા અને શિક્ષકે બાળકોને ગાયત્રી મંત્ર તેના અર્થ સાથે શીખવવો જોઈએ. અર્થ સહિત મંત્ર શીખતાંની સાથે બાળકોને સ્નાન, આચમન તથા પ્રાણાયામ સહિતની દિવ્ય આરાધના સન્ધ્યોપાસના કરતા શીખવવું જોઈએ.

કન્યા અને કુમાર બંનેને પ્રાણાયામ દીર્ઘ શ્વાસની, પ્રાણની ઉપાસના શીખવવી જોઈએ. આવી ઉપાસના એકાંત સ્થળમાં મનની પૂર્ણ એકાગ્રતા અને શરીરની પૂર્ણ સ્થિરતા સાથે થવી જોઈએ. બાળકોને આહાર, પોષાક તથા વિભિન્ન પરિસ્થિતિઓમાં વર્તન વ્યવહાર શીખવવાની જવાબદારી શિક્ષકની છે. વાતાવરણ તેમજ મનની શુદ્ધિ માટે વિદ્યાર્થીઓને નિત્ય દેવમહી કરતા શીખવવું જોઈએ.

આમ, નિષ્ઠાપૂર્વક નિયમપાલન દ્વારા વિદ્યાર્થી અને શિક્ષક નિર્વિઘ્ને વિદ્યાની આરાધના કરી શકે તે માટે સ્વામીજીના મતે શિક્ષણ સંસ્થા શહેર જેવી સામાજિક વસ્તીથી ઓછામાંઓછી ચાર કોસ (આઠ માઈલ) દૂર હોવી જોઈએ. વિદ્યાના અધ્યયનમાં કોઈ પણ પ્રકારની ખલેલ ન પડે તે માટે વાલીઓને મળવા આવવા પર પ્રતિબંધ હોવો જોઈએ.

- **સ્વામીજીના મતે શિક્ષક–વિદ્યાર્થી :**

સ્વામીજી કહે છે કે શિક્ષક એટલે શાણો ડાહ્યો વિદગ્દ્ (wise) માણસ. ડાહ્યો માણસ એ કહેવાય જે ક્યારેય નવરોભૂત, આળસું અને હાડકાનો હરામ ન હોય જે સુખ અને દુઃખથી ખોટી રીતે પ્રભાવિત ન થતો હોય, જે લાભ ગેરલાભ, સ્તુતિ, નિંદા, જાહેર સમ્માન વગેરેમાં મનની સમતા જાળવી શકતો હોય, જેને ધર્મમાં અતૂટ વિશ્વાસ હોય તથા ઉપભોગની વસ્તુઓથી સસ્તામાં ન લલચાઈ જતો હોય. જેનો બૌદ્ધિક વિકાસ સત્ય સંશોધનના આધાર પર થયેલો છે. જે તર્કનિષ્ઠાની સામે સુસગંત હોય એવા જ શાસ્ત્રો શીખવે છે અને સાંભળે છે. આવા ડાહ્યા સ્ત્રી – પુરુષો જેવા શિક્ષક – શિક્ષિકા હોય છે ત્યાં ખૂબ સ્વાભાવિકતા અને સરળતાથી જ્ઞાન પ્રામાણિકતા, સતભાવો તથા સુખ – સમૃદ્ધિનો ઉત્કર્ષ થાય છે.

સ્વામીજીના મતે વિદ્યાર્થી એ છે જે...

(1) સદ્દગુણનું અનુશીલન કરતો હોય.

(2) ધીરજવાન હોય.

(3) સર્જનાત્મક ઉત્પાદકીય ક્ષમતાવાળો હોય.

(4) મથામણ કરનારો હોય (જ્ઞાન પ્રાપ્તિ માટે)

(5) તર્કસંગત નિર્ણયો લેવાની ક્ષમતાવાળો હોય.

(6) સંસ્કારી રીતભાતવાળો હોય.

(7) સજ્જન હોય.

(8) સત્ય વાણી વિચાર અને સદ્દવર્તનવાળો હોય.

આમ શિક્ષક અને વિદ્યાર્થી બંનેએ શ્રેષ્ઠ ગુણવત્તાઓ કેળવવાની છે. શિક્ષકે પોતાના છાત્રોમાં સત્ય વાણી, વિચાર અને વર્તન, સંસ્કાર રીતભાત, આત્મનિયંત્રણ, સૃજનતા રાખી મનના સમતોલ વિકાસ જેવી ગુણવત્તાઓ વિકસાવવા મથવાનું છે. જ્યારે સામે પક્ષે વિદ્યાર્થીએ પણ નિઃશંકપણે ગુણવત્તા વિકસાવવા મથવાનું છે. એટલે કે બંને જણાએ સંયુક્ત રીતે શું યોગ્ય અને શું અયોગ્ય છે તેના તર્કસંગત નિર્ણયો લેતા જઈ જે કાંઈ યોગ્ય લાગે એ અમલમાં મૂકતા જવાનું છે.

- **પાઠ્યક્રમ :**

(2) સામાન્ય રીતે પાંચ વર્ષ સુધી માતા જ બાળકને શિક્ષણ આપે છે. એ દરમ્યાન સારું શરીર, સારી રીતભાત અને ભાષાના વિકાસ ઉપર જ ભાર મૂકવો જોઈએ.

(3) પાંચથી આઠ વર્ષ દરમ્યાન બાળકને શિક્ષણ આપવા માટે પિતા જવાબદાર હોય છે. આ દરમ્યાન રમતગમત, સામાન્ય જ્ઞાનની વાતો તેમજ યોગ્ય આચાર – વિચાર તથા શુદ્ધ ઉચ્ચારણ ઉપર પિતા ભાર મૂકે છે. નિત્ય સ્તવન, પાઠ, શ્લોક, પદ, સૂત્ર વગેરે મોઢે કરાવે છે.

(4) પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષા શીખતી વખતે સંસ્કૃત અને અન્ય એક વિદેશી ભાષાનું શિક્ષણ અપાય તે જરૂરી છે.

(5) પાઠ્યક્રમ માતૃભાષામાં હોવો જોઈએ.

(6) ભાષા શીખવાડવા માટે શિક્ષકોએ વાતચીતના માધ્યમ તરીકે માતૃભાષા અપનાવવી જોઈએ.

**ટાગોર :**

- **ટાગોરનું શિક્ષણદર્શન :**
- **શિક્ષણની સંકલ્પના :**

ટાગોર કેળવણીનો વ્યાપક અર્થ કરે છે. ટાગોરના મંતવ્ય અનુસાર "ઉચ્ચોચ્ચ શિક્ષણ માત્ર માહિતીપ્રદ નથી હોતું પરંતુ આપણા જીવનને સમગ્ર અસ્તિત્વ સાથે સંવાદિતાપૂર્ણ બનાવે છે."

એટલું જ નહિ, પણ સાચું શિક્ષણ એ વ્યાપક અને ઉપચારાત્મક કે સુધારલક્ષી હોય છે. જે વ્યક્તિમાં રહેલાં સારાં અને ઉમદા તત્ત્વોને બહાર લાવે છે. સાચું શિક્ષણ વ્યક્તિને દીપ્તિમંત અને આત્મસાક્ષાત્કારની અનુભૂતિ કરાવે છે.

ટાગોરના મંતવ્ય અનુસાર શિક્ષણ ગતિશીલ, જીવંત અને જીવનલક્ષી હોવું જોઈએ. તેમના મતે 'કેળવણી એટલે સનાતન ખોજ, સત્યની અભિવ્યક્તિ અને સત્યની સ્વીકૃતિ.' આમ, કેળવણી એટલે–

- માત્ર માહિતી નહિ, અસ્તિત્વ સાથે વનની સંવાદિતા અને લયબદ્ધતા
- વ્યક્તિમાં રહેલા ઉત્તમાંશોનો આવિષ્કાર કરી આત્મસાક્ષાત્કારની અનુભૂતિ
- વ્યક્તિની સહજ નિરામય માનસિક કે બૌદ્ધિક અભિવ્યક્તિ

- વ્યક્તિને, પ્રકાશને પંથે પ્રયાણ કરવા પ્રેરે છે.
- ગતિશીલતા, જીવંતતા અને જીવનલક્ષિતા.
- સંચિત અને ઉપયુક્ત જ્ઞાન અંગેની જાણકારી, તેના સ્વરૂપ વિશેની માહિતી અને તેના દ્વારા જીવનના રક્ષાકવચનું નિર્માણ.
- શાશ્વત સત્યની નિર્ભીક અભિવ્યક્તિ અને સત્યની સ્વીકૃતિ.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરની કેળવણીની સંકલ્પનાનો અભ્યાસ કર્યા પછી આપણે તેમના મતે કેળવણીના હેતુઓ જોઈશું.

- **કેળવણીના હેતુઓ :**

કવિવર રવીન્દ્રનાથ ટાગોર આજીવન કેળવણીકાર હતા, તેમણે સ્વયંસ્ફુરણાથી કેળવણીના પ્રયોગો કર્યા છે. તેમના મતે કેળવણીના વિવિધ હેતુઓ નીચે મુજબ છે :

**(1) શારીરિક વિકાસ :**

ટાગોર શારીરિક વિકાસને મહત્ત્વપૂર્ણ ગણતા. ખાસ કરીને બાલ્યાવસ્થાના શિક્ષણમાં બાળકનો શારીરિક વિકાસ થવો જોઈએ તેમ દ્રઢપણે માનતા હતા. શારીરિક ઉપેક્ષા કરીને બૌદ્ધિક શિક્ષણ આપવાનો તેમનો સખત વિરોધ હતો. શિક્ષણનું પ્રારંભિક અવસ્થાથી જ મહત્ત્વનું ધ્યેય શારીરિક વિકાસનું હોવું જોઈએ.

**(2) માનસિક કે બૌદ્ધિક વિકાસ :**

રવીન્દ્રનાથ ટાગોર શારીરિક વિકાસની સાથે માનસિક/બૌદ્ધિક વિકાસને મહત્ત્વ આપતા. તેઓ બાળકમાં સ્વતંત્ર વિચારશક્તિ અને કલ્પનાશક્તિનો વિકાસ થાય તેમ માનતા. શિક્ષણ દ્વારા વ્યક્તિની વૈચારિક કે માનસિક ગુલામીમાંથી મુક્તિ થવી જોઈએ. તેઓ માનતા હતા કે કેળવણી એવી જોઈએ કે વ્યક્તિ પરંપરાગત વૈચારિક જડતા અને અંધત્વમાંથી મુક્ત થઈ સ્વતંત્ર વૈચારિક અભિવ્યક્તિ કરવા પ્રેરાય.

**(3) નૈતિક કે આધ્યાત્મિક વિકાસ :**

શિક્ષણનું મહત્વનું ધ્યેય વ્યક્તિના નૈતિક કે આધ્યાત્મિક ઉત્થાનનું હોવું જોઈએ. કેળવણી દ્વારા સાદું જીવન અને ઉચ્ચ વિચારનો આદર્શ મૂર્તિમંત થવો જોઈએ. આવા ગુણોના વિકાસથી આત્મનિર્ણય, આત્મનિર્ભયતા, આંતરિક સ્વાતંત્ર્યનો વિકાસ થાય છે. આમ, થવાથી વ્યક્તિ અંધશ્રદ્ધા, વહેમો અને પૂર્વગ્રહમાંથી મુક્ત થઈ ‘સ્વ’ – વિકાસ સાધવા માટે સક્ષમ બને છે.

**(4) પૂર્ણજીવનનો સુસંવાદી વિકાસ :**

કેળવણી માનવના સર્વાંગીણ વિકાસની પ્રક્રિયા છે. અપૂર્ણતામાંથી પૂર્ણત્વ તરફની ગતિ છે. માનવમાં રહેલી અંતર્ગત શક્તિઓનો સુસંવાદી વિકાસ એ શિક્ષણનું મહત્વનું ધ્યેય છે તેમ તેઓ માનતા હતા. શિક્ષણ દ્વારા માનવનો સંપૂર્ણ વિકાસ થવો જોઈએ. તેઓ વ્યક્તિત્વવિકાસ સાથે સામાજિક વિકાસનું સામંજસ્ય સ્થાપવું જોઈએ તેમ માનતા.

**(5) આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ :**

કેળવણી દ્વારા આંતરરાષ્ટ્રીય સમજ અને સદભાવનાનો વિકાસ થવો જોઈએ. તેઓ કેળવણી દ્વારા આંતરરાષ્ટ્રીય જ્ઞાન, આંતરરાષ્ટ્રીય અને વૈશ્વિક બંધુત્વ તથા આંતરરાષ્ટ્રીય સંવાદિતાના હિમાયતી હતા. તેઓ ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિના સમન્વયના હિમાયતી હતા. વિશ્વભારતી તેમના આ ધ્યેયની સિદ્ધિ માટે આજપર્યંત કાર્યાન્વિત રહ્યું છે.

- **અભ્યાસક્રમ :**

ગુરુદેવ ટાગોરના મતે કેળવણીનું મહત્વનું ધ્યેય પૂર્ણ જીવનની પ્રાપ્તિ માટે મનુષ્યના પૂર્ણ વિકાસનું હોવું જોઈએ. આ ધ્યેયની પૂર્તિ માટે અભ્યાસક્રમમાં વિવિધ વિષયો અને ક્રિયાઓ કે પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમનું નિર્માણ થવું જોઈએ. કેળવણી જીવનલક્ષી હોવી જોઈએ અને તેથી બાળકોને કેળવણી દ્વારા સમૃદ્ધ અનુભવો પ્રાપ્ત થવા જોઈએ. જીવનની વાસ્તવિકતાઓના ઉપલક્ષમાં તેમણે તેમના અભ્યાસક્રમને ત્રણ વિભાગોમાં વિભાજિત કર્યા છે:

**(1) વિષયો :**

તેઓ પુસ્તકિયા અભ્યાસક્રમથી વિરુદ્ધ હતા. આમ છતાં અભ્યાસક્રમમાં ભાષા અને સાહિત્ય, ઈતિહાસ, વિજ્ઞાન, ભૂગોળ, પ્રાકૃતિક વિજ્ઞાન, સંગીત, કલા વગેરે વિષયોનું સ્થાન હોવું જોઈએ એવું તેઓ માનતા.

**(2) પ્રવૃત્તિઓ :**

રૂસો જેવા પ્રકૃતિવાદીની જેમ પ્રવૃત્તિ અને ક્રિયા દ્વારા શિક્ષણની હિમાયત કરતા. તેથી નાટક, નૃત્ય, ચિત્રકલા, રંગપૂર્તિ, હસ્તઉદ્યોગ, પ્રવાસ–પર્યટન, બાગકામ, ક્ષેત્રીય અધ્યયન, પ્રયોગશાળામાં પ્રાયોગિક કાર્ય, સંગ્રહકાર્ય વગેરે પ્રવૃત્તિઓ શીખવવી જોઈએ.

**(3) સમૂહજીવન અને સમાજસેવા :**

સમગ્ર અભ્યાસક્રમ જીવનના વાસ્તવિક અનુભવો પૂરા પાડી વ્યક્તિને સમાજનો સભ્ય બનાવે અને સમૂહજીવન સાથે અનુકૂલન સાધવા પ્રેરે તેવો હોવો જોઈએ. તેથી અભ્યાસક્રમમાં રમતગમત, સમાજસેવા, વિદ્યાર્થી સ્વ–શાસન જેવી બાબતોનો સમાવેશ કરી તેમનામાં સામાજિકતાનો વિકાસ કરવો જોઈએ.

- **શિક્ષણપદ્ધતિઓ :**

ટાગોર સૈદ્ધાંતિક શિક્ષણ અને પુસ્તકિયા શિક્ષણના પ્રખર વિરોધી હતા. તેઓ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કે જીવનના વાસ્તવિક અનુભવો દ્વારા શિક્ષણની હિમાયત કરતા. તેઓ શિક્ષણપદ્ધતિઓમાં નીચેના જેવી પદ્ધતિઓની હિમાયત કરતા ;

(1) પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ :

નાટ્ય, સંગીત, ચિત્રકલા જેવી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ.

(2) ક્રિયા દ્વારા શિક્ષણ :

બાળકમાં સર્જનાત્મકતાનો વિકાસ થાય તેવીપ્રવૃત્તિઓ અને ક્રિયાઓ દ્વારા શિક્ષણની હિમાયત કરતા. તેમાં હસ્તોદ્યોગનું મહત્ત્વ હતું.

(3) અવલોકન દ્વારા શિક્ષણ :

પ્રવાસ, પર્યટન, પરિભ્રમણ દ્વારા કુદરત કે કુદરતના અવલોકનમાંથી શિક્ષણ મેળવવું. આમાં પ્રાયોગિક કાર્યોનો પણ સમાવેશ થતો હતો.

(4) પ્રશ્નોતર પદ્ધતિ અને ચર્ચાપદ્ધતિ :

શિક્ષણમાં તેઓ પ્રત્યક્ષ અનુભવો,પ્રવૃત્તિ પદ્ધતિ, હ્યુરિસ્ટિક પદ્ધતિ, ચર્ચાપદ્ધતિ અને સ્વયંભૂ અભિવ્યક્તિની હિમાયત કરતા હતા.

- **શિસ્ત :**

મહર્ષિ ટાગોર મુક્ત શિસ્તની હિમાયત કરતા હતા. બાળકોની આત્માભિવ્યક્તિ પર ભાર મૂકતા. બાળકો પર બિનજરૂરી બંધનો અને દમનવાદી શિસ્તના તેઓ પ્રખર વિરોધી હતા. બાળકો પ્રવૃત્તિઓમાં એવા મગ્ન બને કે જેથી તેઓ આપોઆપ સ્વયંશિસ્તનું મહત્વ સમજે અને તેને સ્વીકારે. બાળકોની મુક્ત શિસ્તના કેટલાંક ભયસ્થાનો હોવા છતાં જીવનની વાસ્તવિક્તાઓ અને જવાબદારી સમજે તે રીતે શિસ્તનો સ્વીકાર કરે તે ઇચ્છનીય છે. શાળાનું વાતાવરણ બાળકોને સ્વયંશિસ્ત પ્રેરે તેવું હોવું જોઈએ.

- **શિક્ષકનું સ્થાન :**

ટાગોર આદર્શવાદી હતા. આથી, શિક્ષણમાં ગુરુનું અદ્વિતીય સ્થાન છે તેવું તેઓ માનતા. ગુરુ એ શિષ્યનો ભાગ્યવિધાતા છે. શિક્ષણ એ ઋષિકાર્ય છે. શિક્ષકે બાળકની રસ–રુચિનું અધ્યયન કરી બાળકના શિક્ષણની આદ્ય ગંગોત્રી બનવાનું છે. બાળક એ શિક્ષણનું વિસ્તરણ છે, તેના આત્માનો અવિભક્ત અંશ છે. આથી, તે સાચા અર્થમાં તેનો મમતાપૂર્ણ માર્ગદર્શક અને રહમદિલ રાહબર બનવો જોઈએ તે આજીવન વિદ્યાર્થી હોય. સાચો શિક્ષક એ છે કે જે સતત નૂતન જ્ઞાનની ખોજ કરતો હોય જેનામાં જ્ઞાનની અદમ્ય તૃષા હોય. આમ થાય તો જ તે બાળકની પ્રેરણામૂર્તિ બની શકે.

- **શાંતિનિકેતન (વિશ્વભારતી) – ટાગોરનું સ્વપ્ન :**

શાંતિનિકેતનની સ્થાપના ઈ. સ. 1901માં ટાગોર દ્વારા થઈ. શાંતિનિકેતન એ ટાગોરની સ્વપ્નભૂમિ હતી જ્યાં રવીન્દ્રનાથે કેળવણીનાં બીજ વાવ્યાં અને સંવર્ધિત કર્યા. બીજરૂપે વપરાયેલી આ સંસ્થાએ પાંગરીને આંતરરાષ્ટ્રીય વટવૃક્ષ બની એક વિશ્વવિદ્યાલયનું વિરાટ સ્વરૂપ ધારણ કર્યું.

શાંતિનિકેતન કવિની સાધનાભૂમિ, કર્તવ્યભૂમિ અને સ્વપ્નભૂમિ હતી. તેમણે ત્યાં કેળવણીની નૂતન કેડીઓ કંડારી. પરંપરાગત કેળવણીમાંથી મુક્ત થવા પ્રયોગભૂમિ બનાવી. આ વિશ્વવિદ્યાલય વૈશ્વિક બંધુત્વની ઉપાસનાની ભૂમિ બન્યું. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિઓના સમન્વયતીર્થ સમી આ યુનિવર્સિટીએ સત્યની અને જીવનમાં રહસ્યોની ખોજ આદરી. આંતરરાષ્ટ્રીય સદભાવ અને સમાજ એ આ યુનિવર્સિટીનાં મહત્ત્વના કાર્યક્ષેત્રો બન્યાં.

વિશ્વભારતી યુનિવર્સિટીને કેન્દ્રીય વિશ્વવિદ્યાલય(Central University)નો દરજ્જો પ્રાપ્ત થયો છે. તેના મહત્ત્વનાં ત્રણ અંગો છે : (1) શાંતિનિકેતન (2) યુનિવર્સિટી (3) ઈન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ રિકન્સ્ટ્રક્શન – ગ્રામનવનિર્માણ સંસ્થા.

આ યુનિવર્સિટી વિવિધ ભવનો અને વિભાગો દ્વારા જ્ઞાન અને સંશોધનનું કાર્ય સતત ચાલે છે. પ્રકૃતિની ગોદમાં વિસ્તરેલી આ યુનિવર્સિટીમાં મુક્ત વાતાવરણ છે. વિદ્યાર્થીઓને વ્યક્તિ સ્વાતંત્ર્ય એ આ યુનિવર્સિટીની આગવી વિશેષતા છે. આમ, ટાગોરે વિશ્વભારતી દ્વારા ભારતીય સમાજની અને સંસ્કૃતિના નવજાગરણની દિશામાં પ્રસ્થાન આદર્યુ હતું.

- **ટાગોરના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન :**

ટાગોરના શૈક્ષણિક વિચારો અને શિક્ષણદર્શન તાજગીભર્યાં કે મૌલિક લાગે છે. તેઓ પ્રયોગવીર હતા. શિક્ષણક્ષેત્રે વીસમી સદીના આરંભના તેમના પ્રયાસો અને પુરુષાર્થ દ્વારા શિક્ષણને દિશા અને દૃષ્ટિ પ્રાપ્ત થયાં છે. આમ છતાં, એક કે બીજી રીતે પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીનાં આ તત્વો તત્કાલીન શિક્ષણપ્રથામાં અસ્તિત્વ ધરાવતાં હતાં. તેમના શિક્ષણદર્શનના કેટલાંક તત્વોમાં તેમની મૌલિકતા અને સર્જનાત્મકતાનો સ્પર્શ અનુભવાય છે ખરો. આથી જ ડૉ. મુકરજીના મતે ટાગોર આધુનિક ભારતના શૈક્ષણિક પુનરુત્થાનના પયગંબર હતા. તેમણે દેશ સમક્ષ શિક્ષણના સર્વોચ્ચ આદર્શોને પ્રસ્થાપિત કરવાનો સંઘર્ષ આદર્યો અને તેમને સ્થાપિત કરવા નિરંતર ઝઝૂમ્યા. તેમણે તેમની સંસ્થાઓમાં શિક્ષણના પ્રયોગો કર્યા, જેના દ્વારા તેઓ શિક્ષણના જીવંત આદર્શોની પ્રતિમૂર્તિ બની રહ્યા.

**ડૉ. મૉન્ટેસરી :**

- **ડૉ. મૉન્ટેસરીનું શિક્ષણદર્શન :**

શ્રી ગિજુભાઈ બધેકા પોતાના પુસ્તક 'મૉન્ટેસરી પદ્ધતિ'ની શરૂઆતમાં લખે છે કે "યુરોપિયન કેળવણીનો ઇતિહાસ જુઓ કે સમર્થ કેળવણીકારોની નામાવલિ તરફ દૃષ્ટિ નાંખો તો માલૂમ પડશે કે એમાં કોઈ પણ સ્થળે સ્ત્રીનું નામ નથી. પહેલીવહેલી જ એક સ્ત્રી કેળવણીકાર ઉત્પન્ન કરવાનું માન ઇટલીને ઘટે છે. ડૉ. મૉન્ટેસરીમાં માનવવંશશાસ્ત્રી, શરીરશાસ્ત્રી, માનસશાસ્ત્રી અને કેળવણીશાસ્ત્રી એ બધાનું એકીસાથે દર્શન થાય છે. બાળકના અને બાળમગજનાં એ ખાસ અભ્યાસક છે. પોતે અપરણિત હોવા છતાં

માતાઓની તે માતા છે અને બાળકોની મહાન સરસ્વતી છે. બાલ સ્વતંત્ર્યનો નવો યુગ શરૂ કરનાર તથા જડવાદ અને પરાધિનતાની બેડીમાંથી મનુષ્યજાતિને ઉદ્ધારવાનો આરંભ કરનાર ડૉ. મૉન્ટેસરી છે."

- **ડૉ. મૉન્ટેસરીનું જીવનદર્શન :**

ડૉ. મૉન્ટેસરી મધ્યમ સ્થિતિનાં પરંતુ સંસ્કારી માતા–પિતાનાં એકના એક દીકરી હતાં. એમનો જન્મ ઇટલીની સ્વાતંત્ર્યની લડતના છેલ્લા દિવસોમાં ઈ. સ. 1870માં થયો હતો. એ જમાનામાં ઇટલીનો સમાજ અત્યંત સંકુચિત હતો. વળી તેમના કુટુંબને ધંધાથી કે પરંપરાથી કેળવણી સાથે સંબંધ ન હતો. એ દિવસોમાં સ્ત્રીઓ ભાગ્યે જ ભણતી. પરંતુ લોકમતને તોડવા માટે જે આત્મબળ અને આત્મશ્રદ્ધાની મનુષ્યમાં આવશ્યક્તા છે, તે બળ અને શ્રદ્ધા ડૉ. મૉન્ટેસરીમાં પ્રથમથી જ હતાં. એન્જિનિયરિંગનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે બધા વિદ્યાર્થીઓમાં તેઓ એકમાત્ર વિદ્યાર્થીની હતાં. મુશ્કેલી ખૂબ પડી પણ તેમનું મન એનાથી પર હતું અને ગણિતશાસ્ત્રનો અભ્યાસ તેમનું લક્ષ્ય હતું. એ શાળામાં રહી તેઓ એક સમર્થ ગણિતશાસ્ત્રી બન્યાં. આગળ જતાં તેમનું ધ્યાન ડૉક્ટરી ધંધા તરફ જતાં અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ છોકરાઓની શાળામાં પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો, અને વૈદકના લાંબા અને કઠિન અભ્યાસ પછી રોમની વિદ્યાપીઠની એમ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી.

લંડન અને પેરિસ જઈ મૂઢ બાળકોની શાળાઓ અને પ્રચલિત પદ્ધતિઓનો તેમણે જાતે અભ્યાસ કરી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો. ઈટાર્ટ અને સેંગુઈનના પુસ્તકોના આધારે તેમણે મંદમતિના બાળકોને શિક્ષણ આપવા માટે ભિન્ન–ભિન્ન પ્રકારના સાધનો યોજી કાઢ્યા. અહીં તેમણે બે વર્ષ (1898થી 1900) સુધી કામ કર્યું. આ કામમાં તેમને અપૂર્વ ફતેહ મળી.

મૂઢ બાળકોને જે પદ્ધતિથી સામાન્ય બાળકો કરતાં સારા માર્કસ મળ્યા ત્યારે તેમને એવું સ્ફૂર્યું કે જો આ પદ્ધતિથી મૂઢ બાળકોને આટલો બધો લાભ થાય તો પછી આ પદ્ધતિથી શીખનાર સાધારણ બાળકો જરૂર આગળ વધી જાય, અને તેમની પ્રગતિ તો ચમત્કારિક જ બને. તરંત જ તેમણે સાધારણ બાળકોની શાળાઓ, તેની વ્યવસ્થા અને તેમાં ચાલતી શિક્ષણ પદ્ધતિઓનો અભ્યાસ કરવાનો નિશ્ચય કર્યો. સાથે સાથે રૉમની વિદ્યાપીઠમાં તેમણે તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થિની તરીકે પ્રવેશ મેળવ્યો અને પ્રાયોગિક માનસશાસ્ત્રનો વિષય તેમણે ખાસ વિષય તરીકે લીધો. તેમણે બાલમાનસશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કર્યો અને છેવટે તેમણે કેળવણી માનવવંશશાસ્ત્રમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી.

તેમણે હવે જૂની – પુરાણી શાળાઓ જોવાનું અને તેની સડી ગયેલી પદ્ધતિનો સંપૂર્ણ ખ્યાલ લેવાનું કામ આદર્યું. તેમણે ખૂબ વાંચ્યું અને ખૂબ વિચાર્યું, પ્રચલિત શાળાઓના દોષોમાંથી બાળકોને કેમ મુક્ત કરવાં તેના વિચારો તેમણે પૂર્ણ શાંતિથી કર્યા. આજ અરસામાં ઈટલીમાં ગરીબો માટે કંઈક કરવા માટે યોગ્ય વ્યક્તિની શોધમાં ફરતા ઈટલીના

એક વગદાર, બુદ્ધિશાળી અને દેશાભિમાની રોમન સાઈનોર એડોએર્ડો ટાલમોના કાને ડૉ. મૉન્ટેસરીની પ્રવૃત્તિઓની ખબર પડી. તેમણે ડૉ. મૉન્ટેસરીનો સંપર્ક કર્યો. પ્રશ્ન રજૂ કર્યા. ગરીબ ઘરનાં બાળકોની દેખરેખનું કામ હતું. ડૉ. મૉન્ટેસરી માટે ગમતું કામ હતું. તરત જ તેમણે આ કાર્ય માટે રાજ્યની નોકરી છોડી આ કાર્યની શરૂઆત કરી. જેને પરિણામે ઈ.સ. 1907ના જાન્યુઆરી માસમાં પહેલવહેલું બાલગૃહ ખૂલ્યું. આ વખતે લોકોનું ધ્યાન ઓછું ગયું. ડૉ. મૉન્ટેસરીએ પોતાના શિક્ષણ – વિષયક વિચારો આ ગરીબ બાળકો પર અજમાવ્યા અને એમાં તેમને સંપૂર્ણ ફતેહ મળી. બીજે વર્ષે બીજું બાલગૃહ ખૂલ્યું. આ વખતે લોકોમાં ડૉ. મૉન્ટેસરીની કીર્તિ ફેલાઈ ચૂકી હતી. આ બીજું ગૃહ ખૂલવાની ક્રિયા ધામધૂમથી થઈ. આ પ્રસંગે ડૉ. મૉન્ટેસરીએ એક સુંદર અને મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાન 'મૉન્ટેસરી પદ્ધતિ' નામના પુસ્તકમાં 'પ્રારંભિક વ્યાખ્યાન' એ મથાળાવાળા પ્રકરણમાં આવેલું છે. વીજળીને વેગે ડૉ. મૉન્ટેસરીની પદ્ધતિની ખ્યાતિ દુનિયામાં ફેલાઈ.

આજે મૉન્ટેસરીની પદ્ધતિ પ્રસિદ્ધ છે. યૂરોપ, અમેરિકા અને બીજા ઘણાખરા સુધરેલા દેશોમાં એ પદ્ધતિ ઉપર બાલમંદિરો આગળ વધી રહ્યાં છે. ભારતમાં પણ આ પદ્ધતિના ધોરણે કેટળીક શાળાઓ પ્રયોગો કરી રહી છે.

તેમનું પુસ્તક 'મૉન્ટેસરી પદ્ધતિ' અનેક ભાષામાં અનુવાદિત થયું. કેળવણીનાં ગ્રંથોમાં એ એક ઉચ્ચકોટિનો ગ્રંથ ગણાય છે.

- **મૉન્ટેસરી શાળાનું વાતાવરણ :**

મૉન્ટેસરીના મતે શાળાનું વાતાવરણ શાળાના ઉદ્દેશ ઉપર આધાર રાખે છે. મૉન્ટેસરી શાળાનો ઉદ્દેશ માણસનો અભ્યાસ કરવાનો છે. મૉન્ટેસોરના મતે...

- માણસના શાસ્ત્રીય અભ્યાસ માટે યોગ્ય અને ઉત્તમ સ્થળ એટલે શાળા.
- પ્રત્યેક ઘર જે અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરી શકે નહીં અથવા આપી શકે નહિ તે વાતાવરણ શાળાઓમાં આપવાનો પ્રબંધ થઈ શકે છે.
- બાળક મોટાભાગનો સમય શાળામાં ગાળે છે. એથી શાળાઓ બાળકોના માનસનો વિકાસ કરવાનું સ્વાભાવિક એકમ છે.
- "બાળકને પોતાના જીવન માટે ઉત્તમમાં ઉત્તમ પરિસ્થિતિની સગવડ કરી આપો અને પછી તેને સ્વતંત્ર મૂકો એટલે તેનો અભ્યાસ શક્ય થશે."
- બાળક હંમેશા પોતાનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ શોધે છે.
- આ ત્રિવિધ વિકાસની સંપૂર્ણતામાં જ કેળવણીના કાર્યની કૃતકૃત્યતા આવી જાય છે. આ ત્રિવિધ વિકાસની શક્યતા માટે અનુકૂળતા આપવાનું કામ કેળવણી સંસ્થાઓનું છે.
- શાળાનું વાતાવરણ આરોગ્ય સચવાય તેવું હોવું જોઈએ. એ પ્રકારની પ્રાથમિક સગવડો હોવી જોઈએ.
- શાળાના ઓરડાઓ વિશાળ હોવા જોઈએ.

- બાળકોને ઉપયોગમાં લેવાનું ફર્નિચર હળવું અને નાજુક હોવું જોઈએ.
- આ સાધનો (ફર્નિચર) એકંદરે સાદાં અને ઓછા ખર્ચે બની શકે તેવા હોવા જોઈએ.
- આ સાધનો કલાની દૃષ્ટિએ સુંદર હોવાં જોઈએ.
- શાળા એક પ્રયોગભૂમિ છે.
- બાળકની પ્રત્યેક સ્વતંત્ર હિલચાલ ઉદ્દેશપૂર્ણ હોવી જોઈએ. આનો ટૂંકો અર્થ એટલો જ છે કે નર્યું હલનચલનનું સ્વાતંત્ર્ય બાળકને ઉપકારક નથી. પ્રત્યેક સ્વતંત્ર હિલચાલ કોઈ પણ ઉદ્દેશને અવલંબીને કરવામાં આવેલી હોવી જોઈએ. આવી સ્વતંત્ર હિલચાલમાં બાળકનું માનસિક આરોગ્ય છે.
- શાળાનું વાતાવરણ સઘળા વિક્ષેપોથી મુક્ત રહેવું જોઈએ.
- શાળાનું વાતાવરણ હંમેશા વહાલું હોવું જોઈએ. એટલે કે તમામ નકામી ઉપાધિઓથી મુક્ત રહેવું જોઈએ. એટલું જ નહિ પણ હંમેશા નવું નવું જોઈએ. હંમેશ એક ના એક રૂપરંગ કે ઢંગથી સૌ કોઈને કંટાળો આવે છે. એટલું જ નહિ તેમાંથી સ્વાભાવિક આકર્ષણ ઊડી જાય છે.

મૉન્ટેસરી શાળાની ઘણી ખરી ફતેહનો આધાર હંમેશા યોગ્ય વાતાવરણ ઉપર અવલંબે છે તે વાત મૉન્ટેસરી શિક્ષકે કદી ભૂલવાની નથી.

- **મૉન્ટેસરી શિક્ષક :**

"આજના સમાજની અત્યંત આવશ્યક જરૂરિયાત કેળવણીની પદ્ધતિની પુર્નઘટના છે, અને જે મનુષ્ય આ કાર્ય માટે મેદાને પડે છે તે જ મનુષ્ય, મનુષ્ય ઉદ્ધાર માટે લડત કરે છે."

જે શિક્ષકના હૃદયમાં ડૉ.મૉન્ટેસરીના સમર્થ ગુરુ સર્ગીના ઉક્ત શબ્દો કોતરાઈ રહ્યા હોય તે જ શિક્ષકનો અધિકાર આવી શાળાઓમાં પગ મૂકવાનો છે.

આ શાળામાં એકલા સિદ્ધાંતો જાણનારા શિક્ષકોનું કે મૉન્ટેસરી શાળામાં વપરાતા સાહિત્યોનો પરિચય અને ઉપયોગ જાણનાર શિક્ષકનું કામ નથી. ભણવાની ટેવે ચડેલો શિક્ષક મૉન્ટેસરી શાળામાં નિષ્ફળ નીવડવાનો છે. આવી શાળાનો શિક્ષક નવી જ જાતનો માણસ જોઈએ.

- મૉન્ટેસરી શાળાનો શિક્ષક પ્રથમતઃ વિજ્ઞાનશાસ્ત્રી હોવો જોઈએ.
- પોતાના સઘળા જૂના વિચારો અને આચારોને તિલાંજલી આપી નવીન શરૂઆત કરનાર હોવો જોઈએ.
- શિક્ષકની તૈયારીમાં મુખ્યતઃ વૈજ્ઞાનિક દૃષ્ટિવૃદ્ધિની આવશ્યકતા છે.
- શિક્ષકને કુદરતના અવલોકનનો ભારે રસ હોવો જોઈએ.
- શિક્ષક જડ કંપોઝીટર ન હોવો જોઈએ.
- જ્યારે શિક્ષક જે જોશે તેમાં તલ્લીન થઈ જશે ત્યારે શિક્ષકમાં નવું જીવન, નવું ચેતન જાગશે.
- શિક્ષક ધીરજવાન હોવો જોઈએ.

- શિક્ષક નમ્ર હોવો જોઈએ.
- શિક્ષક બાળકના ભીતરી સત્યને પારખનાર હોવો જોઈએ.
- શિક્ષકે પોતાની સઘળી ભ્રમણાઓને તિલાંજલી આપી શાસ્ત્રીય દૃષ્ટિ વિકસાવવી જોઈએ.
- શિક્ષક અનેકવિધ જ્ઞાનથી સજ્જ હોવો જોઈએ
- શિક્ષકનું ક્ષેત્ર વૈજ્ઞાનિક કરતાં વધારે વિશાળ અને વધારે ભવ્ય છે. શિક્ષકનું કામ તો માણસના આંતરજીવનને અવલોકનનું છે.
- જ્યારે શિક્ષકમાં અવલોકનના કાર્યમાં ગંભીર સાત્વિક આનંદ અને તન્મયતા પ્રગટશે ત્યારે શિક્ષણદેવી પોતાને જ હાથે તેને દીક્ષા આપશે. આમ તે મનુષ્ય 'શિક્ષક' થવાને યોગ્ય થશે.

શિક્ષકની યોગ્યતાનો નિર્દેશ કરતાં ડૉ. મૉન્ટેસરી કહે છે કે "શિક્ષકની વાચાળતા કરતાં તેનું મૌન વધારે કામનું છે. શિક્ષકે શીખવવા કરતા બાળકોનું અવલોકન કરવું જરૂરી છે. પોતે ભૂલ કરે જ નહિ તેવું અભિમાન રાખવા કરતાં નમ્રતાથી પોતાની ભૂલો શોધવી અને સ્વીકારવી એ શિક્ષકનું કર્તવ્ય છે."

- **ડૉ.મૉન્ટેસરીના મતે શિક્ષણપદ્ધતિ :**
  - ડૉ.મૉન્ટેસરી પ્રયોગાત્મક પદ્ધતિને વધુ પ્રાધાન્ય આપે છે. પ્રયોગનો ઉદ્દેશ સાક્ષાત્ શિક્ષણ આપવાનો હોવા કરતાં શિક્ષણ આપવાની પદ્ધતિની શોધ કરવાનો છે.

    પ્રત્યેક શિક્ષક અવલોકન કરવાનો અધિકારી નથી તેમ પ્રત્યેક શિક્ષક પ્રયોગ કરવાનો અધિકારી નથી. જે શિક્ષક માનસશાસ્ત્રીની પ્રયોગ કરવાની પદ્ધતિથી વાકેફ છે તે જ શિક્ષક પાઠ આપવાનું કામ સારી રીતે કરી શકે છે. બેશક આ ઉપરાંત શિક્ષકમાં ખુદ મૉન્ટેસરી પદ્ધતિના સિદ્ધાંતોનું અને તેનો અમલ કેવી રીતે થઈ શકે. તેનું જ્ઞાન તો હોવું જ જોઈએ. આ માટે બાલગૃહોમાં રહીને તેણે પદ્ધતિનો યથાર્થ અભ્યાસ કરેલો હોવો જોઈએ.

ડૉ.મૉન્ટેસરી ભણાવવા અંગે માને છે કે...

- ભણાવવામાં, વ્યક્તિગત પાઠ આપવામાં ઋજુતા હોવી જોઈએ. આપણે પૂરેપૂરી કાળજીથી આપણી વાણીમાંથી વધારેપડતા શબ્દો વીણી કાઢીએ અને માત્ર જરૂરી શબ્દોનો ઉપયોગ કરીએ તો અધ્યયનનું કામ ઘણું જ સરળ થાય છે. અધ્યયનમાં સરળતા હોવી જોઈએ.
- શિક્ષકે શબ્દોને તોલી તોલીને અને માપી માપીને જ કાઢવાના છે. શબ્દ સામર્થ્યની જરૂર છે, શબ્દવિલાસની જરૂર નથી. શબ્દવિલાસ કેવળ આડંબર અને નિરંકુશતા છે.
- અધ્યયનની વાણી આડંબર રહિત અને અત્યંત નિર્મળ હોવી જોઈએ.

- મૉન્ટેસરી શિક્ષણપદ્ધતિ શિક્ષકને મૌનનો પાઠ પઢાવે છે.
- સત્યપૂર્ણ અને છતાં ટૂંકી અને ટચ વાણી જ મૉન્ટેસરી શિક્ષણમાં ભૂષણરૂપ છે.
- શિક્ષકે છળપ્રધાન અને શંકાયુક્ત વાણીથી સદૈવ દૂર રહેવું જોઈએ.
- શિક્ષક પડદા પાછળ રહે તે આવકાર્ય છે.
- અવલોકન પદ્ધતિ મહત્ત્વની છે. શિક્ષકે પડદા પાછળ રહીને અધ્યયનની સાથે અવલોકનથી થતા અનુભવોને આધારે જ પ્રયોગ કરવાના છે.
- અધ્યયનમાં કૃત્રિમ પ્રયાસ ન ચાલે. બાલ સ્વાતંત્ર્ય તો ધ્યાનમાં રાખવાનું જ છે.
- જીવનને બાળકના વિકાસ અર્થે, ખિલવણી માટે છૂટું મૂકી તેને માત્ર પ્રેરણા આપવાનું કામ કેળવણીકારનું છે. આ નાજુક કામ અદ્ધભૂત અધ્યયન કૌશલ્યથી થવું જોઈએ. આ કૌશલ્ય વૈજ્ઞાનિક કાર્યપદ્ધતિ રહિત ન હોય.

s

# એકમ–2 શિક્ષણ, રાજકારણ અને સમાજ

2.1 પ્રસ્તાવના

2.2 ઉદ્દેશો

2.3 વિદેશી સત્તા દરમિયાન શિક્ષણની અગત્યની લાક્ષણિક્તાઓ

- 2.3.1 પ્રાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા
- 2.3.2 મધ્યયુગની શિક્ષણ વ્યવસ્થા
- 2.3.3 અર્વાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા
- 2.3.4 રાષ્ટ્રીય આંદોલન અને શિક્ષણનો તબક્કો

2.4 ભારતીય આધુનિક શિક્ષણ

- 2.4.1 રાષ્ટ્રીય શિક્ષણનીતિની લાક્ષણિક્તાઓ
- 2.4.2 રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
- 2.4.3 રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન અને વહીવટ સંસ્થાન
- 2.4.4 રાષ્ટ્રીય શિક્ષકે–પ્રશિક્ષણ પરિષદ
- 2.4.5 ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
- 2.4.6 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
- 2.4.7 તાલુકા સંસાધન કેન્દ્ર
- 2.4.8 જૂથ સંસાધન કેન્દ્ર

2.5 વર્ગ, જાતિ અને ધર્મની દ્રષ્ટિએ સત્તા પેદા કરવામાં અને નજીવા પડકારો માટે શિક્ષણની ભૂમિકા

- 2.5.1 બિનસાંપ્રદાયિક્તાનો અર્થ
- 2.5.2 બિનસાંપ્રદાયિક્તાના શિક્ષણનું મહત્વ
- 2.5.3 સહઅભ્યાસ પ્રવૃત્તિઓ

2.6 શિક્ષણનું રાજકીય સ્વરૂપ

2.7 શિક્ષણ અને સમાજ

2.8 સમગ્ર એકમનો સારાંશ

2.9 સ્વાધ્યાય

2.10 સંદર્ભ સાહિત્ય

# એકમ 2

# શિક્ષણ, રાજકારણ અને સમાજ

## 2.1 પ્રસ્તાવના :

વિનોબાજીની દ્રષ્ટિએ શિક્ષણ એટલે યોગ ઉદ્યોગ અને સહયોગની કેળવણી. શિક્ષણ દ્વારા સાક્ષરતા જ નહિ, જીવનની સાર્થકતા સાધવી છે. માણસના સર્વ ગુણોનો વિકાસ કરવો છે. મૂલ્યો બદલીને સમાજને બદલવો છે. સહુને ઉદ્યોગશીલ અને વિચારશીલ બનાવવા છે.

એટલું જરૂર કહી શકાય કે, આખરે કેળવણી એક સામાજિક પ્રક્રિયા છે અને તેથી શિક્ષણ સામાજિક સમન્વયની ક્રિયા છે. જે ઘણા ઘટકો અને અંગો પર આધારિત છે. શિક્ષણની પ્રક્રિયામાં મનુષ્યોનાં પરસ્પરના વ્યવહાર સામાજિક તફાવતો અને વ્યક્તિગત તફાવતો મહત્ત્વના પરિબળો છે. શિક્ષણની બાબતમાં રાજકીય સત્તાની વિવિધ વહેંચણી રાજકીય સિદ્ધાંતોનું પ્રતિબિંબ ઝીલે છે. કેળવણી વિષયક નીતિ ઘડવાનો અધિકાર શાસક પક્ષનો છે. અંતમાં એટલું નોંધવું જરૂરી છે કે, શિક્ષણને રાજકારણથી અલિપ્ત ન રાખી શકાય. કેમ કે, 'શિક્ષણ' એ રાજ્યનો વિષય છે.

## 2.2 ઉદ્દેશો :

- પ્રશિક્ષણાર્થી ભારતીય આધુનિક શિક્ષણનો પરિચય કેળવશે.
- રાજકીય પરિવર્તનની શિક્ષણ પર થતી અસર સમજે.
- 'શિક્ષક અને સમાજ બંને એકબીજાને પૂરક છે.' આ ખ્યાલને સમજે.

## 2.3 વિદેશી સત્તા દરમિયાન શિક્ષણની અગત્યની લાક્ષણિકતાઓ :

હવે આપણે ભારતની શિક્ષણ વ્યવસ્થાના પરિપ્રેક્ષ્યમાં આ મુદ્દાને સમજવા પ્રયાસ કરીએ.

**ભારત શિક્ષણ વ્યવસ્થાની ઐતિહાસિક ભૂમિકા**

ભારતની શિક્ષણ વ્યવસ્થાને ચાર ભાગમાં વહેંચી શકાય :

2.3.1 પ્રાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા

2.3.2 મધ્યયુગની શિક્ષણ વ્યવસ્થા

2.3.3 અર્વાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા

2.3.4 રાષ્ટ્રીય આંદોલન અને શિક્ષણનો તબક્કો.

આ ચારેય શિક્ષણ વ્યવસ્થાને આપણે ક્રમશ: સમજીએ :

### 2.3.1 પ્રાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા :

પ્રાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થાને ચાર વિભાગમાં સમજી શકાય. જેવાં કે વૈદિકકાળ, ઉપનિષદકાળ, ધર્મશાસ્ત્રનો કાળ અને પૌરાણિક કાળ. પ્રાચીન ભારતની શિક્ષણ પ્રણાલીના આ ચારેય કાળમાં શિક્ષણના મુખ્ય ધ્યેય આ મુજબ હતા : ચારિત્ર્ય

ઘડતર, વ્યક્તિત્વ વિકાસ, સંસ્કૃતિ અને સંસ્કારોનું સંરક્ષણ, સંવર્ધન અને સિંચન, નાગરિકતા અને સામાજિક કર્તવ્યોની ભાવનાનો વિકાસ, સામાજિક કૌશલ્યોનો વિકાસ ઘણા સૈકાઓ સુધી ચાલેલી આ શિક્ષણ પ્રણાલી આ બધા ધ્યેયો સૂપેરે સિદ્ધ કરી શકી હતી. તેને કારણે ધર્મભાવના અને નૈતિક જીવનનું સિંચન તથા પ્રસરણ થયું અને પ્રામાણિકતા વધતી. આ પ્રણાલીએ જનજીવનના સ્વતંત્ર માનસ, વિચારશક્તિ અને સર્જનાત્મક બુદ્ધિ વિકસાવ્યા હતા.

### 2.3.2 મધ્યયુગની શિક્ષણ વ્યવસ્થા :

મધ્યયુગની શિક્ષણ વ્યવસ્થાને મુખ્ય ત્રણ તબક્કામાં સમજી શકાય : બૌદ્ધકાલીન, મુસ્લિમકાલીન શિક્ષણ અને હિન્દુ શિક્ષણની વ્યવસ્થા. સાતમી સદીના અંતથી લગભગ ચૌદમી સદીના અંત સુધી જીવંત રહેલી આ શિક્ષણ વ્યવસ્થામાં મુખ્યત્વે બૌદ્ધ, મુસ્લિમ અને હિન્દુ શિક્ષણના ધ્યેયો પ્રચલિત રહ્યા. બારમી તેરમી સદી સુધીમાં બૌદ્ધ શિક્ષણ વ્યવસ્થા સંપૂર્ણ રીતે નાશ પામી હતી. બૌદ્ધ વિહારો અને મઠો તથા વિશ્વવિદ્યાલયના નામોનિશાન રહ્યા ન હતા. હિન્દુ શિક્ષણ કેન્દ્રો સ્થપાયા હતા અને સંસ્કૃતના વિશાળ વિદ્યાલયોની સ્થાપના થઈ હતી, તે આજે પણ મોજૂદ છે.

### 2.3.3 અર્વાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા :

અર્વાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા 1948થી શરૂ થઈ ગણાય. વાસ્કોદા–ગામાના ભારત પ્રવેશ પછી પોર્ટુગીઝ, ડચ, ફ્રેંચ, અંગ્રેજો ભારતમાં વેપાર અર્થે આવ્યા, પણ ધીમે ધીમે રાજ્યસત્તા સ્થાપવા લાગ્યા. તેમના પગલે મિશનરી સંસ્થાઓ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા આવી. અનેક દસ્તાવેજો, લેખપત્રો, યોજનાઓમાં રજૂ થયેલા મંતવ્યોને આધારે 1785થી 1854ના ગાળા દરમિયાન અંગ્રેજોની શિક્ષણ વ્યવસ્થાના મંડાણ કહી શકાય. ઈ. સ. 1854માં વુડના ખરીતાથી વર્તમાન શિક્ષણપ્રથાના શ્રીગણેશ મંડાયા. વુડના ખરીતાએ શિક્ષણના સુરેખ અને સ્પષ્ટ પાસા ઉપસાવ્યાં. ત્યાર પછી હંટર પંચ જેવા અનેક પંચોની નિમણૂંક થઈ શિક્ષણમાં વિસ્તરણને બદલે ગુણવત્તા માટે આગ્રહ રખાયો. બ્રિટિશ સરકારે શિક્ષણની જવાબદારી સ્વીકારી. ધંધાકીય અને ટેક્નિકલ શિક્ષણનો વિકાસ પછાત વર્ગ અને મહિલાઓની કેળવણી, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ કક્ષાએ. બોધ ભાષા તરીકે અંગ્રેજી વગેરે જેવા મુદ્દાઓને શિક્ષણ પ્રણાલીમાં સ્થાન મળ્યું. ઈ. સ. 1902માં ભારતીય વિશ્વવિદ્યાલય પંચની રચના થઈ, જેણે યુનિવર્સિટી શિક્ષણની ઉન્નતિ માટે સૂચનો કર્યા.

### 2.3.4 રાષ્ટ્રીય આંદોલન અને શિક્ષણનો તબક્કો :

રાષ્ટ્રીય આંદોલન અને શિક્ષણનો તબક્કો ભારતમાં બૌદ્ધિક જાગૃતિનો તબક્કો રહ્યો. ઈ. સ. 1885માં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના થઈ. રાષ્ટ્રીય અસ્મિતાના

ઉત્થાનની શરૂઆત થઈ, પણ અંગ્રેજોએ તેને કચડી નાખવાનો પ્રયત્ન કર્યો. ઈ. સ. 1905માં સ્વદેશી આંદોલન શરૂ થયું. પ્રજાજનોએ સરકારી નોકરીઓ, માન વગેરેનો બહિષ્કાર કર્યો. રાષ્ટ્રીય શાળાઓ, કૉલેજો ખોલવાનો પ્રયત્ન સફળ રહ્યો. ઈ. સ. 1921થી 1937 દરમિયાન પ્રાંતોએ પોતપોતાની વિશિષ્ટ શૈક્ષણિક જાતિ અને કેળવણીના પોતાના કાર્યક્રમો હાથ ધર્યા. ઈ. સ. 1937થી 1947 દરમિયાન ભારતમાં સરકારનો પ્રાંતીય સ્વાયત્તાનો ધારો પસાર થયો. વિશેષમાં ઈ. સ. 1937માં ગાંધીજીએ અખિલ ભારતીય રાષ્ટ્રીય શિક્ષણ સંમેલન યોજ્યું. આ સંમેલનમાં બુનિયાદી શિક્ષણના આધારસમા ઠરાવો પસાર થયા.

## 2.4 ભારતીય આધુનિક શિક્ષણ :

19મી સદીના અંતમાં ભારતીય શિક્ષણમાં પરિવર્તનની શરૂઆત થઈ. જેના અનુસંધાને કેળવણીકારો અને રાજપુરુષોએ દેશની લોકશાહી શાસન વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આમુલ પરિવર્તન લાવવાનું કાર્ય કર્યું છે. જેથી કેળવણીના માધ્યમ દ્વારા પ્રજા સુસ્વરાજ્યના મીઠાફળ પ્રાપ્ત કરી શકે. આ ઉપરાંત, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનાને ચરિતાર્થ કરી શકે. જેથી વિશ્વના એક લોકશાહી દેશ તરીકે, અન્ય વિકસિત રાષ્ટ્ર તરીકે કદમ મિલાવી શકે.

ઈ. સ. 1947માં સ્વાતંત્ર્યની પ્રાપ્તિ પછી શિક્ષણને ભારતીય સ્વરૂપ આપવા અને ઉચ્ચ શિક્ષણમાં જરૂરી સુધારણા કરવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના અધ્યપક્ષપણા હેઠળ યુનિવર્સિટી શિક્ષણ પંચ 1948–49ની રચના કરવામાં આવી. આ પંચે ઉચ્ચ શિક્ષણની સુધારણા માટે જરૂરી ભલામણો કરી. જેમાં ઉચ્ચ શિક્ષણમાં પ્રાયોગિક ધોરણે ભારતીય ભાષાઓનો ઉપયોગ, પરીક્ષા સુધારણા વગેરે મહત્ત્વની ભલામણો ગણી શકાય.

મધ્યકાલીન શિક્ષણની સુધારણા હેતુથી 23 સપ્ટેમ્બર, 1952માં મદ્રાસ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. લક્ષ્મણસ્વામી મુદલિયારના અધ્યક્ષપણા હેઠળ માધ્યમિક શિક્ષણ પંચની નિયુક્તિ કરવામાં આવી. આ પંચે માધ્યમિક શિક્ષણના હેતુઓ સ્પષ્ટ કર્યા, માધ્યમિક શિક્ષણને જીવનોપયોગી બનાવવાનું સૂચવ્યું. પંચે વિવિધલક્ષી વિદ્યાલયો (Multipurpose School) સ્થાપવાની ભલામણ કરી. આ ભલામણો અન્વયે દેશની કેટલીક માધ્યમિક શાળાઓ વિવિધલક્ષી શાળાઓમાં પરિવર્તિત થઈ, પરંતુ આ યોજનાને અપેક્ષા મુજબ સફળતા ન મળતા કોઠારી શિક્ષણ પંચે તે બંધ કરવા ભલામણો કરી.

આ પછી 14 જુલાઈ, 1964ના રોજ ભારત સરકારે ડૉ. ડી. એસ. કોઠારીના અધ્યક્ષપદે રાષ્ટ્રીય શિક્ષણ પંચ(1964–66)ની નિયુક્તિ કરી. આ પંચ કોઠારી શિક્ષણ પંચના નામે પણ ઓળખાય છે. આ પંચે તમામ પ્રકારના શિક્ષણનો તલસ્પર્શી અભ્યાસ કરી, વિવિધ પ્રકારના શિક્ષણની સુધારણા માટે વિગતે ભલામણો કરી. આ પંચની ભલામણો અનુસાર સમગ્ર દેશમાં શિક્ષણના સમાન માળખાંનો એટલે કે 10 + 2 + 3ની નવી તરેહનો સ્વીકાર થયો. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનો તબક્કો અમલી બન્યો. જોકે ધોરણ 10 પછી + 2 સ્તરે વ્યાવસાયિક

શિક્ષણના વિચારને ધાર્યા મુજબની સફળતા મળી નથી. ઉચ્ચ શિક્ષણ ઉપરનું ભારણ પ્રતિવર્ષ વધતું ચાલ્યું છે.

આ બધા પ્રયાસો છતાં શિક્ષણમાં અપેક્ષા મુજબ પ્રગતિ થઈ શકી નહિ. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણનું ધ્યેય હાંસલ થઈ શક્યું નહિ. માધ્યમિક શિક્ષણના વ્યાવસાયિકરણના પ્રયાસો નિષ્ફળ ગયા. ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા નીચે ઊતરતી ગઈ. આ બધી બાબતોને ધ્યાનમાં લઈ, ઈ. સ. 1986માં શિક્ષણની રાષ્ટ્રીય નીતિ(NEP - 86)ની ઘોષણા થઈ. રાષ્ટ્રીય શિક્ષણનીતિ દ્વારા રાષ્ટ્રીય અભ્યાક્રમનું માળખું પ્રત્યેક તબક્કે લઘુત્તમ અધ્યયનનીપજ, અધ્યેતાકેન્દ્રી અભ્યાસક્રમો, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન, નવોદય વિદ્યાલયો અંગે ભલામણો કરવામાં આવી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986ની ભલામણોની સમીક્ષા કરવા 7 મે, 1990ના રોજ આચાર્ય રામમૂર્તિના અધ્યક્ષપદે એક સમિતિ નીમવામાં આવી. આ સમિતિએ એનપીઈ–86ના સફળ અમલીકરણ માટે શિક્ષકોની ક્ષમતા વિકસાવવા પર ભાર મૂક્યો. આ સમિતિની મહત્ત્વની ભલામણોના આધારે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, કૉલેજ ઑફ ટીચર ઍજ્યુકેશન, ઈન્સ્ટિટ્યુટ ઑફ ઍડવાન્સ સ્ટડીઝ ઇન ઍજ્યુકેશનની સ્થાપના થઈ.

### 2.4.1 રાષ્ટ્રીય શિક્ષણનીતિની લાક્ષણિકતાઓ :

ઑગસ્ટ 1986માં શિક્ષણ મંત્રાલય દ્વારા ‘શિક્ષણનો પડકાર નીતિ પરિપેક્ષ્ય’ પુસ્તિકા બહાર પાડવામાં આવી. આ પુસ્તિકાને આધારે રાષ્ટ્રીય શિક્ષણનીતિના મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે.

(1) જ્ઞાતિ, જાતિ, પ્રાદેશિક્તા કે લિંગના ભેદભાવ વિના નક્કી કરેલા સ્તરે તમામ વિદ્યાર્થીઓને સમાન ગુણવત્તાવાળું શિક્ષણ.

(2) પ્રત્યેક શિક્ષણની સમાન તક જ નહિ, પરંતુ શિક્ષણમાં સફળતા પ્રાપ્તિની પરિસ્થિતિનું નિર્માણ.

(3) 10 + 2 + 3ના શિક્ષણનું સમાન માળખું.

(4) અન્ય સ્થિતિસ્થાપક વિભાગો સાથે સર્વસામાન્ય હાર્દરૂપે તત્ત્વો ધરાવતું રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું.

(5) શિક્ષણના દરેક તબક્કે અધ્યયનના નિમ્નસ્તરની નિશ્ચિતતા.

(6) દેશના વિભિન્ન ભાગોમાં વસતા લોકોની વિભિન્ન સંસ્કૃતિ અને જીવન વિશે સમજની કેળવણી.

(7) વ્યાવસાયિક જગત અને સાહસિક્તાના વિકાસ માટે કડીરૂપ બનવું.

(8) વિવિધ સાધનો, માધ્યમો, ઉપકરણો દ્વારા આજીવન અભ્યાસ અને તાલીમ માટે જિજ્ઞાસા ઉભી કરવી.

(9) રાષ્ટ્રીય પદ્ધતિના શિક્ષણ માટે રાષ્ટ્રીય સંસ્થાઓને મુખ્ય અને અગત્યનો ભાગ ભજવવા માટે પગભર કરવી.

ઉપરોક્ત લક્ષણોવાળી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986, શિક્ષણના માધ્યમ દ્વારા રાષ્ટ્રને વિકાસ, પ્રગતિ અને ઉન્નતિના પંથે લઈ જવાની અપેક્ષા રાખે છે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં બે બાબતો પર ભાર મૂકવામાં આવ્યો છે :**

(A) 6 વર્ષથી ઉપરના બધા જ બાળકોનો શાળાપ્રવેશ અને 14 વર્ષની ઉંમર સુધી તેમનું શાળામાં સ્થાયીકરણ (શિક્ષણનું સાર્વત્રિકીકરણ)

(B) શિક્ષણની ગુણવત્તામાં સુધારણા કે જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

- (i) વિષયવસ્તુ અને શિક્ષણપદ્ધતિમાં સુધારો
- (ii) શાળા મકાન અને જરૂરી સગવડોની વ્યવસ્થા
- (iii) શિક્ષકોની પૂરતી સંખ્યા
- (iv) શિક્ષણ – પ્રશિક્ષણનાં વ્યવહારુ કાર્યક્રમોનું આયોજન
- (v) દરેક તબક્કે લઘુતમ શૈક્ષણિક સ્તરની જોગવાઈ

શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે રાષ્ટ્રીય કક્ષાએથી શરૂ કરીને રાજ્ય, જિલ્લા, તાલુકા, કલસ્ટર અને ગ્રામ્ય કક્ષા સુધીનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં તમને કઈ બાબત મહત્ત્વની લાગે છે ?

### 2.4.2 રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT – National Council for Educational Research and Training)

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ એ પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીની તાલીમ અને શિક્ષણક્ષેત્રને લગતા સંશોધનો કરતી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા છે. આ સંસ્થાની સ્થાપના 1 સપ્ટેમ્બર, 1961ના રોજ થઈ. આ સંસ્થાનો મુખ્ય હેતુ સેવાકાલીન શિક્ષણ પ્રશિક્ષણના ખ્યાલનો વેગ આપવો અને શિક્ષણની સુધારણાનો છે. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના વિદ્યાકીય સલાહકાર તરીકે કાર્ય કરે છે. કેન્દ્ર સરકારનો શિક્ષણ વિભાગ શાળા શિક્ષણ સંબંધિત નીતિ અને કાર્યક્રમો ઘડવામાં તથા અમલ કરવામાં તેની મદદ લે છે. આ સંસ્થામાં લાંબાગાળાની નિવાસી તાલીમો ઉપરાંત તાલીમના અનુસંધાનમાં સંશોધનકાર્ય થાય છે. વિદ્યાર્થી, સમાજ અને બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, પ્રાથમિક કક્ષાથી શાળા અભ્યાસક્રમોનું સંવર્ધન કરવાનું કાર્ય કરે છે. આ ઉપરાંત જરૂર પડ્યે તેમાં આમુલ પરિવર્તન કરવાનું કાર્ય કરે છે. આ માટે તે પ્રાયોગિક ધોરણે અભ્યાસ હાથ ધરી, દેશના જુદા જુદા રાજ્યો માટે વિવિધ વિષયોના અભ્યાસક્રમો ઘડે છે.

સમગ્ર દેશમાં ક્ષેત્રીય તાલીમી કૉલેજોનું સંચાલન કરી, તાલીમી કાર્યક્રમોનું આયોજન, અભ્યાસક્રમ, રચના અને સંશોધનનું કાર્ય કરે છે. ક્ષેત્રીય કૉલેજો ચાર છે. (A) ભોપાલ (મધ્યપ્રદેશ) (B) અજમેર (રાજસ્થાન) (C) મૈસૂર (કર્ણાટક) (D) ભુવનેશ્વર (ઓરિસ્સા)

### 2.4.3 રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન અને વહીવટ સંસ્થાન :

**(National University of Educational Planning and Administration - NUEPA)**

આ સંસ્થા રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા છે. આ સંસ્થા મૂળભૂત રીતે તમામ સ્તરની શૈક્ષણિક તાલીમ આપવાનું કાર્ય કરે છે. મોટેભાગે શૈક્ષણિક આયોજન અને વહીવટ ઉપર વધુ ભાર મૂકે છે. આ માટે તે દેશભરનાં શિક્ષકો, અધ્યાપકો અને વહીવટકારો માટે તાલીમ કાર્યક્રમો અને કાર્યશિબિરોનું આયોજન કરે છે. આ સંસ્થા રાજ્યોના તજજ્ઞોને શૈક્ષણિક આયોજન અને વહીવટી તાલીમ આપે છે. આ સંસ્થાને મુખ્યત્વે શાળાશિક્ષણની સમસ્યા પરના સંશોધનો સાથે સંબંધ છે. આ માટે તેમાં શિક્ષણ પ્રશિક્ષણ જેવો વિભાગ ચલાવવામાં આવે છે.

### 2.4.4 રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ : (National Council for Teacher Education)

રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ પણ રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા છે. આ સંસ્થા દેશના વિવિધ રાજ્યોમાં આવેલી પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીની પૂર્વ સેવા કાલીન શિક્ષણ પ્રશિક્ષણનું કાર્ય કરતી સંસ્થાઓનું રજિસ્ટ્રેશન કરવાનું કાર્ય કરે છે. ગુજરાત દેશના પશ્ચિમ વિભાગમાં આવેલું છે. આથી તેનું પશ્ચિમ ઝોન માટેનું રાષ્ટ્રીય શિક્ષણ પ્રશિક્ષણ પરિષદનું ક્ષેત્રીય કેન્દ્ર ભોપાલ (મધ્યપ્રદેશ) ખાતે આવેલું છે. ગુજરાતમાં પૂર્વ સેવા કાલીન શિક્ષણ પ્રશિક્ષણનો તમામ કાર્યક્રમ તેના માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ ચાલે છે.

આ સંસ્થા પૂર્વ પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓને માન્યતા આપવાનું કાર્ય કરે છે. આ માટે વિવિધ કક્ષાની શિક્ષણ પ્રશિક્ષણની સંસ્થાઓને માન્યતા આપવા માટેના કેટલાક ધારા ધોરણો નક્કી કરે છે. વિવિધ કક્ષાની શિક્ષક – પ્રશિક્ષણની સંસ્થાઓને માન્યતા આપવા માટે જે – તે સંસ્થાઓની તજ્ જ્ઞ કમિટી દ્ધારા ચકાસણી કરાવે છે. આ ઉપરાંત માન્યતા પ્રાપ્ત શિક્ષણ પ્રશિક્ષણની સંસ્થાઓની વખોતવખત તજ્ જ્ઞ કમિટી દ્ધારા ચકાસણી પણ કરાવે છે. જે સંસ્થા તેના માટે નિયત કરેલા ધારા ધોરણોનું પાલન ન કરતી હોય, તેની માન્યતા રદ પણ કરે છે.

રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદે માધ્યમિક શિક્ષકો માટેના પૂર્વ સેવાકાલીન શિક્ષણ પ્રશિક્ષણ (બી.એડ) કાર્યક્રમને સમગ્ર દેશની તમામ યુનિવર્સિટીમાં એકસમાન બનાવવા પ્રયાસ શરૂ કર્યા છે.

### 2.4.5 ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ :

**(Gujarat Council for Educational Research and Training – (GCERT)**

દેશના દરેક રાજ્યમાં એન.સી.ઈ.આર.ટી.નાં રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોને મૂર્તિમંત કરવા માટે રાજ્યમાં શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સ્થાપવામાં આવી છે. ગુજરાતમાં તે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના નામે ઓળખાય છે. તેની રચના 1988માં કરવામાં આવી.

ઈ. સ. 1963–64માં દરેક રાજ્યમાં શિક્ષણ ભવન(State Institute of Education– SIE)ની સ્થાપના થઈ. આ સંસ્થા પ્રાથમિક સુધારણાના કાર્ય અંગે સતત કાર્યશીલ રહી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986ના સંદર્ભમાં દરેક રાજ્યમાં શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સ્થાપવાનું નક્કી થતા રાજ્ય શિક્ષણ ભવનને રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદમાં પરિવર્તિત કરવામાં આવ્યું. હવે તેમાં પ્રાથમિક શિક્ષણ ઉપરાંત માધ્યમિક શિક્ષણનો પણ સમાવેશ કરવામાં આવ્યો. જી.સી.ઈ.આર.ટી. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના રાજ્ય કક્ષાના સુધારણા અને ગુણવત્તાના કાર્યક્રમોને જિલ્લા કક્ષાએ પહોંચાડી શિક્ષકોની શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક સજ્જતા વધારવાનું કાર્ય કરે છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પોતાની કામગીરી નીચેના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને કરે છે :

(i) શિક્ષણના પ્રાથમિક અને માધ્યમિક સ્તરે ગુણાત્મક સુધારણા માટે કાર્યક્રમો હાથ ધરવા.

(ii) રાજ્યની પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિનો અમલ થાય તે માટે શાળાક્ષેત્રે શૈક્ષણિક તાલીમ કાર્યક્રમો યોજવા.

(iii) શિક્ષણમાં નવું પરિવર્તન લાવવા સતત પ્રયત્નશીલ રહેવું.

(iv) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા અને જાગૃતતા વધે તે માટે પૂર્વ સેવાકાલીન શિક્ષણ પ્રશિક્ષણ અને સેવા કાલીન શિક્ષક પ્રશિક્ષણના કાર્યક્રમોની સુધારણા હાથ ધરવી.

(v) રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષકોની પ્રશિક્ષણની જવાબદારી નિભાવતા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોને તે કામગીરી વિશાળ ફલક પર બજાવવા જરૂરી પ્રેરણા અને માર્ગદર્શન પુરુ પાડવું.

**તમારી પ્રગતિ ચકાસો :**

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં જી. સી. ઈ. આર. ટી.ની ભૂમિકા તમે કઈ દ્રષ્ટિએ મૂલવો છો ?

### 2.4.6 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન :

**(District Institute of Education and Training – D.I.E.T)**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન એ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 અન્વયે દેશમાં પ્રાથમિક શિક્ષણના વિકાસ અને ગુણવત્તા સુધારણા કાર્યક્રમ અનુસાર રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના નિયંત્રણ હેઠળ રાજ્યનાં દરેક જિલ્લામાં જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણના વિકાસ અને ગુણવત્તા સુધારણા અંગે કામગીરી બજાવતી સંસ્થા છે. ગુજરાત રાજ્યના દરેક જિલ્લામાં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના નિયંત્રણ હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો શરૂ કરવામાં આવ્યા છે. આ ભવનો જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણના વિકાસ અને ગુણવત્તા સુધારણા કાર્યક્રમો હાથ ધરે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પોતાની કામગીરી અસરકારક રીતે બજાવી શકે, તે માટે તેમાં નીચે જણાવેલ વિભાગો હોય છે :

(1) આયોજન અને વ્યવસ્થાપન શાખા (Planning and Management Branch - PM) આ શાખા તેનું આયોજન અને વ્યવસ્થાપન સંભાળે છે. તેની કામગીરીથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પોતાની તમામ પ્રકારની કામગીરી કુશળતાપૂર્વક કરી શકે છે.

(2) શૈક્ષણિક ટેકનોલોજી શાખા – (Educational Technology Branch ET)
આ શાખા શૈક્ષણિક ફિલ્મો, શૈક્ષણિક વીડિયો – ઑડિયો કૅસેટો, ચાર્ટસ, ચિત્રો, સ્લાઇડ, વગેરે પૂરા પાડે છે. આ ઉપરાંત, નિદર્શન સાધનોનો ઉપયોગ સમજાવે છે.

(3) જિલ્લા સંસાધન એકમ (District Resource Unit DRU)
આ એકમ જિલ્લામાં પ્રૌઢશિક્ષણ અને અશાલેય શિક્ષણ માટે સંસાધનનું કાર્ય કરે છે.

(4) કાર્યાનુભવ શાળા (Work Experience Branch WE)
શાખા આ કાર્યાનુભવને લગતી બાબતો સંભાળે છે.

(5) પાઠ્યક્રમ, સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા :
(Curriculum, Material Development and Evaluation Branch – CMDE)
આ શાખા અભ્યાસક્રમ અને સાધન–સામગ્રી નિર્માણ અને મૂલ્યાંકન અંગેની તાલીમ આપે છે. આ શાખા સ્વ–નિર્મિત અને ઓછા ખર્ચે બનાવી શકાય, એવા સાધનો અંગે શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડે છે. નવી મૂલ્યાંકન પ્રણાલી અંગે તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડે છે.

(6) સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રિય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા :
(In Service Programmers, Field Interaction and Innovative co-ordination Branch - IFIC)
આ શાખા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની ખૂબ જ મહત્ત્વની શાખા છે. આ શાખા અંતર્ગત પ્રાથમિક શિક્ષકોના પ્રાથમિક શિક્ષણને લગતી વિવિધ બાબતોના નવસંસ્કરણ કાર્યક્રમો યોજાય છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શિક્ષકોના પ્રશિક્ષણ

કાર્યક્રમો યોજવાનું કાર્ય કરે છે. નવા અભ્યાસક્રમ અને નવા પાઠ્યપુસ્તકો અંગેની શિક્ષકોની તાલીમ પણ આપે છે. પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવા માટે તજ્ જ્ઞોને તૈયાર કરવાની કામગીરી પણ આ શાખા કરે છે.

(7) પૂર્વસેવા શિક્ષક પ્રશિક્ષણ શાખા (Pre-service Teacher Education Branch PSTE)

પૂર્વ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણનું સમગ્ર કાર્ય આ શાખા સંભાળે છે. જિલ્લામાં કાર્યરત જુદી જુદી પી.ટી.સી. કૉલેજોના અધ્યાપકશ્રીઓને શૈક્ષણિક માર્ગદર્શન પૂરું પાડે છે.

### 2.4.7 તાલુકા સંસાધન કેન્દ્ર (Block Resource Center – BRC) :

તાલુકા સંસાધન કેન્દ્રને ઘટક સંસાધન કેન્દ્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. તાલુકા સંસાધન કેન્દ્રનું વડુમથક જે તે તાલુકા કક્ષાએ રાખવામાં આવેલું છે. તાલુકા સંસાધન કેન્દ્રના સંવાહક તાલુકામાં આવેલા જૂથ સંસાધન કેન્દ્રોનાં સંવાહકો સાથે સંકલનમાં રહી, અવાર–નવાર મીટિંગો યોજી, તાલુકાની દરેક શાળાના સતત સંપર્કમાં રહે છે. તાલુકા કક્ષાની તાલીમ સંબંધી, મૂલ્યાંકન સંબંધી, દૈનિક વહીવટી વગેરે બાબતો તાલુકા સંસાધન કેન્દ્ર સંભાળે છે.

તાલુકા સંસાધન કેન્દ્ર પોતાના તાલુકામાં આવેલા જૂથ સંસાધન કેન્દ્રોના સંવાહકોને માર્ગદર્શન આપે છે. તાલુકાની દરેક શાળાની માહિતી, પ્રગતિ, અહેવાલ, અનુકાર્ય વગેરેની માહિતી જૂથ સંસાધન કેન્દ્રોના સંવાહકો પાસેથી મેળવીને ડાયેટ તથા જિલ્લા પ્રોજેક્ટ કો ઑર્ડિનેટર, એસ.એસ.એ.એમ.ને પહોંચાડે છે.

દરેક તાલુકા સંસાધન કેન્દ્ર ઉપર બ્લૉક રિસોર્સ કો ઓર્ડિનેટર ફરજ બજાવે છે.

### 2.4.8 જૂથ સંસાધન કેન્દ્ર Cluster Resource Centre – CRC :

જૂથ સંસાધન કેન્દ્ર એ 8થી 10 શાળાઓ વચ્ચેનું એક શિક્ષણ સંકુલ છે. જૂથ સંસાધન કેન્દ્ર એ નિકટવર્તી પ્રાથમિક શાળાઓના ઝૂમખાંને પોતાના કાર્યક્ષેત્રમાં આવરી, કેન્દ્રમાં રહી, પ્રાથમિક શિક્ષણનો મહત્તમ વ્યાપ અને તેની ગુણવત્તા વધારવાના હેતુથી કામ કરતી એક પ્રારંભિક કક્ષાની સંસ્થા છે. પ્રાથમિક શિક્ષણ સંબંધી તમામ શૈક્ષણિક કાર્યવાહી જૂથ સંસાધન કેન્દ્ર કક્ષાએ કરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારોની પ્રાથમિક શાળાઓ વિવિધ સહેતુક અને ફળદાયી પ્રવૃત્તિઓથી ધમધમતી બને તે માટે જૂથ સંસાધન કેન્દ્ર ખૂબ જ અગત્યનું પ્રેરક તેમજ ગતિશીલ બળ છે.

જૂથ સંસાધન કેન્દ્રના સંવાહકને સી.આર.સી. કો–ઑર્ડિનેટર તરીકે ઓળખવામાં આવે છે. તેની ભૂમિકા પોતાના જૂથની શાળાઓનો પરસ્પર સંપર્ક અને આદાન પ્રદાનની છે. તે પ્રાથમિક શિક્ષણ અને વર્ગ – વ્યવહારના અદ્યતન પ્રવાહોથી પ્રાથમિક શિક્ષકોને સુપરિચિત કરવા માટે તેના અધ્યયન અધ્યાપનના તાલીમ વર્ગોનું આયોજન કરે છે. તે પ્રાથમિક શિક્ષકોની શિક્ષણ સંબંધી

મૂંઝવણો કે સમસ્યાઓનો કુનેહપૂર્વક ઉકેલ લાવવામાં સલાહ–સૂચન આપે છે અને માર્ગદર્શન પૂરું પાડે છે.

વર્તમાન સમયમાં દરેક પ્રાથમિક શાળામાં શાળા વ્યવસ્થાપન સમિતિ **(SMC)** કાર્યરત છે. આ સમિતિ શાળાના વિકાસ અને શૈક્ષણિક ગુણવત્તાની સતત દેખરેખ રાખે છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ દ્વારા સતત પ્રયાસ થઈ રહ્યો છે. મધ્યાહ્ ન ભોજન યોજના પણ ચાલે છે. પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી જેવા કાર્યક્રમો દ્વારા નામાંકન અને સાર્વત્રીકરણના પ્રયાસો થઈ રહ્યા છે. હાલ સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા સતત ગુણવત્તા સુધારણાના પ્રયાસો થઈ રહ્યા છે.

| **તમારી પ્રગતિ ચકાસો :** |
| --- |
| તમે લીધેલ સી.આર.સી. મુલાકાતની વિશેષ બાબતો વિશે નોંધ તૈયાર કરો. |

## 2.5 વર્ગ, જ્ઞાતિ, જાતિ અને ધર્મની દ્રષ્ટિએ સત્તા પેદા કરવામાં અને નજીવા પડકારો માટે શિક્ષણની ભૂમિકા :

મનુભાઈ પંચોળીનું વિધાન છે કે ‘‘શિક્ષણનું કામ માથા વાઢવાનું નહિ પરંતુ માથા ફેરવાનું છે.’’ શિક્ષણ એ એક એવી પ્રક્રિયા છે જે મનુષ્યના મસ્તિષ્કને સજ્જ અને ચેતનવંતું બનાવે છે. સારું શિક્ષણ સાચા સમાજનું નિર્માણ કરે છે. ભારત બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર હોઈ, આપણે ત્યાં શિક્ષણ વ્યવસ્થા એવી રીતે ગોઠવાયેલી છે કે જે રાષ્ટ્રીય ગૌરવ, રાષ્ટ્રપ્રેમ અને સાર્વભૌમત્વને ચરિતાર્થ કરે છે. શિક્ષણનું કામ મનને વિશાળ બનાવવાનું હોઈ સંકુચિતતમાંથી બહાર લાવી, વિશ્વ માનવ તરફ દોરી જતું હોય તે પ્રકારનું હોવું જોઈએ. શિક્ષણ **‘‘वसुधैव कुटुम्बकम्’’**”ની ભાવનાને સાકાર કરતું હોવું જોઈએ. ભારત વિવિધતામાં એકતાનું દર્શન કરાવતો દેશ છે. ગાંધીજીના ‘સર્વોદય’ વિચારને સાર્થક કરતી શિક્ષણ વ્યવસ્થા આપણે ત્યાં હોવી આવશ્યક છે.”

**‘‘बहुजनहिताय बहुजनसुखाय’’** સંકલ્પનાને ફળીભૂત કરતી શિક્ષણ વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી છે. શિક્ષણ એવી પ્રક્રિયા છે જે આપણને વ્યક્તિને જ્યાં છે ત્યાં ઉપર ઉઠાવે છે. વૈયક્તિક ભેદભાવ તથા વર્ગ, જાતિ, જ્ઞાતિ અને ધર્મના વાડામાંથી બહાર લાવવાનું કામ શિક્ષણનું છે.

પોતાના પગ ઉપર ઊભો રહે તેવું સામર્થ્ય પ્રાપ્ત કરાવે તેવા શિક્ષણની જરૂરિયાત ઊભી થઈ રહી છે. શિક્ષક વ્યક્તિને ‘માયકાઁગલો’ નહિ પરંતુ ‘બળવાન’ બનાવે તે જરૂરી છે. આપણા વિશાળ રાષ્ટ્રમાં અનેક કોમ, જાતિ, જ્ઞાતિના વ્યક્તિઓ રહે છે. તેઓ અલગ અલગ ધર્મોનું પાલન કરે છે. ભારતમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, જૈન જેવા અનેકવિધ ધર્મની જાતિઓ રહે છે. લોકોને માટે ધર્મ એ શ્રદ્ધાની બાબત છે.

### 2.5.1 બિનસાંપ્રદાયિકતાનો અર્થ :

- બિનસાંપ્રદાયિકતા એટલે ધર્મનિરપેક્ષતા.
- ધર્મનો કે ધાર્મિકતાનો અભાવ નહિ પરંતુ સર્વધર્મ આદર

- બિનસાંપ્રદાયિકતા એટલે કોઈ એક ધર્મની માન્યતાઓ કે સિદ્ધાંતોને આદર નહિ, પણ ધર્મને આદર.
- બિનસાંપ્રદાયિકતા એટલે વિવિધ ધર્મ પાળતી પ્રજાઓના સહ અસ્તિત્વનો સ્વીકાર.
- આમ, બિનસાંપ્રદાયિકતા એ બધા ધર્મના સહઅસ્તિત્વનો સ્વીકાર અને સન્માન. તે ધાર્મિક સહિષ્ણુતા છે.

  પ્રત્યેક ધર્મના ઉન્નત તત્ત્વોને આત્મસાત્ કરી માનવતાની ઉપાસના કરવી તે.

### 2.5.2 બિનસાંપ્રદાયિકતાના શિક્ષણનું મહત્ત્વ :

ભારત જેવા વિશાળ દેશમાં વિવિધ ધર્મોનું પાલન કરતી પ્રજા વસે છે શાળાઓમાં કોઈ એક જ ધર્મને નહિ પરંતુ સર્વધર્મનું બિનસાંપ્રદાયિકતા શિક્ષણ જરૂરી છે. કારણ કે ......

- ભારતે બિનસાંપ્રદાયિકતાને બંધારણીય મૂલ્ય તરીકે સ્વીકાર્યું છે, માટે દરેક ધર્મનો સ્વીકાર કરી બિનસાંપ્રદાયિક શિક્ષણ રહેવું જોઈએ.
- શાળા–મહાશાળાઓમાં ભાવાત્મક એકતા અને સ્નેહ સંબંધો જળવાઈ રહે તેવું શિક્ષણ હોવું જોઈએ.
- વિદ્યાર્થીઓમાં ભાઈચારાની ભાવના, સહિષ્ણુતા, વિશ્વાસ અને સદ્ભાવના ખીલે તે માટે પણ બિનસાંપ્રદાયિક શિક્ષણ જરૂરી છે.
- સર્વધર્મ સમભાવના ગુણો વિકાસવા માટે જરૂરી છે.
- રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે પણ આવા શિક્ષણની જરૂર રહે છે.
- ધર્મ પ્રત્યેના પૂર્વગ્રહો ઘટાડવા માટે આવુ શિક્ષણ અનિવાર્ય છે.
- બીજા ધર્મની સારી બાબતો સમજાવવા માટે જરૂરી છે.
- પક્ષપાત રહિત અને તંદુરસ્ત વલણ કેળવાય અને ઉમદા જીવનશૈલીનો વિકાસ થાય તે માટે જરૂરી છે.

### 2.5.3 શાળામાં કયા કયા કાર્યક્રમો, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ યોજી શકાય :

- શાળામાં પ્રારંભ સમયે સર્વધર્મ પ્રશ્નોનું આયોજન કરવું અથવા જુદા જુદા ધર્મની પ્રાર્થનાઓ વારાફરતી કરાવી શકાય.
- વિવિધ ધર્મોના વિશિષ્ટ સંતપુરુષોનાં ધાર્મિક પ્રવચનો યોજવા.
- વિદ્યાર્થીઓમાં સમભાવની ભાવના કેળવાય તે માટે વિવિધ ધર્મોના મહાપુરુષોની જન્મજયંતિઓ ઊજવવી અને તેમના જીવન અને ધર્મનો પરિચય આપવો.
- શાળામાં રાષ્ટ્રીય પર્વો 15મી ઑગસ્ટ, 26મી જાન્યુઆરીની ઊજવણી કરી, તેમાં બાળકોના વાલીઓને પણ સહભાગી બનાવવા.
- વિવિધ ધર્મોના ધાર્મિક સાહિત્યમાંથી પસંદ કરેલી વાર્તાઓ, પ્રસંગો અને ઘટનાઓની માહિતી વિદ્યાર્થીઓને આપવી.

- શાળામાં (N.C.C., N.S.S., Scout guide) જેવી પ્રવૃત્તિઓને ઉત્તેજના આપવી, જેથી વિદ્યાર્થીઓમાં સંઘભાવના – સેવાભાવનાનો વિકાસ થાય.
- શાળામાં બિનસાંપ્રદાયિકતા વિષયને લગતા વિવિધ પાસાઓ પર ગોષ્ઠિઓ, પરિસંવાદો અને કાર્યશિબિરો યોજવા.
- કવિ સંમેલન કે મુશાયરો
- દેશભક્તિ અને કોમી એકતાના ગીતોની સ્પર્ધા.
- વિવિધ પ્રદેશોના પ્રવાસોનું આયોજન.
- વિવિધ કોમના લોકજીવનનો અભ્યાસ અને સર્વેક્ષણ.
- રાષ્ટ્રગીત, રાષ્ટ્રીય પ્રતિજ્ઞા, રાષ્ટ્રીય ચિન્હોની સમજ આપવી અને તેની ગંભીરતા વિદ્યાર્થીઓને સમજાવવી.

## 2.6 શિક્ષણનું રાજકીય સ્વરૂપ :

''દેશની રાજ્યવ્યવસ્થા શિક્ષણ પર અમીટ છાપ ઊભી કરનાર પરિબળ છે. જે પ્રકારની રાજ્ય વ્યવસ્થા હોય તે મુજબની કેળવણી જે–તે રાજ્યમાં દૃષ્ટિગોચર થતી હોય છે. રાષ્ટ્રની રાજ્ય વ્યવસ્થાને અનુરૂપ નાગરિકોનું ઘડતર કરવું એ કેળવણીનું આગવું કાર્ય બને છે. ભારતમાં લોકશાહી રાજ્યવ્યવસ્થા હોવાને લીધે, લોકશાહીને અનુરૂપ કેળવણીનું મુખ્ય કાર્ય બની જાય છે. રાજ્યવ્યવસ્થાને અનુરૂપ કેળવણીનું વ્યવસ્થાતંત્ર અને નીતિ ઘડતરનું કાર્ય થાય છે. આમ, રાજકીય પરિબળ કેળવણી પર અસર કરનારું ખૂબ જ પ્રભાવશાળી પરિબળ છે.'' ( કોઠારી કમિશન)

કેળવણીની મુખ્ય સંસ્થાઓ ત્રણ છે : ઘર, શાળા અને સમાજ. બાળકની કેળવણીમાં – ઘડતરમાં આ ત્રણેય સંસ્થાઓએ ભાગ ભજવવાનો છે અને તે પણ એકબીજાનો સહકાર મેળવીને તથા એકબીજાના અપૂર્ણ કાર્યની પૂર્તિ કરીને.

બાળકના જીવનના આરંભકાળ દરમિયાનની જવાબદારી ઘરની– મા–બાપની છે. એટલા માટે જ કહેવામાં આવે છે કે પહેલા ત્રણ વર્ષ દરમિયાન બાળકની કેળવણી પૂર્ણ થઈ જાય છે. બાળકના ઉછરતા મન પર માતાની અસર સૌથી વિશેષ – પ્રબળ હોય છે. ઘરનું વાતાવરણ– માતા–પિતાનો એકબીજા સાથેનો સંબંધ, પાડોશ વગેરેની અસર બાળક પર થાય છે. બાળકની પ્રેમ, સંરક્ષણ અને કદરની ભૂખ સંતોષાય એ મા બાપે જોવું જોઈએ. ઘરમાં બાળકને સ્વયં– સ્ફુરણાથી અને સ્વતંત્રતાથી કામ કરવાની તક મળવી જોઈએ. શાળાની જવાબદારી પણ ઘણી છે. ઘરનું પ્રેમભર્યું, સુરક્ષિત અને કદરભર્યું વાતાવરણ પણ બાળકને શાળામાં મળવું જોઈએ. શાળાનો અભ્યાસક્રમ શિક્ષણપદ્ધતિઓ, સહ– અભ્યાસક્રમના કાર્યક્રમો વગેરે એવા હોવા જોઈએ કે જેથી બાળકનો સર્વાંગી વિકાસ સુરેખ બને. અભ્યાસક્રમના જુદા જુદા વિષયોમાં પણ અનુબંધ હોવો જોઈએ. શાળાએ ઘર સાથે ગાઢ સંપર્કમાં રહેવું જોઈએ. શાળાની પ્રવૃત્તિઓ એ રીતની હોવી જોઈએ

કે, બાળકનું સ્વતંત્ર વ્યક્તિત્વ નિર્બાધિત રીતે વિકસે અને તે સમાજનું ઉપયોગી ઉત્પાદક અંગ બની રહે.

કેળવણીની ત્રીજી અને સૌથી મહત્ત્વની સંસ્થા છે સમાજ અને રાજ્ય, લોકજૂથો – શાળાસમાજો દ્વારા રાજ્યના દરેક બાળકને અમુક વય સુધી મફત અને ફરજિયાત કેળવણી મળી રહે છે તે જોવાની ફરજ રાજ્યની છે. રાજ્યે લોકસમાજને શાળાઓ ખોલવા અને ચલાવવા માટે પૂરતી આર્થિક સહાય આપવી જોઈએ. અભ્યાસક્રમ, શિક્ષણ સાધનો અને શિક્ષણપદ્ધતિઓનું કડક નિયમન કરવાની કેટલાંક રાજ્યોની પદ્ધતિ કેળવણીને હાનિકારક છે. શિક્ષણના એકે–એક પ્રશ્નની વિચારણા અને નિર્ણયમાં રાજ્યે શિક્ષકો, કેળવણીકારો સુશિક્ષિત મા–બાપોનો સક્રિય સહકાર મેળવવો જોઈએ. જાતિ, લિંગ, દરજ્જા વગેરેના ભેદભાવ વગર પોતાની કુદરતી શક્તિ પ્રમાણે પોતાની રુચિ મુજબની કેળવણી મેળવવાનો દરેક બાળકને હક હોવો જોઈએ. રાજ્ય સરકારે આ અગે સક્રિય પ્રસાયો હાથ ધર્યા છે.

## 2.7 શિક્ષણ અને સમાજ :

શિક્ષણ અને શિક્ષક જ સમાજનું ચાલક બળ છે. શિક્ષક પોતાના શિક્ષણની ગુણવત્તા સુધારશે તો રાષ્ટ્ર સમૃદ્ધ અને વિકસિત બનશે. સમાજ સશક્ત બનશે. પરિણામે સહુને સુખ અને સમૃદ્ધિ પ્રાપ્ત થશે. સમાજમાં પરિવર્તન આવશે તો માત્ર શિક્ષકના માધ્યમથી જ આવશે. સામાજિક જીવન પ્રગતિશીલ બનાવવું હોય તો શિક્ષકોએ પરિવાજકનું કાર્ય કરવાનું છે. શિક્ષક અને સમાજની પરસ્પર ભૂમિકા જોડાયેલી છે. શિક્ષક આખરે તો સમાજમાંથી જ આવે છે.

સામાજિક પરિવર્તન, સામાજિક જાગૃતિ અને સામાજિક વિકાસ આ ત્રણેય ભૂમિકામાં શિક્ષકની મહત્ત્વની ભૂમિકા રહી છે. સમાજજીવનનું પ્રતિબિંબ શિક્ષણ પર પડે છે. શિક્ષણ આ પ્રતિબિંબોને ઝીલીને સામાજિક નવરચના કરવાનું કાર્ય શિક્ષકના માધ્યમથી જ કરે છે. આપણા સામાજિક જીવનના માળખાને સુદઢ બનાવી શકે છે. મૂલ્યવાન સંસ્કારલક્ષી આદર્શ સમાજવ્યવસ્થાના નિર્માણમાં શિક્ષકની ભૂમિકા ઘણી મહત્ત્વની બને છે.

વર્ગખંડમાં એક શબ્દનો અર્થ શીખવવાની નાનકડી ભૂમિકાથી માંડીને રાષ્ટ્રના ભાવિનું નિર્માણ કરવાની વિરાટ ભૂમિકા સુધીની વિવિધ ભૂમિકાઓ શિક્ષકની છે. સમાજના ધોરણો અને આદર્શો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરીને તથા તે ધોરણો અને આદર્શો વિદ્યાર્થીઓમાં ઉતારીને શિક્ષક સામાજિકરણમાં પોતાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીઓમાં સારાસારનો વિવેક કેળવીને તે વિદ્યાર્થીઓના નૈતિક વિકાસને પોષે છે.

શિક્ષણ શિક્ષક દ્વારા પ્રગટે છે. તેથી સામાજિક પરિવર્તનમાં શિક્ષકના પ્રદાનની સ્વાભાવિક અપેક્ષા રહે છે. શિક્ષક સામાજિક પરિવર્તનના દૂત (Agent of Social Change) કહેવાય છે. સંવેદનશીલ તરુણ અને યુવાન વિદ્યાર્થીઓમાં શિક્ષક પોતાના સ્થાન અને પ્રભાવને કારણે સામાજિક પરિવર્તનને અનુરૂપ નવા વિચારો, નવા મનોવલણો અને નવા વ્યવહારો વધુ સફળતાપૂર્વક રોપી શકે છે. શિક્ષક સામાજિક પરિવર્તનો માટે આવશ્યક એવું મનોરોપણ કરી

શકવાની સ્થિતિમાં હોય છે. શિક્ષક સામાજિક પરિવર્તનોના પ્રવેગક તરીકે કામ કરે છે. જેમ બે રસાયણો વચ્ચે પ્રક્રિયા તો થાય પણ કોઈ ચોક્કસ ત્રીજુ રસાયણ ઉમેરાય તો પ્રક્રિયા ઝડપી બને છે, તેમ શિક્ષક વગર પણ સામાજિક પરિવર્તનોતો થવાના જ. પણ શિક્ષક જ સામાજિક પરિવર્તનોની પ્રક્રિયામાં પ્રવેગ લાવી શકે છે અને વધારામાં પરિવર્તનો સુયોજિત (Well Planned) બને છે. સુયોજિત પરિવર્તનો સમાજ માટે ઓછા પીડાકારક નીવડે છે. શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓને નવા સામાજિક પરિવર્તનોનો પડકાર ઝીલી લેવા સજ્જ કરવાના રહે છે. સામાજિક પરિવર્તનમાં શિક્ષકની ભૂમિકા નિર્વિવાદ છે. વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયો શીખવે છે અને અભ્યાસક્રમ પૂરો કરે છે તેમ માનવાને બદલે જો શિક્ષક એમ વિચારે કે પોતે ભારતના માનવીય સંસાધનોના વિકાસ (Human Resource Development) કરવાના ભગીરથ કાર્યમાં લાગે છે તો ઈચ્છનીય સામાજિક પરિવર્તનોથી શિક્ષકની ભૂમિકા સાર્થક બની શકે.

અંતે સારાંશરૂપે કહી શકાય કે, સામાજિક પરિવર્તન લાવનાર અનેક પરિબળોમાં શિક્ષણ પણ એક પરિબળ છે. શિક્ષણે આર્થિક અને રાજકીય અલગતા તથા એકાંકીપણાને દૂર કરવામાં સહાય કરી છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

શિક્ષક અને સમાજ પૂરક તરીકે – ચિંતનાત્મક નોંધ તૈયાર કરો.

- **અપેક્ષિત અધ્યયન નીપજ :**
  - પ્રશિક્ષણાર્થીઓ ભારતીય આધુનિક શિક્ષણની ખૂબી – ખામી જણાવે છે.
  - પ્રશિક્ષણાર્થીઓ બ્રિટિશશાસન પ્રણાલીના લાભ અને મર્યાદાઓ જણાવે છે.
  - પ્રશિક્ષણાર્થીઓ બ્રિટિશ શાસનની શિક્ષણવ્યવસ્થાની તુલના આધુનિક ભારતીય શિક્ષણ પ્રણાલી સાથે કરે છે.
  - પ્રશિક્ષણાર્થીઓ રાજકીય પરિવર્તનની શિક્ષણ પર થતી અસર સમજી શકશે.
  - પ્રશિક્ષણાર્થીઓને શિક્ષણ અને સમાજની પૂરક ભૂમિકા સમજાશે.

## 2.8 સમગ્ર એકમનો સારાંશ :

તાલામાર્થી મિત્રો, પ્રસ્તુત પ્રકરણમાં આપણે પ્રાચીન ભારતીય શિક્ષણ વ્યવસ્થાથી શરૂ કરીને આધુનિક ભારતીય શિક્ષણ વ્યવસ્થાનો પરિચય કેળવી શક્યા. સાથે–સાથે બિનસંપ્રદાયિક્તાનો ખ્યાલ શિક્ષણ અને સમાજ વગેરે વિવિધ મુદ્દાઓની ટૂંકમાં સમજૂતી આપવામાં મળી રહે, તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## 2.9 સ્વાધ્યાય

**(1) યોગ્ય વિકલ્પ પસંદ કરી, ઉત્તર આપો :**

1. રાષ્ટ્રીય શિક્ષણનીતિ સાથે નીચેનામાંથી કયું વર્ષ સંબંધિત છે?

   અ. 1968 બ. 1986 ક. 1886 ડ. 1868

2. નીચેનામાંથી કઈ સંસ્થા મુખ્યત્વે શૈક્ષણિક આયોજન અને વહીવટી તાલીમ આપે છે?

   અ. એન.સી.ટીઈ બ. એન.સી.ઈ.આર.ટી ક. એસ.સી.ઈ.આર.ટી ડ. ન્યુપા

3. એન.સી.ઈ.આર.ટી નીચે કુલ કેટલી ક્ષેત્રીય સંસ્થાઓ કાર્ય કરે છે?

   અ. બે બ. ત્રણ ક. ચાર ડ. આઠ

4. રાજ્ય શિક્ષણ ભવનની સ્થાપના ક્યારે થઈ?

   અ. 1963–64 બ. 1965–66 ક. 1968–69 ડ. 1960–61

5. ડાયેટની કઈ શાખા શૈક્ષણિક મૂલ્યાંકનની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલી છે?

   અ. પીઍન્ડએમ બ. સીએમડીઈ ક. આઈએફઆઈસી ડ. ડબલ્યુઈ

**(2) નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો :**

(1) ભારતીય શિક્ષણ વ્યવસ્થાની ઐતિહાસિક ભૂમિકા વિગતવાર સમજાવો.

(2) રાષ્ટ્રીય શિક્ષણનીતિના મુખ્ય લક્ષણો જણાવો.

(3) જી.સી.ઈ.આર.ટી.ના ઉદ્દેશો જણાવો.

(4) શિક્ષણનું રાજકીય સ્વરૂપ સમજાવો.

(5) બિનસાંપ્રદાયિક્તાનો અર્થ આપી, તેનું મહત્ત્વ સમજાવો.

(6) શાળા કક્ષાએ એક શિક્ષક તરીકે તમે બિનસાંપ્રદાયિક વાતાવરણના નિર્માણ માટે કઈ કઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરશો?

(7) ‘‘શિક્ષક સામાજિક પરિવર્તનના દૂત (Agent of Social Change) કહેવાય છે.’’ આપનું મંતવ્ય સ્પષ્ટ કરો.

(8) ટૂંક નોંધ લખો :

   (A) NCERT
   (B) NCTE
   (C) BRC
   (D) CRC
   (E) DIET

**આટલું કરી શકાય**

1. આપના જિલ્લાના ડાયેટની મુલાકાત લઈ, તેમની જુદી જુદી શાખાની કામગીરી વિશે નોંધ તૈયાર કરો.

2. શિક્ષક સમાજનું પ્રતિબિંબ છે, આપના વિચારો અંગેની મૌલિક નોંધ તૈયાર કરો.

### 2.10 સંદર્ભગ્રંથો


(1) શિક્ષણ વિચાર વિનોબા – યજ્ઞ પ્રકાશન, વડોદરા

(2) શિક્ષણની વર્તમાન ફિલસૂફીઓ – ડૉ. મોહનભાઈ પંચાલ, ડૉ. આરતીબેન કરવેકર–રન્નાદે પ્રકાશન

(3) શૈક્ષણિક વ્યવસ્થાપન રાષ્ટ્રીય શિક્ષણનીતિ – 1986 – ડૉ. અંજનીબેન મહેતા, ડૉ. બી. એમ. દવે, ડૉ. ભદ્રયું વચ્છરાજાની – ગુર્જર સાહિત્ય ભવન

(4) પ્રાથમિક શિક્ષક, પ્રશિક્ષણ – ડૉ. સી. કે. પટેલ – ગુર્જર પ્રકાશન

(5) વિકાસશીલ ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક – ડૉ. ભરત જોષી – ચંદ્રકાંત ભોગ્યતા – પ્રકાશન

(6) શિક્ષણના સાંપ્રત પ્રશ્નો અને પ્રવાહો – ચંદ્રકાંત ત્રિવેદી, ચંપકલાલ મોરી – પ્રજ્ઞા પ્રકાશન, મહેસાણા

(7) શિક્ષણશાસ્ત્રના મૂળતત્ત્વો અને શાળા સંચાલન – ધનવંત દેસાઈ, અરવિંદ ત્રિવેદી – એ. આર. શેઠની કંપની

(8) વિકસતા ભારતીય સમાજમાં શિક્ષક અને શિક્ષણ – સી. એલ. આનંદ, એસ.પી. રૂહેબા, એસ. ઍન્ડ પાન્ડા, સી. શેષાદ્રિ, કમલા અરોરા – ગુ. રા. શાળા પુ. મંડળ, ગાંધીનગર

(9) ગુજરાતી વિશ્વકોશ


❖ ❖ ❖

# એકમ–3 અધ્યયન, અધ્યેતા અને શિક્ષણ


3.1 પ્રસ્તાવના

3.2 ઉદ્દેશો

3.3 અધ્યયન : સંકલ્પના અને સ્વરૂપ

- 3.3.1 અધ્યયનનો અર્થ
- 3.3.2 સંકલ્પના
- 3.3.3 અધ્યયન પ્રક્રિયાનું સ્વરૂપ

3.4 અધ્યયન, જ્ઞાન અને કૌશલ્ય અધ્યયનના વિવિધ માર્ગો

- 3.4.1 અધ્યયનના ક્ષેત્રો

3.5 સામાજીકીકરણ અને અધ્યયન

- 3.5.1 સામાજિક પરિવર્તનમાં શાળા–શિક્ષકની ભૂમિકા
- 3.5.2. અધ્યેતાની ઓળખ વિકસાવનાર પરિબળો
- 3.5.3. સ્વ ઓળખ વિકસાવવા માટે શિક્ષકની ભૂમિકા
- 3.5.4 સ્વ વિકાસ માટે સ્વયં પૃથક્કરણની પદ્ધતિઓ
- 3.5.5 અધ્યયન અને અભિપ્રેરણા

3.6 અધ્યેતાનો સંદર્ભ, રાજનીતિક અને સાંસ્કૃતિક

- 3.6.1 અધ્યયન પર અસર કરતાં પરિબળો
- 3.6.2 શિક્ષણની રાજકીય બાબતો પર અસર
- 3.6.3 શિક્ષણ સમાજ વ્યવસ્થા પર થતી અસર
- 3.6.4 શિક્ષણની ઉદ્યોગો પર થતી અસર
- 3.6.5 શિક્ષણનું કૃષિ ક્ષેત્રે મહત્ત્વ
- 3.6.6 સંસ્કૃતિ અને શિક્ષણ
- 3.6.7 સંસ્કૃતિનો અર્થ

3.7 સમગ્ર એકમનો સારાંશ

3.8 કસોટી

3.9 અસાઇમેન્ટ

3.10 સંદર્ભ સાહિત્ય

# એકમ – 3
# અધ્યયન, અધ્યેતા અને શિક્ષણ

## 3.1. પ્રસ્તાવના :

જીવનની રોજીદી ક્રિયાઓ જેવી કે ખાવું, પીવું, વાત કરવી આ બધી જ ક્રિયાઓ બાળક શીખે છે. આ ક્રિયાઓ કેટલીકવાર જાગ્રતપણે કે કેટલીકવાર અજાગ્રતપણે સતત ચાલ્યા કરે છે. વ્યક્તિના જીવનમાં એવું ભાગ્યે જ બને છે કે આ પ્રવૃત્તિ સંપૂર્ણપણે અટકી જતી હોય. પ્રશ્ન એ થાય છે કે વ્યક્તિ બધી જ ક્રિયાઓ કઈ રીતે કરતી થાય છે ? અધ્યયન એ માનવનો મૂળભૂત સ્વભાવ છે. તે સહેતુક તેમજ બુદ્ધિથી ઘણું શીખે છે. મનુષ્ય જન્મથી મૃત્યુપર્યંત કંઈ કે ને કંઈક શીખતો હોય છે.

અધ્યયનની પ્રક્રિયા ખૂબ વિશાળ અને સૂક્ષ્મ તેમજ સંકુલ છે. તે માત્ર શાળા, શિક્ષક પ્રયોગશાળો કે પુસ્તકાલય પૂરતી મર્યાદિત નથી. વ્યક્તિ પોતાના વિવિધ અનુભવોમાંથી અને સમગ્ર પર્યાવરણમાંથી શીખતી હોય છે. પરંતુ તેનામાં જે વિશિષ્ટ શક્તિઓનો પુંજ પડેલો છે, તેના વિકાસ માટે તેણે શાળામાંથી ઔપચારિક શિક્ષણ મેળવવું પડે છે. શાળામાં શિક્ષક તેને શીખવે છે અને અનુભવો પૂરા પાડે છે, જેના લીધે તેનો સર્વાંગીણ વિકાસ થાય છે. એટલે કે શાળામાં શિક્ષક વિદ્યાર્થીઓને શીખવવાનું કામ કરે છે અને વિદ્યાર્થીઓ શીખવાનું કામ કરે છે. શીખવું એ ક્રિયાપદ છે, જેના માટે અંગ્રેજીમાં To learn એવો શબ્દપ્રયોગ થાય છે. જ્યારે શીખવાની ક્રિયા માટે Learning શબ્દ પ્રયોજાય છે અને આ શીખવાની પ્રક્રિયા માટે મનોવિજ્ઞાનની ભાષામાં વપરાતો શબ્દ એટલે અધ્યયન. માનવ ઉત્ક્રાંતિનો ઈતિહાસ એ અધ્યયનની ફળશ્રુતિ જ છે. માનવ સાથે અધ્યયન એટલું બધું વણાઈ ગયું છે કે તેને આપણે અલગ પાડી શકતા નથી.

અધ્યેતા એટલે અધ્યયન કરનાર વિદ્યાર્થી. કોઈ પણ વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીથી અનેક રીતે જુદો પડે છે. વ્યક્તિગત તફાવતો એ એક સામાન્ય સર્વસ્વીકૃત બાબત છે. કોઈ પણ બાળકની મૂળભૂત શક્તિઓ તદ્દન સમાન નથી હોતી. પછી તે શારીરિક શક્તિઓ હોય કે માનસિક શક્તિઓ. ક્યારેક કોઈ બે વ્યક્તિમાં પ્રથમ નજરે શારીરિક શક્તિ સમાન જોવા મળે તો એક જ કાર્ય લાંબો સમય કરવાની બંનેની ક્ષમતા જુદી પડે છે. માનસિક શક્તિઓ પણ દરેક અધ્યેતામાં એકસરખી અને એકસરખા પ્રમાણમાં જોવા નથી મળતી બુદ્ધિ, તર્કશક્તિ, અનુકરણ શક્તિ અર્થગ્રહણ શક્તિ, સ્મૃતિ ધારણ શક્તિ વગેરે બાબતમાં દરેક બાળક અન્યથી જુદો પડે છે.

## 3.2. ઉદ્દેશો :

- અધ્યયનના વિવિધ ક્ષેત્રોનો ખ્યાલ મેળવે.
- શિક્ષણનો અધ્યયન અને અધ્યેતા સાથેના સંબંધ માટે જરૂરી પરિબળો વિશે જાણે.
- સ્વ–ઓળખ એટલે શું ? તેમજ સ્વ–વિકાસ માટેની પદ્ધતિની માહિતી મેળવે.
- અધ્યેતાઓને અભિપ્રેરિત કરવાના ઉપાયો અને રીતો વિશે સમજે.

- શિક્ષણના ધ્યેય પરથી સામાજિક પરિબળોની અસર જાણે.
- શિક્ષણના ધ્યેય પર થતી રાજનૈતિક પરિબળોની અસર જાણે.
- શિક્ષણના ધ્યેય પર થતી સાંસ્કૃતિક પરિબળોની અસર જાણે.

## 3.3 અધ્યયન : સંકલ્પના અને સ્વરૂપ

3.3.1 અમીબાથી માંડીને આદમ સુધીના બધા જીવ પ્રતિક્ષણ પોતાના વર્તનમાં ફેરફાર કરે છે. સૃષ્ટિ સાથે કામ પાડવા માટે આમ કરવું અનિવાર્ય છે. માત્ર માણસ જ એક એવું પ્રાણી છે, જેણે આ માટે ખાસ ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા ઊભી કરી છે.

માણસ એક એવું પ્રાણી છે જે વિચારી શકે છે, તર્ક અને કલ્પના કરી શકે છે અને એ બધાંને સહારે કશુંક નવું નિર્માણ પણ કરી શકે છે. પથ્થરયુગનો માનવી આરંભે જંગલમાં કેવું જીવન ગાળતો હતો તે તમે સારી રીતે જાણો છો. એ યુગનો માનવી ઓજારો અને હથિયારો બનાવતાં શીખ્યો, બોલતાં શીખ્યો, ઘર બાંધતા શીખ્યો, પછી બીજા વ્યવસાય કરતાં પણ શીખ્યો. આ બધું શીખતાં તે અમુક ચોક્કસ તબક્કાઓ અને ક્રિયાથી પ્રક્રિયાઓમાં પસાર થયો. ક્યારેક એને સફળતા મળી તો ક્યારેક નિષ્ફળતા. ઘણીવાર તે અથડાયો પછડાયો છતાં હિંમત ન હાર્યો. કુદરત તરફથી મળેલ વિચાર, તર્ક, કલ્પના, અવલોકન વગેરે જેવી શક્તિઓના સહારે તે વિવિધ અનુભવો મેળવતો ગયો. પ્રયત્નો અને પ્રવૃત્તિ કરતા કરતા નવું નવું શીખતો ગયો. માણસની શીખવાની અધ્યયન કરવાની આ પ્રકૃતિ કે પ્રક્રિયા આજે પણ અટકી નથી અને ભવિષ્યમાં પણ અટકશે નહીં. મનોવૈજ્ઞાનિકોએ આથી જ અધ્યયનને સતત ચાલતી પ્રક્રિયા કહી છે.

ઉપર્યુક્ત ચર્ચા પરથી એક વાત ફલિત થાય છે કે અધ્યયનની પ્રક્રિયા માનવ જીવનનું એક અવિભાજ્ય પાસું છે. આથી જ શૈક્ષણિક મનોવિજ્ઞાનના અભ્યાસમાં અધ્યયનને કેન્દ્રીય સ્થાન અપાયું છે. મનોવિજ્ઞાનીઓએ અનેકવિધ પ્રયોગો કરીને તેના આધારે સિદ્ધાંતો તારવી–પ્રસ્થાપિત કરી અધ્યયનનો અર્થ, સંકલ્પના અને તેનું સ્વરૂપ બનાવ્યા છે. હવે આપણે એ બધાનો વિગતે અભ્યાસ કરીશું.

### 3.3.2 અધ્યયનનો અર્થ :

અધ્યયન એ જન્મથી મૃત્યુ સુધી સતત આજીવન ચાલતી પ્રક્રિયા છે એમ આપણે આગળ જોયું વાસ્તવમાં અધ્યયનની પ્રક્રિયા એ જટિલ અને સંકુલ છે. એની સંપૂર્ણ વિભાવના સમજવા માટે આપણે અધ્યયનની પ્રક્રિયાને સૌપ્રથમ સમજીએ.

ભારતીય પરંપરા પ્રમાણે અધ્યયનનાં મૂળ વેદ અને ઉપનિષદમાં રહેલા છે. 'વેદ' શબ્દ 'વિદ' ધાતુ પરથી આવ્યો છે જેનો અર્થ થાય છે 'જાણવું'. જ્યારે ઉપનિષદનો અર્થ થાય છે 'પાસે બેસીને શીખવું', વેદ – ઉપનિષદ કાળમાં રૂષિઓ શિષ્યોને શાંત અને એકાંત તપોવનમાં પાસે બેસીને ભણાવતા.

## (અ) સંકલ્પના :

ચકલીનું બચ્ચું મોટું થતાં તેની માતાની જેમ ઊડી શકે છે અને ખોરાક શોધે છે. બિલાડીનું બચ્ચું ઉંદર પકડતાં શીખે છે. નાનું બાળક બોલતાં, ચાલતાં, લખતાં શીખે છે. આપણે પણ નવી નવી વસ્તુઓનાં સંપર્કમાં આવતાં નવી નવી બાબતો શીખીએ છીએ. આપણી માન્યતાઓ, ટેવો, વલણો, રીતભાવ અભિરુચિ, આદર્શો, મૂલ્યો આ બધું અધ્યયનને જ આભારી છે.

સજીવસૃષ્ટિ પરનો દરેક સજીવ પોતાના વર્તનમાં પરિવર્તન કરે છે. સૃષ્ટિ સાથે અનુકૂલન સાધે છે, જરૂરી પણ છે. જેને આપણે અધ્યયન શીખવું કે શિક્ષણ કહીએ છીએ. અધ્યયનની આ પ્રક્રિયા અન્ય પ્રાણી કરતાં માનવીમાં સવિશેષ થાય છે.

માનવ જ એક એવું પ્રાણી છે કે જેણે અધ્યયન માટે ઔપચારિક શિક્ષણની ખાસ સગવડ ઊભી કરી છે. હજારો વર્ષથી એક વ્યક્તિ બીજી વ્યક્તિને શીખવે છે. આ કાર્ય સૉક્રેટિસ, સાંદિપની બધાએ કર્યું છે. એ સમયે શાળા, મહાશાળાઓને દીવાલો નહોતી. આજના જેવો અભ્યાસક્રમ ન હતો. પુસ્તક કે પરીક્ષા ન હતા. અધ્યયન માટે શાળા જરૂરી નથી. શાળાએ ગયા વિના પણ આપણે આપણી આસપાસના સમાજમાંથી કંઈક શીખતા હોઈએ છીએ. આ વિચારો ગાંધીજીએ, રવીન્દ્રનાથ ટાગૉરે અને વિનોબાજીએ પણ મૂક્યા છે. શાળા સિવાય શિક્ષણ ન મળતું હોય તો એકલવ્ય, ક્રુઝો, હાર્વે, સ્લોકમ, નારાયણ દેસાઈ વગેરેને અભણ કહેવા પડે. શાળામાં ન જનાર આ વ્યક્તિઓએ પોતાના ઉત્તમ કૌશલ્યો કે શક્તિ દ્વારા બતાવી આપ્યું છે કે અનુભવોની શાળામાં પણ કેળવણી પ્રાપ્ત કરી શકાય છે.

અધ્યયનની ક્રિયા આપણા સમગ્ર જીવન દરમ્યાન ચાલ્યા કરે છે. જન્મથી મૃત્યુ સુધી આપણે કંઈક ને કંઈક શીખીએ છીએ. આ પરિવર્તન અને પરિમાર્જનની ક્રિયા એટલે અધ્યયન. એ તો માતાના ગર્ભમાંથી શરૂ કરીને સ્મશાન સુધી ચાલતી પ્રક્રિયા છે. જીવન અટકે ત્યારે જ અટકે છે.

આમ સર્વ પ્રકારનું માનવવર્તન અધ્યયનને આભારી છે. માનવવર્તન માટે અધ્યયન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અમુક સંજોગોમાં અમુક વ્યક્તિ અમુક જ વર્તન કરશે તેનો આધાર તે વ્યક્તિના પૂર્વાનુભવ અને શિક્ષણ અધ્યયનના અનુભવ પર રહેલો છે.

## (બ) વ્યાખ્યાઓ :

બાળક બોલતાં શીખે ત્યારે તે ઘણું અસ્પષ્ટ અને તૂટક બોલે છે. ધીમે ધીમે અને સમય જતાં તે ભાષા પર પકડ જમાવે છે અને વાક્યો બોલતો થાય છે. ત્યારબાદ ભાષણ પણ આપી શકે છે. પોતાની વાત બીજાને સમજાવી શકે છે. જીવનની આવી અનેક ક્રિયામાં આમ જ બને છે.

અધ્યયનની પ્રક્રિયા સમજવા માટે જુદી જુદી વિચારધારાવાળા મનોવૈજ્ઞાનિકોએ આપેલી વ્યાખ્યાઓ જોઈએ :

'અનુભવ અને તાલીમ દ્વારા વર્તનમાં થતો ફેરફાર એટલે અધ્યયન.'

**- ગેટસ, જરસિલ્ડ, ચારમેલ**

'અધ્યયન એ પૂર્વાનુભવના પરિણામ સ્વરૂપે વર્તનમાં થતો સાપેક્ષ કાયમી ફેરફાર છે.'

**- સી.ટી. મૉર્ગનસ**

'અધ્યયન એટલે એવો અનુભવ જે વ્યક્તિની ક્રિયાઓ ઉપર અસર કરીને તેનાં વર્તનમાં ફેરફાર આણે.'

**- થોમસ ઈ. કેલેટોન**

'કોઈ પણ અનુભવ કે વાતાવરણ સાથેના સંપર્કથી કે અમુક ક્રિયા વારંવાર કરવાથી વ્યક્તિના વર્તનમાં જે કાંઈ ફેરફાર થાય છે તેને આપણે શિક્ષણ કહીએ છીએ. જે ક્રિયા દ્વારા શિક્ષણ થાય છે તે શીખવાની ક્રિયા અથવા 'શીખવુ' અથવા 'અધ્યયન' કહીએ છીએ.'

**- ડૉ. કે. જી. દેસાઈ**

'પ્રેરકોને સંતુષ્ટ કરવા અને સિદ્ધ કરવા તે શીખવું.'

**- હેતુવાદીઓ**

'અનુભવોના પરિણામે વર્તનમાં ફેરફાર લાવવા તે શીખવું.'

**- વ્યવહારવાદીઓ**

### 3.3.3 અધ્યયન પ્રક્રિયાનું સ્વરૂપ :

અધ્યયન એ સતત, આજીવન ચાલતી પ્રક્રિયા છે. આથી જ તો ગુણવંત શાહ નોંધે છે કે, 'અધ્યયન એટલે જીવન' અને 'જીવન એટલે અધ્યયન'. અહીં આપણે સમજી લેવું જોઈએ કે અધ્યયન એ માનવી અને માનવેતર પ્રાણીઓમાં સતત ચાલતી એક પ્રક્રિયા છે. શિક્ષક ક્ષમતાવિધાન અને એકમના સંદર્ભમાં – શું શીખવવાનું છે ? કેવી રીતે શીખવાનું છે ? તે નક્કી કરે છે અને તેને અનુરૂપ અધ્યયન અનુભવો પૂરા પાડે છે, દ્રઢીકરણની પ્રવૃત્તિઓ આપે છે અને પૂર્વનિશ્ચિત ક્ષમતા વિદ્યાર્થી પક્ષે સિદ્ધ થઈ છે કેમ ? તેનું મૂલ્યાંકન કરે છે. આમ, અધ્યયનમાં જ અધ્યાપનનો સમાવેશ થઈ જાય છે.

અધ્યયન ઘટકો પારસ્પરિક આંતરક્રિયા કરે છે. આંતરક્રિયાને પરિણામે જે સિદ્ધિ પ્રાપ્ત થાય તેને નીપજ કહે છે. અધ્યયન પ્રક્રિયાનું આ સ્વરૂપ ઔપચારિક અધ્યયન દર્શાવે છે. કેટલીક વાર વ્યક્તિ વાતાવરણ સાથે સ્વયં આંતરક્રિયા કરી ઘણું નવું નવું શીખે છે. આને પણ અધ્યયન કહેવાય.

**તમારી પ્રગતિ ચકાસો :**


1. અધ્યયનનો અર્થ આપી સંકલ્પના સ્પષ્ટ કરો.
2. અધ્યયન અંગેની મનોવૈજ્ઞાનિકોએ આપેલી કોઈ પણ બે વ્યાખ્યા આપો.
3. અધ્યયન પ્રક્રિયાનું સ્વરૂપ સમજાવો.

## <u>પૂરક વાંચન માટેનું સહિત્ય:– (3.4 નું તમામ વિષયવસ્તુ)</u>

### 3.4 અધ્યયન, જ્ઞાન અને કૌશલ્ય : અધ્યયનના વિવિધ માર્ગો

અધ્યયનના વિવિધ માર્ગો એ છે કે શાળામાં થતું અધ્યેતાનું અધ્યયન કયા કયા પ્રકારનું હોય છે અથવા કયા કયા ક્ષેત્રમાં થતું હોય છે અને તે કેવા પ્રકારનું હોય છે તે જાણવું જરૂરી બને છે. તો આ એકમમાં આ બાબતો જોઈએ.

આપણને એ પ્રશ્ન થાય કે માનવ શા માટે શીખે છે? અથવા બાળક શા માટે અધ્યયન કરે છે ? આ સમજવા માટે આપણે નીચેના ચાર્ટનું અવલોકન કરીએ :




ચાર્ટ પરથી નીચેના તારણો કાઢી શકાય :

- ચાર્ટમાં માનવ કેન્દ્રમાં છે.
- લય એટલે કે પ્રકૃતિ, સંસ્કૃતિ, સમાજ, રીત–રિવાજો, જ્ઞાનભંડાર, સંસ્કાર–વારસો, મૂલ્યો, નીતિ–નિયમો.
- આ બધાં વલયો સ્વતંત્ર રીતે એકબીજાની સાથે જોડાયેલાં નથી, પરંતુ માણસના માધ્યમથી જોડાયેલા છે.
- મનુષ્યનાં મૂળમાં તેની પ્રકૃતિ, સંસ્કૃતિ અને સમજ છે.
- નીતિ–નિયમો અને રીત–રિવાજો માનવી સાથે જ રહે છે.
- મૂલ્યો, સંસ્કારવારસો અને જ્ઞાનભંડાર – આ પરિબળો માણસનાં અસ્તિત્વમાં છે. આમ જોતાં માલૂમ પડે છે કે માનવે એકીસાથે કેટલી બધી બાબતોથી સંકળાયેલા રહેવું પડે છે.
- માણસે પોતાના સમાજને સમજવો પડે. ભૂતકાળમાં પોતાના પૂર્વજોએ પ્રાપ્ત કરેલા અનુભવોને આધારે તૈયાર થયેલા રીત–રિવાજો અને પોતાને આપેલા જ્ઞાનભંડારની કદર કરી, તેમાં સુધારો કરી, ભવિષ્યની પેઢીને સુપરત કરવાની જવાબદારી માનવને શિરે રહે છે.
- માનવે પોતાની મૂળ પ્રકૃતિ, તેનાં આધારે તૈયાર થયેલા નીતિ–નિયમો અને જે મૂલ્યો પ્રસ્થાપિત થયાં છે તે સમજી પોતાના સમયને અનુકૂળ એવા પરિવર્તનો કરવાં જોઈએ.

### 3.4.1 અધ્યયનનાં ક્ષેત્રો :

જ્ઞાન – અધ્યયનના આ ક્ષેત્રો નક્કી કરવાનું કામ સૌપ્રથમ બ્લૂમ નામના વિદ્વાને કર્યું. બ્લૂમે સૌપ્રથમ જ્ઞાનાત્મક ક્ષેત્રનો વિચાર રજૂ કર્યા પછી કોથવાલે ભાવાત્મક ક્ષેત્ર વિશે સંશોધન કરીને વિચારો રજૂ કર્યા. જ્યારે મનોક્રિયાત્મક ક્ષેત્ર પરનાં વિચારો આ સાથે રજૂ કરેલ છે.

**1. જ્ઞાનાત્મક :**

અધ્યયનનો ઉદ્દેશ સામાન્ય રીતે જ્ઞાનપ્રાપ્તિનો હોય છે. જ્ઞાન શક્તિ છે. તે અધ્યયનની આધારશીલા છે. જ્ઞાનપ્રાપ્તિ સામાન્ય રીતે છ સોપાનો દ્વારા થાય છે. આ સોપાનો નીચે પ્રમાણે છે :

(અ) **જ્ઞાનપ્રાપ્તિ :** જ્ઞાન એ પ્રથમ સોપાન છે. બાળક જે કંઈ શીખે છે, તેની પાછળનો મુખ્ય હેતુ જ્ઞાનપ્રાપ્તિનો હોય છે. તેના પૂર્વજ્ઞાન પરથી જ તે નવું જ્ઞાન મેળવી શકે છે. આથી અધ્યયન માટે બાળકમાં પૂર્વજ્ઞાન હોવું જરૂરી છે. સૌપ્રથમ બાળક જુદા જુદા અવાજો કાઢે છે. ત્યારબાદ આપણે તેને બોલતાં શીખવીએ છીએ.

(બ) **અર્થગ્રહણ કે સમજ :** અર્થગ્રહણ કરવું એટલે સમજ વિકસાવવી. આ જ્ઞાનપ્રાપ્તિનું બીજું સોપાન છે. જ્ઞાન ખાતર જ્ઞાન મેળવવાનો કોઈ અર્થ નથી. જ્ઞાનનું યોગ્ય રીતે અર્થગ્રહણ થાય અને તેનું સમજમાં રૂપાંતર થાય, તો જ જ્ઞાન ઉપયોગી નીવડે છે.

(ક) **ઉપયોગ :** જ્ઞાન દ્વારા સમજ વિકસ્યા બાદ તે જ્ઞાનનો સહજ રીતે વિવિધ પરિસ્થિતિઓમાં વિનિયોગ થવો જોઈએ. જ્ઞાન પ્રાપ્ત કરીને યોગ્ય સમજ વિકસ્યા પછી તેનો ઉપયોગ કરવાથી ક્ષમતા કે સામર્થ્ય પ્રાપ્ત થવાં જોઈએ. આમ થાય તો અધ્યયન યોગ્ય રીતે થયું કહેવાય.

(ડ) **પૃથક્કરણ :** જ્ઞાનને વિભાજિત કરી જુદા જુદા વિભાગોમાં તેનાં તથ્યોને જુદાં પાડીને વિશ્ર્લેષણ કરવાની ક્ષમતાને પૃથક્કરણ કહેવામાં આવે છે. અધ્યયન દ્વારા વ્યક્તિમાં જ્ઞાનનું પૃથક્કરણ કરવાની ક્ષમતાનો યોગ્ય વિકાસ સાધવો જોઈએ તો જ અધ્યયન યોગ્ય રીતે થયું કહેવાય.

(ઇ) **એકત્રીકરણ :** જ્ઞાનનું પૃથક્કરણ કરી તેનાં વિવિધ વિભાગોને કે તથ્યોને સંકલિત કરી, નૂતન માળખું રચવાની પ્રક્રિયાને એકત્રીકરણ અથવા સંયોજન કહેવામાં આવે છે. પૃથક્કરણને અંતે જ્ઞાનનાં જુદાં જુદાં અંગોને સાંકળીને તેનું એક નવું માળખું તૈયાર કરવાની ક્ષમતા કેળવાય તો જ વિદ્યાર્થીના ભાષણ, નિબંધ, પરીક્ષામાં – ઉત્તરો લખવાની ક્ષમતા કેળવાય.

(ઈ) **મૂલ્યાંકન :** વ્યક્તિ જે જ્ઞાન પ્રાપ્ત કરે છે, તેનું યોગ્ય રીતે મૂલ્ય આંકતા શીખવું જોઈએ. પ્રાપ્ત જ્ઞાનની જુદી જુદી રીતે ચકાસણી કરવાની પ્રક્રિયાને મૂલ્યાંકન કહેવાય છે. તેનું યોગ્ય રીતે મૂલ્યાંકન થાય તો જ જ્ઞાનની યર્થાથતા સાબિત થાય છે.

**2. ભાવાત્મક :**

જ્ઞાનપ્રાપ્તિમાં વિદ્યાર્થીનો ફાળો, આસ્વાદ, જ્ઞાનની કદર કરવાની ક્ષમતા વગેરે આ ક્ષેત્રમાં આવે છે. ભાવાત્મક એ અધ્યયનનો એવો વિભાગ છે, જે અધ્યેતાની સહભાગી થવાની ક્ષમતા પર આધાર રાખે છે. આ ક્ષેત્રનાં પણ પાંચ સોપાન છે. આપણે તેનો ટૂંકમાં ખ્યાલ મેળવીએ :

(1) **અધ્યેતાની ધ્યાન મગ્નતા :** પાઠ્યપુસ્તકો, વર્ગપ્રવૃત્તિ વગેરેમાં ધ્યાન પરોવવાની અધ્યેતાની ઈચ્છા પર અધ્યયનનો મોટો આધાર છે. ધ્યાનથી સાંભળે, અધ્યયનનું મહત્ત્વ સમજે, સમસ્યાના ઉકેલ માટે આતુરતા દાખવે, વર્ગપ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેવાની તત્પરતા બતાવે તો જ તેનું અધ્યપન અસરકારક બને.

(2) **અધ્યેતાની સક્રિયતા :** અધ્યેતાના પક્ષે તે અધ્યયનમાં કેટલી સક્રિયતા બતાવે છે તેના પર તેની અધ્યયન સિદ્ધિનો આધાર રહેલો છે. એટલે કે તે ગૃહકાર્ય કરે, શાળાના નિયમોનું પાલન કરે, વર્ગચર્ચામાં સહભાગી બને, પ્રયોગકાર્ય પૂર્ણ કરે, વિષયોમાં રસ લે, અન્યને મદદ કરવામાં આનંદ પ્રાપ્ત કરે વગેરે.

(3) **મૂલ્યમાં વિશ્વાસ દાખવવો :** વિદ્યાર્થી પોતે જે કંઈ અધ્યયન કરે છે તેના મૂલ્યને રસપૂર્વક સમજતો થાય તો તેનું અધ્યયન અસરકારક બન્યું છે એમ કહી શકાય. જેમ કે તેની સાથે કરવામાં આવતા લોકશાહી વ્યવહારનું મૂલ્ય સમજવું, સાહિત્યનો આસ્વાદ કરવો, વિજ્ઞાનના મહત્ત્વની કદર કરવી, સમસ્યાઓ ઉકેલવામાં રસ લેવો વગેરે.

(4) **વ્યવસ્થાશક્તિ કેળવણી :** અધ્યયનને વ્યવસ્થિત કરવાની ક્ષમતા અને દૃષ્ટિ કેળવાય એ અહીં અપેક્ષિત છે. તે ઉપરાંત અધ્યયન અનુભવને આધારે પોતાના જીવનને વ્યવસ્થિત કરવાનું શીખે એ પણ જરૂરી છે. જેમ કે પોતાની શક્તિઓના સંદર્ભમાં જીવનનું આયોજન કરવું, પોતાની મર્યાદા અને વિશેષતાઓ સમજે વગેરે.

(5) **અધ્યયન દ્વારા ચારિત્ર્ય નિર્માણ થાય :** અધ્યયન અનુભવમાંથી અનુક્રમે બાળકનું ચારિત્ર્ય ઘડાતું જાય એ પણ જરૂરી છે. જેમ કે સ્વાસ્થ્ય જાળવવું, ઉદ્યોગપરાયણતા, નિયમિતતા અને સ્વયંશિસ્ત કેળવવી, સમસ્યા ઉકેલમાં તટસ્થ અભિગમ દાખવવો વગેરે...

**3. મનોક્રિયાત્મક :**

અધ્યયનની સાથે માણસનાં કેટલાક શારીરિક કૌશલ્યો અને વ્યાવહારિક કૌશલ્યો કેળવાય એ પણ જરૂરી છે. માનવીની કેળવણીમાં શરીરની યાંત્રિક રચના દ્વારા અધ્યયન થતું હોય છે. અધ્યયન દ્વારા માનસિક અને ચેષ્ટાત્મક વિકાસ થાય છે. અધ્યયન પ્રક્રિયા દ્વારા વર્તનમાં પરિવર્તન થાય છે. અધ્યયનથી અધ્યેતાના વર્તનમાં અપેક્ષિત ફેરફારો થતા જોવા મળે છે. જેમ કે લેખન, વાણી તથા પ્રયોગશાળાને લગતાં કૌશલ્યો, ગૃહઅર્થવ્યવસ્થા ઉદ્યોગને લગતાં કૌશલ્યો, શારીરિક શિક્ષણને લગતાં કૌશલ્યો કેળવાય એ જરૂરી છે. ટૂંકમાં, શરીરના અવયવોની તાલીમનો આમાં સમાવેશ થાય છે એમ કહી શકાય. આમ, અધ્યયન દ્વારા તેના મનોવૈજ્ઞાનિક ક્ષેત્રનો વિકાસ થાય છે.

| |
|---|
| **તમારી પ્રગતિ ચકાસો :**<br>1. અધ્યયન પ્રક્રિયા સમજાવો.<br>2. અધ્યયનના ક્ષેત્રો વિગતે સમજાવો. |

## 3.5 સામાજિકીકરણ અને અધ્યયન :

વ્યક્તિ જે કંઈ પોતાના વિશે સમજે છે, તેનાથી ઊંચા સ્થાને સ્વનો વિકાસ થવાના વિચારો પણ કરે છે. વ્યક્તિમાં કેટલાક મૂલ્યો, ધોરણો, આદર્શોનું તંત્ર હોય છે અને તે દિશામાં ઉત્તરોત્તર ઊંચે ચઢવાનો પ્રયાસ કરે છે. આમ, વ્યક્તિમાં 'આદર્શ સ્વ'નો વિકાસ થાય છે અને વ્યક્તિ હંમેશા પોતાનું મૂલ્યાંકન આ આદર્શ ખ્યાલના સંદર્ભમાં કરે છે. આપણે સ્વને એક મૂલ્ય તરીકે જોઈએ છીએ. ત્યારે તેની સફળતાઓ, નિષ્ફળતાઓ આપણે માટે ઘણી અગત્યની બની જાય છે.

### 3.5.1 અધ્યેતાની ઓળખ વિકસાવનાર પરિબળો :

**સ્વ–ઓળખ :**

બાળકને સ્વ–ઓળખ આપવા નાનપણથી જ તેના માળી બનવું પડે છે. માળી જેમ પાણીનું સિંચન કરે તેમ બાળકમાં સંસ્કારનું સિંચન કરવું પડે. માળી બાગની કાળજી લે તેમ બાળકની પણ કાળજી લેવી પડે. છોડ પરની કળીને જેમ સુવિકસિત થઈ સુવાસ ફેલાવવાનો અધિકાર છે તેમ બાળકને કે યુવાનને પણ પોતાની સ્વતંત્ર સુવાસ ફેલાવી પૂર્ણ વિકસિત બનવાનો હક છે. પણ તે માટે વ્યક્તિને જીંદગીના અનુભવોમાંથી જાતે પસાર થવું પડે છે અને એ સ્વ–અનુભવે જ ઘડાય છે. થોડા કઠોર બની અને સુષુપ્ત શક્તિઓ ઓળખી તેને વિકસાવી શકે તો એ શક્તિઓ દ્વારા તે વિશ્વભરની પ્રસિદ્ધિ પામી શકે દરેક વ્યક્તિમાં પોતાનું વ્યક્તિપણું હોય છે. તેને જીવનનું તત્ત્વ સમજી તેની સાધના કરવી અને યજ્ઞવાન બનવું જોઈએ તથા કર્મવાન બની પોતાની જાતના શિક્ષક બનવું જોઈએ.

જાણીતા નૃત્યાંગના સુધા ચંદ્રનનું જીવંત ઉદાહરણ 'નાચે મયૂરી' ફિલ્મમાંનાં તેમના નૃત્યમાં લાકડાનો પગ હોવા છતાં દૃઢ મનોબળ, સ્વની સાચી ઓળખના કારણે શારીરિક તકલીફ ગૌણ ગણીને સફળતાની સાથે સાથે નામના મેળવી. નેપોલિયન હીલે 'સફળતા' નામનાં પુસ્તકમાં લખ્યું છે કે 4 કલાક એકાગ્ર થઈને કાર્ય કરો તો 16 કલાકના કામ બરાબર બની રહે છે. એ ક્યારે શક્ય બને? જ્યારે વિચાર અને આચારમાં સમાનતા હોય.

વ્યાખ્યા : 'જાતને પામવાનો અને જાણવાનો પ્રયાસ એટલે સ્વ– ઓળખ.' વ્યક્તિનું પોતાનું મૂલ્યાંકન એ સ્વ– ઓળખ

– વ્યક્તિએ પોતાની મહત્તાઓ અને મર્યાદા જાણવી.
– વ્યક્તિ પોતાનામાં રહેલી સંભવિત અંતર્ગત શક્તિઓ જાણે.
– સ્વભાન કે સ્વ– જાગૃતિ.

- સ્વમાન અને સ્વાભિમાનની ઓળખ.
- આત્મ–સુધારણાની કેડી કંડારવી.
- વ્યક્તિમાં આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા જાગૃત કરવી.

### 3.5.2 સ્વ–ઓળખ વિકસાવવા માટે શિક્ષકની ભૂમિકા :

સ્વને ઓળખી, અન્ય અનેક પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધતા શીખવવું જોઈએ વિચાર, વાણી અને વર્તનમાં એકવાક્યતા કેવી રીતે લાવવી તેનું માર્ગદર્શન આપવું જોઈએ. દૃઢ મનોબળ અને સંકલ્પશક્તિ વિકસાવવા પ્રયત્ન કરવો જોઈએ. વિવિધ માનસિક પરિબળો વચ્ચે સંતુલન રાખતા શીખવવું જોઈએ. નિર્ધારિત કાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાની સમજ આપવી. અન્યના દોષ તરફ અંગુલિનિર્દેશ કરતાં પહેલાં આત્મ–નિરીક્ષણ કરતા શીખવવું જોઈએ. સુમેળભર્યું અને સમાધાનકારી વલણ કેવી રીતે અપનાવાય તે અંગે સમજ આપવી. 'સ્વ' જ નહિ પરહિતનું જાણી કાર્ય કરવા પ્રેરણા આપવી જોઈએ. સ્વ–સૂચન કરતાં શીખવવું. લાગણીશીલ બનવું પણ લાગણીવશ ન થઈ જવું તે અંગે સમજ આપવી.

### 3.5.3 સ્વ–વિકાસ માટે સ્વયં પૃથક્કરણની મુખ્ય ત્રણ પદ્ધતિઓ છે.

ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી આત્મ સાક્ષાત્કાર અને સ્વ–પ્રતીતિ પર ભાર મૂકેલો છે. પ્રસિદ્ધ ભજન આત્માને ઓળખ્યા વિના રે ભવના ફેરા નહીં ટળે રે લોલમાં પણ આત્માને એટલે કે 'સ્વ'ને ઓળખવાની વાત કરેલી છે. સ્વયં પૃથક્કરણ દ્વારા વ્યક્તિત્વનો વિકાસ કરી શકાય છે.

### (1) આત્મ નિરીક્ષણ :

આત્મ નિરીક્ષણ એટલે 'સ્વ' નું નિરીક્ષણ. આ માટે ધ્યાન કે એકાગ્રતા દ્વારા આત્માનું નિરીક્ષણ કરી શકાય છે. પોતે પોતાનું દર્શન કરવું, પોતાની જાતનું અવલોકન કરવું.

દૈનિક રોજનિશી પરથી પણ સ્વયં પૃથક્કરણ કરી આત્મ નિરીક્ષણ કરી શકાય છે. વ્યક્તિ પોતાના દૈનિક લખાણો પરથી પોતાની જાતને ઢંઢોળવાનો પ્રયત્ન કરે છે.

ક્રમમાપદંડનો ઉપયોગ પણ આત્મ નિરીક્ષણમાં કરી શકાય. આવા ક્રમમાપદંડો ત્રણ રાખી શકાય. આ માટે લક્ષણો નક્કી કરી જે – તે લક્ષણના સંદર્ભમાં પોતાની જાતને મૂકીને મૂલ્યાંકન કરી શકાય છે.

પ્રસંગનોંધ દ્વારા પણ વ્યક્તિનું આત્મ નિરીક્ષણ કરી શકાય છે. માનવજીવનમાં સારી–નરસી ઘટનાઓ તો બનતી હોય છે. આમ ઘટનામાં માનવી કેવો રસ્તો પસંદ કરે છે તેના પરથી તેનું મૂલ્ય થઈ શકે.

### (2) આત્મ સાક્ષાત્કાર :

આત્મ સાક્ષાત્કાર એટલે જેમાં વ્યક્તિની પોતાની સાચી ઓળખ 'સ્વ'ની પ્રાપ્તિ અને પ્રતીતિ થાય છે. વ્યક્તિ પોતે જાગૃત બને છે. આત્મ સાક્ષાત્કાર થયા પછી વ્યક્તિમાં વિધાયક

દ્દષ્ટિબિંદુ ખીલે છે. આપણા સંતો, મહાત્માઓ આ કક્ષાએ પહોંચી શક્યા હતા. આ અવસ્થામાં પહોંચ્યા પછી વ્યક્તિમાં આધ્યાત્મિક્તા અને નૈતિક વિકાસની ઊંચી કક્ષા જોવા મળે છે.

**(3) આત્મ નિરૂપણ :**

વ્યક્તિ આત્મ નિરૂપણ દ્વારા સ્વયં પૃથક્કરણ કરી આત્મ સાક્ષાત્કાર દ્વારા પોતાના સદ્ગુણોનો વિકાસ કરે છે. પોતાના વર્તન અને કાર્યો દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વની અભિવ્યક્તિ થાય છે. સમાજના લોકો આવી વ્યક્તિને માનની દ્દષ્ટિએ જુએ છે.

સ્વયં પૃથક્કરણ માટે અભિપ્રાયાવલી એક અગત્યનું હાથવગુ સાધન છે. આ સાધન અનાત્મલક્ષી અને પૂર્વગ્રહ રહિત છે. વ્યક્તિના લક્ષણનાં પાસાં પર વિધાનો રચી સામે અભિપ્રાયો માંગવામાં આવે છે. થોડાક અપવાદો બાદ કરતાં અભિપ્રાયાવલી દ્વારા વ્યક્તિનું સાચું મૂલ્યાંકન કરી શકાય છે.

**3.5.4 અધ્યયન અને અભિપ્રેરણા :**

અધ્યાપનને વધુ અસરકારક બનાવવું હોય, તો અધ્યેતાઓને જુદી જુદી રીતે અભિપ્રેરિત કરવા રહ્યાં. અધ્યેતાઓને અધ્યયન માટે પ્રેરણા આપવા માટેની રીતો અને આ રહ્યાં ઉપાયો.

(1) **અર્થપૂર્ણતા :** અધ્યેતાને જે એકમનું અધ્યયન અર્થનું લાગે તે એકમનું અધ્યયન કરવા માટે તેને પ્રેરણા મળે અને જીવન સાથેનો તેનો સંબંધ સ્પષ્ટ થાય એ રીતે રજૂ કરવામાં આવેલી અધ્યયન – સામગ્રી તેને અર્થપૂર્ણ લાગે છે.

(2) **લક્ષ્યપ્રાપ્તિની જાણ :** લક્ષ્ય ચોક્કસ હોય અને લક્ષ્ય નક્કી કરવામાં અધ્યેતાઓનો ફાળો હોય તો તે લક્ષ્યપ્રાપ્તિ માટે પ્રયત્ન કરે જ. અધ્યાપકે અધ્યેતાઓને અધ્યપનમાં હેતુઓથી માહિતગાર કરવા જોઈએ.

(3) **જરૂરિયાતોના સંદર્ભે શૈક્ષણિક વ્યવહારોની ગોઠવણી :** મેસ્લોએ તેમજ અન્ય મનોવૈજ્ઞાનિકોએ સૂચવેલી સર્વ જરૂરિયાતો સંતોષાય, પણ સુષુપ્ત જરૂરિયાતો પણ જાગ્રત થાય તેવા પ્રયત્નો કરવાથી અધ્યેતાઓને માટે પૂરતું માર્ગદર્શન મળે છે.

(4) **જૂથ સ્પર્ધાઓ :** શાળાનાં વિવિધ મંડળો કે સમિતિઓના ઉપક્રમે સ્વાસ્થ્યપ્રદ જૂથ સ્પર્ધાઓ યોજાય તો તેનાથી અધ્યેતાઓને અભિપ્રેરણા મળે છે અને વધુ અસરકારક અધ્યયન થઈ શકે છે.

(5) **જૂથ–અધ્યયન :** પૅનલ, પરિસંવાદ, વર્કશૉપ, સિમ્પોઝિયમ જેવી જૂથ–અધ્યયન પદ્ધતિઓ પણ અભિપ્રેરણા પૂરી પાડે છે.

(6) **અધ્યાપક – અધ્યેતા વચ્ચેનો આંતરવ્યવહાર :** અધ્યાપક દ્વારા અધ્યેતાની ન્યાયી પ્રશંસા, તેનાં વિચારોની સ્વીકૃતિ, તેનો અહમ ન ઘવાય, તેના અધ્યાપકની વાણી કે સૂચનો અભિપ્રેરણા પૂરી પાડે છે.

(7) **આત્મગૌરવ :** અધ્યેતાનું આત્મગૌરવ જળવાય તેની કાળજી રાખવાથી તે અવશ્ય અભિપ્રેરિત થઈ સારું અધ્યયન કરી પ્રગતિ કરે છે.

(8) **શિક્ષા :** મારીને, વઢીને કે અન્ય કોઈ પ્રકારની શિક્ષા કરી તેના અહમનું અપમાન કરવાથી અધ્યેતા કામચોરી અને ગુનાહિત માનસવાળો બની જાય છે.

(9) **ઈનામ :** સારી કે પ્રસંશનીય પ્રવૃત્તિ કે પરિણામ માટે જો અધ્યેતાને ઇનામ આપવામાં આવે, તો તેથી તેને અભિપ્રેરણા મળે છે અને અધ્યેતાઓ પણ ઇનામની લાલચે પ્રવૃત્ત થાય છે. જો કે આધુનિક મનોવિજ્ઞાન શિક્ષા અને ઇનામ બંનેનો અસ્વીકાર કરે છે.

(10) **રુચિ :** રુચિ જાગ્રત કરીને, અધ્યેતાઓનું ધ્યાન કેન્દ્રિત કરીને તેમને અધ્યયન માટે અભિપ્રેરણા પૂરી પાડી શકાય.

(11) **પ્રશંસા :** સારી પ્રશંસનીય પ્રવૃત્તિ કે કામગીરી માટે મૌખિક પ્રશંસાના શબ્દો વડે જાહેરમાં બિરદાવવાથી પણ અધ્યેતાને પ્રેરણા મળે છે.

(12) **ખેલપ્રણાલીનો પ્રયોગ :** રમત દ્વારા અધ્યયન વધુ ફળદાયી બને છે, કારણ કે અધ્યેતાને તેમાં વધુ રસ પડે છે અને તે સારી રીતે કાર્યમગ્ન બને છે.

(13) **વર્ગનું પર્યાવરણ :** વર્ગમાં પર્યાવરણ હોવું જોઈએ. જુદા જુદા વિષયના વિશિષ્ટ ખંડોમાં તે તે વિષયનું શિક્ષણપ્રદ વાતાવરણ ઊભું કરી તેને અધ્યયન માટે અભિપ્રેરણા પૂરી પાડી શકાય.

**તમારી પ્રગતિ ચકાસો :**

**1. સ્વ–ઓળખ એટલે શું ?**

**2..સ્વ–વિકાસ માટેની પદ્ધતિઓની સમજ આપો.**

**3.અધ્યેતાને અભિપ્રેરિત કરવાનાં ઉપાયો જણાવો.**

## 3.6 અધ્યયન અને અધ્યેતાનો સંદર્ભે : રાજનીતિક અને સાંસ્કૃતિક

કેળવણી જ્ઞાન માટે છે, તેવું આપણે સ્વીકારેલું છે. વર્ષોથી આ જ્ઞાનને કેળવણીનું ધ્યેય ગણ્યું છે. વ્યક્તિ જ્ઞાન સંપાદન કરે અને અજ્ઞાન દૂર થાય તે ભગીરથ કાર્ય છે. એ રીતે કેળવણીમાં જ્ઞાનનું ધ્યેય ઘણું મહત્ત્વ ધરાવે છે. આમ તો કેળવણીનું એક માત્ર ધ્યેય તો કેળવાયેલ વ્યક્તિનું સર્જન કરવાનું છે. આ ધ્યેય સબળ વ્યક્તિત્વનાં બાજુઓ, મસ્તિષ્ક અને હૃદયને કેળવણી દ્વારા કેળવીને વ્યક્તિગત અને સામાજિક ઉત્થાન માટે મહત્ત્વનું બની રહે તે માટે છે. તેના વડે જ સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરી શકાય.

પૃથ્વી પર મનુષ્યે સાધેલી પ્રગતિનું જ્ઞાન વિદ્યાર્થીઓને પૂરું પાડવામા કેળવણીનું સાંસ્કૃતિક ધ્યેય કારગત નીવડે છે. કેળવણીનું કામ એક પેઢીનો સાંસ્કૃતિક વારસો, બીજી પેઢી સુધી પહોંચાડવાનું છે. આનાથી વિદ્યાર્થીઓ જીવનનાં અનેક ક્ષેત્રોમાં માનવજાતે સાધેલી પ્રગતિ –

સંસ્કૃતિ વિશે જાણે છે. વિકાસ ગાથાના ઈતિહાસમાંથી વિદ્યાર્થીઓને પ્રેરણા મળે છે. આમ, કેળવણીમાં સાંસ્કૃતિક ધ્યેય પણ મહત્ત્વનું બની રહે છે.

કેળવણીનાં ધ્યેયો નક્કી કરનારાં નિયામક તત્ત્વો જેટલાં મહત્ત્વના છે તેટલા જ મહત્ત્વનાં તેને અસર કરનારાં પરિબળો પણ છે. કેળવણીની સામાજિક, આર્થિક અને તાત્વિક આધારશિલાઓ આપણે જાણીએ છીએ. વળી, સંસ્કૃતિ અને કેળવણીને ગાઢ સંબંધ છે. આ નાતે કેળવણીનાં ધ્યેય પર સામાજિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક પરિબળોની અસર થાય તે સહજ છે, જેની ચર્ચા નીચે પ્રમાણે છે.

### 3.6.1 અધ્યયન પર અસર કરતાં પરિબળો :

### (અ) સામાજિક શિક્ષણના ધ્યેય પર થતી સામાજિક પરિબળોની અસર :

- શિક્ષણની વ્યવસ્થા એ સરકાર અને સમાજની સહિયારી વ્યવસ્થા છે. શિક્ષણનું મુખ્ય ધ્યેય સામાજિક વિકાસનું છે. શિક્ષણ સામાજિક પરિવર્તન અને સમાજ નવનિર્માણનું કાર્ય કરે છે. જે દેશની સામાજિક પરિસ્થિતિ પછાત હોય તે દેશમાં શિક્ષણનું ધ્યેય સામાજિક ગતિવિધિઓને બદલવાનું હોવું જોઈએ. વ્યક્તિની રહેણીકરણીમાં, મૂલ્યોમાં પરિવર્તન આવતું જાય છે તેમ તેમ સમાજમાં પણ પરિવર્તન આવતું જાય છે.
- આજે સમાજમાં ખોટા રીત–રિવાજો, વહેમ, અંધશ્રદ્ધા, કુરિવાજો જેવા અનિષ્ટો પ્રવર્તે છે. આ અનિષ્ટોને દૂર કરવા શિક્ષણના વિવિધ માધ્યમ દ્વારા અસરકારક ઉપચાર થવા જોઈએ. સામાજિક દૂષણોથી પર થવા અને સ્વચ્છ સમાજનું નિર્માણ કરવા દરેક વ્યક્તિએ કટિબદ્ધ રહેવું જોઈએ.
- કેળવણીનું ધ્યેય સમાજમાં વર્ગભેદ, વર્ણભેદ, જ્ઞાતિવાદ જેવા દૂષણો હોય તેને દૂર કરવાનું હોવું જોઈએ. સમાજનું નવનિર્માણ અને ઉત્થાન કરવા માટે શિક્ષણ દ્વારા સમાજનું ધ્યેય સધાય તેવા પ્રયત્નો કરવાં જોઈએ. વ્યક્તિ દબાઈને–કચડાઈને નહીં પણ કુદરતી રીતે વિકાસ પામે તે માટે શિક્ષણે કાર્ય કરવાનું છે.
- ભારત બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે, તેમાં વિવિધ ધર્મો અને જાતિના લોકો રહે છે. ધાર્મિક કટ્ટરવાદીઓને કારણે સમાજમાં કોમી તનાવ વધે છે અને ભાઈચારો તથા કોમી એકતાને કારણે સમગ્ર સમાજ–દેશને સહન કરવું પડે છે. વકરતો જતો ભૌતિકવાદ પણ સામાજિક મૂલ્યોને નષ્ટ કરવામાં અસર કરે છે. શિક્ષણ દ્વારા સમાજનો વિકાસ થાય અને સમાજ દ્વારા શિક્ષણના ધ્યેયોનું જતન થાય તો સુસંવાદી સમાજ થાય. શિક્ષણ દ્વારા લોકોમાં વિચાર પરિવર્તન અને સામાજિક ક્રાંતિ થવી જોઈએ.

### (બ) શિક્ષણ અને રાજકીય પરિબળો :

- રાજકીય પરિબળોની અસર શિક્ષણ પર સવિશેષ જોવા મળે છે. શાસન વ્યવસ્થા બદલાતાં શિક્ષણનાં ધ્યેયો બદલાય છે. સરમુખત્યારશાહી અને લોકશાહી બંને પ્રકારની શાસન

વ્યવસ્થાની અસર શિક્ષણમાં જોવા મળે છે. આજે આપણો દેશ લોકશાહીમાં માને છે. પરિણામે સર્વધર્મ સમભાવ, રાષ્ટ્રીય અખંડિતતા, એક્તા અને રાષ્ટ્રપ્રેમને શિક્ષણમાં પ્રાધાન્ય આપેલું જોવા મળે છે. જ્યારે સરમુખત્યારશાહી શાસન વ્યવસ્થામાં આનાથી વિપરીત ધ્યેયો હોઈ શકે.

**(ક) શિક્ષણની રાજનીતિ પર અસર :**

(1) શિક્ષણ નાગરિકોનું માનસ ઘડવાનું કાર્ય કરે છે. સામાજિક પરિવર્તન માટે બંધારણીય માર્ગો અપનાવવાનું શિક્ષણ શીખવે છે. પોતાના વિચારો સાથે અન્ય લોકોને સંમત કરવાની ચર્ચા–પદ્ધતિ, વિચારોની આપ–લે શિક્ષણ દ્વારા કેળવાય છે. અહિંસક કેળવણી શાળા મારફતે મેળવાય છે. મતદાન મારફતે લોકમત રજૂ કરવાની સમજ લોકશાહી શિક્ષણ દ્વારા ઊભી થાય છે.

(2) શિક્ષણ રાજકીય નેતૃત્વ કરનારાઓને પાયાનું જરૂરી જ્ઞાન પૂરું પાડે છે. સંરક્ષણ, સિંચાઈ, વીજળી, ઉદ્યોગ, વાહનવ્યવહાર વગેરે ક્ષેત્રે નેતૃત્વ કરનારા નાગરિકોને પાયાનું જ્ઞાન શિક્ષણ દ્વારા મળે છે.

(3) શિક્ષણ રાજકીય નેતૃત્વની નવી પેઢી ઊભી કરવામાં સહાય કરે છે. શાળા મહાશાળામાં વિવિધ પ્રવૃત્તિઓમાં નેતાગીરી લેનાર વિદ્યાર્થીઓ નેતૃત્વની તાલીમ મેળવે છે.

(4) શાળાકક્ષાએ નાગરિકશાસ્ત્ર જેવા વિષયો દ્વારા મધ્યસ્થ અને રાજ્ય સરકાર, સુધરાઈ, મહાનગરપાલિકા, પંચાયત, ન્યાયતંત્ર, સત્તાનું માળખું વગેરે વિશે અધ્યયન થાય છે.

(5) શિક્ષણ આમ જનતાને અક્ષરજ્ઞાન દ્વારા રાજકીય રીતે સક્ષમ બનાવે છે. અક્ષરજ્ઞાન આપી તેમને આધુનિક બનતી જતી રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને અન્ય સંસ્થાઓને સક્રિય અને કાર્યક્ષમ ટેકો આપવા સક્ષમ બનાવે છે.

### 3.6.2 શિક્ષણ રાજકીય બાબતો પર કેવી રીતે અસર કરે છે તે જોઈએ :

જો આજનો નેતા કે ભાવિ નેતા શિક્ષણ મેળવેલો હશે તો શિક્ષણ ક્ષેત્રે નવી નવી ટેકનિક અને પદ્ધતિઓ અપનાવી લોકોમાં જાગૃતતા લાવશે, રાજકીય ક્ષેત્રે વિવિધતામાં એકતા લાવશે અને વિશ્વબંધુત્વની ભાવના શીખવશે. 'શિક્ષણને કારણે ભ્રષ્ટાચાર, લાંચ લેવી, છેતરપીંડી કરવી વગેરેમાં અંકુશ આવશે. શિક્ષણને કારણે દેશનો આર્થિક અને રાજકીય વિકાસ થશે. કાયદા અંગે માહિતી મેળવશે, આને કારણે પોતાના હક અને ફરજથી વાકેફ થશે. શિક્ષિત વ્યક્તિ જ ગરીબી, બેકારી અને બેરોજગારીનું પ્રમાણ ઘટાડવાનું કાર્ય કરી શકે. શિક્ષણ દ્વારા ધનવાન અને ગરીબ વચ્ચેનો ભેદ મટી શકશે. વિક્લાંગ માટેની યોજનાઓ તેમજ કન્યા કેળવણી અંગે પ્રોત્સાહન પૂરા પાડવાની સમજ શિક્ષણ દ્વારા જ આવી શકે. આમ, એક શિક્ષિત વ્યક્તિ રાજકીય ક્ષેત્રમાં જશે તો રાજ્યનું અને દેશનું સ્વરૂપ બદલી શકશે.

### 3.6.3 શિક્ષણ સમાજ વ્યવસ્થા પર થતી અસરોનો અભ્યાસ કરીએ :

શિક્ષણની સમાજ વ્યવસ્થા પર બે પ્રકારની અસરો જોવા મળે છે.

**(અ) હકારાત્મક અસર :** શિક્ષણ એ આવતી કાલના દેશનું ભવિષ્ય છે. યોગ્ય શિક્ષણ દ્વારા સમાજના તમામ બાળકોને સુધારી શકાય છે. શિક્ષણ દ્વારા સમાજનાં વ્યક્તિઓ પોતાના હક, અધિકારો, ફરજો વિશે જાણે. શિક્ષણની મદદથી આજે બાળકોને સાતથી ચૌદ વર્ષનું મફત અને ફરજિયાત શિક્ષણ મળે છે. સમાજના રૂઢિચુસ્ત લોકોની રૂઢિઓથી સમાજના અન્ય લોકોને બચાવી શકાય. સમાજના લોકોનો વહેમ, અંધશ્રદ્ધા, શંકા, ગુનાખોરી મહદઅંશે દૂર કરી શકાય છે. શિક્ષણની મદદથી સમાજમાં વ્યાપિત થયેલા ભ્રષ્ટાચારને થોડે અંશે ઘટાડી શકાય છે. જાતિના ભેદભાવો દૂર કરવામાં શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. શિક્ષણની મદદથી સામૂહિક મેળાઓ જેવા કે ગાંધીમેળા, રમતોત્સવ, યુવા મહોત્સવ વગેરેનું આયોજન કરીને યુવાપેઢીનો સર્વાંગી વિકાસ કરી શકાય છે. શિક્ષણની મદદથી આજે આપણા દેશના ઉદ્યોગમાં પણ વધારો થયો છે જેથી દેશની આર્થિક પરિસ્થિતિ પણ સુધરી છે.

**(બ) નકારાત્મક અસર :** જો બાળકોને શાળામાં યોગ્ય શિક્ષણ ન મળે તો આપણા દેશનું ભાવિ અંધકારમાં ફેલાઈ જાય છે. શિક્ષણમાં આજે પણ ભ્રષ્ટાચાર થાય છે, જે શિક્ષણના વિકાસમાં અવરોધક પરિબળ છે.

### 3.6.4 શિક્ષણની ઉદ્યોગો પર થતી અસરોનો અભ્યાસ કરીએ :

આજે આધુનિક યુગમાં માનવી એક યંત્ર સમાજજીવન જીવવા માટે તત્પર બની ગયો છે. શિક્ષણ વિના માનવીનો છૂટકો નથી. નાના બાળકથી લઈને વૃદ્ધો સુધી શિક્ષણનો ઉત્તરોત્તર વિકાસ થતો જોવા મળે છે. શિક્ષણને કારણે ઉદ્યોગ ક્ષેત્રમાં ચોક્કસ નવીનતા આવશે. નવી નવી ટેકનોલૉજીની સમજને કારણે તેનો ઉપયોગ થશે, આને કારણે ઉદ્યોગરૂપી ઇમારતના પાયા મજબૂત બનશે. નવા નવા યંત્રોના ઉપયોગની જાણકારી હશે તો તેનો ઉપયોગ કરી ઉદ્યોગોનો વિકાસ કરશે. ઉદ્યોગોમાં આવતી સમસ્યાનો સરળતાથી હલ લાવી જરૂર પડે બીજાને પણ મદદ કરી શકશે. પ્રદૂષણ કેમ ઓછુ કરી શકાય તે અંગે સજાગ હોવાને કારણે પ્રદૂષણની સમસ્યા મહદઅંશે ઉકેલી શકાશે. યંત્રોમાં રહેલી ખામીઓ ચકાસી તેનો યોગ્ય રસ્તો કાઢી શકશે. શિક્ષણને કારણે ઉદ્યોગો દ્વારા બેરોજગારીમાં ઘટાડો થશે. આને કારણે ગામ, રાજ્ય અને દેશનો ઉત્તરોત્તર વિકાસ થશે. આમ, શિક્ષણ દ્વારા સમાજ અને રાષ્ટ્રને પ્રગતિના પંથે દોરી શકાય.

### 3.6.5 શિક્ષણનું કૃષિક્ષેત્રે મહત્વ જોઈએ :

ભારત કૃષિ પ્રધાન દેશ છે. ભારતનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ભારત દેશના નાગરિકો ભારતના કૃષિપુત્રો તરીકે ઓળખાય છે. સુશિક્ષિત ખેડૂતો ખેતીમાં વૈજ્ઞાનિક વલણ અપનાવી નવી નવી પદ્ધતિઓનો ઉપયોગ કરતા થયા. ખેતીમાં નવા નવા આધુનિક યંત્રોનો ઉપયોગ કરતા થયા. આને કારણે સમય અને ખર્ચની બચત થાય છે. શિક્ષણ દ્વારા ખેડૂતને નવી નવી ટેકનોલૉજીની

માહિતી અને તેના ઉપયોગ અંગેનું માર્ગદર્શન ખેડૂતને મળી રહેશે. પ્રચાર અને પ્રસાર માધ્યમો દ્વારા ખેતીની અવનવી પદ્ધતિઓની માહિતી સમાજને પહોંચાડવામાં આવે છે. આ એક શિક્ષણનું કાર્ય ગણી શકાય. સમાજમાં પ્રચાર અને પ્રસાર માધ્યમોની અસર વધુ હોવાથી કૃષિ ક્ષેત્રે વધુ સારી પ્રગતિ કરી શકાય. શિક્ષિત વ્યક્તિઓ ઉચ્ચ ગુણવત્તાવાળા બિયારણોનો ઉપયોગ કરી વધુ સારો પાક કેવી રીતે મેળવી શકાય તેની ચિંતા કરશે. જમીનમાં પોષક તત્ત્વો ટકી રહે તે માટે ખેતીની જમીન પ્રયોગશાળામાં મોકલી તેના પોષક તત્ત્વો તપાસશે. ખેતીની ઉત્પાદનક્ષમતા વધારવા માટે સિંચાઈની અવનવી પદ્ધતિઓનો ઉપયોગ કરી પાણીનો વ્યય થતો અટકાવી શકાશે. આમ, શિક્ષણ દ્વારા મેળવેલ સમજથી વ્યક્તિ દેશને ચોક્કસ પ્રગતિને પંથે દોરી જશે.

### 3.6.6 સંસ્કૃતિ અને શિક્ષણ :

- કેળવણીના સાંસ્કૃતિક ધ્યેયનો અર્થ સંસ્કૃતિનો પ્રસાર છે. કેળવણી અને સંસ્કૃતિનો સંબંધ ઘનિષ્ઠ છે. કેળવણી વ્યક્તિને સભ્ય અને શિષ્ટ બનાવે છે. કેળવણીના ધ્યેયો નિર્ધારિત કરતી વખતે સાંસ્કૃતિક પરિબળો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમાં રાષ્ટ્રનો ભવ્ય ભૂતકાલીન વારસો હોય છે. કેળવણી દ્વારા પૂર્વજોએ સંચિત કરેલો વારસો આવતી કાલની પેઢીને આપવાનો છે.
- પ્રાચીન ભારતની સંસ્કૃતિ આદર્શપ્રધાન હતી. આપણી વિશિષ્ટ રૂષિ સંસ્કૃતિ, કૃષિ સંસ્કૃતિને આધારે રાષ્ટ્રીય સંસ્કૃતિ ઊભી થઈ છે. આ સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનું કાર્ય કેળવણીનું છે.
- સંયુક્ત કુટુંબ ભારતીય સંસ્કૃતિનો આદર્શ છે આજે જ્યારે વડીલોને માન આપવાની, સંયુક્ત કુટુંબમાં જીવવાની પ્રથા તૂટતી જાય છે. ત્યારે કેળવણી જ આપણી સંસ્કૃતિને બચાવી શકે તેમ છે.
- આમ, દરેક દેશો પોતાની સંસ્કૃતિ અનુસાર કેળવણીનાં ધ્યેયો નિશ્ચિત કરે છે. સાંસ્કૃતિક વારસો બદલાય તો શિક્ષણના ધ્યેયો પણ બદલાય છે.

### 3.6.7 સંસ્કૃતિનો અર્થ :

- ડૉ. કે. જી. દેસાઈએ ‘શૈક્ષણિક પરિભાષા અને વિભાવના’ નામના પુસ્તકમાં સંસ્કૃતિ (Culture) **નો** અર્થ નીચે મુજબ આપેલો છે :
  (1) જનસમૂહ કે રાષ્ટ્રનાં મૂલ્યો, માન્યતાઓ, રીત–રિવાજો, કલાઓ, સંસ્થાઓ Artifactsનો સમુચ્ચય જેનાથી માનવે બનાવેલું પર્યાવરણ બને છે.
  (2) સાંસ્કૃતિક પર્યાવરણના કોઈ ચોક્કસ ભાગ કે ઊંચી ગુણવત્તા ધરાવતો હોય તેને માટે પણ આ શબ્દ વપરાય છે. જેમ કે ઉત્કૃષ્ટ સાહિત્ય, સંગીત–વિદ્વતા (Scholarship).
- પ્રા. સી. વી. રાવળ તેમના ગ્રંથ પારિભાષિક કોશ–તત્ત્વજ્ઞાનમાં સંસ્કૃતિનો અર્થ આ પ્રમાણે આપે છે કોઈ પણ પ્રજાએ સ્વીકારેલી જીવનની ઉચ્ચ પદ્ધતિનું નામ સંસ્કૃતિ છે. આ પદ્ધતિનું

સ્થાન સંસ્કારમાં હોય છે. સંસ્કારો ધાર્મિક વિધિઓ તથા સામાજિક વિધિઓ – આચારો વગેરેથી આવતા તથા દૃઢ થતા હોય છે. સંસ્કાર વિના સંસ્કૃતિ નહિ અને સંસ્કૃતિ વિના ઉચ્ચતા નહિ. સત્ય, દયા, ઉદારતા વગેરે મૂળ ધર્મ તત્ત્વોને વધુમાં વધુ ઉપસાવી આપે તે ઉચ્ચ સંસ્કૃતિ કહેવાય.


- 'સંસ્કૃતિ એક જટિલ પૂર્ણતા છે. જેમાં વિશ્વાસ, કલા, નૈતિક્તા, નિયમ, રિવાજ અને સમાજના સભ્ય તરીકે મનુષ્ય દ્વારા સર્જિત કરવા આવતી અન્ય યોગ્યતાઓ અને આદતો સમાવિષ્ટ છે.'

**- ઈ. બી. ટેઈલર (1924)**

- 'સમાજની વ્યક્તિઓના પરિસ્થિતિ પ્રત્યેના પ્રતિભાવોની પરંપરાઓમાંથી બંધાયેલું આચાર–વિચારનું પોત એ સંસ્કૃતિ છે'.

**- કે. સી. વ્યાસ**

- શિક્ષણ અને સંસ્કૃતિ વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે. શિક્ષણ અને સંસ્કૃતિ અભિન્ન છે. શિક્ષણનું કામ સંસ્કૃતિ અર્થે ઘણું છે.




- **સંસ્કૃતિનું સંરક્ષણ :** શિક્ષણનું કામ સંસ્કૃતિનું રક્ષણ કે સંરક્ષણ કરવાનું છે. શિક્ષણથી સંસ્કૃતિ રક્ષાય છે. સંસ્કૃતિ માનવવિચારોનું ઘડતર કરે છે. એક પેઢીના વિચારો–ભાવનાઓ–રૂઢિઓ–રિવાજો બીજી પેઢીને આપે છે. માનવજીવનની શૈલી સંસ્કૃતિ વડે ઘડાય છે. સંસ્કૃતિ માનવજીવનને સ્પર્શતા વિચારો–કાર્યો–ભાવનાઓ વગેરે બીજી સંસ્કૃતિને આપે છે, જે આપણને શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. પુરાતન અવશેષો–શિલાલેખો–તામ્રપત્રો વગેરે પર જે–તે સંસ્કૃતિનો પ્રભાવ હોય છે. આ પ્રભાવ ભાષા કે શિક્ષણથી જીવંત બને છે. પુરાતન અનેક સંસ્કૃતિઓ, તેના અવશેષો કે લખાણથી જીવિત છે. આ લખાણ શિક્ષણથી થાય છે અને સંસ્કૃતિના સજીવ સંસ્કારો રક્ષાય છે.

- **સંસ્કૃતિનું સંક્રમણ :** શિક્ષણનું બીજુ અગત્યનું કામ સંસ્કૃતિના સાંસ્કૃતિક વારસાનું મૂલ્યાંકન – જીવનરીતિ સંક્રમણ કરવાનું છે. જૂની પેઢી અને નવી પેઢી વચ્ચે વિચારો– ભાવનાઓનું સંક્રમણ શિક્ષણ દ્વારા ભાષાથી થાય છે. સંસ્કૃતિ સંક્રમણની સાથે શિક્ષણ ફેરફારો લાવી સાંસ્કૃતિક પરિવર્તનો તરફ દોરી જાય છે. સંસ્કૃતિ શિક્ષણનું સ્વરૂપ નક્કી કરી વ્યક્તિને સાંસ્કૃતિક માળખાના અનુકૂલન માટે તૈયાર કરે છે. શિક્ષણ એ સંસ્કૃતિની નીપજ છે. શિક્ષણ વ્યક્તિને સંસ્કૃતિના સંક્રમણ તરફ દોરી જાય છે. વિલાર્ડ વોલર (1932) અને બેલિલ બસ્ટેઇન

(1966) જેવા સમાજશાસ્ત્રીઓ માને છે કે કેળવણીનું મૂળભૂત પ્રયોજન સાંસ્કૃતિક સંક્રાંતિ કરવાનું છે.

- **સંસ્કૃતિનું સંવર્ધન :** શિક્ષણ સંસ્કૃતિનું સંવર્ધન કરે છે. બાળક સમાજમાં જન્મે છે ત્યારે તેની આસપાસ નૈસર્ગિક સંપત્તિઓ જોડાયેલી હોય છે. આ નૈસર્ગિક સંપત્તિઓ તેના જીવનને ઘડે છે. તેમાંથી તે સંસ્કાર ઝીલે છે. વ્યક્તિની પછાતતા શિક્ષણથી દૂર થઈ શકે, પ્રગતિ તરફ જઈ શકે. પોતાના સંસ્કૃતિગત વારસા અને મૂલ્યોને અપનાવે છે. શિક્ષણ તેને સમજવામાં તથા મૂલ્યોના સારા સારા વિવેકમાં મદદરૂપ થાય છે. આ બાબતો બાળક ઔપચારિક અને અનૌપચારિક રીતે શીખે છે. આમ, શિક્ષણ સંસ્કૃતિનું સંવર્ધન કે જતન કરે છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

1.શિક્ષણના ધ્યેય પર થતી સામાજિક પરિબળોની અસર જણાવો.

2.શિક્ષણના ધ્યેય પર થતી રાજકીય પરિબળોની અસર જણાવો.

3.શિક્ષણના ધ્યેય પર થતી સાંસ્કૃતિક પરિબળોની અસર જણાવો.

4.શિક્ષણ રાજકીય બાબતો પર કઈ રીતે અસર કરી શકે ? જણાવો.

5.શિક્ષણની સમાજ વ્યવસ્થા પર થતી અસરો વર્ણવો.

6.શિક્ષણની ઉદ્યોગો, ખેતી વગેરે પર થતી અસરો જણાવો.

## 3.7 સમગ્ર એકમનો સારાંશ :

આમ પ્રસ્તુત એકમમાં અધ્યયનનો અર્થ, સંકલ્પના, અધ્યનની વ્યાખ્યાઓ, અધ્યયન પ્રક્રિયાના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. અધ્યયનના ક્ષેત્રોની સમજ આપવામાં આવી છે. શિક્ષણનો સામાન્ય અર્થ, સંકુચિત અર્થ, વ્યાપક અર્થ, ભારતીય અને વિદેશી ચિંતકોએ આપેલ શિક્ષણની વ્યાખ્યાની સમજ આપવામાં આવી છે. સ્વ ઓળખ એટલે શું ? સ્વવિકાસ માટેની પદ્ધતિઓની સમજ આપવામાં આવી છે. અધ્યેતાને અભિપ્રેરિત કરવાનાં ઉપાયોની વિગતે સમજ આપવામાં આવી છે. આ ઉપરાંત અધ્યયનને અસર કરતાં પરિબળોની જાણકારી આપી છે. શિક્ષણના ધ્યેય પર સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિબળોની શી અસર થાય છે તે સમજાવ્યું છે. શિક્ષણની રાજકીય બાબતો પર કઈ રીતે અસર થાય છે તેની જાણકારી આપી છે શિક્ષણ દ્વારા ઉદ્યોગો તેમજ ખેતી પર કેવી અસર થાય છે તે સમજાવ્યું છે. શિશુવસ્થા અને કિશોરાવસ્થાનાં લક્ષણો અને વિકાસાત્મક કાર્યો સમજાવ્યાં છે. તેને અંતર્ગત શિક્ષણ વ્યવસ્થા કેવી હોવી જોઈએ તે સમજાવવામાં આવ્યું છે.

**અધ્યયન નિષ્પત્તિ :**

- પ્રશિક્ષણાર્થીની અધ્યયનની સંકલ્પના, અર્થ અંગેની સમજણ કેળવાશે.
- શિક્ષણના ધ્યેય પર થતાં વિવિધ પરિબળો અંગેની જાણકારી મેળવશે.

- બાળકના ઘડતર અને શિક્ષણની આવશ્યકતાની સમજણ કેળવાશે.

## 3.8 સ્વાધ્યાય

**યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1) અનુભવ અને તાલીમ દ્વારા વર્તનમાં થતો ફેરફાર એટલે.......................

(ક) સ્વ–ઓળખ (ખ) અધ્યયન (ગ) અધ્યેતા

(2) જ્ઞાનપ્રાપ્તિના ....................... સોપાનો છે.

(ક) આઠ (ખ) છ (ગ) દસ

(3) જાતને પામવાનો અને જાણવાનો પ્રયાસ એટલે .......................

(ક) સ્વ–ઓળખ (ખ) અધ્યયન (ગ) શિક્ષણ

(4) અધ્યયનના કેન્દ્રમાં ....................... છે.

(ક) માનવ (ખ) રીત–રિવાજો (ગ) મૂલ્યો

**એક વાક્યમાં જવાબ આપો.**

(1) અધ્યયનનો અર્થ જણાવો.

(2) જ્ઞાનપ્રાપ્તિના કેટલાં સોપાનો છે ? કયા કયા ?

(3) વિવેકાનંદ શિક્ષણ અંગે શું કહે છે ?

(4) સ્વ–ઓળખ એટલે શું ? સ્વ–વિકાસની સ્વયં પૃથક્કરણની પદ્ધતિના નામ લખો.

(5) શિક્ષણના ધ્યેય પર કયા કયા પરિબળો ભાગ ભજવે છે ?

**ટૂંકનોધ લખો :**

(1) ભાવાત્મક ક્ષેત્ર

(2) શિક્ષણના ધ્યેય પર થતી સામાજિક અસર

(3) શિક્ષણના ધ્યેય પર થતી રાજકીય અસર

(4) શિક્ષણના ધ્યેય પર થતી સાંસ્કૃતિક અસર

**વિગતે ચર્ચા કરો.**

(1) અધ્યયનની સંકલ્પના જણાવી તેના સ્વરૂપ અંગે ચર્ચા કરો.

(2) અધ્યયન શા માટે જરૂરી છે ? સમજાવો.

(3) અધ્યેતાને અભિપ્રેરિત કરવાનાં ઉપાયો જણાવો.

(4) અધ્યયન અને અધ્યેતા સાથે સંબંધ વિશે જણાવો.

(5) શિક્ષણની રાજનીતિ પર અસર થાય છે ? આપનું મંતવ્ય જણાવો.

### 3.9 સંદર્ભ સાહિત્ય :

(1) શાહ બુદ્ધિસચંદ્ર, શિક્ષણનું સમાજશાસ્ત્ર, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

(2) શાહ ગુણવંત, શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં અધ્યયન મીમાંસા, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

(3) પરમાર ગણેશ, શિક્ષણનાં સિદ્ધાંતો, ન્યૂ પૉપ્યુલર પ્રકાશન, સુરત.

(4) શાહ ગુણવંત, શિક્ષણ દર્શન, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ

(5) પટેલ મોતીભાઈ, અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ

(6) પટેલ વિનોદ જી, વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક, ગજાનન પ્રકાશન, સુરત

(7) પી.ટી.સી પ્રથમ વર્ષ, કેળવણી અને મનોવિજ્ઞાન, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.

(8) પટેલ મોતીભાઈ, અધ્યેતા સ્વરૂપ અને વિકાસ, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ

(9) પરીખ અમરીશ, અધ્યયનને અસર કરતા મનોવૈજ્ઞાનિક પરિબળો, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ

❖ ❖ ❖

# એકમ – 4 જ્ઞાન અને અભ્યાસક્રમ


4.1 પ્રસ્તાવના

4.2 ઉદ્દેશો

4.3 જ્ઞાનનું બંધારણ અને બાળક દ્વારા જ્ઞાનનું નિર્માણ

- 4.3.1 જ્ઞાનજન્ય પરિસ્થિતિ
- 4.3.2 જ્ઞાનનું બંધારણ
- 4.3.3 આંખની કેળવણી
- 4.3.4 જ્ઞાન, માણસ અને તેના વાતાવરણ વચ્ચેની વ્યવહારની પ્રક્રિયા

4.4 અભ્યાસક્રમની પસંદગી નિર્માણની પ્રક્રિયા અને માપદંડ

- 4.4.1 અભ્યાસક્રમ નિર્માણની પ્રક્રિયા
- 4.4.2 માપદંડ

4.5 ખ્યાલની સમજ

- 4.5.1 વિચારની પૂર્વ અવસ્થા સંવેદન
- 4.5.2 પ્રત્યક્ષીકરણ
- 4.5.3 સંયોજિત સંવેદન

4.6 સમગ્ર એકમનો સારાંશ

4.7 સ્વાધ્યાય

4.8 સંદર્ભ સાહિત્ય

# એકમ 4
# જ્ઞાન અને અભ્યાસક્રમ

**4.1 પ્રસ્તાવના :**

જ્ઞાન પરમ શક્તિ અને સિદ્ધિ પણ છે. શુદ્ધ જ્ઞાન જેવું પવિત્ર વિશ્વમાં બીજું કશું નથી.

જ્ઞાન શિક્ષકનો અસબાબ છે, અભ્યાસક્રમના અને પોતાના અધ્યાપનના વિષયોનું સંપૂર્ણ અને અદ્યતન જ્ઞાન શિક્ષકમાં હોવું જોઈએ. જિજ્ઞાસાને જ્ઞાનનું મૂળ મનાયું છે. અનુભવ, અવલોકન, નિરીક્ષણ, શ્રવણ, વાચન, સંશોધન, પ્રયોગ, પ્રયાસ, સતત અભ્યાસ એમ જ્ઞાનપ્રાપ્તિના અનેક માર્ગો છે. જ્ઞાન મેળવવું એટલે જ્ઞાત થવું, જાણવું, જ્ઞાનાર્થી નિરંતર ખોજ કરે છે.

જ્ઞાનનો સીધો સંબંધ માનવીના મગજ સાથે છે. માનવી જે કાંઈ જુએ છે, વાંચે છે, શીખે છે અને ઓળખે છે તે માનસ ઉપર સ્મૃતિરૂપે સંગ્રહ થાય છે. મગજ એ માનવીએ પ્રાપ્ત કરેલા જ્ઞાનનું સંગ્રહસ્થાન છે. વિજ્ઞાને પણ એ સિદ્ધ કર્યું છે કે મગજ જ્ઞાન ઉત્પન્ન કરતું નથી પરંતુ તેના સ્મૃતિભંડારમાં સંગ્રહ કરે છે.

સામાન્ય રીતે આપણે જે જાણીએ છીએ તેને જ્ઞાન તરીકે ઓળખીએ છીએ. સંસ્કૃતમાં વિદ્ એટલે જાણવું. To Know ઉપરથી Knowledge શબ્દ બન્યો છે. જેનો શાબ્દિક અર્થ ''જાણેલું તે જ્ઞાન'' એવો થાય છે.

જ્ઞાનની વિભાવના વ્યક્તિએ વ્યક્તિએ વિશેષ પરિવર્તન પામતી રહે છે. આથી તેની અનેક વ્યાખ્યાઓ ઉપલબ્ધ છે.

**ડૉ. શેરાના મત મુજબ**

જ્ઞાન બૌદ્ધિક પદ્ધતિ દ્વારા/ઉદભવેલ પ્રક્રિયાનું પરિણામ છે.

**અન્ય વ્યાખ્યા મુજબ**

મનુષ્ય તરીકે આપણને જે જ્ઞાન છે તે જ્ઞાન. જ્યારે જ્ઞાન અને ધ્યેય પરસ્પર સંબંધથી જોડાય છે ત્યારે જ્ઞાનનો પ્રાદૂર્ભાવ થાય છે એટલે કે જ્ઞાન અને ધ્યેય વિના જ્ઞાનનું અસ્તિત્વ નથી.

| ધ્યેય | જ્ઞાન |
|---|---|
| વસ્તુ, વિભાવનાઓ વગેરે | મનુષ્ય |

જ્ઞાનના બે પ્રકાર છે : એક ઉત્પાદક્તા માટે અને બીજો જ્ઞાનના ઉપયોગ માટે.

સમાજના ઉગતા સભ્યોને વૈયક્તિક અને સામાજિક રીતે શી રીતે જીવવું એ જ્ઞાન અને એવા કૌશલ્યથી વિદ્યાર્થીઓને શિક્ષકે સજ્જ કરવાના છે.

અભ્યાસક્રમ એટલે શૈક્ષણિક અનુભવોનું સંગઠન. અભ્યાસક્રમની સંકલ્પના વિશાળ અને વ્યાપક છે. અભ્યાસક્રમ એ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને સ્પર્શે છે. અભ્યાસક્રમનાં વિવિધ ધ્યેયો

જેવાં કે ઉપયોગિતાનું ધ્યેય, માનસ ઘડતરનું ધ્યેય, સાંસ્કૃતિક ધ્યેય, ભાવિ સમાજરચનાનું ધ્યેય ઉપરાંત જ્ઞાનપ્રાપ્તિનું ધ્યેય એ પણ અભ્યાસક્રમનું અગત્યનું ધ્યેય છે.

આમ, જ્ઞાન અને અભ્યાસક્રમ બંને અરસપરસ સંકળાયેલા છે. જ્યારે અભ્યાસક્રમ વિશે વિચારવામાં આવે છે ત્યારે તેમાં જે–તે વિષયના જ્ઞાનપ્રાપ્તિનો સમાવેશ આપોઆપ થઈ જાય છે. અભ્યાસક્રમ વિદ્યાર્થીઓના જ્ઞાનમાર્ગનું પ્રવેશદ્વાર છે.

પ્રસ્તુત એકમમાં જ્ઞાન અને અભ્યાસક્રમ સંબંધિત વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે.

## 4.2 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચે જણાવેલ મુદ્દાઓ માટે સમર્થ બનશો :

(1) પ્રશિક્ષણાર્થી પ્રવૃત્તિ અને અનુભવ દ્વારા બાળકના જ્ઞાનનું સર્જન કરતા શીખે.
(2) પ્રશિક્ષણાર્થી જ્ઞાનના બંધારણ વિશે જાણી જ્ઞાનનું નિર્માણ કરતાં શીખે.
(3) પ્રશિક્ષણાર્થી અભ્યાસક્રમની પસંદગી, નિર્માણની પ્રક્રિયા અને માપદંડ વિશે જાણે.
(4) પ્રશિક્ષણાર્થી ખ્યાલની સમજ કેળવે.
(5) પ્રશિક્ષણાર્થી વિવિધ સામાજિક જૂથના જ્ઞાનનું અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકના પ્રતિનિધિત્વ વિશે જાણે.

## 4.3 જ્ઞાનનું બંધારણ અને બાળક દ્વારા જ્ઞાનનું નિર્માણ :

જ્ઞાનની કલ્પના સંઘટિત અનુભવના રૂપમાં કરી શકાય, જે ભાષા અને વિચારના માધ્યમથી અર્થબોધ પેદા કરે છે. મનુષ્યે સમયની સાથે જ્ઞાન પદ્ધતિઓ વિકસિત કરી છે.

જ્ઞાનનો અર્થ થાય છે કાર્ય કે ભાષાના માધ્યમથી પોતાને અને દુનિયાને સમજવી. સાર્થક ભણતરનો અર્થ જાણકારી મેળવવી એવો થાય છે નહિ કે રટણ કરવું.

### 4.3.1 જ્ઞાનજન્ય પરિસ્થિતિ :

– પરિસ્થિતિને બુદ્ધિથી જુએ છે.
– પરિસ્થિતિનું બૌદ્ધિક ખ્યાલથી પૃથ્થક્કરણ કરે છે.
– બુદ્ધિ તથા તર્કથી ઉત્કલ્પના બાંધે છે.
– ઉત્કલ્પનાની ચકાસણી કરે છે.

ચિંતનશીલતા, જ્ઞાન પોતાની મૌલિક્તા અને સર્જનશીલતામાં રહેલું છે.

ગુરુ પાસેથી જ નહિ અન્ય સ્ત્રોત પાસેથી પણ જ્ઞાન સંપાદન કરી શકાય છે. વિવિધ વિષયો અને વિવિધ પ્રકારોનું જ્ઞાન માણસ ધરાવે છે. બુદ્ધિમાન અને અભ્યાસુઓ માટે જ્ઞાન સર્જિત કરવું મુશ્કેલ નથી.

જ્ઞાન મસ્તિષ્કમાં કઈ રીતે પ્રવેશે છે ? પોતે મેળવવા ઝંખે છે તે જ્ઞાન પોતાને થયું છે તેની માણસને શી રીતે ખબર પડે ? મેળવેલું સાચું છે તે કઈ રીતે ખબર પડે ? આ અને આના જેવા જ્ઞાનસંબંધી પ્રશ્નો મનમાં ઉદભવવાના જ.

જ્ઞાન, માહિતી, જાણકારી એ અનુભવનું પાયાનું તથ્ય છે. જોવું, સાંભળવું, વગેરેની જેમ આની પણ પૂરેપૂરી વ્યાખ્યા શક્ય નથી. જ્ઞાન માહિતીમાં ત્રણ તત્ત્વોનો સમાવેશ થાય છે :

(1) જ્ઞાતા (Subject) : જે જાણે છે – માણસ, હું પોતે.

(2) જ્ઞેય (Object) : જે કાંઈ જાણવાનું છે તે જ્ઞાનનો વિષય.

(3) જ્ઞાન ક્રિયા (Act of knowing) : જ્ઞેય ને જ્ઞાતા સમક્ષ લાવી મૂકે છે તથા જ્ઞાતાને જ્ઞેયની ઉપસ્થિતિથી સભાન કરે છે.

**જ્ઞાન પ્રત્યે મનનું વલણ ત્રણ પ્રકારનું છે :**


(1) સંશય (Doubt) એ મનની એક એવી સ્થિતિ છે જેમાં નિર્ણય સાચો છે કે ખોટો એ નક્કી કરવાની મનની અશક્તિને કારણે નિર્ણય વિલંબમાં પરિણમે છે. સંશય વિધાયક પણ હોય અને નિષેધક પણ હોય.

(2) અભિપ્રાય (Opinion) મનની એક એવી સ્થિતિ છે જેમાં નિર્ણયની સત્યતા નક્કી થાય છે. પરંતુ ત્રુટિના શક્યતાઓનો ભય તોળાતો હોય છે.

(3) નિશ્ચિતતા (Certitude) મનની એક એવી સ્થિતિ છે જેમાં ત્રુટિની શક્યતા ભય વિના નિર્ણયનો દ્દઢપણે સ્વીકારી થાય છે.

### 4.3.2 જ્ઞાનનું બંધારણ :

જ્ઞાનની તરાહ એક પ્રકારની સંરચના છે. જ્ઞાનને નાના અંશોમાં જોવામાં આવતું નથી. જ્ઞાન હંમેશા પૂર્ણ જ હોય છે. જ્ઞાનનું બંધારણ નીચેની આકૃતિ દ્બારા વધુ સ્પષ્ટ થાય છે :




ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ ક્રિયા દ્બારા અપાતુ જ્ઞાન વધુ અસરકારક હોય છે, જે વારંવાર મહાવરો અને દ્દઢીકરણ દ્બારા મજબૂત બને છે.


ક્રિયા દ્વારા શિક્ષણના પ્રખર હિમાયતી જહૉન ડ્યૂઈના મત મુજબ ક્રિયા દ્વારા મેળવેલું જ્ઞાન લાંબા સમય સુધી યાદ રહે છે.

જ્યારે સંકલ્પના સંબંધી જ્ઞાન ક્યારેક ચોક્કસ જોડાણના અભાવે નબળું બની જાય છે.

આથી બાળકો વધુ ને વધુ પ્રવૃત્તિ, ક્રિયા દ્વારા અપાતું જ્ઞાન વધુ સારી રીતે યાદ રાખી શકે છે.

**We involve, we innovate, we inspire**

**આપણે સામેલ થઈએ, આપણે નવા માર્ગો વિચારીએ, આપણે પ્રેરણા આપીએ.**




ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ બાળકના જ્ઞાન નિર્માણમાં નીચેના પરિબળોની ભાગીદારી અસરકારક બની જાય છે :

**મહાવરો :** બાળકોને એકની એક વિગતનો મહાવરો થવાથી તેના પ્રાંતમાં વધારો થાય છે. દા.ત., કાવ્યગાન ફરી ફરી ગવડાવવામાં આવે તો બાળક સહેલાઈથી યાદ રાખી શકે છે.

**શોધ :** બાળકને કોઈ સમસ્યા આપી તેનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવા દેવો. દા.ત., કોયડા ઉકેલ, અધૂરી વાર્તા બાળક પૂરી કરે વગેરે.

અહીંયા શિક્ષકે માત્ર સહાયક તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે.

**તપાસ :** વર્ગશિક્ષણ દરમિયાન ચર્ચાનું વાતાવરણ નિર્માણ થાય. બાળકોના મનમાં પ્રશ્ન ઉદભવે. શિક્ષક પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવાનો પ્રયાસ કરે.

દા.ત., શિયાળામાં શા માટે ઠંડી પડે છે ?

ઉનાળામાં શા માટે ગરમી પડે છે ?

**ભાષા :** વર્ગમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયા દરમિયાન ભાષા અગત્યનું માધ્યમ છે. વર્ગમાં બાળકોને સમજાય એવી સરળ ભાષાનો ઉપયોગ શિક્ષક કરે તો જ્ઞાનની પ્રક્રિયા અસરકારક બની જાય છે.

દા.ત., આદિવાસી વિસ્તારની શાળાઓમાં ત્યાંની સ્થાનિક બોલીનો ઉપયોગ શિક્ષક ભાષાના માધ્યમમાં કરે તો બાળકો તેને વધુ સારી રીતે ગ્રહણ કરી શકે છે.

**સંવાદ:** જ્ઞાન પ્રક્રિયાનું ખૂબ જ અગત્યનું પરિબળ એટલે સંવાદ બાળક–બાળક વચ્ચેનો હોઈ શકે, બે જૂથો વચ્ચેનો હોઈ શકે, શિક્ષક અને બાળક વચ્ચેનો હોઈ શકે.

**પ્રતિચાર :** પ્રતિપોષણ શબ્દ પણ વપરાય છે. બાળકના દરેક પ્રતિભાવને હકારાત્મક રીતે બિરદાવવું. દા.ત., શાબાશ, સરસ, યોગ્ય જવાબ વગેરે....

**વાર્તાલાપ :** બાળકો સહાધ્યાયી સાથે, શિક્ષક દ્વારા, જૂથકાર્ય દરમિયાન વિચારોની આપ–લે કરે. દા.ત., મારો પ્રિય તહેવાર, મારી પ્રિય રમત.

**સંબંધ :** જ્ઞાન નિર્માણની પ્રક્રિયામાં બાળક અને શિક્ષક વચ્ચેનો સંબંધ ખૂબ જ અગત્યનું પરિબળ છે. બંને વચ્ચે યોગ્ય સંબંધ સ્થપાય તો વર્ગમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું થાય છે. જેના લીધે જ્ઞાનની પ્રક્રિયા સરળ બની જાય છે.

**સહકાર :** જ્ઞાન નિર્માણની પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થી–વિદ્યાર્થી વચ્ચેની ભાગીદારી, વિદ્યાર્થી–શિક્ષક વચ્ચેની ભાગાદારી, જૂથ–જૂથ વચ્ચેની ભાગીદારી, બાળકો માટે શીખવાની તકો ઊભી કરે છે. જૂથકાર્ય, સહપાઠી શિક્ષણ દ્વારા શક્ય બને છે.

### 4.3.3 વિવિધ પ્રકારના જ્ઞાન અને તેની યર્થાથતા :

જ્ઞાન શબ્દથી દરેક લોકો પરિચિત છે. સામાન્ય રીતે આ શબ્દ પ્રત્યેક વ્યક્તિ દ્વારા કોઈને કોઈ પરિસ્થિતિ અને સંદર્ભમાં પ્રયોજાય છે. જ્ઞાન શબ્દનો અર્થ અલગ અલગ પરિસ્થિતિમાં અલગ અલગ થાય છે જ્યારે આપણે કહીએ છીએ ‘‘હું જાણું છું, મને ખબર છે’’ પ્રત્યક્ષ અનુભવ, પ્રાયોગિક કૌશલ્ય તથા જાણકારી દ્વારા કોઈ તથ્ય, તત્ત્વ અથવા વ્યક્તિનો પરિચય થયો તે જ્ઞાન છે. જ્ઞાન વાસ્તવમાં ‘‘જ્ઞાનેન્દ્રિય’’ દ્વારા પ્રાપ્ત બૌદ્ધિક અનુભવ છે. પ્રયોગ તેમજ અનુભવોથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ‘‘જ્ઞાન’’ શબ્દને વિશ્વાસનો પર્યાય પણ માનવમાં આવે છે. વિશ્વાસનો શાબ્દિક અર્થ છે કોઈ વ્યક્તિ અથવા વસ્તુ પ્રત્યે કાયમી દૃઢ વિશ્વાસ.

આથી જ્ઞાન ન્યાયપૂર્વક સત્ય પર આધારિત વિશ્વાસ છે.

ભારતની દરેક શિક્ષણ સંસ્થાઓમાની ધારણા મુજબ જ્ઞાનપ્રાપ્તિમાં નીચેના ત્રણ તત્ત્વો સામેલ છે :

જાણવાની સૌથી સરળ પ્રક્રિયા છે ‘‘ઇન્દ્રિયો દ્વારા જ્ઞાનનો પરિચય’’ જેને પ્રાથમિક અનુભૂતિ કહે છે.

- જે વ્યક્તિ જિજ્ઞાસુ છે, તે જાણવાનો પ્રયાસ કરે છે.
- જેના માટે પાત્ર જાણવામાં આવે છે.
- જાણવાની પ્રક્રિયા

જ્ઞાનના પ્રકારોનો ઉલ્લેખ પુસ્તકોમાં જુદી જુદી રીતે જોવા મળે છે. ડૉ. એસ.પી. જ્ઞાનના પ્રકારો નીચે મુજબ બતાવે છે :

(1) **વૈયક્તિક જ્ઞાન** ( Personal Knowledge)

(2) **સામાજિક જ્ઞાન** (Social Knowledge)

(3) **અર્ધસામાજિક જ્ઞાન** (Semi-Social Knowledge)

**(1) વૈયક્તિક જ્ઞાન**

વ્યક્તિના માનસમાં રહેલા જ્ઞાનને વૈયક્તિક જ્ઞાન કહે છે. આ જ્ઞાન વ્યક્તિ સુધી સીમિત રહે છે. જે–તે વ્યક્તિના માધ્યમથી એ પ્રાપ્ત કરી શકાય છે. વ્યક્તિ વિશેષથી તર્કપૂર્ણ દલીલો દ્વારા વૈયક્તિક જ્ઞાન મેળવી શકાય છે. આ જ્ઞાન વ્યક્તિ વિશેષના માનસમાં, પત્રોમાં અને લેખોમાં હોય છે.

**(2) સામાજિક જ્ઞાન**

આ જ્ઞાન પર સમાજ અથવા સામાજિક તંત્રનું આધિપત્ય હોય છે. આ જ્ઞાન સમાજના દરેક સદસ્યો માટે ઉપલબ્ધ હોય છે. આ જ્ઞાન વ્યવહારોમાંથી, સામાજિક અનુભવોમાંથી પ્રાપ્ત થાય છે. આ પ્રકારના જ્ઞાનને ''સાર્વજનિક જ્ઞાન'' પણ કહે છે.

**(3) અર્ધસામાજિક જ્ઞાન**

જેમાં સમાજનો ફાળો અડધો હોય અને અડધો હિસ્સો અન્ય બાબતોનો હોય એવું જ્ઞાન અર્ધસામાજિક જ્ઞાન હોય છે. દા.ત. શારીરિક સ્વચ્છતાની બાબતને ધર્મ સાથે જોડી દેવાય, સ્નાન કર્યા પછી જ મંદિરે જવાય.

**જ્ઞાનની પ્રકૃતિના આધાર પર ત્રણ પ્રકારના જ્ઞાન :**

(1) બુદ્ધિસંગત **જ્ઞાન** (Rational Knowledge)

(2) અંતઃસ્કુરિત જ્ઞાન (Intuitive Knowledge)

(3) વૈજ્ઞાનિક જ્ઞાન (Scientific Knowledge)

**(1) બુદ્ધિસંગત જ્ઞાન**

આ જ્ઞાનને અનુભૂતિ મૂલક, પ્રાયોગિક તેમજ સકારાત્મક જ્ઞાન પણ કહે છે. આ જ્ઞાન પ્રાથમિક, કુદરતી અને અનંત હોય છે. આ જ્ઞાન વિજ્ઞાનના ક્ષેત્રમાં સૈદ્ધાંતિક જ્ઞાનના રૂપમાં તથા અન્ય વિષયોના ક્ષેત્રમાં દર્શનશાસ્ત્રના રૂપમાં વિકસિત થાય છે.

**(2) અંતઃસ્કુરિત જ્ઞાન**

બુદ્ધિસંગત જ્ઞાન વિકસીને આંતરિક જ્ઞાનમાં પરિવર્તિત થાય છે. ક્યારેક ક્યારેક આ જ્ઞાન મસ્તકની આંતરિક અવસ્થામાં પણ પ્રાપ્ત થાય છે. આ જ્ઞાન દરેક વ્યક્તિમાં એક– સરખું નથી હોતું.


**(3) વૈજ્ઞાનિક જ્ઞાન**

જ્યારે સિદ્ધાંતોના આધાર પર આંતરજ્ઞાન તેનું શુદ્ધિકરણ કરવામાં આવે છે ત્યારે તે વૈજ્ઞાનિક જ્ઞાન કહેવાય છે.

**વૈજ્ઞાનિક જ્ઞાનની મુખ્ય વિશેષતાઓ :**

- સિદ્ધાંતો, નિયમો, સૂત્ર, ઉત્કલ્પનાઓ અને પ્રયોગો પર આધારિત હોય છે.
- વ્યવસ્થિત હોય છે.
- સ્થિર અને અવિભાજ્ય હોય છે. આ પ્રકારના જ્ઞાનનું તથ્યોના આધાર પર જ વિભાજન કરી શકાય છે. દા.ત., શિક્ષણના સિદ્ધાંતો, વૈજ્ઞાનિક સિદ્ધાંતો.

મનુષ્ય બુદ્ધિમાન પ્રાણી છે. મનુષ્યમાં વિચારવાની, સમજવાની તેમજ તર્ક કરવાની ક્ષમતા હોય છે. આ ક્ષમતાઓના આધારે પોતાના જ્ઞાનના ક્ષેત્રને તો સતત વિકસિત કરતીતો હોય છે. આજે આપણે જે જ્ઞાનનું સ્વરૂપ પ્રાપ્ત છે તે અનુભવ બુદ્ધિ અને અંર્તજ્ઞાનનું પરિણામ છે. જ્ઞાન મનુષ્યની બૌદ્ધિક પ્રાપ્તિ છે.




અનુભવની સહાયથી આપણે જ્ઞાનેન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. બુદ્ધિની સહાયતાથી તર્ક આધારિત જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. અંર્તજ્ઞાનની સહાયતાથી ગંભીર, તર્કપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

વર્તમાન જ્ઞાન સમસ્ત અનુભવો તેમજ અંર્તજ્ઞાનનું જ પરિણામ છે.

આમ, જ્ઞાનના પ્રકારો જાણ્યા બાદ બાળકની જરૂરિયાત અનુસાર તેઓને કયા પ્રકારનું જ્ઞાન, અનુભવો આપવા એ અંગે શિક્ષકને સ્પષ્ટ દિશા મળે છે.

## 4.4 અભ્યાસક્રમની પસંદગી નિર્માણની પ્રક્રિયા અને માપદંડ :

બાળક જ્ઞાનની રચના કરે છે તેનો અર્થ એ છે કે અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, પાઠ્યપુસ્તકો એવા હોય જેથી બાળકના સ્વભાવ અને પરિવેશની સાથે વર્ગખંડના અનુભવોને સંયોજિત કરવામાં શિક્ષક પોતાને સક્ષમ બનાવે. શિક્ષણનો ઉદ્દેશ્ય બાળકની શીખવાની સહજ ઈચ્છા અને યુક્તિઓને વધારે સમૃદ્ધ કરવાનો હોવો જોઈએ. જ્ઞાનને માહિતીથી અલગ કરીને જોવાની જરૂર છે અને શિક્ષણકાર્યને એક વ્યાવસાયિક ગતિવિધિના રૂપમાં ગ્રહણ કરવાની જરૂર છે નહીં કે તથ્યોને યાદ રાખવા માટે ગોખાવવાની કોશિશ કરે.

અભ્યાસક્રમ નિર્માણના ચાર નિર્દેશક સિદ્ધાંતોનો ઉલ્લેખ **NCF–2005**માં કરવામાં આવ્યો છે :

- ➢ જ્ઞાનને શાળાની બહારના જીવન સાથે જોડવું.
- ➢ સુનિશ્ચિત કરવું કે શિક્ષણ ગોખણપટ્ટી આધારિત પદ્ધતિઓનો ત્યાગ કરે.
- ➢ અભ્યાસક્રમને એવી રીતે સમૃદ્ધ કરવો કે તે પાઠ્યપુસ્તકોથી વધારે આગળ જઈ શકે.
- ➢ પરીક્ષાઓને વધારે લચીલી બનાવી તેમને વર્ગખંડની ગતિવિધિઓ સાથે જોડવી.

શાળાના અભ્યાસક્રમના ચાર પરિચિત ક્ષેત્રો વિશે વિચારવામાં આવે છે ત્યારે તેમાં જે–તે વિષયના જ્ઞાનપ્રાપ્તિનો સમાવેશ આપોઆપ થઈ જાય છે.

વ્યક્તિ કે સમાજના વિકાસ માટે જે જ્ઞાન, કૌશલ્યો, વલણો અને મૂલ્યો અપેક્ષિત છે તે જ્ઞાન, કૌશલ્યો, વલણો એટલે શિક્ષણ. શિક્ષણના લક્ષ્યાંકો અને હેતુઓ દ્વારા સમાજની મહત્ત્વાકાંક્ષા રજૂ થતી હોય છે આ મહત્ત્વાકાંક્ષાને પહોંચી વળવા અભ્યાસક્રમ એ સાધન છે અને તેથી જ શિક્ષણના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માટે આપણે જે પ્રવૃત્તિઓ તથા અનુભવો પૂરા પાડવાનું આયોજન કરીએ છીએ તેનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવે છે.

### 4.4.1 અભ્યાસક્રમ નિર્માણની પ્રક્રિયા :

શિક્ષણ દ્વારા સિદ્ધ કરવાના હેતુઓ ત્યારે જ સિદ્ધ થઈ શકે જ્યારે તે માટે પૂરતા પ્રમાણમાં અનુભવો પૂરા પાડવામાં આવે. જુદા જુદા હેતુઓની સિદ્ધિ માટે તેને અનુરૂપ શૈક્ષણિક અનુભવો પૂરા પાડી શકાય તેવા માધ્યમની જરૂર પડે છે. અભ્યાસક્રમ આવું માધ્યમ પૂરું પાડીને હેતુઓની સિદ્ધિ માટેનું સાધન બને છે. શિક્ષણ માટે વધુ મહત્ત્વ અભ્યાસક્રમનું છે. પાઠ્યપુસ્તક તેના પછીના ક્રમે છે.

અભ્યાસક્રમ નક્કી કરવાનું કામ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા થતું હોવાથી સમગ્ર રાજ્યમાં એક જ અભ્યાસક્રમ અમલી બને છે. આને પરિણામે રાજ્યની પ્રત્યેક શાળાના શિક્ષકને તેમાંથી પોતાના વિદ્યાર્થીઓને પૂરા પાડવાના શૈક્ષણિક અનુભવો અંગે એકસરખું માર્ગદર્શન મળી રહે છે.

ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં સાર્થક પરિવર્તનોના સુઝાવ આપવામાં આવ્યા છે. આવું એ આશયથી કરવામાં આવ્યું છે કે શિક્ષણ આજ અને ભવિષ્યની જરૂરિયાતો માટે પ્રાસંગિક બની શકે તથા બાળકોને તનાવયુક્ત કરી શકાય.

### રાષ્ટ્રીય અભ્યાસક્રમના દસ્તાવેજની ભલામણો :

- વિષયો વચ્ચેની દીવાલો હળવી બનાવવામાં આવે કે જેથી બાળકને જ્ઞાનનો સમગ્ર આસ્વાદ મળી શકે.
- 'ભાષાના સંદર્ભમાં ભાષાશિક્ષણ હોવું જોઈએ.' આ સૂત્રને લાગુ કરવાની નવી કોશિશ કરવી જોઈએ જેમાં આદિવાસી ભાષાઓ સહિત બાળકોની માતૃભાષાઓને શિક્ષણના માધ્યમ/રૂપમાં

સ્વીકૃતિ આપવા ઉપર ભાર મૂકાય. શિક્ષણનું માધ્યમ બાળકોની માતૃભાષા હોવી જોઈએ. પ્રાથમિક શિક્ષણ દરમ્યાન બાળકો માટે રાજ્ય અથવા પ્રાદેશિક ભાષા ફરજિયાત વિષય હોવો જોઈએ.

NCFમાં દરેક સ્તરે વિષયના રૂપમાં કલાને સ્થાન આપવાની ભલામણ કરવામાં આવી છે, જેમાં ગાયન, નૃત્ય, દશ્યકલાઓ અને નાટકનો સમાવેશ થયો છે.

આજે એવા શિક્ષકો તૈયાર કરવાની જરૂર છે કે જે બાળકોને જરૂરિયાત પ્રમાણે તેમને જ્ઞાન આપી શકે.

### 4 4.2 માપદંડ

અભ્યાસક્રમ બદલવા માટેના કોઈ પણ પ્રયાસ પાછળ નીચેની બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે :

- શિક્ષણ પ્રક્રિયા છે જેમાં જ્ઞાન, વિકાસ, વ્યવહારમાં બદલાવની અપેક્ષા રાખવામાં આવે છે.
- માત્ર જ્ઞાન મેળવવા પર ભાર ન મૂકવો જોઈએ. પણ વ્યાવહારિક શિક્ષણને પ્રોત્સાહન આપવું.
- સંસ્થામાં વ્યાખ્યાનો યોજવા.
- વિદ્યાર્થીઓના સમૂહો પર આધારિત અભ્યાસક્રમ.
- શાળાઓમાં પ્રશિક્ષણ માટે ઈન્ટર્નશિપનું આયોજન.
- લોકતાંત્રિક રીતો દ્વારા બાળકોમાં સ્વ–અનુશાસનનો વિકાસ.
- બહુમાધ્યમનો પરસ્પર સંવાદના સાધનોની જેમ ઉપયોગ.

**તમારી પ્રગતિ ચકાસો :**

(1) રાષ્ટ્રીય અભ્યાસક્રમના દસ્તાવેજોની કોઈ પણ એક ભલામણ લખો.

(2) વિષયો વચ્ચેની દીવાલો હળવી કરવી એટલે શું ?

### 4.5 ખ્યાલની સમજ :

ખ્યાલ (Concept) માટે “સામાન્યબોધ” શબ્દ પણ વપરાય છે. વસ્તુના ગુણ–લક્ષણોની સમાનતાના આધારે વર્ગો પાડ્યાનું વ્યક્તિ શીખીને પ્રતિક્રિયા આપે ત્યારે ખ્યાલ વિકસ્યો છે એમ કહેવાય.

દા.ત. સફેદ રંગની વસ્તુ : દૂધ, કાગળ, ખાંડ, ચંદ્ર, રૂ

પારદર્શક વસ્તુ : કાચ, અબરખ, પાતળું પ્લાસ્ટિક

ખ્યાલ માટે બીજા શબ્દ “વિભાવના”, ‘સંકલ્પના’ પણ વપરાય છે.

રોજબરોજના અનુભવોમાં વિદ્યાર્થીઓને શિખવતી વખતે સરળતા રહે તે માટે વસ્તુના ઉપયોગના આધારે વ્યવસ્થિત ગોઠવણી કરીએ છીએ. વિભાવનાની મદદથી અર્થ, પ્રકાર,

ઉપયોગ, બનાવો, સંબંધો, ક્રિયાઓ, વ્યક્તિઓ અને ગુણધર્મોને જરૂર મુજબ વિવિધ વર્ગોમાં મૂકીએ છીએ.

દા.ત. ઝૂંપડી, તંબુ, બંગલો, અપાર્ટમેન્ટ, ફ્લૅટ

વિભાવના – "ઘર" થાય.

ખ્યાલ એ જ્ઞાનપ્રાપ્તિ માટે અત્યંત જરૂરી મનોવ્યાપાર છે. ખ્યાલ વિના જ્ઞાનપ્રાપ્તિ શક્ય નથી. આ ખ્યાલની રચના માનવીના મગજમાં થાય છે. ખ્યાલની રચનામાં માનવીને થતા ઇન્દ્રિયજન્ય, બુદ્ધિજન્ય અને અંતઃસ્ફુરિત અનુભવો અગત્યનો ભાગ ભજવે છે.

વ્યક્તિ જ્યારે પુસ્તકની ગેરહાજરીમાં પુસ્તક વિશેની કલ્પના કરે છે ત્યારે પુસ્તકનો આકાર તેના માનસચક્ષુ સામે આકાર પામે છે. જેના પરિણામે સમગ્ર પુસ્તકના સમૂહ વિશેની કલ્પના શક્ય બને છે. પુસ્તકોના સમૂહમાં રંગ, આકાર, કદ, કિંમત વગેરે ભિન્ન ભિન્ન હોવા છતાં આપણે તેને પુસ્તક તરીકે ઓળખીએ છીએ. પુસ્તકોનું સામાન્ય ચિત્ર આપણા માનસપટ પર હોય છે. આ ચિત્ર વિચાર કરવાની પ્રક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જે સર્વસામાન્ય સિદ્ધાંતો તરફ દોરી જાય છે.

ઑક્સફર્ડ ડિક્શનરીમાં જણાવ્યા મુજબ ખ્યાલ એ વસ્તુઓના વર્ગમાં એક વિચાર છે. ખ્યાલની રચનામાં સહાયભૂત થતાં તત્ત્વોની માહિતી મેળવવી જરૂરી બની જાય છે.

### 4.5.1 વિચારની પૂર્વ અવસ્થા–સંવેદન :

એકાદ પ્રાથમિક ઇન્દ્રિય દ્વારા એક અર્થહીન છાપ ઉદભવે છે અને તે સ્મૃતિમાં સંગ્રહાય છે તે શુદ્ધ સંવેદન છે.

સંવેદન એ વિશ્વ સાથેના આંતરવ્યવહારોનું પ્રથમ સોપાન છે. દા.ત., બાળક જન્મે છે તે તેની કર્ણેન્દ્રિય દ્વારા કોઈક અવાજ સાંભળે છે. દૃષ્ટિથી પ્રકાશ જુએ છે, જેની અસર મજ્જાતંત્રને થતા સંવેદન થાય છે. આ સંવેદન તેની સ્મૃતિમાં સંગ્રહાય છે.

### 4.5.2 પ્રત્યક્ષીકરણ :

સંવેદના સંદર્ભમાં પ્રત્યક્ષીકરણ એ મનની બહારની વસ્તુ – પ્રત્યક્ષ સાથે સંબંધ ધરાવે છે. સંવેદનને જ્યારે અર્થ પ્રાપ્ત થાય છે ત્યારે તેને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે. જે માનસિક ક્રિયાથી આપણને પ્રત્યક્ષ જ્ઞાન થાય છે એને પ્રત્યક્ષીકરણ કહે છે.

પ્રત્યક્ષીકરણનો મૂળ આધાર સંવેદન છે. સંવેદનની સરખામણીમાં પ્રત્યક્ષીકરણ એ જટિલ માનસિક પ્રક્રિયા છે.

દા.ત., આકાશમાં તરતા પ્રકાશિત બિંદુઓ એ દૃષ્ટિ દ્વારા ઝીલાતું એક પ્રકારનું સંવેદન છે. દૃષ્ટિ દ્વારા ઉદભવતી આ છાપને તારા સાથે સીધો જ સંબંધ છે. સ્મૃતિમાં પડેલી પ્રકાશિત બિંદુની છાપ એ સંવેદન છે, અને "ચમકતા તારા" એ પ્રત્યક્ષીકરણ છે. આમ, રોજિંદા જીવનમાં થતા સંવેદનોનું આપણે અર્થઘટન કરીએ છીએ. જેમ કે વહેતી સરિતાનો અવાજ, ગુલાબની સુગંધ, સિતારનો અવાજ. આમ સંવેદનોને આપણે અર્થ આપીએ છીએ એ પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા છે.

### 4.5.3 સંયોજિત સંવેદન :

સંયોજિત સંવેદન એટલે એક જ સમયે બે કે તેથી વધારે શુદ્ધ સંવેદનાના પરિણામે ઉદભવતી છાપ, જે સ્મૃતિમાં સંગ્રહાય છે.

જેમ કે નાનું બાળક તેની શ્રવણેન્દ્રિય ચીં...ચીં... અવાજ સાંભળે છે. આ એક શુદ્ધ સંવેદન છે. આ શુદ્ધ સંવેદનની છાપ તેના માનસપટલમાં સ્મૃતિરૂપે સંગ્રહાય છે.

બીજી બાજુ તેની દૃષ્ટિ દ્વારા એ ચકલીને જુએ છે. ચકલીનો આકાર સ્મૃતિમાં કંડારાય છે. એ બીજી શુદ્ધ સંવેદના છે.

દૃષ્ટિ અને શ્રવણ દ્વારા ઉદભવેલા આ બંને શુદ્ધ સંવેદનો તેના માનસમાં એક જ સમયે પડેલા છે. આથી ચીં...ચીં... કરતી ચકલી... એ સંયોજિત સંવેદન છે.

આમ વિવિધ સંવેદનો થતા મિશ્ર સંવેદનો માનસમાં સ્મૃતિરૂપે સંગ્રહાય છે.

ઉપરોક્ત બાબતો શિક્ષણમાં ખ્યાલનું વિશિષ્ટ મહત્ત્વ દર્શાવે છે.

**વિભાવના ઓળખો**

મોગરો, ગુલાબ, ચંપો, જૂઈ, જાસૂદ

ડૉક્ટર, નર્સ, સૈનિક, સંગીતકાર, ચિત્રકાર

### 4.6 સમગ્ર એકમનો સારાંશ :

આમ પ્રસ્તુત એકમમાં જ્ઞાન નિર્માણમાં માત્ર જ્ઞાન પરીક્ષણને મહત્ત્વનું ના ગણતાં જ્ઞાનનું સર્જન કઈ રીતે થયું ? કઈ રીતે તેને વ્યવસ્થિત કરવામાં આવ્યું ? કઈ રીતે તેનો ઉપયોગ કરવામાં આવે છે ? વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી છે. સાથે સાથે જ્ઞાન અને અભ્યાસક્રમ પરસ્પર સંકળાયેલા છે. અભ્યાસક્રમમાં જ્ઞાનવિષયક કઈ કઈ બાબતો મૂકી શકાય એની છણાવટ કરવામાં આવી છે.

આથી જ કહી શકાય કે શિક્ષણની ચિંતા માનવીય જ્ઞાનના ખજાનાને બનાવી રાખવા અને એને પ્રસારિત કરવાની હોવી જોઈએ.

**પ્રતિનિધિરૂપ અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિ**

આ એકમનો અભ્યાસ કર્યા બાદ નીચે જણાવેલ મુદ્દાઓ માટે સમર્થ બનશો :

(1) પ્રશિક્ષણાર્થી ખ્યાલની ઓળખ કરતા શીખશે.

**નિષ્પત્તિમાપન ઉપકરણ :**

- “સાચી મિત્રતા” વિષય પર વાર્તા વિકસાવો.
- “નદી અને સમુદ્ર” વચ્ચેનો સંવાદ તૈયાર કરો.
- વાઘ, સિંહ, શિયાળ, હરણ, દીપડાની સંકલ્પના જણાવો.
- ગુલાબી, પીળો, લાલ, જાંબલી, લીલાની સંકલ્પના જણાવો.

## પૂરકવાચન

- **પ્રવૃત્તિ અને અનુભવ દ્વારા બાળકના જ્ઞાનનું સર્જન :**

બાળક એક સ્વતંત્ર વ્યક્તિ છે. પોતાની મેળે જ પોતાનો વિકાસ કરવાની એનામાં શક્તિ છે. જેવી રીતે વડીલો સ્વતંત્ર છે તેવી જ રીતે બાળકો પણ સ્વતંત્ર છે. બાળક સ્વાધિન અને સંપૂર્ણ છે. રૂસાએ કહ્યું છે કે ‘‘મનુષ્ય હંમેશા જન્મથી જ સ્વતંત્ર છે.’’

પ્રવૃત્તિ એ બાળકનો પ્રાણ છે, પ્રવૃત્તિ વગર બાળક જીવી શકતું નથી. બાળક પોતાની આસપાસની દુનિયાને જાણવા ઈચ્છે છે. પોતાની જાતે જ અનુભવ કરી જોવા ઈચ્છે છે.

શરૂઆતમાં બાળકની જ્ઞાનની પ્રવૃત્તિ કોઈ પણ બાબતની જાણકારી હોય છે. એ નક્કર અનુભવો પર તર્ક અને કાર્ય કરે છે. જેમ જેમ બાળકની ભાષાની ક્ષમતા અને બીજાની સાથે કામ કરવાની શક્તિનો વિકાસ થાય છે તેમ તેમ નવા અર્થને પ્રાપ્ત કરવાની, સમજવાની પ્રક્રિયાનો વિકાસ થતો જાય છે.

જ્ઞાન માણસ અને તેના વાતાવરણ વચ્ચેના વ્યવહારની પ્રક્રિયા છે. જ્ઞાનનો સાચો ઉપયોગ પોતાના વાતાવરણની પુન:રચના કરવામાં છે.

બાળકે શું જાણવું જોઈએ એ રીતે શીખવાડવાનું નથી પરંતુ એને અનુભવ ક્રિયામાંથી સર્જક પ્રવૃત્તિ તરફ લઈ જવાનો છે.

પુસ્તકમાંથી જ જ્ઞાન મળી શકે છે એના પર શિક્ષણ આધારિત ન કરતાં કોઈ પણ પરિસ્થિતિમાં સાચો માર્ગ, સાચો ઉકેલ અપનાવવામાં મદદ કરવામાં જ સાચું શિક્ષણ છે.

બાળકનો રસ અને તેની જિજ્ઞાસા પ્રમુખત: તેના અધ્યયનનું પ્રેરણ પૂરું પાડે છે. શિક્ષિત માણસ તરીકે કોઈ પણ બાળકે શું જાણવું જરૂરી છે, એવા ખ્યાલથી માહિતી માટે તૈયાર કરેલ અભ્યાસક્રમ કરતાં બાળકની રસવૃત્તિ અને જિજ્ઞાસા શું ઝંખે છે તેના પર અભ્યાસક્રમ રચવો એ વિશેષ હિતાવહ છે.

વ્યક્તિ તેના વાતાવરણની સાથે અનુકૂળ થવાની પ્રવૃત્તિમાં રોકાયેલ હોય છે. અનુકૂળ થવાની આ પ્રક્રિયામાં એવી પરિસ્થિતિ આવે છે જ્યારે એને વિચાર કરવો પડે છે, ચિંતન કરવું પડે છે. વિચાર અને ચિંતનને આધારે એ કંઈક માર્ગ શોધવા પ્રેરાય છે. આથી ચિંતનપ્રેરક પરિસ્થિતિ જન્મે ત્યારે એ જ્ઞાનજન્ય પરિસ્થિતિ કહી શકાય.

જ્ઞાનને જાણકારીના ટુકડાના રૂપમાં પ્રસ્તુત કરવું, જે સીધું પુસ્તકમાંથી ગોખી શકાય અને અંતે બાળકોની પરીક્ષા દ્વારા તેઓને યાદ છે કે નહિ ? આ પ્રક્રિયા પર વધુ ભાર આપવામાં આવે છે એના બદલે જરૂરી છે બાળકોને દરેક વખતે અનુભવ અને પ્રવૃત્તિ દ્વારા જ્ઞાનનું નિર્માણ કરવા માટે પ્રેરિત કરવામાં આવે. કેવળ ગણિત, વિજ્ઞાન, ભાષા વગેરે જેવા જ્ઞાનાત્મક વિષયોની સાથે સાથે મૂલ્ય, રસ, ધ્યાનની બાબતમાં પણ આ વાત લાગુ પડે છે.

નીચે દર્શાવેલ બાબતો જેવો અનુભવ આપવાથી બાળકો જ્ઞાનનું નિર્માણ કરવાનો પ્રયાસ કરી શકે :

કોઈ પણ પ્રક્રિયાને યથાર્થરૂપે થતી જોવાની પ્રક્રિયા

દા.ત., ડેરી ફાર્મમાં છોડ રોપવા, દૂધ ભેગું કરવાની અલગ અલગ પદ્ધતિ દ્વારા ઉત્પાદનની, બનાવવાની કે પૅક કરવાની પ્રક્રિયા જેવા કોઈ એવા અભ્યાસમાં ભાગ લેવો જેમાં મગજ અને શરીર બંનેને કસરત મળતી હોય. દા.ત., કોઈ કથાનક પર એક નાટક તૈયાર કરવું અને એને ભજવવું. નૃત્યનાટિકા તૈયાર કરવી અને ભજવવી.

**તમારી પ્રગતિ ચકાસો :**

(1) જ્ઞાનનું મૂળ જણાવો.

(2) જ્ઞાન સર્જનનાં બે અગત્યનાં પરિબળો જણાવો.

- **ઈન્દ્રિય અનુભવોની જરૂરિયાત :**

પાંચેય ઈન્દ્રિયોના અનુભવ દ્વારા મળતા અનુભવો એ જ્ઞાન બને છે.

બાળકોને ઈન્દ્રિયો દ્વારા જ્ઞાન આપવાની હિમાયત મૅડમ મૉન્ટેસરી અને ગિજુભાઈ બધેકા જેવા શિક્ષણશાસ્ત્રીઓએ કરી છે.

બાળક જ્ઞાનની રચના કરે એ માટે ઈન્દ્રિયો દ્વારા અપાતા શિક્ષણ એટલે કે અનુભવજન્ય શિક્ષણની અગત્ય વધી જાય છે.

અધ્યયનના ક્ષેત્રમાં–જ્ઞાન નિર્માણમાં બાળકોને સમાવી લેવા જોઈએ. જેનાથી તેઓને વાસ્તવિક વૈજ્ઞાનિક જ્ઞાનના વિકાસમાં સહભાગી થવાનો અવસર મળે.

જ્યાં સુધી વર્ગમાં બાળકોની ભાષાને સાંભળવામાં નહિ આવે ત્યાં સુધી જ્ઞાન નિર્માણમાં સફળતા નહીં મળે.

જ્ઞાન સંપાદન પ્રવૃત્તિ એક સક્રિય પ્રવૃત્તિ છે. જેમ ડૉક્ટર દર્દીને તપાસી રોગનિદાન કરી ચિકિત્સાપદ્ધતિ સારવાર અને દવા નક્કી કરે પણ તે પ્રમાણે દવા અને સારવાર દર્દીએ જ લેવી પડે. તેવી જ રીતે શિક્ષક વિદ્યાર્થીને માર્ગદર્શન આપે, શીખવે પણ અધ્યાપન–અભ્યાસ તો વિદ્યાર્થીએ જાતે જ કરવા પડે છે. શિક્ષકનું કામ પ્રોત્સાહકનું અને દિશાસૂચકનું છે. આમાં શિક્ષક વિદ્યાર્થીની કુદરતી શક્તિ–સૂઝને ઓળખી કાર્યરત કરે છે.

અદ્યતન જ્ઞાનમાં ક્રિયા અને પ્રવૃત્તિ સામેલ છે. પ્રત્યક્ષ જ્ઞાન પ્રવૃત્તિસભર ક્રિયામાંથી અને સ્વાનુભવમાંથી જ મેળવી શકાય છે. દા.ત., કસરત, રમત, તરણ, વાજિંત્રવાદન, ડ્રાઈવિંગ, ઘોડેસવારી વિશે વાંચવાથી કે જોવાથી આવડી નથી જતાં, તે શીખવા માટે જાતે જ તેમાં પ્રવૃત્ત થવું પડે છે.

આમ, જ્ઞાન સંપાદનમાં પ્રવૃત્તિ મહત્ત્વનો ભાગ ભજવે છે. જ્ઞાનમાં માહિતી સમાવિષ્ટ છે પણ કેવળ માહિતી એ જ્ઞાન નથી.

**વિષયવસ્તુ તરીકે જ્ઞાન :** વિષયવસ્તુ એટલે સામાજિક અનુભવોની સંચિત મૂડી તે જ્ઞાન તો પૂરું પાડે જ છે. અને અભ્યાસક્રમનો એક ભાગ પણ બને જ છે. વિષયવસ્તુ પ્રગટ કરવાની કે વિદ્યાર્થીને પીરસવાની પણ એક કળા છે.

વિદ્યાર્થીને વિષયનું ભારણ ન વર્તાય, સમજવામાં સરળ હોય અને રસ પડે તથા જાણવાની જિજ્ઞાસા પ્રદીપ્ત બને તે રીતે વિષયવસ્તુનું શિક્ષણ આપવું જોઈએ.

- **ઈન્દ્રિયોના અનુભવ દ્વારા જ્ઞાનનું નિર્માણ :**

જ્ઞાનેન્દ્રિયો પાંચ છે એ આપણે જાણીએ છે.

શબ્દનું જ્ઞાન આપનારી ઈન્દ્રિય તે કાન.
સ્પર્શનું જ્ઞાન આપનારી ઈન્દ્રિય તે ત્વચા
સ્વાદનું જ્ઞાન આપનારી ઈન્દ્રિય તે રસના (જીભ).
દર્શન/રૂપનું જ્ઞાન આપનારી ઈન્દ્રિય તે આંખ.
ગંધનું જ્ઞાન આપનારી ઈન્દ્રિય તે નાક.

- વ્યક્તિની આંખ કેળવી તેને રૂપ અને રંગનું રહસ્ય સમજવાનું દ્વાર ઉઘાડી આપે છે.
- સ્પર્શની કેળવણી આપી કુદરતની અપ્રતિમ કવિતા સમજવાની શક્તિ આપે છે.
- કાનની કેળવણી સંગીતદેવીનું મંદિર ખુલ્લુ કરી આપે છે.
- પોતાની આસપાસની દુનિયાનું જ્ઞાન પ્રાપ્ત કરવાની પહેલામાં પહેલી જરૂર બાળકને પડે છે. અમુક પ્રકારનું જ્ઞાન અતિ આવશ્યક લાગે છે. તે જ્ઞાન દુનિયામાં ચોમેર ભરેલા રૂપરંગ, ભિન્ન ભિન્ન પ્રકારના કદ, જાતજાતની સુંવાળી બરછટ સપાટીઓ, સ્વાદો–બેસ્વાદો વગેરેનું જ્ઞાન મેળવવા માટે ઈન્દ્રિયવિકાસની કેળવણી પ્રથમ દરજ્જે મળવી જોઈએ.

- **વિવિધ જ્ઞાનેન્દ્રિયોનું શિક્ષણ :**

મૉન્ટેસરીના ઈન્દ્રિય શિક્ષણમાં સંસ્કારિતા અને સૂક્ષ્મતાનો ખ્યાલ છે.

મનુષ્ય પોતાના જીવન પ્રત્યેક ક્ષણને અનુભવે છે, સમજે છે અને ક્રિયા કરે છે. શરીરની, મનની ને ક્રિયાશક્તિની કેળવણી આપવી જોઈએ. આ ત્રણે ક્રિયાઓ એકસાથે બને છે.

- જાતજાતના અવાજોની ઓળખ કરાવવી.
- સંગીત સંભાળવવું.
- જાત જાતની રમતો જેવી કે ટેનિસ, ખોખો, વૉલીબૉલ રમાડવી.

- **આંખની કેળવણી :**
  - બાળકને અંધારામાં રાખી ત્યાં પ્રકાશ વડે ભૌમિતિક કે બીજી આકૃતિઓ રચી તેની દષ્ટિ કેળવવી.
  - કેલિડોસ્કોપના રંગો અને રંગની ડિઝાઈનો બતાવવી.

– રંગીન કાર્ડ, રંગબેરંગી રિબીનો વગેરે જોડીમાં ગોઠવવા. સરખામણી કરાવવી જેનાથી રંગનું શિક્ષણ મળે છે.
– લાંબી અને ટૂંકી લાકડીની સરખામણી કરાવવી.
– બાળક માટીમાંથી ચોરસ, ત્રિકોણ વગેરે આકૃતિઓ બનાવે.

દર્શનની ઈન્દ્રિયનું સ્થાન આંખમાં છે. ઈન્દ્રિય વડે સઘળા દશ્ય પદાર્થોનું આપણને જ્ઞાન થાય છે. રંગની ઈન્દ્રિયનું સ્થાન પણ આંખમાં છે. એના વડે રંગોની ઓળખ થાય છે. જેને જેને આંખ છે તેને તેને દર્શનજન્ય જ્ઞાન સંભવિત છે.

ડૉ. મૉન્ટીસરીનું દઢ માનવું છે કે ઈન્દ્રિયોના વિકાસ પછી જ બુદ્ધિનો યથાર્થ વિકાસ થાય છે. બુદ્ધિનો સંપૂર્ણ વિકાસ ઈન્દ્રિયોના વિકાસ ઉપર જ અવલંબે છે. ઈન્દ્રિયોની કેળવણીના આ મજબૂત તથા વ્યવસ્થિત પાયા ઉપર જ બાળકનું વિશુદ્ધ અને દઢ જ્ઞાન રચાય છે.

બાળક જ્યારે પહેલ વહેલું શાળામાં આવે છે ત્યારે એનો વિશ્વાસબોધ વિકસિત થઈ ચૂક્યો હોય છે જે પણ તેઓ શાળામાં શીખે છે. એનો પોતાના જ્ઞાન સાથે સંબંધ હોય છે. શાળા એને વધુ સરળ રીતે પ્રાપ્ત કરવાનો મોકો આપે છે.

શિક્ષકોને પૂરુ જ્ઞાન હોવું જોઈએ કે કેવી રીતે પાઠ્યચર્ચાના અનુભવોના આધારે બાળકોમાં જ્ઞાનનું સર્જન થાય.

સ્થાનીય સ્ત્રોત સાથે જોડાણ અને સંદર્ભો સાથે શિક્ષણને એવી રીતે પ્રાસંગિક તથા અર્થપૂર્ણ બનાવવામાં આવે કે બાળકો પોતાના બહારના જ્ઞાનના આધારે એને સમજી શકે. નીચે જેવી પ્રવૃત્તિઓ પણ બાળકને જ્ઞાનસર્જનની તકો પૂરી પાડી શકે :
- પ્રાર્થનાસભા (એસેમ્બલી) (બેઠક, સભા, સંમેલન)
- ઉત્સવોનું આયોજન
- સંવાદ, વિચાર–વિમર્શ

- **વિવિધ પ્રકારના જ્ઞાન અને તેની યથાર્થતા :**

જ્ઞાન વિશેનું તત્ત્વજ્ઞાન કેળવણીમાં–અભ્યાસક્રમમાં નવો ઘાટ આપે છે. જ્ઞાનનો અનુબંધ અને જ્ઞાનનું સર્વગ્રાહી સ્વરૂપ અભ્યાસક્રમ દ્વારા પ્રતિબિંબિત થવું જોઈએ.

આથી કેળવણીનો આશય માત્ર માહિતી એકઠી કરી વિદ્યાર્થીને આપવાની નથી પરંતુ કેળવણી દ્વારા વિદ્યાર્થીને એવી ઉત્તેજના પૂરી પાડવાની છે કે જેથી વિદ્યાર્થી પોતાની પાસે પડેલી માહિતીમાંથી અર્થ શોધી કાઢે. અનુભૂતિ એ જ્ઞાનની આધારશિલા છે.

જ્ઞાનની પ્રક્રિયામાં વાસ્તવિક્તાનું દર્શન થાય છે. સામાન્યત: વાસ્તવિક્તાનું સર્જન કરવાનું નથી હોતું પરતુ તે શોધી કાઢવાની હોય છે. આવા પ્રકારની શોધક્રિયા એટલે જ જ્ઞાન પ્રક્રિયા.

ઉપયોગિતાવાદની વિચારસરણી પ્રમાણે વ્યક્તિ માત્ર જ્ઞાન નથી સ્વીકારતી પરંતુ જ્ઞાનનું સર્જન પણ કરે છે.

શિક્ષણના અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તકો, સંદર્ભગ્રંથો, માહિતી સંગ્રહો, જ્ઞાનસંગ્રહો, શબ્દકોષો અને અન્ય સુલભ સાહિત્ય કે સંગ્રહમાંથી સંગ્રહિત સંકલિત કરેલું અભ્યાસક્રમમાં સમાવી લેવામાં આવે છે.

બાળકની સમજશક્તિ, બુદ્ધિશક્તિ, ગ્રહણશક્તિ અને તેઓની વયજૂથને અનુલક્ષીને અભ્યાસક્રમ ઘડાય છે. જે–તે વયજૂથના બાળકે સંબંધિત વિષયમાં શું અને કેટલું જાણવું જોઈએ, તેને શી માહિતી કે જ્ઞાન હોવા જોઈએ એ ધ્યાનમાં લઈને અભ્યાસક્રમ ઘડાય છે.

જ્ઞાન સંપાદન કરનારને જ્ઞાનના તથ્યમાં અને જ્ઞાનના સ્વરૂપમાં શ્રદ્ધા હોવી ઘટે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું જ છે,

**श्रघ्घाघन लभते दानम्** ।

જે ક્રિયામાં કે આચરણમાં મૂકાય તે જ્ઞાન નકામું છે, બોજારૂપ છે. તેથી જ સંસ્કૃતમાં કહેવાયું છે : **ज्ञान: भारम् क्रिया विना** । વ્યક્તિએ જ્ઞાન સ્વ–પ્રયત્નથી, જ્ઞાન મેળવવાના માર્ગો દ્વારા અર્જિત કરવાનું છે.

જ્ઞાન મેળવવું એટલે જે જ્ઞાન છે તેના સહભાગી થવું. જાત–અનુભવથી અને મહાવરા પ્રયોગને અંતે મેળવેલું જ્ઞાન વધુ સુદઢ થાય છે. જ્ઞાનમાં નિરંતર વૃદ્ધિ – વિકાસ થતા રહે છે.

- **જ્ઞાન માણસ અને તેના વાતાવરણ વચ્ચેની વ્યવહારની પ્રક્રિયા છે :**

જ્ઞાનનો સાચો ઉપયોગ પોતાના વાતાવરણની પુન:રચના કરવામાં છે.

બાળકે શું જાણવું એ રીતે શીખવાડવાનું નથી પરંતુ એને એની અનુભવ ક્રિયામાંથી સર્જક–પ્રવૃત્તિ તરફ લઈ જવાનો છે.

પુસ્તકમાંથી જ જ્ઞાન મળી શકે છે. જ્ઞાનને શિક્ષણનો આધાર બનાવતાં કોઈ પણ પરિસ્થિતિમાં સાચો માર્ગ, સાચો ઉકેલ શોધવામાં મદદ કરવામાં જ સાચું શિક્ષણ અને જ્ઞાન રહેલ છે.

બાળકોનો રસ અને તેની જિજ્ઞાસા મુખ્યત્વે તેના અધ્યાપનનું પ્રેરણ પૂરુ પાડે છે. શિક્ષિત માણસ તરીકે કોઈ પણ બાળકે શું જાણવું જરૂરી છે, એવા ખ્યાલથી માહિતી માટે તૈયાર કરેલ અભ્યાસક્રમ કરતાં બાળકની રસવૃત્તિ અને જિજ્ઞાસા શું ઝંખે છે તેના આધારે અભ્યાસક્રમ રચવો એ વિશેષ હિતાવહ છે.

વ્યક્તિ તેના વાતાવરણની સાથે અનુકૂળ થવાની પ્રવૃત્તિમાં રોકાયેલો છે. અનુકૂળ થવાની આ પ્રક્રિયામાં એવી પરિસ્થિતિ આવે છે જ્યારે એને વિચાર કરવો પડે છે ચિંતન કરવું પડે છે વિચાર અને ચિંતનને આધારે એ કંઈક માર્ગ શોધવા પ્રેરાય છે.

આવી ચિંતનપ્રેરક પરિસ્થિતિ જન્મે ત્યારે એ જ્ઞાનજન્ય પરિસ્થિતિ કહી શકાય.

- **વિવિધ સામાજિક જૂથો – જ્ઞાનનું અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકમાં પ્રતિનિધિત્વ :**

રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા મુજબ સામાજિક–સાંસ્કૃતિક વિશ્વના અનુભવો પણ પાઠ્યક્રમનો હિસ્સો બનાવવાની જરૂર છે.

શાળામાં બાળકો શાળાના વાતાવરણની વચ્ચે વિવિધ અનુભવો મેળવે છે. અરસપરસનાં અને આસપાસના અનુભવો દ્વારા બાળકો જ્ઞાન સર્જીત કરે છે તથા એનો અર્થ મેળવે છે. શિક્ષણ અને સમાજ જુદા નથી. જ્યાં સુધી પાઠ્યપુસ્તકોના પાઠો પોતાના જીવન સંદર્ભોથી જોડાતા નથી, સમાજથી જોડાતા નથી ત્યાં સુધી જ્ઞાન કેવળ માહિતી જ બની રહે છે. શિક્ષણનો સંબંધ વિશ્વ સાથે હોવો જોઈએ. કારણ કે જ્ઞાન કેવળ સાધન નથી પરંતુ સાધન અને સાધ્ય બંને છે.

દિવસે દિવસે બાળકો શાળામાં પોતાના આસપાસની દુનિયાના અનુભવો મેળવે છે. તેઓ ઝાડ પર ચઢે છે, ફળ ખાય છે ચકલી પકડવાનો પ્રયત્ન કરે છે. દરેક બાળક આસપાસના સ્ત્રોત સાથે જોડાયેલું હોય છે.

આ રીતે આસપાસના સ્વાભાવિક શિક્ષણસ્ત્રોત, સામાજિક જૂથોને શિક્ષણમાં વણી લેવા અતિઆવશ્યક બની જાય છે.

- **વિવિધ સામાજિક જૂથો એટલે શું ?**

ચોક્કસ પ્રકારની બંધારણવાળી વ્યવસ્થાનું સભ્યપદ ધરાવતા તેમજ જૂથ પ્રત્યે વફાદારી અને આત્મીયતા તથા લાગણી ધરાવતા લોકોનો સમૂહ. દા.ત., ગુજરાતીઓનું જૂથ, ગુજરાતના કામદારોનું જૂથ, રાજકીય પક્ષોનું જૂથ.

- **લક્ષણો :**

જૂથના લક્ષણો નીચે મુજબ છે :

**કદ :** નાનું અથવા મોટું.

**કેન્દ્રસ્થાન :** દરેક જૂથમાં કોઈ એક બાબત કેન્દ્રસ્થાને હોય છે. દા.ત., કુલીઓના જૂથમાં કુલીઓના કાર્યનું, તેમનાં હિતો કેન્દ્રસ્થાને હોય છે.

**લાગણી :** જૂથમાં સભ્યો પરસ્પર લાગણી ધરાવતા હોય છે.

**પરસ્પર આધાર :** જૂથના સભ્યો પરસ્પર આધારિત હોય છે. કારણ કે તેઓનો હેતુ સમાન હોય છે.

**જૂથના ધોરણો :** સામાન્ય રીતે દરેક જૂથના નિયમો હોય છે. જેનું સભ્યોએ પાલન કરવાનું હોય છે.

**સામાન્ય સહમતી :** જૂથના સભ્યો વચ્ચે કોઈ પણ નિર્ણય લેવાય ત્યારે સભ્યોની સામાન્ય સહમતી અનિવાર્ય બની જાય છે.

**નેતા :** જૂથના યોગ્ય સંચાલન માટે દરેક જૂથના નેતા હોય છે.

- **જૂથના વિવિધ પ્રકારોમાં એક અગત્યનો પ્રકાર – ઔપચારિક અને અનૌપચારિક જૂથ :**

**ઔપચારિક જૂથ :**

આ પ્રકારના જૂથમાં નિયત બંધારણ હોય છે. દરેક સભ્યનું જૂથમાં સ્થાન નક્કી હોય છે. જૂથના નિયમો હોય છે, જેને દરેક સભ્યો અનુસરે છે. દરેકનું ચોક્કસ પ્રકારનું વર્તન હોય છે.

દા.ત. (1) સોસાયટીની કારોબારી કમિટી

(2) આદિવાસી જૂથ : શહેર કે ગ્રામ્ય વિસ્તારના લોકો કરતાં જુદી પડતી વ્યક્તિઓ જેમનાં રીત–રિવાજ, પોષાક, ભાષાશૈલી વગેરે આગવી લાક્ષણિકતા ધરાવે છે.

(3) અગરિયાનું જૂથ : કચ્છ વિસ્તારમાં આવેલ જૂથ. આ જૂથના સભ્યો રોજીરોટી માટે સ્થળાંતર કરતા હોય છે. આવા જૂથના બાળકોને શિક્ષણની પ્રક્રિયામાં સામેલ કરવામાં આવે છે.

(4) વિવિધ રાજકીય પક્ષોના લોકોનું જૂથ

(5) ચોક્કસ વ્યવસાય ધરાવતા લોકોનું જુથ દા.ત. મદારીઓનું જૂથ

**અનોપૈચારિક જૂથ :**

આ પ્રકારના જૂથમાં લોકો અનાયાસે ભેગા થઈ જાય છે અને છૂટા પડી જાય છે. આ પ્રકારના જૂથનું મહત્ત્વ નથી હોતું.

દા.ત. (1) ટ્રેનમાં મુસાફરી દરમ્યાન મળેલા મુસાફરોનું જૂથ

(2) હૉટલમાં ચાના ટેબલ પર ગોઠવાયેલી વ્યક્તિઓ

(3) પ્રવાસમાં સાથે લઈ ગયેલ પ્રવાસીઓનું જૂથ

(4) અકસ્માત સમયે રોડ પર એકઠાં થઈ ગયેલા લોકોનું જૂથ

(5) થિએટરમાં પિક્ચર જોવા એકઠા થયેલા લોકોનું જૂથ

આવી રીતે સમાજમાં વિવિધ પ્રકારના જૂથો વિશે તેઓની લાક્ષણિકતાઓ વિશે, તેઓની કામગીરી વિશે અભ્યાસક્રમમાં સ્થાન આપવું ખૂબ જરૂરી બની જાય છે કે જેથી વિદ્યાર્થીઓ આવા સામાજિક જૂથો વિશે જ્ઞાત થઈ શકે.

**તમારી પ્રગતિ ચકાસો :**

**કયા પ્રકારના જૂથમાં સમાવેશ કરશો ?**

વર્ગમાં જૂથમાં કાર્ય કરતા વિદ્યાર્થીઓ

સરકસનો ખેલ જોવા માટે એકત્રિત થયેલ જૂથ

## 4.7 સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

(1) અભ્યાસક્રમ એટલે

(અ) પાઠ્યક્રમ (બ) વિવિધ અનુભવો

(ક) સહઅભ્યાસકીય પ્રવૃત્તિઓ (ડ) શૈક્ષણિક અનુભવોનું સંગઠન

(**2**) NCF-2005 એટલે

(અ) રાષ્ટ્રીય અભ્યાસક્રમ દસ્તાવેજ (બ) રાષ્ટ્રીય પાઠ્યક્રમ દસ્તાવેજ

(ક) રાજ્ય અભ્યાસક્રમ દસ્તાવેજ (ડ) રાજ્ય પાઠ્યક્રમ દસ્તાવેજ

**2 નીચેના પ્રશ્નનો ટૂંકમાં જવાબ લખો :**

(1) જ્ઞાનને શાળા બહારના જીવન સાથે કઈ રીતે જોડશો ? ઉદાહરણ આપો.

**3 ટૂંક નોંધ લખો :**

(1) જ્ઞાન એટલે પરમશક્તિ

(2) સંવેદના અને પ્રત્યક્ષીકરણ

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) જ્ઞાનની મુખ્ય વિશેષતાઓ ચર્ચો.

(2) અભ્યાસક્રમ નિર્માણના નિર્દેશક સિદ્ધાંતો જણાવો.

**આટલું કરીએ...**

**પ્રવૃત્તિકાર્ય :** બાળકો મેદાનમાં જઈ નિરીક્ષણ કરે અને વર્ગમાં આવી દસ સજીવ વસ્તુ તથા દસ છોડ અને ઝાડના નામ લખે.

વિદ્યાર્થીઓ રાત્રે આકાશ જુએ ચાંદો જુએ, અને વર્ગમાં શિક્ષકના સહકારથી તેમના વલયો અંગે ચર્ચા કરે.

ક, ખ, ગ હતા પછી એમાં ઘ, ડ, ચ, છ સામેલ થઈ ગયા. પછી ક અને ચ જતા રહ્યાં પછી પાછા આવ્યા અને ખ જતો રહ્યો. અંતમાં કેટલા શેષ રહ્યા ?

## 4.8 સંદર્ભ સાહિત્ય


(1) જ્ઞાનવિશ્વ : વિકાસ પ્રક્રિયા
કૌટિલ્ય શુક્લ, નવભારત પ્રકાશન મંદિર

(2) તાત્ત્વિક વિચારધારાઓ અને શિક્ષણ
કુલિન પંડ્યા, બાલગોવિંદ પ્રકાશન

(3) શિક્ષણ ક્ષેત્રે સૂર્યોદય :
ઈશ્વર પરમાર, પ્રવિણ પુસ્તક ભંડાર.

## ❖ વિચાર પ્રેરક પ્રશ્નો.........

### પ્રકરણ–૧ શિક્ષણની તાત્વિક સમજ

1. વ્યક્તિ સમાજમાં જીવનનિર્વાહ માટે વ્યવસાય કરે છે તો તેણે કયો ધ્યેય પ્રાપ્ત કર્યો હશે?
2. વર્તમાન સમયમાં શિક્ષણની માનવ જીવનમાં જરૂરિયાત વિષે તમારા વિચારો જણાવો?
3. કેળવણી સભ્ય માનવ અને સભ્ય સમાજનું નિર્માણ કરે છે તમારા મંતવ્યો જણાવો?
4. બાળક પોતાનું કામ જાતે કરે તે માટે  શિક્ષક તરીકે કઈ કઈ પ્રવૃત્તિઓનું આયોજન કરશો?
5. શિક્ષણ દ્વારા બાળકો મા કેવા કૌશલ્યનો વિકાસ થવો જોઈએ તમારા વિચારો જણાવો?
6. એક શિક્ષક તરીકે કોઈપણ આર્થિક મદદ વિના શાળાનું ભાવાવરણ કેવી રીતે બદલી શકાય?
7. પહેલ પ્રક્રિયા કરતા શિક્ષણમાં નીપજનું સવિશેષ મહત્વ છે તમારા વિચારો જણાવો?

### પ્રકરણ–2 શિક્ષણ રાજકારણ અને સમાજ

8. ડાયટ ની મુલાકાત દરમિયાન અવલોકનના આધારે પાંચ પ્રશ્નોની રચના કરી તેના ઉકેલ જણાવો
9. સીઆરસી અને બીઆરસીની મુલાકાત લઇ તેના વિશેની નોંધ તૈયાર કરો.
10. ધર્મ નિરપેક્ષતા માટે શાળા કક્ષાએ તમે શું પગલાં લઈ શકશો?
15. સર્વ ધર્મ સમભાવ માટે શાળા માં કઈ કઈ પ્રવૃત્તિઓનું આયોજન એક શિક્ષક તરીકે કરશો.
16. શિક્ષક દિન શા માટે ઉજવવામાં આવે છે તમારા મંતવ્યો જણાવો
17. શિક્ષક સમાજનું પ્રતિબિંબ છે આપના વિચારો અંગેની મૌલિક નોંધ તૈયાર કરો.
18. પ્રાથમિક શિક્ષણ માટે કેવા પ્રકારની યોજનાઓ અમલમાં મૂકવી જોઈએ શિક્ષક તરીકે તમારા મંતવ્યો જણાવો?

### પ્રકરણ–3 અધ્યયન અધ્યેતા અને શિક્ષણ

19. પ્રશિક્ષણાર્થી તરીકે અનૌપચારિક શિક્ષણ તમે ક્યાંથી મેળવશો તેની યાદી તૈયાર કરો?
20. વર્તન વ્યવહારના પાઠો આપણને ક્યાંથી શીખવા મળે છે તેના વિચારો રજુ કરો?
21. બાળક શા માટે અધ્યયન કરે છે તમારી રીતે કેટલાક મુદ્દાઓની યાદી તૈયાર કરો?
22. બાળકને એક શિક્ષક તરીકે તમે કઈ રીતે અભિપ્રેરિત કરશો?

### પ્રકરણ–4  જ્ઞાન અને અભ્યાસક્રમ

23.તમારા મતે અભ્યાસક્રમ નિર્માણ પ્રક્રિયા ના માપદંડ કેવા હોવા જોઈએ.
24. વિષયો વચ્ચે ની દીવાલો હળવી કરવા માટે શિક્ષક તરીકે તમારા મંતવ્યો રજૂ કરો.
25. શિક્ષણનું કામ માથા વાઢવાનું નહીં પરંતુ માથા ફેરવવાનું છે આ અંગે તમારા વિચારો જણાવો?